# સ્વાધ્યાય

જન્માષ્ટમી,
વિ. સં. ૨૦૨૬

પુસ્તક ૭
અંક ૪



વિમલવસહી-દેલવાડાના મંદિરની ભમતીમાંથી—શ્રી-લક્ષ્મી

ફોટો કોપીરાઈટ : ડૉ. ઉમાકાન્ત શાહ

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉકસ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક : શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુલાઈ ૧૯૭૦.

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૬ પુસ્તક ૭

ઑગસ્ટ, ૧૯૭૦ અંક ૪

# ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

કૌરવ-પાંડવોનાં સૈન્યો રણભૂમિ પર આવ્યાં. જમ્બૂદ્વીપના જેટલા ભાગમાં સૂર્ય તપે છે એ સર્વ ભાગની ( અર્થાત્ જગતભરની ) સેનાઓ કુરુક્ષેત્રમાં ભેગી થઈ હતી. એમાં બધા રંગના લોકો હતા—**एकस्थाः सर्ववर्णास्ते।** બંને પક્ષોએ સૈન્યોને વ્યૂહબદ્ધ કર્યાં ( ૬-૧-૧ થી ૧૪).

એમાં કૌરવી સેનાને મોખરે દુર્યોધનને જોતાં પાંડવોની સેના ઉત્સાહમાં આવી ગઈ. સેનાનો ઉત્સાહ જોઈ પાંડવો અને શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને યોદ્ધાઓનો જુસ્સો વધારતા શ્રીકૃષ્ણ–અર્જુને શંખનાદ કર્યા. પાઞ્ચજન્ય અને દેવદત્તની ગર્જના સાંભળીને ( હાથી-ઘોડા વગેરે ) વાહનો સહિત કૌરવ યોદ્ધાઓનાં મળમૂત્ર છૂટી ગયાં ! જેમ ગર્જતા સિંહનો નાદ સાંભળીને બીજાં પશુઓ ત્રાસી જાય છે, એમ આ શંખનાદથી દુર્યોધનની સેના ત્રાસી ગઈ....( ૬-૧-૧૫ થી, ૧૯ થી ).

એ પછી કૌરવ-પાંડવોએ યુદ્ધ કરવાના નિયમ ઘડ્યા.[1] [ અને અર્વાચીન જમાનાની જેમ જ એનો વારંવાર ભંગ કર્યો ! ] ( ૬-૧-૨૬ થી ૩૪ ).

અંધ ધૃતરાષ્ટ્ર, પુત્રોના અન્યાયનો વિચાર કરીને શોકાતુર બનીને બેઠો હતો. ત્યાં ભૂતભવિષ્ય-વર્તમાનને પ્રત્યક્ષ જોનારા વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન વેદવ્યાસ આવ્યા. ‘ રાજન્ ! આ સમય પલટાયો છે, ’ કહી ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપ્યું અને જો સંગ્રામ નજરે જોવો હોય તો દૃષ્ટિ આપવાની ઇચ્છા દર્શાવી. ધૃતરાષ્ટ્રે સગાંવહાલાંનો કચ્ચરઘાણ થતો જોવાની ના પાડી, પરન્તુ વૃત્તાંત સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. એટલે વેદવ્યાસે સંજયને દિવ્યચક્ષુ આપ્યું અને તે મનથી, માત્ર ચિંતવે એટલે તેને યુદ્ધના સંપૂર્ણ અહેવાલનું ( તેના સંદર્ભો સહિત ) રાતે, દિવસે, ખાનગી કે જાહેરમાં બનેલા બનાવોનું સર્વ જ્ઞાન થવાનું, શસ્ત્રોથી નહિ છેદાવાનું, થાક નહિ લાગવાનું અને ( સમાચાર લઈને ) યુદ્ધમાંથી જીવતો છૂટી આવવાનું વરદાન આપ્યું.[2]

---

૧ ૬-૧-૨૬ થી ૩૪ સાથે સર° મનુ. ૭-૯૦ થી ૯૪.

૨ ૬-૨-૯ થી ૧૨; સંજયના શબ્દોમાં આ વરદાનનું વર્ણન આ પ્રમાણે છે: ‘ જે ધીમાનની કૃપાથી મને દિવ્ય અને અનુપમ જ્ઞાન મળ્યું છે તે વ્યાસને હું નમું છું. રાજન્ (ધૃતરાષ્ટ્ર) ! અતીન્દ્રિય પદાર્થોને જોવાની દૃષ્ટિ; દૂરશ્રવણ, પારકાના ચિત્તના વિચાર જાણવાની, ભૂત-ભવિષ્ય જાણવાની,

ધૃતરાષ્ટ્રને થવાકાળનો શોક ન કરવા સૂચવીને કહ્યું: 'જ્યાં ધર્મ છે, ત્યાં જય છે. यतो धर्मस्ततो जयः।' (૬-૨-૧ થી ૧૪).

એ પછી કવીન્દ્ર મુનિ વ્યાસે ભયંકર વિનાશ સૂચવનારાં દુર્નિમિત્તો થતાં હતાં તે વર્ણવીને ધૃતરાષ્ટ્રને પુનઃ કહ્યું કે:[3] 'ભારત! તું એવો સમયોચિત નિર્ણય કર કે આ જગતનો નાશ ન થાય. તારી પ્રજ્ઞા અલંત લુપ્ત થઈ ગઈ છે, તોપણ (અક્કલ ઠેકાણે રાખીને) તું પુત્રોને ધર્મ દર્શાવ. જેનાથી ક્લેશ પ્રાપ્તિ થાય એવા રાજ્યનું તારે શું કામ છે? વધને તો વેદમાં નિન્દ્યો છે. માટે પાંડવોને રાજ્ય મળો અને કૌરવોમાં સંધિ થાઓ...' (૬-૨-૧૫ થી ૬-૩-૪૩; ૬-૪-૧ થી ૯). પણ ધૃતરાષ્ટ્રે એમની વાત વચ્ચેથી જ કાપી નાખીને જણાવી દીધું: 'જેવું તમે સમજો છો એવું હું ય સમજું છું! પિતાજી! આ જગત સ્વાર્થી છે અને હું પણ આ (સ્વાર્થી) જગતનો જ જીવ છું...આમ તો મારી બુદ્ધિ પાપ કરે એવી નથી, પણ પેલા મારા પુત્રો મારા વશમાં નથી! બાકી તો તમે કૌરવ-પાંડવોના (અમારા) માનવંતા દાદાજી છો!' (૬-૪-૧૦ થી ૧૩).

એ છતાંય કારુણિક વ્યાસે ધૃતરાષ્ટ્રના પૂછવાથી એને જય તથા પરાજય સૂચક નિમિત્તો કહ્યાં. નિમિત્તોને અંતે ઉમેર્યું, 'યુદ્ધ એ મહાદોષ છે. એટલે તો એ 'વ્યઙ્ગ' (વિકૃતિ) કહેવાય છે. (તારી મોટી સેનાથી પણ આશાવાદી ન બનતો, કારણ) એક સંપવાળા ખૂબ ઉત્સાહી, દૃઢનિશ્ચયી અને વિજય સિવાયની બીજી બાબતોમાં) અનાસક્ત (व्यवधूताः અર્થાત્ મરણિયા) પચાસ, સાત, છ કે કેવળ પાંચ જ શૂરવીરો મહાસૈન્યને હંફાવી દે છે. સેના ઘણી હોય તેથી જય થાય જ એવું નથી. જય તો અનિશ્ચિત છે. એ તો દૈવના આશરે છે. બાકી સંગ્રામમાં જય મેળવનારાનો પણ ક્ષય જ થાય છે.'

अध्रुवो हि जयो नाम दैवं चात्र परायणम् ।
जयन्तो ह्यपि संग्रामे क्षयवन्तो भवन्त्युत ॥ (૬-૪-૧૪ થી ૩૫)

---

સમાધિમાંથી) વ્યુત્થાન કેવી રીતે થાય છે તે વિજ્ઞાન જાણવાની (व्युत्थितोत्पत्तिविज्ञानम्। સર૦ 'યોગસૂત્ર' ૩-૯, ૩૮), સદા આકાશમાં ફરી શકવાની અને યુદ્ધમાં શસ્ત્રોથી અલિપ્ત (असङ्गः) રહેવાની શક્તિઓ મને એ મહાત્માના વરદાનથી મળી છે' (૬-૧૬-૭ થી ૯).

આ વરદાન દ્વારા મહાકવિ ભૌતિક-આત્મિક દ્વિવિધ યુદ્ધને નિરૂપવાની એમની અદ્વિતીયકાવ્યગંગાને વહેતી કરે છે, જેમાં અનેક પવિત્ર ભારતીય જ્ઞાનનદીઓએ કરભાર અર્પણ કરીને પતિતપાવન દિવ્ય ગીતા-ભાગીરથીનું નિર્માણ કર્યું છે.

સંજયને મળેલું વરદાન, દુન્યવી દૃષ્ટિએ વરદાન છે. યૌગિક વિજ્ઞાન પ્રમાણે નિષ્કામ રાજયોગીની પુરુષાર્થપ્રાપ્ત સિદ્ધિઓ છે. જુઓ 'યોગસૂત્ર'નો ત્રીજો 'વિભૂતિપાદ.'

3 વેદવ્યાસના મુખમાં મુકાયેલ દુર્નિમિત્તો, ઉત્પાતો અને ચમત્કારિક પ્રસંગો એ પ્રમાણે બન્યા હતા જ એમ માનવાની જરૂર હતી. એમાંનાં ઘણા તો અસંભવિત છે. પરંતુ ભયંકર બનાવોની આગાહી કરતાં દુર્નિમિત્તો કેવાં હોય તેની, જે સમયમાં મહાભારતનો આ વિભાગ લખાયેલો તે કાળની માન્યતાઓનું એમાં પ્રતિબિંબ પાડે છે. એમાંનાં કેટલાંક લાક્ષણિક રીતે રસપૂર્ણ પણ છે. જેમ કે 'લાઠીધારી બાળકો, કાળથી પ્રેરાઈને સશસ્ત્ર પ્રતિમાઓનું આલેખન કરે છે, એકબીજાઓ ઉપર હુમલા કરે છે અને યુદ્ધની ઘેલછાથી બનાવટી નગરો ઉપર ઘેરા નાખે છે.' ૬-૩-૯.

[ यतो धर्मस्ततो जयः ।નો સિદ્ધાંત અહીં સચવાતો નથી. ]

એમ શિખામણ આપીને વ્યાસ મુનિ ગયા. એટલે ધૃતરાષ્ટ્રે વેદવ્યાસની કૃપાથી દિવ્ય બુદ્ધિરૂપી પ્રદીપ અને જ્ઞાનરૂપી ચક્ષુ પામેલા સંજયને ભૂમિનું પરિમાણ તથા ગુણો પૂછયા, કારણ કે એ ભૂમિને માટે તો જગતના અસંખ્ય વીરો હાલ લડવા માટે રણક્ષેત્રમાં એકઠા થયા છે. સંજયે ભુવનકોશ—સમગ્ર જગતનું—વર્ણન કર્યું. જગતનું વર્ણન કરતાં એણે ભૂમિના ગુણો વર્ણવ્યા : 'સૌ ભૂમિ ઉપર જન્મે છે અને ભૂમિ ઉપર નાશ પામે છે. ભૂમિ ઉપર પ્રાણીઓ રહે છે. અને ભૂમિ જ એમનો આશરો છે. જેને તાબે ભૂમિ છે, તેના તાબામાં બધું સ્થાવર જંગમ જગત છે. એટલે ભૂમિ માટે અત્યંત લોલુપ રાજાઓ એકબીજાને મારી નાખે છે. (૬-૫૦-૨૦, ૨૧)...જો સારી રીતે કાળજીથી દહોવામાં આવે તો ભૂમિ કામધેનુ સમી છે. એટલે શૂરા રાજાઓ સંગ્રામમાં ભૂમિ માટે પ્રાણત્યાગ કરી દે છે...કૂતરા જેમ માંસના ટુકડા માટે ખેંચાખેંચ કરે છે એમ વસુંધરાને ભોગવવા ઇચ્છતા રાજાઓ ખેંચાખેંચ કરે છે, પણ (શ્વાન જેવા) એમની કોઈની ય કામના તૃપ્ત થતી નથી. કૌરવ-પાંડવો પણ એટલા માટે જ યત્ન કરે છે. (પરન્તુ) નરશ્રેષ્ઠ ! જો આ દોષરહિત ભૂમિની સમ્યગ્ સાચવણી થાય તો એ સૌને પિતા, માતા, પુત્ર અને આકાશ તથા સ્વર્ગરૂપ જ થઈ પડે...[૪]' (૬-૧૦-૬૯ થી ૭૪).

એમ રાજાઓની લોલુપતા ઉપર વિદ્વાન સંજયે માર્મિક પ્રહાર કર્યો અને પછી પોતે પ્રત્યક્ષ રીતે મેળવેલી અને યોગબળથી મેળવેલી સંગ્રામની માહિતીનો સંપૂર્ણ વૃત્તાંત ધૃતરાષ્ટ્રને આપવાનું શરૂ કર્યું.[૫]

* * *

૪ (क) મ૦ભા૦ની શરૂની વાચનાઓમાં ભુવનકોશવર્ણન બહુ પરિમિત હશે. હાલ મળતું વર્ણન બહુ વિસ્તૃત અને પાછળનું છે, એ સ્વયંસ્પષ્ટ છે. તેમાંનાં નીચેનાં વિધાનો રસપ્રદ છે: (૧) શાકદ્વીપનો શ્યામ પર્વત. એ પર્વતપ્રદેશની પ્રજા શ્યામ અર્થાત્ કાળી. એ પર્વત ઉપર ભગવાન કૃષ્ણ (નું મંદિર) છે, એટલે તેમની કાન્તિને લીધે પ્રજા કાળી થઈ ગઈ છે ! ૬-૧૨-૧૭ થી ૨૦. (૨) મધ્યમદ્વીપમાં પશ્ચિમે મનઃશીલનો નારાયણ જેવો ગૌર 'કૃષ્ણ' નામનો પર્વત છે. ત્યાં સ્વયં કેશવ દિવ્ય રત્નોનું રક્ષણ કરે છે (એટલે કે ત્યાં મંદિર હોવું જોઈએ). ૬-૧૩-૪, ૫. (૩) ક્રૌંચદ્વીપમાં ગોમન્દ પર્વત (પાઠાંતર 'ગોમંત') ત્યાં શ્રીમાન કમલલોચન નારાયણ હરિ નિત્ય વસે છે. મુક્તો તેમની સ્તુતિ કરે છે. ૬-૧૩-૮. 'હરિવંશ'ની 'ગોમંત' પર્વતની કથા જોડે આને સંબંધ છે કે કેમ તે તપાસવું જોઈએ. 'હરિવંશ' ૨, अ. ૩૪ ઇત્યાદિ.

(ख) સર° अगोपमिव चोद्भ्रान्तं गोकुलं तद्बलं मम ॥ ૬-૧૫-૪૯ ગવ.

'મારી તે સેના ગોવાળ વિનાના ગોકુલ (ગોધણ) જેવી થઈ છે.' ભીષ્મ પડયાના સમાચાર મળતાં ધૃતરાષ્ટ્રે બળાપો કર્યો, તેમાંના આ વચનમાં 'ગોકુલ' પદ આવે છે તે.

૫ સંજય કહે છે :

हयानां च गजानां च शूराणां चामितौजसाम् ।
प्रत्यक्षं यन्मया दृष्टं दृष्टं योगबलेन च ॥ ૬-૧૬-૫
शृणु तत्पृथिवीपाल मा च शोके मनः कृथाः । ૬-૧૬-૬ કખ

બન્ને સેનાઓ વ્યુહબદ્ધ થઈને સામે સામે ઊભી રહી. કૌરવસેના પશ્ચિમાભિમુખે અને પાંડવસેના પૂર્વાભિમુખે. ' કૌરવોની સેના અનન્ત જેવી અને ભયંકર હતી. પાંડવોની એવી નહોતી '. પરન્તુ સંજયે અભિપ્રાય આપ્યો, ' જેના નેતા શ્રીકૃષ્ણ-અર્જુન છે એવી પાંડવોની સેનાને હું ( અનન્ત જેવી દુર્યોધનની સેના કરતાં વધુ ) વિશાળ અને દુષ્પ્રધૃષ્ય ( અજેય ) માનું છું '.[૬]

આ તો સંજયનો અભિપ્રાય હતો પરન્તુ તેની યુધિષ્ઠિર ઉપર શું અસર પડી? કૌરવોની સુસજ્જ મહાસેનાને જોઈને **યુધિષ્ઠિરને વિષાદ થઈ આવ્યો.**[૭] એમણે તો ભીષ્મે રચેલા ' અભેદ્ય ' નામના વ્યૂહને ખરેખર અભેદ્ય જ માની લીધો.[૮] એ લેવાઈ ગયા. અને અર્જુનને પૂછવા માંડ્યા: ' ધનંજય! જેના ( મુખ્ય ) યોદ્ધા પિતામહ ભીષ્મ છે,[૯] એ કૌરવોની સામે આપણે કેવી રીતે લડી શકીશું? એમનો વ્યૂહ અક્ષોભ્ય, અભેદ્ય અને ( યુદ્ધ )શાસ્ત્ર મુજબનો જ છે. એટલે આપણે તો જોખમમાં આવી પડ્યા છીએ. આમાંથી આપણે શી રીતે ઊગરીશું? ' ( ૬-૨૧-૧ થી ૫ )

એટલે વિષણ્ણ યુધિષ્ઠિરને અર્જુને ઉત્તર આપ્યો : ' પ્રજાપતિ! પ્રજ્ઞા, શૌર્ય અને ગુણ એ ત્રણે રીતે અધિક, મોટા સમૂહને પણ ઘણા થોડાઓ જે રીતે જીતી લે છે તે રીત સમજી લો. તમે અસૂયારહિત છો, એટલે તેનું કારણ કહું છું. એ કારણને નારદ ઋષિ, ભીષ્મ અને દ્રોણ જાણે છે.[૧૦] અને આ જ કારણને ઉદ્દેશીને પૂર્વે બ્રહ્માએ પણ મહેન્દ્ર વગેરે દેવોને આ પ્રમાણે કહ્યું

---

૬ अनन्तरूपा ध्वजिनी त्वदीया
नरेन्द्र भीमा न तु पाण्डवानाम् ।
तो त्वेव मन्ये बृहतीं दुष्प्रधृष्यां
यस्या नेतारौ केशवश्चार्जुनश्च ॥ ६-२०-२०

૭ विषादमगमद्राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ॥ ૬-૨૧-૧ ગદ્ય.

૮ પાંડવસેનાને અર્જુને વજ્રપાણિએ ( એ નામના આચાર્યે અથવા ઇન્દ્રે ) નિર્દેશેલા ' વજ્ર ' વ્યૂહમાં ગોઠવેલી. ૬-૧૯-૭.

૯ येषां योद्धा यस्य पितामहः । ६-२१-३.
સર° અર્જુન માટે અહોભાવ દર્શાવતાં કર્ણ, ધૃતરાષ્ટ્ર અને સંજયનાં વચન; योद्धा यस्य धनंजयः। ૫-૧૩૯-૨૩; ૭-૧૦-૩૬; = ક્રે. ૭-૯-૨૪; ૬-૪૦-૭૮.

૧૦ तत्तु ते कारणं राजन्प्रवक्ष्याम्यनसूयवे ।
नारदहस्तमृषिर्वेद भीष्मद्रोणौ च पाण्डव ॥ ६-२१-८.
સર° અસૂયારહિત અર્જુનને વિજ્ઞાન સાથેનું જ્ઞાન આપતા શ્રીકૃષ્ણના શબ્દો:
( ૧ ) इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ ૭-૩૧-૧ ( ગીતા. ૯-૧ ).
તું અસૂયારહિત છે એટલે તને ગુપ્તમાં ગુપ્ત જ્ઞાન આપીશ, જેને જાણીને તું અશુભમાંથી છૂટીશ. ( અને ' સ્વસ્થ ' થઈશ. )
ભીષ્મ-દ્રોણ જય મેળવવાનું કારણ જાણતા હતા, પણ એવી પરિસ્થિતિમાં ફસાયેલા હતા કે અમલ ન કરી શકે!

હતું : ' જય મેળવવાની ઇચ્છાવાળાઓ સત્ય, આનૃશંસ્ય ( અક્રૂરતા અર્થાત્ પ્રેમાળ વ્યવહાર ), ધર્મ અને ઉદ્યમથી જેવો ( પૂર્ણ ) વિજય મેળવે છે, એવો બળ કે પરાક્રમથી નથી મેળવી શકતા. માટે તમે અધર્મ, લોભ અને મોહને છોડી દઈને અનહંકારીપણે—નમ્રતાથી ઉદ્યમ કરીને યુદ્ધ કરો, કારણ **' જ્યાં ધર્મ છે ત્યાં જય છે.'** વળી નારદે મને કહ્યું હતું કે **' જ્યાં કૃષ્ણ છે ત્યાં જય છે ' એટલે રાજન્ ( યુધિષ્ઠિર ) ! તમે બરાબર જાણી લો કે આપણો જય થશે એ નિશ્ચિત છે.**[૧૧] ( સાધારણ ) જય તો શ્રીકૃષ્ણનો સેવક છે અને માધવની કેડે કેડે જાય છે. ( એમને અનુસરે છે ). બીજી રીતે મૂકતાં સંનતિ ( વિનમ્રતા ) એમનો સર્વોત્તમ ગુણ છે, અને એ જ એમનો ( સાર્વત્રિક, વિજય છે.[૧૨] અનન્ત તેજસ્વી ગોવિન્દ શત્રુસમૂહોની વચ્ચે

---

અસૂયા વિનાનો, પરગુણ તથા પરસુખમાં દોષદૃષ્ટિ કે ઈર્ષ્યાળુ નહિ, એટલે કે સત્ તત્ત્વમાં શ્રદ્ધાવાળો. અનસૂયા અને શ્રદ્ધા સાથે છે.

જુઓ° श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥

૬-૨૫-૩૧ ગઘ ( ગીતા. ૩-૩૧ ગઘ )

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।

सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम् । ૬-૪૦-૭૧ ( ગીતા ૧૮-૭૧ )

( ૨ ) આ ગીતાજ્ઞાન ' જે મારી અસૂયા કરે છે, न च मां योऽभ्यसूयति ।

( ગીતા. ૬-૪૦-૬૭ ઘ ) ( ગીતા ૧૮-૬૭ ઘ ) તેને ન આપવું.

૧૧ ( ૧ ) न तथा बलवीर्याभ्यां विजयन्ते जिगीषवः ।

यथा सत्यानृशंसाभ्यां धर्मेणैवोद्यमेन च ॥ ૬-૨૧-૧૦.

त्यक्त्वाधर्मं च लोभं च मोहं चोद्यममास्थिताः ।

युध्यध्वमनहंकारा यतो धर्मस्ततो जयः ॥ ૬-૨૧-૧૧.

एवं राजन्विजानीहि ध्रुवोऽस्माकं रणे जयः ।

यथा मे नारदः प्राह यतः कृष्णस्ततो जयः ॥ ૬-૨૧-૧૨.

૧૧ ગ સાથે સર° ભીષ્મપતન પછી કર્ણને ભીષ્મે કહેલ શબ્દો युध्यस्व निरहंकारः° । ૬-૧૧૭-૩૨ ક; અને ભગવદ્વચન युध्यस्व विगतज्वरः ॥ ૬-૨૫-૩૦ ગ ( ગીતા ૩-૩૦ ગ ).

( ૨ ) સર° શીખોનો સંકલ્પ :

રાજ કરેગા ખાલસા, આકી રહે ન કોય ।

ખ્વાર હોય સબ મિલેંગે બચે સરણ જો હોય ॥

અર્થાત્ ખાલસા ( =શુદ્ધ ) રાજ્ય કરશે. કોઈ અશુદ્ધ ટકવાનું નથી. (ઈશ્વર માટે) ખુવાર થનારને બધું મળશે. જે શરણે જશે તે બચશે.

આ સંકલ્પનો લક્ષણાથી ' ખાલસા પંથ રાજ કરશે ' એવો સંકુચિત અર્થ પણ કરવામાં આવ્યો.

૧૨ ( ૧ ) गुणभूतो जयः कृष्णे पृष्ठतोऽन्वेति माधवम् ।

अन्यथा विजयश्चास्य संनतिश्चापरो गुणः ॥ ૬-૨૧-૧૩.

( ૨ ) સર° ध्रुवं वै ब्राह्मणे सत्यं ध्रुवा साधुषु संनतिः ।

श्रीर्ध्रुवा चापि दक्षेषु ध्रुवो नारायणे जयः ॥ ૭-૫૩-૫૪.

પણ વ્યથારહિત છે. એ સનાતનતમ પુરુષ કૃષ્ણ જ્યાં છે ત્યાં જય છે. પૂર્વે અક્ષત આયુધવાળા આ વૈકુણ્ઠે (સંશ્લેષકે) હરિરૂપ લઈને (સિંહનું રૂપ ?) દેવો તથા દાનવોને ગર્જના કરીને પૂછ્યું હતું કે : '(તમારામાંથી) કોણ જીતશે ?' ત્યારે **'અમે તો કૃષ્ણના (પરમાત્માના) કાબૂમાં રહીને જીતીશું' એમ બોલતા દેવો જીત્યા હતા.**[૧૩] અને તેમની કૃપાથી જ ઇન્દ્રાદિ દેવોએ ત્રૈલોક્ય(નું રાજ્ય) મેળવ્યું હતું. તેથી તમારે આ (જીતની) બાબતમાં ફિકર કરવાનું કોઈ પણ કારણ મને જણાતું નથી કેમ કે વિશ્વભોક્તા દેવાધિદેવ શ્રીકૃષ્ણ તમારો જય વાંછે છે.' (૬-૨૧-૬ થી ૧૭).

અર્જુને હૈયાધારણ આપી. એટલે રાજા યુધિષ્ઠિરે લશ્કરને વ્યૂહાત્મક સ્થાનો સંભાળી લેવાનો આદેશ આપ્યો. અર્જુન પણ પોતાનું સ્થાન સંભાળવા નીકળ્યા, સહસ્રસૂર્ય(ના ચિત્રોવાળો), સેંકડો કિંકિણીઓ(ઘૂઘરીઓ)વાળો, અમૂલ્ય જામ્બૂનદ સોનાથી ચિતરેલો,

---

(૩) સર૦ यत्र धीः श्रीः स्थिता तत्र यत्र श्रीस्तत्र संनतिः ।
संनतिर्श्रीस्तथा श्रीश्च नित्यं कृष्णे महात्मनि ॥ 'હરિવંશ' ૨-૧૦૧-૭૩.

(૪) કંઈ હજારો વર્ષથી કોટચવધિ જનોના હૃદયસ્વામી શ્રીકૃષ્ણના સાર્વભૌમ વિજયનું કારણ આ એમનો વિનમ્રતાનો અર્થાત્ 'હું'પણાના જ્ઞાન-વિજ્ઞાન સહિત સંપૂર્ણ અભાવનો સર્વશ્રેષ્ઠ ગુણ છે. શ્રીકૃષ્ણ નમ્રતાના સાગર હતા. એટલે જનસમાજની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની ગણાતી, પરન્તુ ખરખર તો સામાન્ય વિભૂતિ—એમના નોકર જેવી બની હતી. જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧, 'નમ્રતાના સાગર'.

(૫) સર૦ ભગવાન વિષ્ણુના મહત્ત્વના બે પાર્ષદોનાં નામ જય અને વિજય છે તે.

૧૩ (क) अनन्ततेजाः गोविन्दः शत्रुपूगेषु निर्व्यथः ।
पुरुषः सनातनतमो यतः कृष्णस्ततो जयः ॥ ६-२१-१४.

पुरा ह्येष हरिर्भूत्वा वैकुण्ठोऽकुण्ठसायकः ।
सुरासुरनवस्फूर्जन्नब्रवीत्के जयन्त्विति ॥ ६-२१-१५.

**अनु कृष्णं जयेमेति यैरुक्तं तत्र तैर्जितम् ॥** ६-२१-१६+९

૬-૧૨-૧૬ = કવિનમ્ર મન્ત્રી શ્રીકૃષ્ણે પ્રકાશિત કરાવેલ જયમન્ત્ર છે.

(ख) સર૦ 'વૈકુણ્ઠ' શબ્દની વ્યુત્પત્તિ ૧૨-૩૩૦-૧૫.

मया संश्लेशिता भूमि रद्भिर्व्योम च वायुना ।
वायुश्च तेजसा सार्धं वैकुण्ठत्वं ततो मम ॥

'મેં પૃથ્વીને જળની સાથે, આકાશને વાયુ સાથે અને વાયુને તેજની સાથે એકરૂપ કરી દીધાં છે, તેથી મારું વૈકુણ્ઠત્વ છે.' વળી જુઓ 'વિષ્ણુસહસ્રનામ' શાંકરભાષ્ય ૫૭. (મ. ભા. ૧૩-૧૩૫-૫૭).

(ग) **अनु कृष्णं जयेम** । મન્ત્ર સર્વોદયી છે. એનો અર્થ 'કૃષ્ણની આજ્ઞામાં રહીને, એના તાબામાં રહીને, અમે સર્વે જીતીશું,' સફળ થઈશું, અમે સર્વે ઉદય પામીશું, પરમાત્માનાં દર્શન કરીશું, વિષ્ણુનાં પવિત્ર ચરણોમાં આરામ કરીશું, પ્રેમથી એમનાં ચરણ તળાંસીશું. નિર્ભય, નિર્વિકાર, નિર્મલ, વિતરાગભયક્રોધ મોહ થઈશું. 'હું એકલો નહિ' પરંતુ આખું જગત એની આજ્ઞા ઉઠાવીને આસુરી સંપત્તિની પકડમાંથી મુક્ત થઈને સફળ થશે—**હું નહિ, આપણે બધાં.**

સફેદ ઘોડા અને સરસ પૈડાંવાળો એમનો રથ ભભૂકતા અગ્નિની જેમ ઝળહળતો હતો. જેનો કબજો (સારથિ તરીકે) શ્રીકૃષ્ણે સંભાળી લીધેલો હતો એવા એ કપિધ્વજ રથમાં જેના જેવા ધનુર્ધર યોદ્ધા જગતમાં કોઈ છે જ નહિ અને કદી થવાના પણ નથી એવા અર્જુન ગાંડીવ ધનુષ્ય અને બાણ લઈને ઊભા હતા. (૬-૨૨-૧ થી ૧૦)...સેનાની વચ્ચે સ્થાન સંભાળીને ઊભેલા એ દુર્જય રાજપુત્ર ગુડાકેશ અર્જુનને સામા લશ્કરના મુખ્ય સેનાપતિની ઓળખ આપતાં જનાર્દન શ્રીકૃષ્ણે પ્રેરણા કરી: 'આ જે સેનાપતિ (ગોપ્તા), સેનામાં ઊભા રહીને આપણને સંતાપી રહ્યા છે, (प्रतपन् ભીષ્મ प्रतापवान् છે. જુઓ ગીતા, ૧-૧૨), અને આપણી સેના ઉપર (હુમલો કરવા) સિંહની જેમ ટાંપી રહ્યા છે, જેમણે ત્રીશ અશ્વમેધ યજ્ઞ કર્યા છે તે આ કુરુકુળના કેતુરૂપ ભીષ્મ છે. વાદળાં જેમ સૂર્યને ઢાંકી રાખે એમ (કૌરવોની) આ ફોજે એ મહાનુભાવને ગોપવે છે. તો પુરુપ્રવીર! એ ફોજોને હણી નાખીને એમની સાથે યુદ્ધ કરવા તત્પર થઈ જા.'[૧૪] (૬-૨૨-૧૪ થી ૧૬)

હવે વિષાદ પામવાનો અર્જુનનો વારો આવ્યો. ઘણાં ઓછાં અને અમુક ચોક્કસ પ્રકારનાં માણસોને જ લડવા પડતા કે લડવા મળતા ભૌતિક યુદ્ધનું વર્ણન આપતું દશ્ય પલટાયું. માનવમાત્રને અનુભવવા પડતા વાસ્તવિક આંતરિક યુદ્ધનું દશ્ય આવ્યું.

અને જગતના સર્વોત્તમ ધર્મકાવ્યનું ગાન થયું. એને સ્વયં ભગવાને ગાયું. આત્મીય સખાને માટે ગાયું. તેના વિષાદરોગનું નિદાન અને ચિકિત્સા કરવા ગાયું. એને મર્દ બનાવ્યો. સ્થિતપ્રજ્ઞ અને ભક્ત બનાવ્યો. એના હૃદયની ક્ષુદ્ર દુર્બળતાને દૂર કરી ઊભો કર્યો. દોર્યો. નિરંતર પોતાનું—ભગવાનનું—સ્મરણ કરીને શ્રદ્ધાપૂર્વક નિમિત્તમાત્ર થઈને યુદ્ધ કરવા પ્રેર્યો. અભિમાન, મોહ, આસક્તિ અને સંદેહમાંથી મુક્ત કર્યો. કેવળ અન્તર્યામીનો જ હુકમ માનવા કૃતનિશ્ચયી કર્યો.[૧૫]

---

૧૪ (क) धनुर्धरो यस्य समः पृथिव्यां
न विद्यते नो भविता भवा कदाचित् ॥ ૬-૨૨-૧૦ ગદ્ય

અર્જુન એટલે કે આસુરી સંપત્તિ સાથે યુદ્ધ કરવા ઉદ્યુક્ત દઢ નિર્ણયવાળું કર્તવ્યપરાયણ માનવ ચિત્ત. જેણે ભગવાન શ્રીકૃષ્ણને સારથિ થવા વીનવીને, સારથિ તરીકે મેળવ્યા છે, તે ત્રણે કાળનો અજોડ યોદ્ધો છે, કારણ એને તો (આંતર-)યુદ્ધમાં સતત ઝઝુમ્યા કરવાનું છે, અને વિજયી થવાનું છે.

(ख) સર૰ ગીતા ૧-૨૦ થી ૨૫(૬-૨૩-૨૦ થી ૨૫)માં રથને સૈન્યના મધ્યમાં લઈ જવાનું કહેતા અર્જુન અને ભીષ્મ-દ્રોણાદિને નિહાળી લેવાનું કહેતા શ્રીકૃષ્ણનાં વચન.

(ग) સર૰ ધૃતરાષ્ટ્રના શબ્દો:

यदाश्रौषं वासुदेवार्जुनौ तौ तथा धनुर्गाण्डीवमप्रमेयम् ।
त्रीण्युग्रवीर्याणि समागतानि तदा नाशंसे विजयाय संजय ॥ ૧-૧-૧૨૩.

જ્યારે મેં સાંભળ્યું કે વાસુદેવ, અર્જુન અને અપ્રમેય ગાંડીવ ધનુષ્ય એ ત્રણ ઉગ્રવીર્યો-પ્રચંડ શક્તિશાળીઓ-ભેગાં થયાં છે, ત્યારે સંજય! મેં વિજયની આશા મૂકી દીધી.

૧૫ (૧) અર્જુનને વિષાદ થયો તે અગાઉ શ્રીકૃષ્ણે એમને શત્રુઓનો પરાજય કરવા માટે 'દુર્ગાસ્તોત્ર'નો પાઠ કરવા પ્રેર્યો! એમણે એ પાઠ કર્યો! એવું ભીષ્મ. અ. ૨૨ પછીના ક્ષેપકમાં છે! પાછળથી કોઈ દુર્ગાભક્તે ઉમેર્યું લાગે છે. એમાં આવતાં સંબોધન 'ગોપેન્દ્રસ્યાનુજે' અને 'નન્દ-ગોપકુલોદ્ભવે' થોડું ધ્યાન ખેંચે છે. (ભીષ્મ. ક્ષેપક પરિશિષ્ટ ૧, લીટી ૫૪). સ્તોત્ર પૂરું થયા પછી સંજયના મુખમાં આ શબ્દ મૂક્યા છે:

મન્યુમય વૃક્ષના મૂળ અંધ ધૃતરાષ્ટ્રે પૂછ્યું : 'સંજય! ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રમાં (આંતર)વિગ્રહ કરવાની ઇચ્છાથી ભેગા થયેલા मामकाः મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું ?[૧૬] (૬-૨૩-૧; ગીતા. ૧-૧).

વિદ્વાન સંજયે ઉત્તર આપવા માંડ્યો :

બન્ને સેનાઓ સામસામે આવીને ઊભી રહી.[૧૭] શ્રીકૃષ્ણે પાઞ્ચજન્ય અને અર્જુને દેવદત્ત શંખ વગાડ્યા......અને પછી ગુડાકેશ (વાંકડિયા વાળવાળા, ગીતાના ટીકાકારો મુજબ 'નિદ્રાજિત્') અર્જુને હૃષીકેશ—ઇન્દ્રિયોના અધિપતિ શ્રીકૃષ્ણને બન્ને સૈન્યોના મધ્યમાં રથ લઈ જવા સૂચના કરી, જેથી સામે કોણ કોણ લડનારા છે તેની સમજ પડે. શ્રીકૃષ્ણે બન્ને સૈન્યોની વચ્ચે રથને ખડો કર્યો અને અર્જુનને કહ્યું : એકઠા મળેલા કૌરવોને જોઈ લે'. (૬-૨૩-૨ થી ૨૫; ગીતા. ૧-૨ થી ૨૫).

સામે તો સગાં હતાં. આચાર્યો અને પિતામહો જેવા પૂજ્યો હતા. અર્જુન ખિન્ન થઈ ગયા. એમનું મગજ ભમવા માંડ્યું. એમણે થરથર ધ્રૂજતાં ધ્રૂજતાં સુકાયેલા કંઠે શ્રીકૃષ્ણને વીનવ્યા : 'કૃષ્ણ! મારે, વિજય, રાજ્ય, સુખ કંઈ જોઈતું નથી. માધવ! સ્વજનોને મારીને અમે કેવી રીતે સુખી થઈએ? કુલનાશથી થતા દોષોને સમજનારા અમે આ પાપમાંથી શા માટે ન બચીએ?

---

यत्र धर्मो द्युतिः कान्तिर्यत्र ह्रीः श्रीस्तथा मतिः ।
यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः ।

(ભીષ્મ. ક્ષેપક પરિશિષ્ટ ૧, લીટી, ૫૬, ૫૭).

(૨) સર૦ ગીતાસ્તુતિનો વિખ્યાત શ્લોક,

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं ।
व्यासेन ग्रथितां पुराणमुनिना मध्ये महाभारते ।
अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनी—
मावर्त्तैरनुसंदधामि भगवद्गीतां भवोन्मोचिनीम् ॥

'ભીષ્મપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૨, લીટી ૨૮ થી ૩૧.

* * *

૧૬ धर्मक्षेत्रे कुरुक्षेत्रे। ૬-૨૩-૧ ક સાથે સર૦ ધૃતરાષ્ટ્ર બોલ્યો છે તેવા શબ્દોમાં પ્રશ્ન કરતા જનમેજયને વૈશંપાયને કહ્યું છે તે,

यथा युधिष्ठिरे वीराः कुरुपाण्डवसोमकाः ।
कुरुक्षेत्रे तपःक्षेत्रे शृणु तत्पृथिवीपते ॥ ૬-૧-૨.

૧૭ મહાભારતમાં અઢારના અંકનું મહત્ત્વ ખાસ સ્વીકારાયેલું છે. ગીતાની શરૂઆત કરતા આ પ્રથમ અધ્યાયમાં પાંડવપક્ષના લડવૈયાઓનાં નામ બે વખત આવે છે અને બન્ને વખત એ સંખ્યા અઢારની છે, એટલે ધ્યાન ખેંચે છે. ૬-૨૩-૪ થી ૬; ૬-૨૩-૧૫ થી ૧૮. (ભારતીય સાહિત્યમાં અઢાર-સંખ્યક અંકના ઉપયોગની વિસ્તૃત માહિતી માટે જુઓ, 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પરિશિષ્ટ, ૧, પૃ. ૬૦૦ થી ૬૧૭.

કુલનાશ થતાં કુલધર્મનો નાશ થાય. એમ થાય તો અમારી દુર્ગતિ (સાર્વત્રિક પડતી) થાય. આવું મહાપાપ કરવા કરતાં તો સામનો નહિ કરનારા અને નિઃશસ્ત્ર એવા મને શસ્ત્રધારી કૌરવો રણભૂમિમાં મારી નાખે તો ઘણું સારું!' એમ બોલીને અર્જુન હથિયાર ઉતારીને રથ ઉપર બેસી ગયા![18] (૬-૨૩-૨૬ થી ૪૭; ગીતા ૧-૨૬ થી ૪૭).

આંસુભરી આંખે ખેદ કરતા અર્જુનને શ્રીકૃષ્ણે ઠપકો આપ્યો: 'તેં અણીને વખતે આ શું માંડયું છે? આવો ક્ષુદ્ર પુરુષોને છાજે એવો મોહ તને કેમ થયો છે? પરંતપા હૃદયની દુર્બળતા મૂકીને ઊભો થા!' (૬-૨૪-૧ થી ૩; ગીતા. ૨-૧ થી ૩).

પણ વ્યાકુલ અર્જુને જવાબ આપ્યો: 'મધુસૂદન! સ્વજનોને અને ગુરુજનોને મારીને લોહીથી ખરડાયેલા ભોગો ભોગવવા કરતાં તો ભીખ માગી ખાવી સારી![19] મને ધર્મમૂર્ચ્છા આવી છે. હું તમારો શિષ્ય છું. તમારે શરણે છું. મને રસ્તે ચઢાવો!' (૬-૨૪-૪ થી ૮; ગીતા. ૨-૪ થી ૮).

એટલે જાણે હસતા હોય એમ હૃષીકેશે (ઇન્દ્રિયોના નિયન્તાએ) અર્જુનને કહ્યું: 'તું

---

૧૮ (क) અર્જુનની આ મનઃસ્થિતિ, લિપ્ત મન ભૂલથી જેને સત્યાગ્રહ માનવા લલચાય એવી દીન સ્થિતિ છે. મમત્વાભિભૂત, સાત્ત્વિક જણાતી તામસિક સ્થિતિ છે.

સર° ભૌતિક યુદ્ધમાં અર્જુનને થયેલા વિષાદના કેટલાક મહત્ત્વના સંદર્ભ:

(૧) પુત્ર ઈરાવાન માર્યો જતાં થયેલો. ૬-૯૨-૧ થી ૧૨.

(૨) ભીષ્મ સામે યુદ્ધ કરવા પ્રેરતા શ્રીકૃષ્ણને 'નીચે મોંઢે તીરછી નજર કરી અકામ—નિઃસ્પૃહની જેમ જવાબ આપતા સંદિગ્ધ માનસવાળા અર્જુન. ૬-૧૦૨-૩૬, ૩૭.

(૩) અજેય ભીષ્મને એમના વધનો ઉપાય પૂછી પાછા વળતાં દુઃખથી બળતા અને શરમથી ઝૂકી પડતા અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, 'આવા પ્રેમાળ પિતામહને હું કેવી રીતે મારું?' ૬-૧૦૩-૮૩ થી ૮૯. શ્રીકૃષ્ણનાં વળતાં વચન. ૬-૧૦૩-૯૦ થી ૯૬.

(૪) કૃપાચાર્ય સાથે લડતાં કૃપ મૂર્છિત થયા તે જોઈને અર્જુને કાર્પણ્યથી વિલાપ કર્યો તે. ૭-૧૨૨-૧૨ થી ૩૦.

(૫) દ્રોણના મૃત્યુ પછી અશ્વત્થામાએ પાંડવી સેના ઉપર ભારે આક્રમણ કર્યું ત્યારે યુધિષ્ઠિરના પૂછવાથી અર્જુને અશ્વત્થામાની ઓળખ આપી અને શોક કરતાં કહ્યું કે, 'હું તો હવે નરકમાં ઊંધે માથે લટકયો છું. મારે મરી જવું જ શ્રેયસ્કર છે, ઈ.' ૭-૧૯૭-૨૫ થી ૫૦.

(ख) જુઓ 'પર્વસંગ્રહપર્વ' આ પ્રસંગનો નિર્દેશ.

कश्मलं यत्र पार्थस्य वासुदेवो महामतिः ।
मोहजं नाशयामास हेतुभिर्मोक्षदर्शनैः ॥ ૧-૨-૧૫૬.

૧૯ સર° સંજયે દૂતકાર્ય દરમિયાન પાંડવોને, 'યુદ્ધ કરીને રાજ્ય મેળવવાને બદલે અન્ધક-વૃષ્ણિઓના રાજ્યમાં ભીખ માગવાની' સલાહ આપી હતી તે. ૫-૨૭-૨. આખો પ્રસંગ જુઓ, 'શારદાપીઠપ્રદીપ' ફેબ્રુઆરી, ૧૯૬૯માં 'કર્મનિશ્ચયજ્ઞ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા).

શોક ન કરવા જેવી ચીજનો શોક કરે છે, અને પ્રજ્ઞાવાન પંડિતો જેવી વાતો કરે છે![૨૦] પણ પંડિતો મૂએલા કે જીવતાનો શોક કરતા નથી...ઇન્દ્રિયોના સ્પર્શો શરદી-ગરમી અને સુખ-દુખ આપનારા છે; તે ઉત્પન્ન થનારા, વિનાશ પામનારા અને અનિત્ય છે, તું તેમને સહન કર.[૨૧]... જે આ સર્વ જગતમાં વ્યાપી રહેલ છે, તે સત્ તો અમર છે. તેનો કોઈ નાશ ન કરી શકે. દેહો નાશવંત છે. આત્મા અમર છે. જેમ માણસ જૂનાં વસ્ત્રો બદલીને નવાં પહેરે છે એમ શરીરધારી આત્મા જૂનાં શરીર છોડીને નવાં ધારણ કરે છે.[૨૨] આ આત્મા છેદાતો નથી, બાળી શકાતો નથી, ભીંજાતો નથી અને શોષાતો નથી.[૨૩] એ નિત્ય, સર્વવ્યાપી, સ્થિર, અચલ અને સનાતન છે. વળી તું કદાચ આત્માને જન્મતો અને મરી જતો માનતો હોય તોપણ શોક કરવો અયોગ્ય છે. જે જન્મે છે તે મરવાનું જ અને જે મરે છે તે જન્મવાનું જ. એટલે અનિવાર્યનો શોક કરવો એ બરાબર નથી.[૨૪] માટે (દસ્યુનિગ્રહનો) તારો સ્વધર્મ નિહાળીને યુદ્ધ કર. ક્ષત્રિયને આવું

---

૨૦ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ૬-૨૪-૧૧ (ગીતા ૨-૧૧)

આ શ્લોકનાં પ્રથમ બે ચરણ ગીતાનું બીજ ગણાય છે.

૨૧ मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ ૬-૨૪-૧૪ (ગીતા ૨-૧૪)

શ્રીભગવાનનો આ એક જ આદેશ જે માણસ પાળી શકે તે માણસ જીવનમુક્ત છે. તે ભગવાનના સાધર્મ્યને પામેલો છે.

૨૨ वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥
૬-૨૪-૨૨ (ગીતા ૨-૨૨)

જન્માન્તર માટે આ વૈજ્ઞાનિક અને ચોક્કસ વર્ણન છે.

૨૩ ગીતાપાઠની કરન્યાસ અને હૃદયન્યાસ (ગીતાના દેવ શ્રીકૃષ્ણનું પાઠ કરનારના શરીર અને હૃદયમાં સ્થાપન)ની વિધિમાં આ બે શ્લોકો વિધિવત્ બોલાય છે :

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ ૬-૨૪-૨૩ (ગીતા ૨-૨૩)
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ ૬-૨૪-૨૪ (ગીતા ૨-૨૪)

૨૪ जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ ૬-૨૪-૨૭ (ગીતા ૨-૨૭)

સર૦ સિદ્ધાંત ખાતર સ્વેચ્છાએ આત્મબલિદાન દેવા દિલ્હી ગયેલા શીખોના નવમા ગુરુ તેગબહાદુરે, પોતાનું માથું ઉતારતાં પહેલાં ઉચ્ચારેલા કેટલાક અનુપમ શ્લોકો પૈકીનો એક :

चिंता ताकी कीजिऐ जो अनहोनी होइ ।
यह मारगु संसारको नानक थिरु नही कोइ ॥

'શ્રી ગુરુ ગ્રન્થસાહેબ' મહલા ૯, શ્લોક ૫૧, પૃ. ૧૪૨૮, ૧૪૨૯.

જો ન બનવાનું બનતું હોય તો તેની ચિન્તા કરવી, પણ (મૃત્યુનો) આ રસ્તો તો આખા જગતનો છે. નાનક કહે છે કે કોઈ સ્થિર નથી.

ધર્મ્ય યુદ્ધ જવલ્લે જ પ્રાપ્ત થાય છે. માટે સુખદુઃખ, જય-પરાજય, લાભ-અલાભને સમાન ગણી યુદ્ધ કરવા કૃતનિશ્ચયી થા. તને પાપ નહિ લાગે. કર્મયોગી બન. કર્મયોગનું સ્વલ્પ આચરણ પણ (બહુ મોટી વાતો નહિ) મહાભયમાંથી બચાવે છે. તને કર્મનો જ અધિકાર છે, કર્મનાં ફળનો કદી નહિ. કર્મનું ફળ મેળવવાનો તારો હેતુ ન હજો, અને કર્મ ન કરવાની આસક્તિ પણ તને ન થજો. સફળતા મળે કે નિષ્ફળતા, પણ તે બન્નેમાં સમભાવ રાખી ને કર્મ કર. સમત્વ જ યોગ કહેવાય છે. ધનંજય ! નિષ્કામ બુદ્ધિથી કરાતાં કર્મ કરતાં સકામ કર્મ અત્યંત તુચ્છ છે. ફલની આસક્તિ રાખનારા તો દીન છે. (સકામ કર્મો અને તેનાથી 'ઉન્નતિ' પ્રાપ્ત કરાવનારાં) અનેક પ્રકારના સિદ્ધાંતો સાંભળી સાંભળીને (આસક્તિના કીચડમાં ગળાડૂબ થઈ ને) વીંખાઈ ગયેલી (ચોમેર ફાંફાં મારતી) અસ્થિર થઈ ગયેલી તારી બુદ્ધિ જ્યારે સમાધિમાં (= આત્મામાં–શંકારાચાર્ય) સ્થિર થશે (તું સ્થિતપ્રજ્ઞ થઈશ) ત્યારે તું (સમત્વ°, કર્મ°) યોગ પામીશ.' (૬-૨૪-૧૧ થી ૫૩; ગીતા ૨-૧૧ થી ૫૩).

અર્જુને પૂછ્યું : 'કેશવ ! સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ કયાં કયાં ?' (૬-૨૪-૫૪; ગીતા ૨-૫૪).

શ્રીકૃષ્ણે સમજ પાડી : 'પાર્થ ! મનમાં રહેલી ઇચ્છામાત્રને, લાલચમાત્રને ત્યજીને આત્મા વડે આત્મામાં જ સંતુષ્ટ રહે તે. સુખદુઃખમાં અને શુભ-અશુભમાં સમાન, સંયમી, પરમાત્મામાં તન્મય, પ્રસન્નચિત્ત, સમુદ્ર જેવો ગંભીર, નિઃસ્પૃહ, નિર્મમ, નમ્ર, શાન્ત. પાર્થ ! આ બ્રાહ્મી સ્થિતિ (ઈશ્વરદર્શનની સ્થિતિ) છે. એને પ્રાપ્ત કરનાર પછી મોહિત થતો નથી, અને મૃત્યુ વખતે પણ એ જ સ્થિતિમાં રહીને બ્રહ્મરૂપી નિર્વાણને પામે છે.' (૬-૨૪-૫૫ થી ૭૨; ૨-૫૫ થી ૭૨)

એટલે અર્જુને પૂછ્યું : 'પણ જનાર્દન ! જો કર્મના કરતાં સમત્વ બુદ્ધિને વધુ સારી માનો છો, તો મને શા માટે ઘોર કર્મમાં જોડો છો ? મને તો મૂંઝવણ થાય છે. (૬-૨૫-૧-૨, ગીતા ૩-૧, ૨).

શ્રીકૃષ્ણે એમની મૂંઝવણ ટાળતાં કહ્યું : 'નિષ્પાપ અર્જુન ! નિષ્ઠાઓ બે પ્રકારની છે : જ્ઞાનની અને કર્મની. કેવળ જ્ઞાન અથવા કેવળ કર્મથી સિદ્ધિ મળતી નથી; અને માણસ કર્મ કર્યા વિના એક ક્ષણ પણ રહી શકતો નથી, જીવીય ન શકે. એટલે કર્મ ન કરે અને મનથી ચિંતવે તે તો મૂર્ખ અને મિથ્યાચારી છે. માટે યજ્ઞાર્થ કર્મ (નિષ્કામ કર્મ) કરવાં. આવાં યજ્ઞાર્થ કર્મ કર્યા પછી વધેલું જમનારા સત્પુરુષો બધાં પાપથી છૂટે છે, પણ પોતાના માટે પકાવનારા તો પાપ જ જમે છે.[૨૫] સર્વવ્યાપી બ્રહ્મ સદા યજ્ઞમાં (નિષ્કામ કર્મમાં) રહેલું છે. આ (યજ્ઞરૂપી

---

૨૫ જુઓ 'ઋગ્વેદ', ૧૦-૧૧૭-૬

मोघमन्नं विन्दते अप्रचेताः सत्यं ब्रवीमि वध इत् स तस्य ।
नार्यमणं पुष्यति नो सखायं केवलाघो भवति केवलादी ॥

અજ્ઞાની મનુષ્યને વ્યર્થ અન્નની પ્રાપ્તિ થાય છે. ખરેખર, હું કહું છું કે, એ અન્ન એના મૃત્યુનું કારણ થાય છે, (કારણ કે) એ કોઈ સજ્જન અથવા મિત્રનું (એ અન્નથી) ભરણપોષણ નથી કરતો; (માટે) એકલો જ પોતાના અન્નનું ભક્ષણ કરવાવાળો (એ અજ્ઞાની મનુષ્ય) એકલો જ આપત્તિઓને પણ સહન કરે છે.

બ્રહ્મનાભ)ચક્રને[26] જે અનુસરતો નથી તેનું જીવન વ્યર્થ છે, પરન્તુ જે આત્મામાં જ પ્રીતિવાળો છે, આત્મામાં જ તૃપ્ત છે અને આત્માથી જ સંતુષ્ટ છે, તેને (સ્વાર્થે) કંઈ કરવાનું હોતું નથી. છતાં જેમ આસક્ત માણસો કર્મ કરે છે એવી રીતે અનાસક્ત માણસે (યજ્ઞાર્થે) કર્મ કરવાં. જનક વગેરે (જીવન્મુક્તો) કર્મથી જ સિદ્ધિ પામ્યા હતા. માટે તારે પણ લોકસંગ્રહ માટે (જગતના ભલા માટે) કાર્ય કરવાં. મન્દ મનુષ્યોને કર્મ-નિષ્ઠાથી ભ્રષ્ટ ન કરવાં. તું પણ અનાસક્તપણે, મને બધાં કર્મો(નું ફળ) સમર્પી દઈને, નિર્મમ થઈને, સંતાપ વિના યુદ્ધ કર. શ્રેષ્ઠ જણાતા (કર્મત્યાગ જેવા) પરધર્મ કરતાં ગુણ વિનાનો (હોય એવો દેખાતો દસ્યુનિગ્રહનો) સ્વધર્મ (ઘોર કર્મવાળો હોવા છતાં) વધુ સારો છે. સ્વધર્મપાલન કરતાં મોતને ભેટવું કલ્યાણકારી છે. પરધર્મ (અને તેની લાલચ) તો ભયંકર છે'. (૬-૨૫-૩ થી ૩૫; ગીતા. ૩-૩ થી ૩૫)

એટલે અર્જુને પ્રશ્ન કર્યો: 'વાર્ષ્ણેય! માણસ કોની પ્રેરણાથી પાપ કરે છે?'

શ્રી ભગવાન બોલ્યા: 'ભરતર્ષભ! રજોગુણથી પ્રેરાયેલો આ કામ. એ જ (બીજા રૂપે) ક્રોધ છે. એને જ શત્રુ સમજ. (દુર્યોધનાદિને નહિ). તું પહેલાં તો સંયમી બન. આ કામક્રોધનો ત્યાગ કર. ઇન્દ્રિયો (દેહની અપેક્ષાએ) શ્રેષ્ઠ અર્થાત્ સૂક્ષ્મ છે. મન ઇન્દ્રિયોથી, બુદ્ધિ મનથી અને પરમાત્મા બુદ્ધિથી પણ શ્રેષ્ઠ છે. આમ (સૂક્ષ્મતર કે શ્રેષ્ઠતર) બુદ્ધિથી (શ્રેષ્ઠતમ) પરમાત્માને ઓળખીને અને બુદ્ધિથી મનને સ્થિર કરીને મહાબાહો! કામરૂપી દુર્જય શત્રુને (ઉત્સાહથી) હણ. (અને આસક્તિના સકંજામાંથી બચી જા.') (૬-૩૭ થી ૪૩).

વળી આગળ ચાલતાં શ્રીકૃષ્ણે કહ્યું: '(હું આ કંઈ નવી વાત નથી કહેતો) અગાઉ આ અવિનાશી યોગ મેં વિવસ્વાનને કહેલો, તેને મનુને અને મનુએ ઇક્ષ્વાકુને. પરંતુ દીર્ઘ કાળે કરીને તેનો નાશ થયો. (તેના જ્ઞાતાઓ લુપ્ત થયા). એ જ પુરાતન યોગ આજે મેં તને કહ્યો, કેમ કે તું મારો ભક્ત અને સખા છે. આ અત્યંત માર્મિક વાત છે.' (૬-૨૬-૧ થી ૩, ગીતા ૪-૧ થી ૩.).

---

૨૬ (૧) સર૰ પોતાના માટે કંઈ જ નહિ ઇચ્છતા અને કશું જ કાર્ય નહિ કરતા, પરન્તુ જગતનાં ભૂતમાત્ર માટે કાર્ય કરતા જનકને ઉદ્દેશીને મૂર્તિમંત ધર્મે કહેલાં વચન:

त्वमस्य ब्रह्मनाभस्य बुद्धयारस्यानिवर्तिनः ।
सत्त्वनेमिनिरुद्धस्य चक्रस्यैकः प्रवर्तकः ॥ ૧૪-૩૨-૨૫.

'આ જે બ્રહ્મનાભરૂપ તેમ જ બુદ્ધિરૂપી આરાવાળા, કદી પાછું નહિ ફરનારા—આત્યંતિક ગતિ-વાળા, અને સત્ત્વગુણરૂપી નેમિ (પરિધથી) ચાલતા એવા (ધર્મ)ચક્રનો તું એક પ્રવર્તક (મુખ્ય અનુષ્ઠાતા) છે.' વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, (ઉ. જ. સાંડેસરા), પૃ. ૨૨૪, ૨૨૫.

(૨) સર૰ ગાંધીજી વિશે લોકપ્રિય અમેરિકન લેખક ડેલ કાર્નેગીએ કરેલો ઉલ્લેખ:

Millions regarded Mahatma Gandhi as a saint. Others believed that he was the reincarnation of a Hindu God. In a world filled with sordid greed and selfishness, this man sought nothing for himself, but was willing to die in order that others could live.

'Little-known Facts about Well-known People', p. 56.

અર્જુનને અચંબો થયો. એમણે પૂછ્યું : 'આપ પછી જન્મ્યા: વિવસ્વાન પહેલાં. આ કેમ બને ?' ( ૬-૨૪-૪; ગીતા ૪-૪).

શ્રી ભગવાને ઉત્તર આપ્યો : 'પરંતપ અર્જુન ! તારા અને મારા અનેક જન્મો થયા છે તેને હું જાણું છું. તું નથી જાણતો. હું અજન્મા, અવિનાશી અને સર્વ ભૂતોનો નિયામક હોવા છતાં મારી માયાથી જન્મું છું. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અને અધર્મ જોર પકડે છે, ત્યારે ત્યારે હું અવતરું છું. **સજ્જનોના રક્ષણ, દુષ્ટોના નાશ અને ધર્મસ્થાપન માટે હું યુગે યુગે જન્મ ધારણ કરું છું.**[૨૭] મનુષ્યો મારા માર્ગને અનુસરે છે, અર્થાત્ મારા કાબૂમાં છે. મારા દિવ્ય જન્મ અને કર્મના આ રહસ્યને જે બરાબર–તત્ત્વતઃ જાણે છે, તે દેહત્યાગ કર્યા પછી પુનર્જન્મને નહિ પણ મને પામે છે. કર્મોની ગતિ ગહન છે. તેને યથાયોગ્ય સમજીને કર્મ કર. સર્વ સમારમ્ભ ફ્લેચ્છા અને આસક્તિ છોડીને કરવા. આવી રીતે કાર્ય કરનાર,

---

૨૭ (૧) यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ૬-૨૬-૭ = ફે. ૩-૧૮૭-૨૬.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
**धर्मसंस्थापनार्थाय** संभवामि युगे युगे ॥ ૬-૨૬-૮.

સર૦ ૩-૬૮૭-૨૬; ૬-૬૧-૬૩; ૬૮; ૭-૧૫૬-૨૮; ૧૪-૫૩-૧૩.

( ૨ ) સર૦ હિન્દુસ્તાનમાં આવ્યા અગાઉ આત્મિક માર્ગદર્શન માટે રોમાં રોલાંને મળવા ગયેલાં મીસ મૅડેલીન સ્લેડ (મીરાંબેન) સાથે વાતચીત દરમિયાન ગાંધીજીનો ઉલ્લેખ કરતાં રોમાં રોલાંએ કહ્યું હતું :

"He is another Christ."

"The Spirits' Pilgrimage," by Miraben, I ed., 1960, p. 58.

( ૩ ) સર૦ 'ઈશ્વરની દુષ્ટદમન વિભૂતિ' ઉપર ભાર મૂકી બહાદુર ખાલસા પંથનું નિર્માણ કરનાર ગુરુ ગોવિન્દસિંહનાં વચન :

"I came into the world charged with the duty to uphold the right in every place, to destroy sin and evil. O ye holy men, know it well in your hearts that the only reason I took birth was to see that righteousness may flourish : the good may live and tyrants be torn out by their roots." [ 'Bachitar Natak,' ( Autobiography of Guru Govind Singh ) ]. 'Homage to Guru Govind Singh,' p. 21, by Khushwant Singh and Suneet Vir Singh, 1966.

જુઓ લેખને અંતે પરિશિષ્ટ ૨.

( ૪ ) જુઓ 'યુગચક્રપ્રવર્તક **શ્રીકૃષ્ણ**' (ભો. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' સં. ૨૦૨૪ના અક્ષયતૃતીયા અંકમાં નોંધ ૨૮, પૃ. ૩૧૩ તથા તુલસીદાસકૃત "વૈરાગ્ય-સંદીપની"ના સંદર્ભ.

કાર્ય કરવા છતાં કંઈ જ કરતો નથી, યજ્ઞાર્થે (અનાસક્તપણે સર્વના હિતાર્થે) કાર્ય કરનારનાં સૌ કર્મો (થી થતા બંધ) નાશ પામે છે. યજ્ઞો અનેક જાતના છે. તેમાંય (વસ્તુઓથી થતા) દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ (ભૂતમાત્રને પોતામાં અને પોતા સહિત ભૂતમાત્રને પરમાત્મામાં જોઈ શકવાનું તત્ત્વજ્ઞાન, તથા તે પછી થતો યજ્ઞ) વધુ સારો છે. આ યજ્ઞરહસ્ય તત્ત્વદર્શી જ્ઞાનીઓ પાસેથી તેમને પ્રણામ, પરિપ્રશ્ન અને સેવા કરીને જાણવું (જાણવાનો પ્રબળ પુરુષાર્થ કરવો). અધમાધમ મનુષ્ય પણ આ જ્ઞાનનૌકાથી (મૃત્યુરૂપી સાગરને) તરી જાય છે. શ્રદ્ધાળુને જ્ઞાન મળે. જ્ઞાન પ્રાપ્ત કરવા તત્પર સંયમી જ્ઞાન પ્રાપ્ત કરીને (દેખીતી ભયાનક પરિસ્થિતિમાં પણ) પરમ શાન્તિને પામે છે, જ્યારે અજ્ઞાની, અશ્રદ્ધાળુ અને સંશયાત્મા નાશ પામે છે. એને આ લોક કે પરલોક નથી. એને (ક્યાંય) સુખ નથી. (સમત્વ)યોગથી કર્મ(ફળ)નો ત્યાગ કરનાર અને (સર્વત્ર આત્મદર્શનના) જ્ઞાન વડે સંશયને છેદનાર આત્મદર્શીને કર્મો બાંધતાં નથી. માટે ભારત! હૃદયમાં રહેલા અજ્ઞાનમૂલક (મમતા અને અહંકારભરેલી આસક્તિમાંથી જન્મેલા) સંશયને જ્ઞાનરૂપી તલવારથી છેદીને (સમત્વ)યોગ આચર અને ઊભો થા.' (૬-૨૬-૫ થી ૪૨; ગીતા-૪-૫ થી ૪૨)

અર્જુનને સમજ ન પડી એમણે ફરી પૂછ્યું : 'કૃષ્ણ! તમે તો કર્મોનો ત્યાગ કરવાનું અને વળી પાછું કર્મનો યોગ કરવાનું કહો છો! તેથી એમાં જે શ્રેયસ્કર હોય તેનો બરાબર નિર્ણય કરીને મને કહો ('જેથી હું ગૂંચાઉં નહિ').[૨૮] (૬-૨૭-૧; ગીતા—૫-૧)

શ્રીકૃષ્ણે સમજાવ્યું : 'કર્મસંન્યાસ અને કર્મયોગ બન્ને શ્રેયસ્કર—કલ્યાણકારી, પરન્તુ કર્મયોગ ચડિયાતો. ખરેખર તો બન્ને સરખું ફળ આપે છે. એટલે એકરૂપ છે. કર્મયોગ વિના કર્મત્યાગ (જ્ઞાનયોગ) મેળવવો કષ્ટસાધ્ય છે, જ્યારે કર્મયોગી (મુકાબલે) અલ્પ સમયમાં બ્રહ્મને પામે છે. સંયમી, નિર્મળ ચિત્તવાળો, ભૂતમાત્રને પોતાના સમાન ગણનાર સમદર્શી મનુષ્ય કાર્યો કરવા છતાંય લેપાતો નથી. ફલેચ્છા છોડીને બ્રહ્માર્પણ કરનાર યોગી તો જેમ જળમાં કમળ ભીંજાતું નથી એમ પાપથી ભીંજાતો નથી. આવો યોગી નૈષ્ઠિકી શાન્તિ (પરમ શાન્તિ, પરમ સુખ)ને પામે છે. જ્યારે અયોગી (= વિક્ષિપ્ત ચિત્તવાળો, વીંખાઈ ગયેલ બુદ્ધિવાળો, જુઓ ગીતા ૨-૫૩) ફળમાં આસક્તિ રાખવાને કારણે બંધાય છે. સમદર્શી પંડિતો વિદ્યાવિનયસંપન્ન બ્રાહ્મણ, ગાય,

---

૨૮ (૧) સર૦ શુકદેવનો પિતા વ્યાસને પ્રશ્ન :

यदिदं वेदवचनं कुरु कर्म त्यजेति च ।
कां दिशं विद्यया यान्ति कां च गच्छन्ति कर्मणा ॥ ૧૨-૨૩૩-૧.

'આવું વેદવચન છે કે તું કર્મ કર અને કર્મનો ત્યાગ કર.' તો જ્ઞાનથી, કયી ગતિ પ્રાપ્ત થાય છે અને કર્મથી કયી ગતિમાં જવાય છે?' (વિસ્તૃત વિવેચન માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા) બીજી આવૃત્તિ, પૃ. ૩૮ થી ૫૧ અને પૃ. ૨૨૨ થી.)

અહીં નિર્દેશ કરેલ 'વેદવચન' તે ઈશોપનિષદ્‌ના પહેલા બે મંત્ર.

(૨) સર૦ 'કર્મનિશ્ચયજ્ઞ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠ પ્રદીપ', ફેબ્રુઆરી, ૧૯૬૯માં, પ-૨૯-૫ થી ૭ના સંદર્ભ.

હાથી, કૂતરો અને કૂતરાને પણ રાંધી ખાનાર (સામાજિક રીતે છેલ્લી કક્ષાનો માણસ, ચાંડાલ)માં સમદૃષ્ટિ રાખે છે. જેનું મન આવું સમદર્શી હોય છે તેમણે આ સંસારને જીતી લીધો છે, કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. એટલે આ સમદર્શીઓ પણ બ્રહ્મમાં જ સ્થિર થયા છે. (સંપૂર્ણ સમદર્શીનું અને બ્રહ્મનું વર્ણન સમાન છે. આ આદર્શ, જીવતો મનુષ્ય આ આદર્શ સમીપ રાખીને નમ્રપણે વર્તે.) જે સ્પર્શજન્ય ભોગો છે (સર૦ मात्रास्पर्शाः । ગીતા. ૨-૧૪) તે દુઃખનું મૂળ છે. કૌન્તેય! ડાહ્યો માણસ એમાં રુચિ રાખતો નથી (મૂર્ખ રાચે છે.) દેહ પડે તે પહેલાં જે કામ-ક્રોધના આવેગને સહન કરવા શક્તિશાળી બને છે તે મનુષ્યે સમત્વ સિદ્ધ કર્યું છે, અને તે સુખી છે. જેના અન્તરમાં આનન્દ છે, જેના અન્તરમાં શાન્તિ છે (બધી ક્રીડાઓ જેના અન્તરમાં છે. ગીતા, શ્રીકૃષ્ણનું દિવ્ય ગાન જેના અન્તરમાં ગવાયા કરે છે), જેના અન્તરમાં (જ્ઞાનસ્વરૂપ અન્તર્યામીનો) પ્રકાશ છે, તે બ્રહ્મરૂપ થયેલો યોગી બ્રહ્મનિર્વાણને પામે છે. નિષ્પાપ, નિઃશંક, મનના વિજેતા સર્વ ભૂતોના હિતમાં લાગી રહેલા, કામક્રોધ વગરના વિદિતાત્મા (આત્મવેત્તા) ઋષિઓ બ્રહ્મનિર્વાણ પામે છે. એ યતિઓને તો સર્વ સ્થિતિમાં જીવતાં કે મૃત્યુ પછી) સર્વત્ર બ્રહ્મનિર્વાણ રહેલું છે. પ્રાણાયામ કરીને ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને વશ કરીને, ઇચ્છા, ભય અને ક્રોધ મૂકીને જે મુનિ મોક્ષપરાયણ રહે છે તે તો સદા મુક્ત જ છે. આવો મુનિ (લોકસંગ્રહરૂપ) યજ્ઞ અને (લોકસંગ્રહ માટે થતા) તપના ભોક્તા, સર્વ જગતના મહેશ્વર) અને ભૂતમાત્રના સુહૃદ (સામે ચાલીને ભલું કરનાર) એવા મને જાણીને શાન્તિ પામે છે.' (૬-૨૭-૨ થી ૨૯; ગીતા ૫-૨ થી ૨૯)

અર્જુન મૂંગા રહ્યા. જાણે કે બરાબર સમજ્યા નહિ. એટલે સમજૂતીને વિશદ કરતાં શ્રીકૃષ્ણ આગળ ચાલ્યા: 'કર્મફળની ઇચ્છા વિનાનો જે મનુષ્ય (જગતને કલ્યાણકારી) આવશ્યક કર્મો (અર્થાત્ ધર્મકાર્ય કરે છે, તે જ સંન્યાસી જ્ઞાની કે સમદર્શી) છે, અને તે જ (કર્મ)યોગી છે. અગ્નિનો (=સાધનમાત્રનો. જુઓ ગાંધીજી, 'અનાસક્તિયોગ', ૬-૧ની નોંધ) અને ક્રિયા કરવાનો ત્યાગ કરનાર નહિ. જે સંન્યાસ તે જ યોગ. સંકલ્પ છોડ્યા સિવાય કોઈનાથી યોગી થવાતું નથી. માટે આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો. આત્માની અધોગતિ ન કરવી. આત્મા જ આત્માનો મિત્ર અને શત્રુ છે. સંયમીનો મિત્ર. અસંયમીનો શત્રુ. સર્વત્ર સમબુદ્ધિ રાખનારો, જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત ચિત્તવાળો, કૂટસ્થ (માન-અપમાનથી અભેદ્ય), જિતેન્દ્રિય યોગી કહેવાય છે. બધી જાતનાં મનુષ્યોમાં સમબુદ્ધિ જ શ્રેષ્ઠ છે.' વળી આગળ ચાલતાં (રાજ)યોગ આચરવાથી પણ સમબુદ્ધિ પ્રાપ્ત થાય છે. એ શીખવતાં જગદ્ગુરુ શ્રીકૃષ્ણ બોલ્યા: '(ફળની) આશા અને પરિગ્રહનો ત્યાગ કરીને પવિત્ર સ્થાને સુયોગ્ય આસન પર બેસી, ચિત્તશુદ્ધિ માટે (રાજ)યોગ આચરવો. એવા યોગીને નિર્વાણની પરમ શાન્તિ મળે છે. આહાર, વિહાર, કર્મચેષ્ટા, ઊંઘવું, જાગવું બધું સુયોગ્ય હોવું જોઈએ. ન વત્તું ન ઓછું. વાયુ વિનાના સ્થાનમાં એકધારી અચલ શિખાથી પ્રકાશતા દીવાની જેમ યોગીનું મન અચલ હોય છે. આ યોગી આત્મા જ, આત્મા વડે, આત્માને જોઈને સંતુષ્ટ થાય છે. આત્યંતિક સુખ, જે કેવળ બુદ્ધિગ્રાહ્ય અને અતીંદ્રિય છે, તે આત્યંતિક સુખમાં રહેલો આ યોગી (સત્) તત્ત્વથી ચળતો નથી. જે સુખને પામીને બીજા કોઈ પણ લાભને તેનાથી અધિક માનતો નથી. જેમાં સ્થિર થયેલો દારુણ (ભૌતિક) દુઃખો પડે તોપણ ડગતો નથી, એ દુઃખના સંયોગથી

થતા વિયોગનો (ઉત્કૃષ્ટ કર્મયોગ, રાજ)યોગ જાણવો.[૨૯] એને દઢતાપૂર્વક કંટાળ્યા વિના સાધવો. ક્રમે ક્રમે ધૃતિથી આચરતાં એ સિદ્ધ થશે. એમ મન પ્રશાંત થતાં અને રજસ્ (વિકારરૂપી રજોટી) દૂર થતાં બ્રહ્મરૂપ થયેલા યોગીને ઉત્તમ સુખ મળે છે. સર્વત્ર સમદૃષ્ટિવાળો આ યોગી પોતાને ભૂતમાત્રમાં અને પ્રાણીમાત્રને પોતામાં નીરખે છે.[૩૦] એ બધો વ્યવહાર કરવા છતાં મારામાં જ વર્તે છે. (૬-૨૮-૧ થી ૩૧; ગીતા ૬-૧ થી ૩૧)

'અર્જુન! સુખ અથવા દુઃખ પોતાની પેઠે જ સર્વત્ર (સર્વને) સરખાં થાય છે એમ જે જુએ છે (અને તેથી સર્વનું કલ્યાણ આચરે છે) તે યોગી શ્રેષ્ઠ મનાય છે.' (૬-૨૮-૩૨; ગીતા ૬-૩૨).

શ્રીકૃષ્ણે દર્શાવેલો આ યોગ અર્જુનને દુઃસાધ્ય લાગ્યો. એમણે કહ્યું: 'મધુસૂદન! તમે કહેલો યોગ તો વાયુને બાંધવા જેવો ખૂબ કઠણ છે.' (૬-૨૮-૩૩, ૩૪; ગીતા ૬-૩૩, ૩૪)

શ્રી ભગવાન બોલ્યા: 'સાચી વાત. પણ કૌન્તેય! જિતેન્દ્રિય અભ્યાસ (= નિરંતર રટણ અને આચારનો પ્રયત્ન. સંભવતઃ તેથી જ મહાભારતકાર કેટલાક વિચારોનું વારંવાર પુનરાવર્તન કરે છે), અને (ફલાસક્તિત્યાગરૂપી) વૈરાગ્યથી સાધી શકે.' (૬-૨૮-૩૫, ૩૬; ગીતા ૬-૩૫, ૩૬)

અર્જુન: 'પણ કૃષ્ણ! (જીવનનો ભરોંસો નથી એટલે) પ્રયત્ન કરતાં કરતાં સિદ્ધિ

---

૨૯ (૧) यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥ ૬-૨૮-૨૨ (ગીતા ૬-૨૨)
तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥ ૬-૨૮-૨૩ (ગીતા ૬-૨૩)

(૨) સર° નામાંકિત વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇન સુખી હતા તેનું રહસ્ય દર્શાવતું અવતરણ:

"His (i. e. Einstein's) philosophy happiness means far more to me than does his Theory of Relativity. I think it a splendid philosophy. He said he was happy because he didn't want anything from anybody. He didn't want money or titles or praise...' ('Little-known Facts About Well-known People', by Dale Carnegie, p. 3).

૩૦ सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ ૬-૨૮-૨૯ (ગીતા ૬-૨૯)
સર°
यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ ઈશ. ૬.

જે સર્વ પ્રાણીઓને નિરંતર પોતાના આત્મામાં જ જુએ છે, અને બધાં પ્રાણીઓમાં આત્માને જુએ છે, તે પછી કંટાળતો નથી. (શેનાથી કંટાળે?)

પ્રાપ્ત થયા પહેલાં મૃત્યુ પામનારની શી દશા થાય ? એ ઉભયભ્રષ્ટ થઈને નાશ તો ન પામે ? આ સંશયને સમૂળો ઉખાડી નાખો. મારા સંશયને કાપનાર તમારા સિવાય બીજો કોઈ છે જ નહિ.' ( ૬-૨૮-૩૭ થી ૩૯; ગીતા. ૬-૩૭ થી ૩૯ )

શ્રી ભગવાને સંશયનું ઉન્મૂલન કર્યું: 'પાર્થ ! શુભ કર્મ કરનારની ક્યાંય દુર્ગતિ થતી નથી જ. શુભ કાર્ય કરનારા પુણ્યશાળીના લોકને પામે છે. ત્યાંથી પવિત્ર, શ્રીમાન( પવિત્રતાની શોભાવાળા, સદ્‌ગુણની શોભાવાળા )ને ત્યાં અથવા બુદ્ધિમાન યોગીઓને ત્યાં જન્મે છે, અને પૂર્વજન્મના સંસ્કારથી આગળ પ્રયત્ન કરે છે. એમ ખંતથી પ્રયત્ન કરીને એ અનેક જન્મે પરમગતિને પામે છે. અર્જુન ! ( આસક્ત ) તપસ્વી, ( કેવળ પુસ્તક- )જ્ઞાની અને કર્મી ( કર્મકાંડી અથવા ફ્લેચ્છાવાળાં કર્મ કરનાર ) કરતાં પણ યોગી અધિક મનાય છે. માટે તું યોગી થા. સૌ યોગીઓમાં પણ જે મારામાં જ અંતરાત્મા પરોવીને શ્રદ્ધાથી મને ભજે છે, તેને હું યુક્તતમ ( સર્વશ્રેષ્ઠ યોગી ) માનું છું.' ( ૬-૨૮-૪૦ થી ૪૭; ગીતા. ૬-૪૦ થી ૪૭ )

હવે યુક્તતમ થવાનું અર્થાત્ પરમાત્માની ભક્તિનું તત્ત્વ સમજાવતાં ભગવાન બોલ્યા : '( બધી બાબતોમાં અનાસક્ત, પણ ) મારામાં મન આસક્ત રાખીને અને મારો આશ્રય લઈને યોગ સાધતાં તું ચોક્કસ અને સંપૂર્ણતયા મને કેવી રીતે જાણીશ તે હવે સાંભળ. આ અનુભવસિદ્ધ જ્ઞાન તને સંપૂર્ણપણે કહીશ. એટલે તારે આ જગતમાં કશું જ જાણવાનું બાકી રહેશે નહિ. ( ૬-૨૯-૧, ૨; ગીતા. ૭-૧, ૨ )

'જગતમાંનાં ભૌતિક તત્ત્વો મારી અપરા ( નિમ્ન ) પ્રકૃતિ છે. મારી પરા પ્રકૃતિ જીવરૂપે છે. આખું વિશ્વ એ જીવરૂપ પરા પ્રકૃતિને આધારે ટકે છે. એટલે આ સમગ્ર વિશ્વનો ઉત્પાદક અને સંહારક હું છું. મારાથી શ્રેષ્ઠ કંઈ નથી. જગત મારામાં પરોવાયેલું છે. તેથી મારે શરણે આવનારા મારી ત્રિગુણાત્મક દુરત્યય ( તરવી મુશ્કેલ ) માયાને તરી જાય છે, પણ આસુરી ભાવવાળા નરાધમ મૂર્ખો મારે શરણે આવતા નથી. મારે શરણે આવનાર ભક્ત ચાર પ્રકારના છે: આર્ત ( સ્વ-પરના દુઃખે દુઃખી ), જિજ્ઞાસુ, અર્થાર્થી ( કંઈક મેળવવાની ઇચ્છાવાળા ), અને જ્ઞાની. આ ચારેય પુણ્યશાળી છે પરંતુ ( વિજ્ઞાન અર્થાત્ આચરણ કરનાર ) જ્ઞાની ઉત્તમ છે. એ તો મારો આત્મા જ છે; એવો મારો મત છે, કારણ કે મને જ શ્રેષ્ઠ જાણીને એ સદાય મારા જ આશ્રયે રહે છે, અને મારી ભક્તિ કરતાં કરતાં ઘણા જન્મે મને પામે છે ( મારા રૂપ, ભગવદ્રૂપ બને છે. ) સર્વત્ર વાસુદેવ છે–વિશ્વવ્યાપી ભગવાન છે–એમ જાણનારો મહાત્મા તો ખૂબ દુર્લભ છે કામનાથી ભજનારા જે દેવને ભજે છે ( ઈશ્વરના ખંડરૂપ કે ખંડશક્તિને ઉપાસે છે ), તેને પામે છે, જ્યારે મને ભજનાર મને પામે છે. હું અવ્યક્ત ( ઇન્દ્રિયાતીત ) છું, પણ મૂર્ખ લોકો મને ઇન્દ્રિયગમ્ય માને છે. કારણ કે તેઓ મારા શ્રેષ્ઠ અવિનાશી અને સર્વોત્તમ સ્વરૂપને જાણતા નથી. હું યોગમાયાથી ( સર્જક અને સંહારક હોવા છતાં અલિપ્ત-અસંગ રહેવાની પરમ શક્તિથી ) ઢંકાયેલો હોઈ બધાં મને ઓળખતાં નથી. આ મૂર્ખ જગત, હું કે જે ( ખરેખર ) અજન્મા અને અવ્યય ( અખંડ ) છું તેને ઓળખતું નથી. અર્જુન ! હું થઈ ગયેલાં, થતાં અને થનાર સર્વને જાણું છું, પણ કોઈ મને જાણતું નથી. પરંતપ ! ઇચ્છા અને દ્વેષથી પેદા થયેલાં સુખદુઃખાદિ દ્વંદ્વોને કારણે પ્રાણીઓ મોહ પામે છે. જે પુણ્યશાળીઓ દ્વંદ્વોના

મોહપાશથી છૂટયા છે, તેવા અડોલ વ્રતવાળા મને ભજે છે. મારા આશરે જરા અને મરણથી છૂટવા મહેનત કરે છે તેઓ પૂર્ણ બ્રહ્મ, અધ્યાત્મ તથા કર્મમાત્રને જાણે છે. અને અધિભૂત, અધિદૈવ તથા અધિયજ્ઞ સહિત મને જાણનારા અને નિત્ય યોગીઓ (નિત્યયુક્ત, મારામાં જ આસક્ત), મૃત્યુ સમયે પણ (સ્થતપ્રજ્ઞ રહીને, ડગ્યા વિના, ડર્યા વિના) મને ઓળખે છે.' (૬-૨૯-૩ થી ૩૦, ગીતા. ૩ થી ૩૦)

અમૃતપાન કરતા જિજ્ઞાસુ અર્જુને પ્રશ્ન કર્યો: 'પુરુષોત્તમ! આ બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદૈવ અને દેહમાં રહેલ અધિયજ્ઞ કોણ અને કેવી રીતે છે? તથા મધુસૂદન! મનોજપ કરનારા, મૃત્યુ વખતે તમને કેવી રીતે જાણી શકે?' (૬-૩૦-૧, ૨; ગીતા. ૮-૧, ૨)

શ્રી ભગવાને સમજણ પાડી: 'જે ઉત્તમ અને અવિનાશી છે તે બ્રહ્મ. (આત્માના મૂળરૂપ અર્થાત્ બ્રહ્મના સત્તાભાવરૂપી) સ્વભાવ તે અધ્યાત્મ. (ચરાચર) પદાર્થોને ઉત્પન્ન કરનાર (અને તેમને પરિપુષ્ટ કરનાર તથા સંરક્ષનાર) વિસર્ગ (ત્યાગરૂપી સૃષ્ટિવ્યાપાર) તે કર્મ. (બ્રહ્મનું) નાશવંત (જણાતું) રૂપ તે અધિભૂત. જીવ (પુરુષ) તે (દેવો એટલે કે ઇન્દ્રિયોનો અધિપતિ) અધિદૈવ; અને હે દેહભૃતાં વર (દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન)! આ દેહમાં (યજ્ઞોનો અધિપતિ) અધિયજ્ઞ તે હું.[31] પુરુષ મૃત્યુ સમયે જેને સ્મરે તેને પામે. માટે **તું સર્વકાળે નિરંતર મારું જ સ્મરણ કર અને યુદ્ધ કર.** એટલે તું નિઃસંદેહ મને જ પામીશ. એકાગ્રતાથી નિરંતર ચિંતવન કરતો (અભ્યાસયોગી) પરમ દિવ્ય પુરુષને અર્થાત્ મને પામે છે.[32]

---

૩૧ વિસર્ગના ચાલક અન્તર્યામી, યજ્ઞભોક્તા, પુરુષોત્તમ અર્થાત્ શુદ્ધ આત્મા તરીકે પ્રકાશિત પરમ સત્ય.

જુઓ ૬-૨૭-૨૯ (ગીતા. ૫-૨૯); ૬-૩૭-૧૮ થી ૨૦ (ગીતા. ૧૫-૧૮ થી ૨૦).

૩૨ (૧) **तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।**
**मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ॥** ૬-૩૦-૨૭ (ગીતા ૮-૭)

**अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।**
**परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥** ૬-૩૦-૨૮ (ગીતા ૮-૮)

સર૦ ગાંધીજી પાસે બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લઈ તેને સફળ રીતે પાળીને એમની પાસે આવેલા શ્રી મહાદેવભાઈના એક મિત્રનો કિસ્સો. આ પ્રતિજ્ઞા પાળતાં એ મિત્રને 'અંતરમાં ઘનઘોર યુદ્ધ ચલાવવું પડયું છે.' એમણે હર્ષાશ્રુ વહાવતાં વહાવતાં ગાંધીજીને પ્રશ્ન કર્યો. '......અંતરનો એ સંગ્રામ ચલાવવામાં કંઈ લાભ છે ખરો?'

ગાંધીજી: 'હા, જરૂર. સંગ્રામ એ કુદરતનો નિયમ નથી? તો આત્માનો તો એ ધર્મ ઘણે વધારે અંશે છે. કુદરતમાં આધ્યાત્મિક નિયમ છે, અને આધ્યાત્મિક ક્ષેત્રમાં કુદરતી નિયમ છે. જીવન એ જ એક મહાસંગ્રામ છે, એકધારી સાધના છે. અંતરમાં હંમેશાં તોફાન ચાલતું જ હોય છે, અને વિકારો સામે લડયાં કરવું એ તો શાશ્વત ધર્મ છે. ગીતાએ ત્રણ જગાએ એ વાત કહી છે. ત્રણથી વધારે વાર પણ કહી હશે, પણ મને ત્રણ જ જગાએ કહેલી યાદ છે. સંકલ્પ હોય ત્યાં રસ્તો મળી જ રહે છે.'

('મહાદેવભાઈની ડાયરી' પુ. ત્રીજું, પરિશિષ્ટ ૩, પૃ. ૪૭૫).

ગીતામાં વિકારો સામે સંગ્રામ કરવાનો આદેશ આ સ્થળોએ છે:

જે મનુષ્ય પ્રયાણ સમયે ( ૧. આખરી પ્રયાણ અથવા મૃત્યુકાળે. ૨. સર્વ પ્રકારનાં પ્રયાણ અર્થાત્ કાર્યારંભ કરતાં ) અચલ મનથી ભક્તિપૂર્વક અને યોગબળથી ભ્રૂકુટિની વચ્ચે યથાયોગ્ય રીતે પ્રાણને સ્થાપિત કરીને, કવિ ( સર્વજ્ઞ ), પુરાણ, અનુશાસક ( અન્તર્યામી ), પરમાણુરૂપ ( સૂક્ષ્મતમ ), સર્વનું પાલન કરનારા, અચિન્ત્ય, સૂર્યના જેવા ( સદા ચૈતન્યનો પ્રકાશ કરનારા ) વર્ણના, ( અજ્ઞાનરૂપી ) અંધકારથી પર એ પરમ દિવ્ય પુરુષનું નિરંતર સ્મરણ કરે છે તે એને પામે છે. જેને વેદવેત્તાઓ ' અક્ષર ' કહે છે, જેમાં વીતરાગ મુનિઓ પ્રવેશે છે, જેની પ્રાપ્તિ માટે લોકો બ્રહ્મચર્ય પાળે છે, એ પદ સંક્ષેપમાં ૐ છે. એનું ૐનું ઉચ્ચારણ અને મારું અનુસ્મરણ—નિરંતર સ્મરણ—કરતાં કરતાં જે પ્રયાણ કરે છે તે પરમ ગતિને પામે છે. માટે સર્વકાળે બીજા કશામાં ચિત્ત રાખ્યા વિના સતત મારું જ સ્મરણ કરનારને હું સુલભ છું. ( ૬-૩૦-૩ થી ૧૪; ગીતા ૮-૩ થી ૧૪ )

બ્રહ્મલોકથી માંડીને બધા લોકો પુનરાવર્તન પામનારા—પુનર્જન્મ પામનારા છે. પરંતુ મને પામ્યા પછી પુનર્જન્મ નથી થતો. જેઓ બ્રહ્માના રાત્રિદિવસના જ્ઞાતાઓ છે ( કાળની ગતિવિધિના પૂર્ણ જાણકાર છે ), તેઓ ખરા અહોરાત્રવેત્તાઓ છે...અવ્યક્ત, જેને અક્ષર કહેવામાં આવે છે, તે જ પરમ ગતિ છે. જેને પામીને પાછા ફરવાનું નથી તે જ મારું પરમ ધામ છે. એ પરમાત્મા અનન્ય ભક્તિથી જ પ્રાપ્ય છે. ' ( ૬-૩૦-૧૫ થી ૨૨; ગીતા ૮-૧૫ થી ૨૨. )

એ પછી દેવયાન અને પિતૃયાન પથ વિશે માહિતી આપી કહ્યું :[૩૩] ' આ બન્ને માર્ગોને જાણનાર ( વીતરાગ ) યોગી મોહિત થતો નથી ( ગાફેલ રહેતો નથી ). માટે તું સદા-સર્વદા યોગયુક્ત રહેજે. આ બધું ' જાણીને યોગી વેદ-યજ્ઞ-તપ-દાનથી થતા પુણ્ય ફળોને ઓળંગીને ( બધાં પુણ્યોના સમુચ્ચયનું શ્રેય મેળવવા ઉપરાંત ) ઉત્તમ આદિસ્થાનને ( પરમાત્માને ) પામે છે. ' ( ૬-૩૦-૨૩ થી ૨૮; ગીતા. ૮-૨૩ થી ૨૮. )

---

तस्माद्युध्यस्व भारत । ૬-૨૪-૧૮; ગીતા. ૨-૧૮ तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः । ૬-૨૪-૩૭ ગીતા. ૨-૩૭ । ततो युद्धाय युज्यस्व । ૬-૨૪-૩૮: ગીતા. ૨-૩૮ । युद्धस्व विगतज्वरः । ૬-૨૫-૩૦; ગીતા. ૩-૩૦ । मामनुस्मर युध्य च । ૬-૩૦-૭; ગીતા. ૮-૭ । युध्यस्व जेतासि रणे सपत्नान् । ૬-૩૩-૩૪; ગીતા. ૧૧-૩૪ ।

( ૨ ) સ્થૂળ શત્રુઓ સામે નમ્રતાથી સંગ્રામ કરવાના અને નિશ્ચિત વિજયી થવાના આદેશ માટે જુઓ ઉપર નોંધ ૧૧.

युद्धध्वमनहंकारा यतो धर्मस्ततो जयः ॥ ૬-૨૧-૧૧.

( ૩ ) ભગવદ્‌ગીતાને જેનું ભાષ્ય માનવામાં આવી છે તે ઈશ૦ ઉ૦નો ૧૮મો મન્ત્ર જુઓ:

अग्ने नय सुपथा राये अस्मान्, विश्वानि देव वायुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो, भूयिष्ठां ते नम-उक्तिं विधेम ॥

હે અગ્રણી પ્રભુ ! સંપૂર્ણ કર્મ અને પ્રજ્ઞાને જાણનારા દેવ ! અમને ( સાચા ) સમૃદ્ધિ દેનારા સન્માર્ગે લઈ જા. વાંકા ( રસ્તે લઈ જનાર ) પાપનો તું યુદ્ધ કરી નાશ કર. અમે નમ્રતાથી તારું સ્તવન કરીએ છીએ.

( = ' ઋગ્વેદ ' ૧-૧૮૯-૧; ' યજુર્વેદ ' ૫-૩૬; ૭-૪૩; ૪૦-૧૬ ).

૩૩ દેવયાન અને પિતૃયાન માર્ગો માટે જુઓ ' ભારત-રત્ન ' (ભો. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૫૧-૫૩ ઉપર ૩-૨-૭૧ થી ૭૩નું ઉદ્‌ઘાટન.

પછી પૂજ્ય શ્રીકૃષ્ણ આગળ ચાલ્યા : ' અર્જુન ! તું અસૂયા વિનાનો છે ( ગુણમાં દોષ-દૃષ્ટિ નથી કરતો ), માટે આ અનુભવસિદ્ધ રાજવિદ્યા ( શ્રેષ્ઠ વિદ્યા ) રાજગુહ્ય ( અત્યંત ગૂઢ ), અને ઉત્તમ જ્ઞાન તને આપીશ. જેને આ જ્ઞાનમાં શ્રદ્ધા નથી તે મૃત્યુમય સંસારમાર્ગમાં ભટકયા કરે છે. આ જગત મારા અવ્યક્ત રૂપથી વ્યાપેલું છે, મારા આધારે બધાં પ્રાણી છે. હું કોઈના આધારે નથી. એમ છતાં આ ભૂતો મારામાં નથી ( એમ કહેવું હોય તો કહેવાય ), એવો મારો ઈશ્વરી યોગ જો ! હું પ્રકૃતિના આશ્રયે જગતને સર્જું છું. તેમ છતાં ઉદાસીનની જેમ અનાસક્તિથી વર્તું છું. તેથી મને આ કર્મ બાંધતાં નથી. મારા શ્રેષ્ઠ ભાવથી અજાણ્યા એવા મૂર્ખ ( જડવાદી ) લોકો પ્રાણીઓના મહેશ્વર અને મનુષ્ય શરીરનો આશ્રય કરનારા ( અન્તર્યામી એવા ) મારી અવગણના કરે છે. એ નિષ્ફળ આશા, નિષ્ફળ કર્મ અને નિષ્ફળ જ્ઞાનવાળા વિવેકહીન મનુષ્યો મોહ પમાડનારી રાક્ષસી-આસુરી પ્રકૃતિનો આશ્રય લે છે, પણ પાર્થ ! દૈવી પ્રકૃતિનો આશ્રય લેનારા મહાત્માઓ મને એકનિષ્ઠાથી ભજે છે. સદા સાવધ રહીને એકાગ્ર ચિત્તે મારું સતત કીર્તન કરે છે. નિરંતર મન મનન કરે છે, અને મારી ઉપાસના કરે છે. કેટલાક ( મહાપુરુષો ) જ્ઞાનયજ્ઞથી, અદ્વૈતરૂપે, દ્વૈતરૂપે કે અનેકરૂપે બધે વ્યાપી રહેલા મને ઉપાસે છે. હું ક્રતુ( = શુભ સંકલ્પ )થી માંડીને મૃત્યુ અને મોક્ષ સુધીનું સર્વ કાંઈ છું. ( ૬-૩૧-૧ થી ૧૯; ગીતા. ૯-૧ થી ૧૯ )

કામનિક યજ્ઞો કરનારા સ્વર્ગે જઈ પાછા આવે છે પણ ( કામનિકતા વિના ) અનન્યભાવે મારું ચિંતવન કરતા અને મને ભજતા કાયમ મારામાં ચિત્ત રાખનારા મનુષ્યોનું યોગક્ષેમ હું જ વહન કરું છું. હું જ સર્વ યજ્ઞોનો ભોક્તા અને પ્રભુ છું, એટલે જેઓ મને તત્ત્વતઃ—જેવો છું તેવો આબેહૂબ—ઓળખતા નથી તેમનું પતન થાય છે. માટે તું જે કંઈ પણ કર્મ કરે તે બધું જ મને સમર્પણ કર. એટલે શુભ-અશુભ ફળ આપનારાં કર્મબન્ધનથી છૂટીશ. કર્મફળના ત્યાગ ( સંન્યાસ ) રૂપી ( સમત્વ )યોગને પામીને તું ( જરામરણ છૂટીને ) મને જ પામીશ. અત્યંત પાપી પણ જો મને અનન્યભાવથી ભજે તો તેને સાધુ જ માનવો, કારણકે હવે તેનો સંકલ્પ સમ્યગ્ ( યથાયોગ્ય ) છે. એ તુરત જ ધર્માત્મા થાય છે. નિરંતર શાન્તિ પામે છે. કૌન્તેય ! તું બરાબર સમજી લે કે મારો ભક્ત નાશ પામતો નથી.[૩૪] પાર્થ ! પાપયોનિ મનાતાં સ્ત્રીઓ,

---

૩૪ अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥ ૬-૩૧-૩૦ ( ગીતા ૯-૩૦ )
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ૬-૩૧-૩૧ ( ગીતા ૯-૩૧ )

સર° સૂરદાસનું ભજન
मो सम कौन कुटिल खल कामी ।
जिन तनु दियो ताहि बिसरायो ऐसो निमकहरामी ॥
' આશ્રમભજનાવલિ ', ૧૮મી આવૃત્તિ, પૃ. ૮૬

મનુષ્ય ભગવાનને, અન્તર્યામીને ભૂલીને, વર્તે એ જ અત્યંત પાપીપણાનું લક્ષણ છે, પણ પરમાત્માને નિરંતર યાદ કરતાં એ પાપ ધોવાઈ જાય છે અને સદ્ય ધર્માત્મા થાય છે અને સ્વરૂપનું દર્શન થતાં સ્વસ્થ થાય છે.

વૈશ્યો કે શૂદ્રો કોઈ પણ હોય, પરન્તુ જે મારો આધાર લે છે તેઓ પરમગતિ પામે જ છે. તો પછી પવિત્ર અને ભક્ત બ્રહ્મવેત્તાઓ અને શ્રેષ્ઠ ઋષિઓનું તો કહેવું જ શું ? માટે આ અનિત્ય અને સુખ વિનાના (દુઃખપૂર્ણ) લોકને પામીને તું મને ભજ. તું મારામાં મન રાખ. મારો ભક્ત થા. મારું યજન કર (મારે નિમિત્તે યજ્ઞ અર્થાત્ લોકકલ્યાણાર્થે કર્મ કર). મને પ્રણામ કર. એમ યુક્ત થઈને (મારામાં મન જોડીને) મારા પરાયણ થઈને તું મને જ પામીશ (એમાં સહેજે સંદેહ નથી).' (૬-૩૧-૨૦ થી ૩૪; ગીતા ૯-૨૦ થી ૩૪)

એ પછી અનન્ય ભક્તને પોતે કેવી રીતે બુદ્ધિયોગ આપે છે તેનું નિદર્શન કરાવતાં વિભૂતિમાન શ્રીકૃષ્ણ બોલ્યા : 'મહાબાહો ! તું મારો પ્રિય છે. એટલે મારાં ઉત્તમ વચનને ફરી સાંભળ. દેવો મહર્ષિઓ કોઈ મારા પ્રભાવને (પૂર્ણતયા) જાણતા નથી, કારણ હું એ સૌનું બધી રીતે આદિ કારણ છું. જે મને આમ અનાદિ, અજન્મા અને લોકોના મહેશ્વર તરીકે જાણે છે તે સૌ પાપોથી છૂટે છે. તમામ સદ્-અસદ્ ભાવ મારાથી થાય છે. આવી મારી વિભૂતિ અને યોગને જાણનાર અવિચળ (સમત્વ)યોગને પામે છે એમાં શંકા નથી. એ લોકો મારામાં જ ચિત્ત પરોવીને, મારામાં જ પ્રાણ રાખીને એકબીજાને બોધ કરતાં અને દરરોજ મારું જ કીર્તન કરીને તૃપ્ત થાય છે અને આનંદ પામે છે. આમ સતત (સમતા)યુક્ત થઈને મને પ્રીતિપૂર્વક ભજનારાઓને હું જ બુદ્ધિયોગ (= જ્ઞાનયોગ) આપું છું. તેમના ઉપર દયા કરીને તેમના અંતઃકરણમાં રહેલો હું જ્ઞાનના પ્રકાશમય દીવાથી તેમના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અંધકારનો નાશ કરું છું. (૬-૩૨-૧ થી ૧૧; ગીતા. ૧૦-૧ થી ૧૧)

અર્જુન બોલ્યા : 'પુરુષોત્તમ! જગત્પતિ! જનાર્દન! આપની વાત સત્ય છે. નારદાદિ (આચાર્યો) પણ એમ જ કહે છે. તમારા સ્વરૂપને દેવ કે દાનવ કોઈ જાણતું નથી. તમારી વિભૂતિ અને યોગ મને ફરીને વિસ્તારથી કહો. તમારી અમૃત વાણીથી હું ધરાતો જ નથી !' (૬-૩૨-૧૨ થી ૧૮; ગીતા. ૧૦-૧ થી ૧૮)

ભગવાન શ્રીકૃષ્ણે પોતાની અનંત વિભૂતિઓમાંથી થોડીકનો દૃષ્ટાંત તરીકે નામનિર્દેશ કર્યો. એમાં પ્રાણીઓના આત્માથી માંડીને જ્ઞાનીઓનાં જ્ઞાન, અને (પ્રતાપી) વૃષ્ણિવંશમાં (પાર્થસારથિ, ગીતાના ઉદ્‌ગાતા) વાસુદેવ, દૈવી સંપત્તિના પ્રતિનિધિ પાંડવોમાં ગીતાના શ્રોતા) ધનંજય અર્જુન, અને (ગીતાના દ્રષ્ટા) મુનિ વ્યાસ સહિતની પોતાની વિભૂતિઓ વર્ણવી[૩૫] અને સમારોપ કર્યો : 'અર્જુન ! સર્વ પ્રાણીઓનું બીજ હું છું. મારા વિનાની સ્થાવરજંગમ

---

૩૫ ગીતાના ગાનાર શ્રીકૃષ્ણ એ સ્વયં ભગવાન છે. ક્ષેત્રજ્ઞ, ત્રિગુણાતીત, અનાસક્ત, નિર્લેપ, સર્વશક્તિમાન છે. એટલે વૃષ્ણિવંશના મહાપુરુષ શ્રીકૃષ્ણ એમની વિભૂતિ છે. ગીતાના શ્રોતા અર્જુન એ નારાયણના અંશરૂપી સ્વયં નર છે, તેથી પરમાત્માની વિભૂતિ છે. એ 'ધનંજય' છે. ઈશ.ના ૧૮મા મન્ત્રમાં વર્ણવેલ अग्ने नय सुपथा राये अस्मान्। 'राये' અર્થાત્ સમૃદ્ધિભર્યા સન્માર્ગે જનાર છે. એના સારથિ (अग्निः कस्मात्। अग्रणीर्भवति। અગ્રણી. 'निरुक्त' ૭-૪), નારાયણ છે. એટલે સમૃદ્ધિનો જય કરે છે અને ગીતાના દ્રષ્ટા મુનિ વ્યાસ, (આવડું મોટું મહાભારત બોલીને શીખવાડનાર, અસંખ્ય પ્રવચન આપ્યા છતાં પણ મૌન પાળનાર, બહુ બોલીને પણ કશું નહિ બોલનાર, કર્મમાં પણ અકર્મ આચરનાર) પણ એ પરમાત્માની વિભૂતિ છે. જેમણે એ પરમાત્મા શ્રીકૃષ્ણનું કરણ બનીને સહસ્ર દિવાકરનું તેજ ધરાવતા ગીતા-જ્ઞાનસૂર્ય આડેનું અજ્ઞાનરૂપી વાદળોનું આવરણ જગત્‌હિતાર્થે હટાવ્યું.

કોઈ પણ વસ્તુ નથી. પરંતપ! મારી દિવ્ય વિભૂતિઓ અનંત છે આ તો થોડાંક દૃષ્ટાંત કહ્યાં. જે કંઈ વિભૂતિમાન (વૈભવશાળી), શ્રીમાન (શોભા અને કાન્તિવાળું), અને ઊર્જિત (પ્રભાવશાળી) છે તે તે સર્વ મારા તેજના અંશથી થયું છે એમ સમજ. અર્જુન! આ વિગત ખૂબ જાણીને તું શું કરીશ? (સંક્ષેપમાં) આ આખા જગતને હું મારા એક જ અંશથી વીંટીને, વ્યાપીને રહેલો છું.' (૬-૩૨-૧૯ થી ૪૨; ગીતા ૧૦-૧૯ થી ૪૨)

ભગવાને અનુગ્રહ કરીને આ આધ્યાત્મિક પરમ રહસ્ય કહ્યું, તેથી અર્જુનનો (એક પ્રકારનો) મોહ ટળ્યો અને એમના હૃદયમાં પુરુષોત્તમ સર્વાન્તર્યામી પરમેશ્વરના ઈશ્વરી રૂપનું દર્શન કરવાની આકાંક્ષા થઈ. એમણે વિનંતી કરી: 'પ્રભુ! તમારા એ ઈશ્વરી રૂપનું હું દર્શન કરી શકું એમ માનતા હો તો યોગેશ્વર! આપના અવ્યય આત્મરૂપનું દર્શન આપો. (૬-૩૩-૧ થી ૪; ગીતા. ૧૧-૧ થી ૪)

ભગવાને ભક્તની યોગ્યતા અને અભીપ્સા નિહાળી. દર્શન આપવા વિચાર્યું. બોલ્યા: 'પાર્થ! મારાં અનેક પ્રકારનાં, અનેક રંગ તથા આકૃતિવાળાં, સેંકડો અને હજારો (=અસંખ્ય) દિવ્ય રૂપ જો.[૩૬] તારાં આ ચર્મચક્ષુથી તું મને (મારા આ ઈશ્વરી રૂપને, નિયન્તા રૂપને) નહિ જોઈ શકે. હું તને દિવ્યચક્ષુ આપું છું, તો મારી ઈશ્વરી શક્તિને જો.'[૩૭] (૬-૩૩-૫ થી ૮; ગીતા. ૧૧-૫ થી ૮)

(સંજયઃ) 'એમ કહીને મહાયોગેશ્વર હરિ શ્રીકૃષ્ણે અસંખ્ય સૂર્યનું તેજ એક સામટું પ્રકાશી ઊઠે તો કદાચ જેમના તેજ જેવું થાય, એવું સમગ્ર વિશ્વને સમાવી લેતું, તમામ આશ્ચર્યોથી ભરપૂર પોતાનું વિશ્વરૂપ દેખાડયું'.[૩૮] (૬-૩૩-૯ થી ૧૩; ગીતા. ૧૧-૯ થી ૧૩) એટલે

---

પવિત્ર શ્રીકૃષ્ણ, ગીતાગાયક પાર્થસારથિની વિભૂતિ છે, એટલે મહાયુદ્ધ પૂરું થયા પછી જ્યારે અર્જુને એમને વિનંતી કરી કે, 'આપે સંગ્રામ વખતે આપેલું જ્ઞાન હું ભૂલી ગયો છું, તો મને ફરીથી કહોને.' ત્યારે એમણે જવાબ આપ્યો: 'તે સમયે મેં (પરમાત્મ)યોગયુક્ત થઈને પરમ બ્રહ્મનું જ્ઞાન કહ્યું હતું, હવે તો તને એને લગતો પુરાતન ઇતિહાસ જ કહીશ.

परं हि ब्रह्म कथितं योगयुक्तेन तन्मया ।
इतिहासं तु वक्ष्यामि तस्मिन्नर्थे पुरातनम् ॥ ૧૪-૧૬-૧૨.

૩૬ એમાં શ્રીકૃષ્ણને 'યોગેશ્વર' અર્થાત્ લશ્કરી વ્યૂહરચનાના નિષ્ણાત કહ્યા છે. અહીં 'અન્તર્યુદ્ધની વ્યૂહરચનાના નિષ્ણાત' એવો અર્થ છે. જુઓ ખંડ ૩, પ્રકરણ ૭, 'નેતા શ્રીકૃષ્ણ', નોંધ ૧૧.

૩૭ જુઓ ઉપર સંજયનાં દિવ્યચક્ષુ અંગેની નોંધ ૨.

૩૮ (૧) વિવિધ 'વિશ્વરૂપદર્શન' માટે જુઓ, પ્રકરણ ૫, 'ધર્મગોપ્તા'માં ઉપયુક્ત સંદર્ભો.

(૨) સર° ધૃતરાષ્ટ્રનાં વચન:

यदाश्रौषं कश्मलेनाभिपन्ने रथोपस्थे सीदमानेऽर्जुने वै ।
कृष्णं लोकान्दर्शयानं शरीरे तदा नाशंसे विजयाय संजय ॥ ૧-૧-૧૨૪.

'જ્યારે મેં સાંભળ્યું કે મોહવશ થઈને અર્જુન વિષાદ કરતો રથમાં બેઠો હતો તેને શ્રીકૃષ્ણે પોતાના શરીરમાં સર્વ લોકો દેખાડયા હતા, ત્યારે સંજય! મને વિજયની આશા ન રહી.'

આશ્ચર્યચકિત થયેલા અર્જુને, એ તેજઃપુંજ, આદિ મધ્ય અને અન્તરહિત, અપાર શક્તિશાળી, ત્રણે લોકને ધ્રુજાવતા, સર્વવ્યાપી, સર્વથી સ્તવાતા, બધા (યુદ્ધેચ્છુ) રાજાઓ તથા યોદ્ધાઓને ભચડ ભચડ ચાવી જતા ધગધગતા મુખવાળા એ દેવાધિદેવનું સ્તવન કર્યું, અને અત્યંત નમ્રતાથી પૂછ્યું: 'હે વિષ્ણુ! તમારા ઉગ્રપ્રકાશ સમગ્ર જગતને તેજો વડે ભરી દઈને અત્યંત તપાવે છે. આવા ઉગ્ર રૂપવાળા આપ કોણ છો? તે મને કહેશો? તમને નમુ છું. દેવશ્રેષ્ઠ! પ્રસન્ન થાઓ. (સ્થાવરજંગમ સર્વના) આદિકારણ આપને હું જાણવા ઇચ્છું છું. હું તમારી પ્રવૃત્તિને જાણતો નથી.'[૩૯] (૬-૩૩-૧૪, ૧૫ થી ૩૧; ગીતા. ૧૧-૧૪, ૧૫ થી ૩૧)

ભગવાન બોલ્યા: 'જગતનો સંહાર કરવા ખૂબ વૃદ્ધિ પામેલો હું કાળ છું. તું નહિ લડે તોપણ આ બધામાંથી કોઈ રહેવાનું નથી. માટે ઊભો થા. **યશ મેળવ.** શત્રુઓને જીતીને સમૃદ્ધ

---

૩૯ (૧) तेजोभिरापूर्य जगत्समग्रं भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ॥
૬-૩૩-૩૦ ગદ્ય (ગીતા ૧૧-૩૦ ગદ્ય)

आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥
૬-૩૩-૩૧ (ગીતા. ૧૧-૩૧)

સર૦ **ધર્મસંસ્થાપન (અસ્પૃશ્યતાનિવારણ) માટે** ગાંધીજીએ ૮-૫-'૩૩ થી ૨૯-૫-'૩૩ સુધી ઉપવાસ કર્યા, તેમાંનો એક પ્રસંગ.

ગાંધીજીએ મહાદેવભાઈને સૂચના કરી: "આ ઉપવાસ કેવળ ધર્મને માટે છે, એ વસ્તુ મને તો ક્ષણે ક્ષણે વધારે પ્રતીત થતી જાય છે, જગતને પણ થશે...તમે સમજાવી શકશો...અને તમે મને છોડીને આશ્રમમાં જશો એ પણ લોકોને માટે પાઠ થઈ પડશે કે આ ઉપવાસ ધર્મને માટે છે."

પછી ગાંધીજીની સૂચના અંગે હૃદયસ્પર્શી વિવરણ કરતાં મહાદેવભાઈ લખે છે: '...ગાંધીજી મારે માટે ગેરસપ્પા છે, પણ ગેરસપ્પાનો ધોધ કોણ ઝીલી શક્યું છે કે હું ઝીલી શકું? નળનું કે ઝરણાનું પાણી માંડ ઝીલી શકાય, પણ ગેરસપ્પાની નીચે તો ભૂકેભૂકા થઈને ધોવાઈ જઈએ. આજે ગાંધીજી જાણે પોકારીને કહી રહ્યા છે: 'ઝીલો અથવા તો ચૂરેચૂરા થઈને ધોવાઈ જાઓ.' એ બેમાંથી એક કરવાની ઈશ્વર મને શક્તિ આપો, દેશને શક્તિ આપો. મને લાગે છે કે બિચારા દેશની પણ મારા જ જેવી સ્થિતિ છે. રોજ સવારે ગીતાપાઠ કરું એમાં શાંતિ, બળ, સમાધાન, જ્ઞાનના તો ઢગલા ભરેલા છે, પણ પાઠ કર્યા પછી ભણકારા વાગે, વાગે ને આ જ વાગે છે...'

અને પછી ગીતા અ. ૧૧નો ઉપર ટાંકેલ દોઢ શ્લોક શ્રી. મહાદેવભાઈએ ('મહાદેવભાઈની ડાયરી' પુ. ત્રીજું, પરિશિષ્ટ ૩, પૃ. ૪૩૮-૩૯.)

ગાંધીજી જેવા મહાપુરુષની ખૂબ નજીક રહીને એમની પ્રભાથી અંજાઈને એમના ભક્ત અને પુત્રથી યે અધિક મહાદેવભાઈ જેવા આવી અતિશયોક્તિ કરે તેમાં કંઈ નવાઈ નહિ, એવું ઘણાને લાગે. એ સાથે પરમાત્મા એનું દિવ્યરૂપ ગમે ત્યાં, ગમે તેને ગમે ત્યારે બતાવી શકે છે, એવું અનુભવ અને શ્રદ્ધાથી જોનારને આમાં અતિશયોક્તિ નહિ જણાય, પરંતુ વિરલ સદ્ભાગીઓમાંના એક મહાદેવભાઈને પરમાત્માનું વિભુતિદર્શન થયું એમ દેખાશે અને તે પણ ચકિત થઈને અર્જુન અથવા મહાદેવભાઈની જેમ શ્રીકૃષ્ણને આવો જ પ્રશ્ન પૂછશે.

(સ્વ-)રાજ્ય ભોગવ.[40] આમને તો મેં પહેલેથી જ હણેલા છે. તારે તો સવ્યસાચિન્ ! કેવળ નિમિત્ત થવાનું છે. તું વ્યથા ન પામ. **युध्यस्व,** તું લડ. સંગ્રામમાં તું શત્રુઓને જીતવાનો છે.' (૬-૩૩-૩૨ થી ૩૪; ગીતા. ૧૧-૩૨ થી ૩૪)

ભગવાનનાં વચન સાંભળી (થોડું ધૈર્ય મળ્યું, છતાં) અર્જુને ડરતાં, ડરતાં, થર થર કંપતાં, ગદ્‌ગદ્ કંઠે, વારંવાર પ્રણામ કરીને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી : 'તમે જ સર્વ કંઈ છો. તમે જ સર્વના આદિ છો. તમે જ જગતમાં સર્વવ્યાપી છો. તમારું કીર્તન કરીને જગત હર્ષ પામે છે અને રાજી થાય છે. ભયભીત રાક્ષસો બીને નાસી જાય છે. સૌ સિદ્ધસંઘો તમને નમે છે. તમને સર્વ બાજુએથી મારા પ્રણામ છે. તમારા મહિમાને હું જાણતો નહોતો એટલે સખા જાણીને અનુચિત બોલ્યો હોઉં તોપણ ક્ષમા કરજો. તમે તો જગત્પિતા, પૂજ્ય, ગુરુઓના ગુરુ (જગદ્‌ગુરુ), સત્-અસત્‌થી પર, જગન્નિવાસ છો. ત્રણે લોકમાં તમારા સમાન કોઈ નથી તો વિશેષ તો હોય જ ક્યાંથી ? પહેલાં કદી પણ નહિ જોયેલું, એવું તમારું રૂપ જોઈને મને રોમાંચ થયો છે. હું ભયથી વ્યગ્ર થઈ ગયો છું. માટે જગન્નિવાસ ! દેવેશ ! પ્રસન્ન થાઓ, અને સહસ્ર બાહો ! વિશ્વમૂર્તે ! મુકુટ-ગદા-ચક્રધારી એવું તમારું ચતુર્ભુજ રૂપ ધારણ કરો.'[41] (૬-૩૩-૩૫ થી ૪૬; ગીતા. ૧૧-૩૫ થી ૪૬)

---

ઉપર ટાંકેલ અવતરણ અને તેના ઉપર આ લેખકે કરેલ વિવરણથી એમ હરગીઝ માનવાનું નથી કે એક **મો. ક. ગાંધી** નામના મર્ત્યધર્મા મનુષ્ય 'પ્રભુનો અવતાર' હતા, પરંતુ પ્રભુના ઈશ્વરી યોગથી મહાદેવ દેસાઈ નામના ઋજુ હૃદયના આત્માર્થીને 'એ અનેરા અગ્નિહોત્ર'માં હોમાઈને જાતે સળગીને, જગતના દિવાકર બનતા, પરમાત્માનું કરણ બનેલા, સંનતિથી વિશુદ્ધ આત્માની મારફતે ભગવાને આપેલું દર્શન છે.

(૨) ઈશ્વરનો અવતાર ક્યાં થાય છે, ઈશ્વર ક્યાં પ્રકટે છે. તે માટે જુઓ 'યુગચક્ર-પ્રવર્તક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', ૨૦૨૪, અક્ષયતૃતીયા અંકમાં નોંધ ૨૮, પૃ. ૩૧૩.

૪૦ (૧) कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥
૬-૩૩-૩૨ (ગીતા ૧૧-૩૨)

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ॥
૬-૩૩-૩૩ કખ

૬-૩૩-૩૨ સાથે સર૦ 'અથર્વવેદ', કાણ્ડ ૧૯નાં 'કાલ' ઉપરનાં સૂક્ત ૫૩, ૫૪. 'કાલવાદ' માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પ્રકરણ ૧૦, 'કાળ', પૃ. ૩૫૭-૭૨.

(૨) જુઓ 'સહાયક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' સં- ૨૦૨૪, વસંત-પંચમી અંક, પૃ. ૧૪૫-૪૬માં 'યશના અર્થી' અર્જુને કીર્તિમાન એવા નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણને સારથિ પસંદ કરી માગી લીધા તે.

૪૧ સર૦ 'આત્માનું દ્વિભુજ રૂપ એટલે અર્થ અને કામ એવા બે પુરુષાર્થ આપનારું રૂપ સૌ કોઈ જોઈ શકે છે, પરંતુ અર્જુન તો સર્વદા ચતુર્ભુજ સ્વરૂપ એટલે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ આપનાર રૂપે—શ્રીકૃષ્ણ પરમાત્માને જોઈ શકે છે એ અહીં રહસ્ય છે.'—શ્રી નથુરામ શર્મા. ('શાંકરભાષ્યોપેતા શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' ૧૧-૪૬, પૃ. ૬૫૯)

શ્રી ભગવાન બોલ્યા : 'આ તેજસ્વી, આદિ, અનંત, પરમ વિશ્વરૂપ વેદ, યજ્ઞ, અધ્યયન, દાન, ક્રિયાકાંડ કે ઉગ્ર તપસ્યાથી જોઈ શકાતું નથી. તે મેં તને આત્મયોગથી (મારા સામર્થ્યથી) બતાવ્યું છે. તારા વિના બીજા કોઈએ જોયું પણ નથી. આ વિકરાળ રૂપ જોઈને મુંઝાઈશ નહિ. ડર છોડ. મન પ્રશાન્ત રાખ અને મારા (ચતુર્ભુજ એવા) માનુષી રૂપને ફરીથી જો.' (૬-૩૩-૪૭ થી ૪૯; ગીતા ૧૧-૪૭ થી ૪૯)

એમ કહીને શ્રીકૃષ્ણે પોતાનું સૌમ્ય રૂપ ધારણ કરીને અર્જુનને આશ્વાસન આપ્યું. ઈશ્વરનું માનુષી સૌમ્ય રૂપ જોઈને અર્જુન સચેત અને સ્વસ્થ થયા. (૬-૩૩-૫૦, ૫૧)

એટલે ભગવાને શાન્તચિત્ત થયેલા અર્જુનને સમજણ પાડી: 'પરંતપ! આ રૂપ જોવું અતિ દુર્લભ છે. દેવો પણ કાયમ એને જોવાની આકાંક્ષા રાખે છે. વેદ, તપ, દાન અને યજ્ઞથી તેં જોયું એવું રૂપ જોવા ન મળે. મારા એ રૂપને તો અનન્ય ભક્તિથી જ આવી રીતે જાણી શકાય' (૬-૩૩-૫૨ થી ૫૪; ગીતા. ૧૧-૫૨ થી ૫૪). અને પછી સંક્ષેપમાં ગીતાનો સંપૂર્ણ સાર કહી દીધો : 'જે મારે અર્થે કર્મ કરે છે, મારા પરાયણ રહે છે, **મારો ભક્ત છે,** આસક્તિ વિનાનો છે અને પ્રાણીમાત્ર પ્રત્યે **નિર્વૈર** છે, તે હે પાર્થ! મને પામે છે.'[૪૨] (૬-૩૩-૫૫; ગીતા અ. ૧૧-૫૫)

'અનન્ય ભક્તિથી જ ભગવાનને પમાય' એવાં મધુર વચનો સાંભળતાં અર્જુને તુરત જ ભક્તનાં લક્ષણ વિષે પ્રશ્ન કર્યો : 'જે ભક્તો તમારું નિરંતર ધ્યાન ધરીને તમારી ઉપાસના કરે છે, અને જેઓ તમારા અવ્યક્ત, અવિનાશી રૂપની ઉપાસના કરે છે, તેમાંના કયા ભક્તો યોગવેત્તાઓમાં ઉત્તમ છે?' (૬-૩૪-૧; ગીતા અ. ૧૨-૧)

---

૪૨ (૧) मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
**निर्वैरः** सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥ ૬-૩૩-૫૫ (ગીતા ૧૧-૫૫)

આ શ્લોક ગીતાના બહુ થોડા અપવાદરૂપ શ્લોકોમાંનો એક છે, જેમાં કંઈ પણ પાઠાંતર નથી.

(શ્લોક ઉપરનું કેટલુંક વિવરણ જુઓ 'ભારતરત્ન', બીજી આવૃત્તિ, પૃ. ૨૮૯ થી ૨૯૨).

(૨) સર૦ 'શ્રી ગુરુ ગ્રંથ સાહેબ'માં ગુરુ અર્જુનદેવના ભજનમાં :

गुरमुखि मधुसूदनु निसतारे ॥ गुरमुखि संगी क्रसन मुरारे ॥ दइआल दमोदरु गुरमुखि पाईए होरतु न कीतै न भाती जीउ ॥ २ ॥ **निरहारी केसव निरवैरा** ॥ कोटिजना जा के पूजहि पैरा ॥ गुरमुखि हिरदै जा कै हरि हरि सोई भगतु इकाती जीउ ॥ ३ ॥

મધુસૂદને ગુરુમુખો (=પરમાત્માના અભિમુખ અર્થાત્ સંતો. એનાથી વિરુદ્ધ તે મનમુખ અર્થાત્ માયામાં લપટાયેલા.) તાર્યા છે. એ કૃષ્ણ મુરારિ ગુરુમુખોના સંગી છે. એ દયાળુ દામોદરને ગુરુમુખદ્વારા જ પામી શકાય છે. બીજી કોઈ રીતે એ મળતા નથી.

કેશવ (અત્યંત અનાસક્ત અને અલિપ્ત હોઈ, પોતાને અર્થે રાંધતા નથી, જુઓ ગીતા. ૩-૧૩, તેથી) **નિરાહારી અને નિર્વૈર છે.** કરોડો માણસો જેનાં ચરણ પૂજે છે, એવા હરિ જે સંતોના (ગુરુમુખોના) હૃદયમાં વસે છે, તેઓ જ એકાંતિક ભક્ત છે.

'શ્રી ગુરુ ગ્રંથ સાહેબ' પૃ. ૯૮, માઝ મહલા ૫, ૪-૬-૧૩.

શ્રી ભગવાને જવાબ આપ્યો : 'અવ્યક્ત કે વ્યકત ગમે તે રૂપની ઉપાસના કરતા જે ભક્તો, હંમેશાં જાગ્રત રહીને, મારામાં મન પરોવીને, પરમ શ્રદ્ધાથી મને ઉપાસે છે, તેઓ શ્રેષ્ઠ યોગીઓ છે. બધી ઈન્દ્રિયોને કાબૂમાં લઈ, સર્વત્ર સમબુદ્ધિ રાખી, પ્રાણીમાત્રનું કલ્યાણ કરનારા મને જ પામે છે. એમ છતાં અવ્યક્ત બ્રહ્મની ઉપાસના દેહધારીને માટે ખૂબ કઠણ છે—કષ્ટસાધ્ય છે. તેથી જે લોકો સર્વ કર્મો મને સમર્પીને, મારા પરાયણ રહીને અનન્ય ભક્તિયોગથી મારું ધ્યાન અને ઉપાસના કરે છે, તેમને હું મૃત્યુરૂપી સંસારસાગરમાંથી વિના વિલંબે ઉગારું છું.[૪૩] માટે

---

શીખ સંપ્રદાય પ્રમાણે મહલા એટલે શરીરરૂપી મહેલ. ગુરુ નાનકનો એક આત્મા જુદા જુદા ગુરુઓના શરીરરૂપી મહેલમાં રહેતો. તે પ્રમાણે મહલા ૫, એટલે પાંચમા ગુરુ અર્જુનદેવ. ગુરુ અર્જુનદેવે શ્રીકૃષ્ણને બરાબર નીરખ્યા છે, એ આ ભજનમાં સ્ફુટ થાય છે, અને એમની વિરલ શહીદીએ આ દર્શન એમના જીવનમાં રગેરગે વ્યાપ્યું હતું તે પુરવાર કર્યું છે. ગુરુ અર્જુનદેવના જીવન માટે જુઓ : *The Book of The Ten Masters by Prof. Puran Singh*; इतिहास गुरु खालसा (નિર્મલ સાધુ ગોવિંદસિંહજી), ૧૯૮૨, અને 'સુખમની' ગુજરાતી અનુવાદ( નવજીવન પ્રકાશન )માં શ્રી મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના.

( ૩ ) 'ગુરમુખ' કે 'ગુરુમુખ'ના સંદર્ભ મુજબ જુદા જુદા અર્થ થાય છે: ( ક ) સંત, ઋષિ, જ્ઞાની, ( ખ ) ગુરુ, ( ગ ) પરમેશ્વર.

Vide *The Sacred Writings of the Sikhs* : ( Glossary ). George Allen & Unwin Ltd., 1960.

૪૩ ( १ ) क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ૬-૩૪-૬ ( ગીતા ૧૨-૬ )

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्परः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥ ૪-૩૪-૭ ( ગીતા ૧૨-૭ )

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ૬-૩૪-૮ ( ગીતા ૧૨-૮ )

આ શ્લોકો ચિત્તના મૂળભૂત ગુણધર્મને યથાતથ ઓળખીને કહેવાયા છે. મૂર્તિપૂજાના ટેકામાં એનો સ્થૂળપણે ઉપયોગ થાય છે. ખરેખર તો એ સ્થૂળતમ મૂર્તિપૂજાથી માંડીને આત્યંતિક અવ્યક્ત બ્રહ્મની પૂજા અને ઉપાસના સુધીનો સેતુબંધ છે. કેવળ મૂર્તિને જ ભગવાન માનીને ઉપાસતો; એક પુસ્તક, ગુરુ, પયગંબર, સંદેશવાહક કે ઋષિને ઉપાસતો; અમુક જ દિશામાં મુખ રાખીને ઈશ્વરને પ્રાર્થતો, કે સમજ્યા વિના કોઈ એક જ કાર્ય પાછળ મંડ્યો રહેતો ઉપાસક કે કાર્ય કરનાર ભલેને 'મૂર્તિ'ને ન પૂજતો હોય તોપણ તે સ્થૂળ મૂર્તિપૂજક રહે છે. એ અર્થમાં 'મૂર્તિભંજક' કહેવડાવનારાઓ વધુ મોટા 'મૂર્તિપૂજક' બની રહેલા છે, એ સાર્વત્રિક અનુભવ છે.

પણ અહીં દર્શાવેલ સગુણોપાસના તો સગુણ મારફતે થતી નિર્ગુણની ઉપાસના છે. જેમ ગાંધીજીએ રેંટિયાની ઉપાસનામાં ભારતની દીન જનતાના ઉદ્ધારની, સમગ્ર ભારતની રાજકીય સ્વાધીનતાની પ્રાપ્તિની અને તે મારફતે વિશ્વવ્યાપી રામ-ઈશ્વર-અલ્લાહની ઉપાસના કરી તેમ. અર્જુને દેહધારી શ્રીકૃષ્ણની ઉપાસના દ્વારા નિષ્ઠાથી કર્તવ્યકર્મ કરીને 'તત્' સંજ્ઞાવાળા પરબ્રહ્મને ઉપાસ્યા તેમ. એની પરાકાષ્ઠામાં 'હે રામ!' અને એના પોકારનાર, 'પાર્થસારથિ' અને પાર્થ એક બની રહ્યા.

મારામાં મન તથા બુદ્ધિ પરોવ. મારામાં મન સ્થિર ન થઈ શકે તો અભ્યાસયોગથી—વારંવારના રટણથી ચિત્ત નિરોધ કરી—મને પામવાની ઇચ્છા કર. તે ન બને તો મારા અર્થે કર્મ કર. એમ પણ ન બને તો સંયમી બનીને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ કરે. કારણ કે અભ્યાસ (ચિત્તવૃત્તિ-નિરોધનો પ્રયત્ન) કરતાં (જીવનનું અને શાસ્ત્રનું તલસ્પર્શી) જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં (વિશ્વાવાસની સર્વત્ર ભાવનાનું) ધ્યાન શ્રેષ્ઠ છે અને ધ્યાન કરતાં કર્મના ફળનો (અને તેની આસક્તિનો) ત્યાગ શ્રેષ્ઠ છે. એ ત્યાગથી પછી શાન્તિ મળે છે.[૪૪] (આવો સર્વ કર્મના ફળનો ત્યાગ કરી) મારામાં મન-બુદ્ધિથી તન્મય રહેનાર, દ્વેષ વિનાનો, સર્વમિત્ર, દયાળુ, હું-મારું વિનાનો, નમ્ર, સુખદુઃખમાં સમાન, ક્ષમાવાન, સદા સંતોષી, યોગી, જિતેન્દ્રિય, દૃઢનિશ્ચયી, કોઈને એનાથી ઉદ્વેગ નહિ અને એને કોઈનાથી ઉદ્વેગ નહિ, હર્ષ-ક્રોધ-ભય-ઉદ્વેગ વગરનો, ઇચ્છા વિનાનો, પવિત્ર, સાવધ (પક્ષપાત વગરનો), ઉદાસીન, દુઃખચિંતાથી મુક્ત, આસક્તિભરેલા સર્વ સંકલ્પોનો ત્યાગી, હર્ષ-દ્વેષ-શોક-આકાંક્ષા તથા શુભ-અશુભ (કર્મ)ફળોનો ત્યાગી, શત્રુમિત્ર, માન-અપમાન, શિયાળો-ઉનાળો, સુખદુઃખ બધામાં સમબુદ્ધિ રાખીને આસક્તિ છોડનાર, નિન્દા-સ્તુતિમાં સમાન, (મૃષાવાદ કરતો નથી, તેથી) મૌન પાળનાર, (પોતાની માલિકીના) રહેઠાણ વિનાનો, સ્થિરબુદ્ધિ (= સ્થિતપ્રજ્ઞ) ભક્તિભીનો નર મને વહાલો છે. ઉપર કહેલ આ ધર્મામૃતનું જેઓ મારા પરાયણ રહીને શ્રદ્ધાપૂર્વક સેવન કરે છે, તે ભક્તો મને અતિશય પ્રિય છે.' (૬-૩૪-૨ થી ૨૦; ગીતા અ. ૧૨-૨ થી ૨૦)

હવે ક્ષેત્રજ્ઞ શ્રીકૃષ્ણે દેહધારી અને દેહના તત્ત્વજ્ઞાનનો બોધ કરવા માંડ્યો: 'કૌન્તેય! આ શરીર (એ ધર્મક્ષેત્ર, કુરુક્ષેત્ર કે તપઃક્ષેત્ર નામથી ઓળખાતું) ક્ષેત્ર છે. એ બધાં ક્ષેત્રોને જાણનાર, અને એ બધામાં રહેનાર હું ક્ષેત્રજ્ઞ છું. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદનું જ્ઞાન તે (સમ્યગ્) જ્ઞાન છે. તે જ્ઞાન હું સંક્ષેપમાં કહું છું. જ્ઞાનીઓએ એનું અનેકધા વર્ણન કર્યું છે. (૬-૩૫-૧ થી ૪; ગીતા. ૧૩-૧ થી ૪)

(ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ એ) મહાભૂતો, અહંકાર (હુંપણું), બુદ્ધિ, અવ્યક્ત (દુસ્તર માયારૂપી પ્રકૃતિ), (પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય મળી) દશ ઇન્દ્રિયો, મન (સ્પર્શાદિ) પાંચ વિષયો, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, (શરીરનાં તત્ત્વોના પરસ્પર સહકારરૂપી) સંઘાત, ચેતના અને (પરસ્પરને વળગી રહેવાના શરીરનાં તત્ત્વોના ગુણરૂપી) ધૃતિ એ સંક્ષેપમાં ક્ષેત્રનું રૂપ છે. (૬-૩૫-૫, ૬; ગીતા ૧૩-૫, ૬)

---

(૨) સ૨° To Miraben he (i.c. Gandhiji) explained: Ahimsa is unmanifest. "People cannot realise the unmanifest. When spirit becomes flesh, then they can see and understand it." 'The Last Phase,' Vol. II, p. 796, Gandhiji quoted in Miraben, 'Gleanings,' Ahmedabad, 1949, p. 14.

ગાંધીજીએ મીરાંબેનને સ્પષ્ટ કર્યું: "અહિંસા અવ્યક્ત છે. લોકો અવ્યક્તને આત્મસાત્ કરી શકતાં નથી. જ્યારે આત્મા દેહધારી બને છે, ત્યારે તેઓ તેને જોઈ અને સમજી શકે છે."

૪૪ श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ ૬-૩૪-૧૨ (ગીતા ૧૨-૧૨)

'અને જ્ઞાન જે પર્યાયે જ્ઞેય (જાણવાયોગ્ય) છે, અને જ્ઞાનથી જ જાણી શકાય એવું છે, સર્વના હૃદયમાં રહેલું છે તેનું રૂપ આ છે: અમાનિત્વ (નમ્રતા), નિર્દંભીપણું, અહિંસા, ક્ષમા, આર્જવ (સરળતા), આચાર્યની સેવા, બાહ્યાભ્યંતર પવિત્રતા, સ્થિર (બુદ્ધિ)પણું, આત્મ-સંયમ (મનઃસંયમ), ઇન્દ્રિયોના વિષયોમાં વૈરાગ્ય, 'હું'પણાનો ત્યાગ, જન્મ-મરણ-જરા-વ્યાધિ-દુઃખ અને દોષોનું નિરંતર ભાન, પુત્ર-સ્ત્રી અને ઘર વગેરેમાં અનાસક્તિ અને નિર્મમ ભાવ, ઇષ્ટ-અનિષ્ટમાં હંમેશાં સમદર્શીપણું, મારામાં અનન્ય અનુસંધાનથી એકનિષ્ઠ ભક્તિ, (કોઈ પણ અવસ્થામાં humbry-dumbryમાં પણ) એકાન્તનું સેવન, (આસક્ત) જનસમૂહમાં ભળવાનો અણગમો,[45] આધ્યાત્મિક જ્ઞાનની નિત્યતા અને તત્ત્વજ્ઞાનના અર્થનું દર્શન—અર્થાત્ આત્માનું જ્ઞાન, વાસ્તવિક ઈશ્વરદર્શન—એ જ્ઞાન છે. આનાથી અન્યથા તે અજ્ઞાન. એ જ્ઞાન તે જ અનાદિ પરબ્રહ્મ. એ સત નથી, અસત નથી. એને બધી ઇન્દ્રિયો છે અને નથી. એ બધું ભોગવે છે અને નથી ભોગવતું. એ ગુણવાળું (સગુણ) છે અને નથી. તે પ્રાણીઓની અંદર અને બહાર સર્વવ્યાપી છે. એ ગતિશીલ છે, સ્થાવર છે. સૂક્ષ્મ હોઈ જાણી શકાતું નથી. (ન ઓળખનારથી) દૂર છે અને (ઓળખનારની) નજીક પણ છે.[46] પ્રાણીઓ સાથે અવિભક્ત જેવું છે અને વિભક્ત જેવુંય છે. એ પાલક, સંહારક અને સર્જક છે. પ્રકાશનો પણ પ્રકાશ અને અંધકારથી પર છે. આને જાણીને ભક્ત મને પામવા લાયક બને છે. (૬-૩૫-૭ થી ૧૮; ગીતા. ૧૩-૭ થી ૧૮)

'પુરુષ અને (પરિવર્તનશીલ માયારૂપી) પ્રકૃતિ બન્ને અનાદિ. એ પ્રકૃતિમાં તદાકાર થઈને પુરુષ (= જીવ) સારી-નરસી યોનિમાં જન્મે છે; પણ (પ્રકૃતિથી, તેના ગુણોથી) પર એવો પુરુષ આ દેહમાં રહેલો છે, જે સાક્ષી, અનુમોદન આપનાર, ભરણપોષણ કરનાર, ભોગવનાર, મહેશ્વર અને પરમાત્મા કહેવાય છે. જે મનુષ્ય પુરુષ અને ગુણો સહિત પ્રકૃતિને જાણે છે તે બધી રીતે (આસકતની જેમ) કાર્યો કરતો (દેખાવા) છતાં, (અહંભાવનો નાશ કરવાને લીધે, જગત્‌હિતાર્થે વર્તે છે તેથી) ફરીથી જન્મતો નથી. કેટલાક આ પરમાત્માનું ધ્યાન કરીને

---

૪૫ विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ ૬-૩૫-૧૦ કખ (ગીતા ૧૩-૧૦ કખ)

(૧) સર૰ 'મારો અભિપ્રાય એવો છે કે અંગત મિત્રતા અનિષ્ટ છે, કેમ કે મનુષ્ય દોષને ઝટ ગ્રહણ કરે છે. ગુણ ગ્રહણ કરવાને સારુ પ્રયાસની આવશ્યકતા છે. જેને આત્માની, ઈશ્વરની મિત્રતા જોઈએ છે તેણે એકાકી રહેવું ઘટે છે, અથવા આખા જગતની સાથે મૈત્રી કરવી ઘટે છે.'—ગાંધીજી, 'આત્મકથા', ખંડ ૧, પૃ. ૩૫.

(૨) 'જન' અર્થાત્ દૂષિત જન. એટલે શ્રીકૃષ્ણ દૂષિત જનોને પીડનાર 'જનાર્દન' કહેવાયા. સત્સંગ વિહિત છે. સત્સંગનો ગમો હોય જ. જુઓ ૬-૩૨-૯ થી ૧૧ (ગીતા ૧૦-૯ થી ૧૧).

૪૬ बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥ ૬-૩૫-૧૫ (ગીતા ૧૩-૧૫)

સર૰ तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥ ઈશ. ૫.

તે ગતિ કરે છે, ગતિ નથી પણ કરતું. તે દૂર છે અને નજીક છે. એ સૌની અંદર છે અને તે જ સર્વના બહાર પણ છે.

આત્માથી જ આત્માને જુએ છે, કેટલાક સાંખ્ય(જ્ઞાન)થી, કેટલાક યોગથી અને કેટલાક કર્મયોગથી જુએ છે. કેટલાક જિજ્ઞાસુઓ બીજા પાસેથી સાંભળીને ઉપાસના કરે છે અને મૃત્યુ(રૂપ સંસાર)ને તરી જાય છે. આવી રીતે ઉપાસના કરીને જે માણસ નાશવંત પ્રાણીઓમાં રહેલા અવિનાશી ભગવાનને સમાનપણે રહેલા જુએ છે તે જ ખરું જુએ છે. (બીજા તો રાજા ધૃતરાષ્ટ્ર! આપના જેવા છે). જે સર્વત્ર એને જુએ છે તે (બીજામાં રહેલા) પોતાનો ઘાત નથી કરતો, તેથી પરમ ગતિને પામે છે.[૪૭] એ બધા પ્રકારનાં કર્મોને પ્રકૃતિથી થનારાં તથા આત્મા તો અ-કર્તા છે એમ સમજે છે. આ બધો ઈશનો જ વિસ્તાર છે એમ જોતો થતાં એ બ્રહ્મને પામે છે.[૪૮] કૌન્તેય ! પરમાત્મા અનાદિ, નિર્ગુણ અને અવિનાશી હોઈ, સર્વવ્યાપી આકાશની જેમ દેહમાત્રમાં વ્યાપી રહેલ છતાં લેપાતો નથી. ભારત ! એક સૂર્ય જેમ આખા જગતને અજવાળે છે એમ એ એક ક્ષેત્રી ભગવાન આખા ક્ષેત્રને અજવાળે છે. જેઓ જ્ઞાનચક્ષુથી (દિવ્યચક્ષુથી) ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો ભેદ અને પ્રકૃતિના બન્ધમાંથી પ્રાણીઓની મુક્તિના ઉપાયને જાણે છે તેઓ પરમાત્માને પામે છે' (૬-૩૫-૧૯ થી ૩૪; ગીતા ૧૩-૧૯ થી ૩૪).

વળી આની આ જ વાત સદ્‌ગુરુ શ્રીકૃષ્ણે ફરીને ત્રિગુણાતીતનાં લક્ષણરૂપે કહેવા માંડી : 'હું તને ફરીથી પણ ત્રિગુણવિવેકનું સર્વોત્તમ જ્ઞાન કહું છું. આ જ્ઞાન મેળવીને જેઓ મારા સાધર્મ્યને—મારી સમાનતાને,—પામ્યા છે, અર્થાત્ મારામય બન્યા છે, તેઓ સર્જન સમયે જન્મતા નથી, અને પ્રલય સમયે નાશ પામતા નથી. સર્વ પ્રાણીઓનો જનક હું છું. માતા ત્રિગુણાત્મક પ્રકૃતિ. એ પ્રકૃતિ—માયા, લક્ષ્મી—અવ્યય જીવને, ત્રણ ગુણો વડે દેહમાં બાંધે છે.

---

૪૭ (૧) समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥ ૬-૩૫-૨૮ (ગીતા ૧૩-૨૮)

અર્થાત્ પૂર્ણ અહિંસક રહે છે.

(૨) '°તે આત્મઘાત નથી કરતો' એ અર્થ લેતાં નીચેની શ્રુતિ સર°

असुर्या नाम ते लोका अन्धेन तमसावृताः ।
ता ँ स्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥ ઈશ. ૩.

એ અસુર સંબંધી લોકો આત્માના અદર્શનરૂપ અજ્ઞાનથી આચ્છાદિત છે. જેઓ આત્મઘાતી લોકો છે, તેઓ મૃત્યુ પછી એ આસુરી લોકોને પામે છે.

જુઓ 'કંસ-ચાણૂરમર્દક ભગવાન શ્રીકૃષ્ણ' (ભો. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' જન્માષ્ટમી અંક, સં. ૨૦૨૧, પૃ. ૩૮૯.

૪૮ यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ ૬-૩૫-૩૦ (ગીતા ૧૩-૩૦) = ૧૨-૧૭-૨૨

સર° यस्मिन्सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥ ઈશ. ૭.

જે વિજ્ઞાનીને સર્વ પ્રાણીઓ આત્મા જ થયાં તેવું અનુદર્શન કરનારાને—નિરંતર જોનારાને—મોહ કેવો ? શોક કેવો ?

તેમાં સત્ત્વગુણ નિર્મળ છે તેથી પ્રકાશક અને આરોગ્યકર છે. એ જીવને સુખ અને જ્ઞાનના બંધનથી બાંધે છે. રજોગુણ તૃષ્ણા અને આસક્તિને પેદા કરનાર છે. એ દેહધારીને (જીવને) કર્મના પાશમાં બાંધે છે. તમોગુણ અજ્ઞાનમાંથી જન્મે છે અને જીવને પ્રમાદ (ગફલત), આળસ તથા નિદ્રામાં જકડે છે. સત્ત્વથી સુખ, રજસ્‌થી દુઃખ અને તમસ્‌થી ગફલત થાય છે. આ ગુણો એકબીજાનો પરાભવ કરે છે, તથા જે તે ગુણ સમયે સમયે આગળ તરી આવી વૃદ્ધિ પામે છે. સત્ત્વની વૃદ્ધિ વખતે મૃત્યુ થતાં દેહીનો ઉત્તમ લોકમાં, રજસ્‌ની વૃદ્ધિમાં મૃત્યુ થતાં કર્મફલાસક્ત પ્રાણીઓના લોકમાં અને તમસ્‌ની વૃદ્ધિમાં મૃત્યુ થતાં મૂઢ યોનિઓમાં જન્મ થાય છે. સત્કર્મનું ફળ (આત્માનન્દરૂપી) સાત્ત્વિક અને નિર્મળ, રાજસિકનું (તેથી ઊલટું આસક્તિને લીધે જન્મતું) દુઃખ અને તામસિકનું ફળ અજ્ઞાન હોય છે. તેથી સાત્ત્વિકો ઊંચે ચઢે છે, રાજસિકો વચ્ચે રહે છે અને તામસિકો નીચે પડે છે. તેથી જ્ઞાની જ્યારે આ ગુણોને જ કર્તા દેખે છે, અને જે ગુણોથી પર છે તેને (પરમાત્માને, અને તેના અંશરૂપ જીવને) જાણે છે, ત્યારે તે મારા ભાવને (મારા સાધર્મ્યને) પામે છે, અને ત્રણે ગુણોને તરી જઈને જન્મ-મૃત્યુ-જરાનાં દુઃખોથી તદ્દન છૂટીને અમૃતત્વને (મોક્ષને) પામે છે.' (૬-૩૬-૧ થી ૨૦; ગીતા ૧૪-૧ થી ૨૦)

અર્જુને પૂછ્યું : 'પ્રભો ! ગુણાતીતનાં લક્ષણ કયાં ?' (૬-૩૬-૨૧; ગીતા ૧૪-૨૧)

શ્રી ભગવાને કહ્યું : 'જ્યારે મનુષ્ય પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ પ્રાપ્ત થતાં દુઃખી થતો નથી, કે જ્યારે તે નિવૃત્ત થયાં હોય ત્યારે તેની ઇચ્છા નથી રાખતો, જે ઉદાસીનની જેમ સ્થિર છે, ગુણોની (રમણાથી) હાલતો નથી, (પ્રકૃતિના) ગુણો જ લીલા કરી રહ્યા છે એમ સમજીને જે અડોલ રહે છે, જે સુખદુઃખમાં સમાન, સ્વસ્થ, માટી-પથ્થર-સુવર્ણને સરખાં ગણનાર, પ્રિય-અપ્રિયમાં અને નિન્દા-સ્તુતિમાં એકસરખો રહેનાર, બુદ્ધિશાળી, માન-અપમાન અને શત્રુ-મિત્રમાં સમાન અને સર્વ (આસક્તિમૂલક) આરંભોનો ત્યાગી છે તે (ખરો) ગુણાતીત છે.[૪૯] (૬-૩૬-૨૨ થી ૨૫; ગીતા ૧૪-૨૨ થી ૨૫)

---

૪૯ (૧) દિલ્હીમાં ઔરંગઝેબે નવમા શીખ ગુરુ તેગબહાદુરજીને કેદમાં રાખેલા અને પછી શિરચ્છેદ કરેલો. ત્યારે શિરચ્છેદ અગાઉ આ ધર્મપ્રાણ પવિત્ર પુરુષે, કેદખાનામાં કેટલીક રચનાઓ કરેલી. તેમાંના કેટલાક ચૂંટેલા દોહા :

सुखु दुखु जिह परसै नहिं लोभ मोह अभिमानु ।
कहु नानक सुनि रे मना सो मूरत भगवान ॥ શ્લોક ૧૩.
उसतति निंदा नाहिं जिहि कञ्चन लोह समानि ।
कहु नानक सुनि रे मना मुक्ति ताहि तै जानि ॥ ૧૪.
हरख सोग जाकै नहीं बैरी मीत समानि ।
कहु नानक सुनि रे मना मुक्ति ताहि तै जानि ॥ ૧૫.

'શ્રી ગુરુ ગ્રંથ સાહિબ', મહલા ૯, પૃ. ૧૪૨૬, ૧૪૨૭.

આ મહાપુરુષને માથું કાપનાર પ્રત્યે પણ "બૈરી મીત સમાન"નો જ ભાવ છે. ગુરુ તેગબહાદુરના આ જીવનપ્રસંગ માટે જુઓ લેખને અંતે પરિશિષ્ટ ૩.

'જે અવ્યભિચારી-એકનિષ્ઠ ભકિતયોગથી મને સેવે છે તે આ ત્રણે ગુણોને ઉલ્લંઘીને છેવટે ( મૃત્યુ સમયે ) બ્રહ્મરૂપ બનવાને યોગ્ય બને છે; અને બ્રહ્મની, અવિનાશી અમૃતત્વની, સનાતન ધર્મની તથા એકાન્તિક સુખની ( કેવળ સુખની) સ્થિતિ તો હું જ છું.' ( ૬-૩૬-૨૬, ૨૭; ગીતા ૧૪-૨૬, ૨૭ )

શ્રી ભગવાને હવે અમૃતત્વની પ્રતિષ્ઠા એવા પોતાના પુરુષોત્તમ સ્વરૂપનું વર્ણન કર્યું: '( પ્રવાહરૂપે ) અવિનાશી એવા આ ક્ષણભંગુર ( **न श्वोपि स्थाता इति अश्वत्थः ।** શંકરાચાર્ય. આવતી કાલ સુધી પણ ન ટકે તે અશ્વત્થ. ( સંસારરૂપી ) વૃક્ષને જે બરાબર જાણે તે જ વેદવેત્તા જ્ઞાની. એ વૃક્ષને ( કર્મફળમાં ) અનાસકિતરૂપી દૃઢ શસ્ત્રથી છેદીને ('હું'પદની સ્વલ્પતા પ્રમાણીને ) મનુષ્યે ( વિનમ્રતાથી ) પ્રાર્થના કરવી કે, ' જેણે આ ( દુસ્તર માયારૂપી ) પુરાણી પ્રવૃત્તિ પ્રસારી છે, તે આદિ પુરુષને શરણે હું જાઉં છું.' આ શરણે જનારા અભિમાન અને મોહ વિનાના, સંગદોષને જીતનારા, સદાય આત્માર્થી, કામનામાત્રનું વિસર્જન કરનારા તથા સુખદુઃખરૂપી દ્વંદ્વોમાંથી છૂટી ગયેલા જ્ઞાની પુરુષો મારા સ્વયંપ્રકાશ ધામને પામે છે. ( ૬-૩૭-૧ થી ૬; ગીતા. ૧૫-૧ થી ૬ )

'જગતમાં મારો જ સનાતન અંશ જીવ થઈને બધી પ્રવૃત્તિ કરે છે. એ જ ઇન્દ્રિયો મારફતે વિષયોને ભોગવે છે, અને એમ ( દેહમાંથી ) બહાર જતા, ( દેહમાં ) રહેતા અને (પ્રકૃતિના) ગુણોનો આશ્રય લઈને ભોગ ભોગવતા એને ( જોઈ શકાય એવો છે છતાં ) વિમૂઢો—મૂર્ખો જોઈ શકતા નથી, પણ જ્ઞાનચક્ષુ( દિવ્યચક્ષુ )વાળાઓ જુએ છે. પ્રયત્ન કરતા યોગીઓ પોતાનામાં રહેલા એને ( એટલે કે ઇશ્વિર એવા મને ) જુએ છે, પણ આત્મશુદ્ધિ વિનાના મૂર્ખ લોકો પ્રયત્ન કરવા છતાં પણ એને જોઈ શકતા નથી.[૫૦] ( ૬-૩૭-૭ થી ૧૧; ગીતા ૧૫-૭ થી ૧૧ )

'આ સમગ્ર જગતને પ્રકાશ આપનાર, ધારણ કરનાર, પોષણ આપનાર અને અન્નને પચાવનાર પણ હું જ છું. હું સર્વના હૃદયમાં રહેલો છું. મારાથી સ્મૃતિ, જ્ઞાન અને તેનું વિસ્મરણ થાય છે. બધા વેદોથી ( વેદજ્ઞાનથી ) હું જ જાણવાયોગ્ય છું. વેદાંતનો કર્તા અને વેદનો જાણનાર પણ હું જ છું. જગતમાં બે પુરુષ છે: એક ક્ષર એટલે નાશવંત પ્રાણીઓ અને બીજો અક્ષર એવો કૂટસ્થ ( સ્થિર ) આત્મા. આ બન્નેથી ઉત્તમ ત્રીજો પુરુષ પરમાત્મા કહેવાય છે.

---

( ૨ ) આ આદર્શ ગુણાતીતનાં લક્ષણ છે. દેહ ટકે ત્યાં સુધી આ આદર્શને નજર સમક્ષ રાખીને સત્ત્વગુણની ( જ્ઞાન, નિર્મળતા, પ્રકાશની ) ઉપાસના કરે અને પૂર્ણ સત્ત્વ આવતાં તેને પણ ત્યજવાની ઇચ્છા રાખતાં, મૃત્યુ સમયે પણ અડોલ રહે તે ત્રિગુણાતીત થાય. દેહ ત્રિગુણમાંથી થયો છે એટલે ગીતા ૧૮-૪૦ પ્રમાણે કોઈ પણ જીવંત પ્રાણી ( सत्त्व ) ત્રિગુણાતીત ન હોઈ શકે. આ સ્થિતિ અવર્ણ્ય છે. ઉપર લખ્યું એમ 'સો મૂરત ભગવાન'ની સ્થિતિ છે. તેથી સંનતિથી આ આદર્શને પહોંચવા મથવું એ દેહીનો ધર્મ છે.

૫૦ उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥ ૬-૩૭-૧૦.
यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥ ૬-૩૭-૧૧.

તે અવિનાશી ઈશ્વર ત્રણે લોકમાં પ્રવેશ કરીને તેનું પોષણ કરે છે. હું ક્ષરને (નાશવંત ભૂતોને) ઓળંગી ગયો છું અને (મારા અંશરૂપ) અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી હું લોકમાં અને વેદમાં **પુરુષોત્તમ** તરીકે પ્રખ્યાત છું. આવી રીતે જે મોહ વિનાનો મનુષ્ય મને **પુરુષોત્તમ** તરીકે જાણે છે, તે સર્વવેત્તા છે, (સર્વજ્ઞ) છે, અને તેથી પોતાના બધા ભાવોથી અનન્યપણે મને ભજે છે, અને એમ બુદ્ધિમાન થઈને કૃતકૃત્ય થાય છે, જીવતર સફળ કરે છે.' (૬-૩૭-૧૨ થી ૨૦; ગીતા. ૧૫-૧૨ થી ૨૦)

અત્યાર સુધી મુખ્યત્વે દૈવી સંપદનું વર્ણન કર્યા પછી શ્રી ભગવાને દૈવી અને આસુરી સંપદનો ભેદ બતાવી વિવેક કરવાનું ઉદ્‌બોધન કર્યું: 'અભય, અંતઃકરણની શુદ્ધિ, (ગીતા અ. ૧૩માં કહેલા) જ્ઞાન અને (સમત્વ)યોગમાં દૃઢ નિષ્ઠા અર્થાત્ પરમાત્માનું અનુદર્શન), દાન, સંયમ, (જગતના હિત માટે થતાં કર્મરૂપી) યજ્ઞ, સ્વાધ્યાય, તપ, આર્જવ, અહિંસા, સત્ય, અક્રોધ, (ફલ)ત્યાગ, શાન્તિ, અપૈશુન [(ચાડી ન ખાવી), પ્રાણીઓ ઉપર દયા, અલોલુપતા, માર્દવ, મર્યાદા, અચપળતા, તેજ (અને તેની સાથે) ક્ષમા, ધૃતિ, (બાહ્યાભ્યન્તર) પવિત્રતા, અદ્રોહ અને નમ્રતા—આ ગુણો દૈવી સંપદ્ લઈને જન્મેલામાં હોય છે; જ્યારે દંભ, દર્પ (છાક), અભિમાન, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન એ દુર્ગુણો આસુરી સંપદ્ લઈને જન્મેલામાં હોય છે. દૈવી સંપદ્ (આસક્તિ અને સુખદુઃખરૂપી દ્વંદ્વોમાંથી) મોક્ષ આપનારી છે, જ્યારે આસુરી સંપદ્ (ઘેરી આસક્તિના) બન્ધનમાં જકડનારી છે; પણ પાંડવ! તું શોક ન કરીશ. **તું તો દૈવી સંપદ્ સાથે જન્મેલો ઉત્તમાધિકારી (अभिजात:)** છે. અત્યારસુધી મેં તને દૈવી સંપદ્ વિસ્તારથી કહી છે. હવે આસુરી સંપદ્ વિશે સાંભળ. આસુરી લોકો પ્રવૃત્તિ શું અને નિવૃત્તિ શું એ જાણતા નથી. તેમ તેમનામાં પવિત્રતા, સદાચાર કે સત્ય કંઈ હોતું નથી. તેઓ કહે છે: 'જગત તો અસત્ય, આધાર વિનાનું, (સત્યરૂપી) શાસક વિનાનું, પરસ્પર સંબંધ (= કાર્યકારણભાવ) વિનાનું છે. એટલે એમાં કામભોગો સિવાય બીજો શો હેતુ હોઈ શકે?[૫૧] આમ એ ઓછી બુદ્ધિના, ઉગ્ર કર્મ કરનારા નષ્ટાત્માઓ, જગતનું અહિત અને નાશ કરવા માટે પ્રવૃત્તિ કરે છે. અનંત કામનાઓનો આશ્રય કરીને એ અપવિત્ર વ્રતવાળાઓ મોહથી, 'કામભોગ

---

૫૧ असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ॥ ૬-૩૮-૮ (ગીતા ૧૬-૮)

સર° દૈત્યરાજ હિરણ્યકશિપુનું 'સુખી' રાજ્યવર્ણન. 'એના રાજ્યમાં સાત દ્વીપવાળી પૃથ્વી વગર ખેડચે જ પાક આપતી. સ્વર્ગલોક કામદુઘા બનીને કામનાઓ પૂર્ણ કરતો હતો...સાતે સમુદ્રો અને નદીઓ પોતાનાં મોજાંથી રત્નો આપતાં હતાં, પર્વતો ક્રીડાસ્થાન માટે જગ્યા આપતા હતા અને વૃક્ષો સર્વ ઋતુઓમાં બરાબર ફળતાં હતાં..આમ મરજી મુજબ વિષયો ભોગવવા છતાં અસંયમી એવા એને તૃપ્તિ થઈ જ નહિ. ...' 'ભાગવત' ૭-૪-૧૫ થી ૨૦.

'ભાગવત'ના ઉપર્યુક્ત ટાંચણની શરૂઆતમાં કૌંસમાં, 'આસુરી ભાવયુક્ત શોધખોળોથી' એ શબ્દો મૂકવામાં આવે તો આધુનિક જમાનામાં સમાજના કલ્યાણને નામે આસુરી ભાવોની ઉપાસના થાય છે તેનો તાદૃશ ખયાલ આવે. આ 'સામાજિક કલ્યાણ'માં કુટુંબનિયોજનના પુષ્પિત નામથી કેવળ અસંયમની પૂજા મૂર્ધન્યસ્થાને હોય એવો ભાસ થાય છે. કર્મ કર્યા પછી, તેનાં અનિવાર્ય કુફળમાંથી છટકીને, કેવળ મીઠાં, પ્રિય ફળ જ અને તે પણ 'પોતાના માટે જ' પ્રાપ્ત કરવાની ઉપાસના છે. મારી

એ જ સર્વસ્વ છે' એવો બૂરો નિર્ણય કરીને, અમાપ ચિન્તાઓ વહોરીને કામભોગો માટે અન્યાયથી અર્થસંચય કરવાના કદાગ્રહ સેવે છે. એ પછી, 'આજે આ મેળવ્યું, કાલે આ મેળવીશ, આટલું મારી પાસે ભેગું થયું અને કાલે બીજું આટલું મેળવી લઈશ. આજે આ શત્રુને ઠાર માર્યો, હવે બીજાઓને મારીશ. હું ઈશ્વર (કર્તાહર્તા) છું. હું ભોગી છું. હું સિદ્ધ છું. હું બલવાનછું. હું સુખી છું. હું ધનવાન છું. હું કુલીન છું. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞો કરીશ, દાન દઈશ, મોજ કરીશ'; એવી એવી આ અજ્ઞાનાંધ માણસો બડાશ મારે છે અને એમ ધન, માન તથા મદથી ઘેરાઈને અક્કડ બનેલા એ લોકો દંભથી (લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણા તૃપ્ત કરવા) કેવળ નામના (લોકોપકારક દેખાતાં કર્મરૂપી) યજ્ઞો કરે છે. આવી અનેક ભ્રમણાઓમાં પડીને મોહજાળમાં ફસાઈને વિષયભોગોમાં રચ્યાપચ્યા રહેનારા ક્રૂર નરાધમોને હું નિરંતર આસુરી યોનિઓમાં નાખું છું. અને કૌન્તેય! આ આસુરી જનો મને પામ્યા વિના ઉત્તરોત્તર અધમ યોનિઓમાં જાય છે. (૬-૩૮-૧ થી ૨૦; ગીતા ૧૬-૧ થી ૨૦)

'કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં પ્રવેશદ્વાર છે. એટલે એ ત્રણેને ત્યજી દેવાં (અર્થાત્ આ સંન્યાસ). તમસ્નાં (નરકનાં)—આ ત્રણ દ્વાર(ના ઝાકઝમાળની લાલચ)માંથી છૂટેલો માણસ પોતાનું (અને સૌનું) શ્રેય આચરીને પરમ ગતિને પામે છે. (૬-૩૮-૨૧, ૨૨; ગીતા ૧૬-૨૧, ૨૨)

'જે માણુસ શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને, સ્વચ્છંદીપણે વર્તે છે, તેને સિદ્ધિ, સુખ કે પરમ ગતિ નથી મળતાં. એટલે કાર્ય અને અકાર્યનો નિર્ણય કરવામાં શાસ્ત્ર જ પ્રમાણ છે. તેથી શાસ્ત્રવિધ જાણીને (વૈજ્ઞાનિક પદ્ધતિ જાણીને) તારે શાસ્ત્રના પ્રમાણ મુજબ અહીં કર્મ કરવું જોઈએ.'[૫૨] (૬-૩૮-૨૩, ૨૪; ગીતા ૧૬-૨૩, ૨૪)

---

સંતતિ ભલે નાશ પામે, 'હું' તો જીવું જ એવો એનો સંકલ્પ જણાય છે. આ ઉપાસના ફળતાં, ઈશ્વર સિવાય બીજું બધું મળે છે. 'સુખ' સંજ્ઞાથી ઓળખાતા વિપુલ કામભોગો અને ધનના ઢગલામાં આળોટવા મળે છે. તે છતાં તેમાં આળોટનારાં બેબાકળાં, અસ્થિર અને તીવ્ર દ્વેષની આગમાં ભડકે બળે છે.

આ વાત આગળ વધીને સમાજધારણના મૂળભૂત ધૃતિ ગુણમાં સુરંગ મૂકે છે અને નાનાં છમકલાંથી માંડીને ગંજાવર વિશ્વયુદ્ધો ફાટી નીકળે છે. નિર્બળ, અવિકસિતો અને પછાતોને મદદના કે દાનના નામે રાતદિવસ ઘેરું આર્થિક શોષણ ચાલે છે, સાથે જ દયાવંત વ્યક્તિઓ કે રાષ્ટ્રોનાં પ્રશસ્તિગીતોય ગવાય છે!

નીતિ આચરવાની પ્રચંડ ગુલબાંગો, અને એ જ 'નીતિનાશના માર્ગ' ઉપરનું પ્રયાણ. આ છે આસુરી સંપત્તિની ભવ્યતા!

૫૨ (૧) 'શાસ્ત્રવિધિનો અર્થ, ધર્મને નામે મનાતા ગ્રંથોમાં કહેલી અનેક ક્રિયાયો નહિ, પણ અનુભવજ્ઞાનવાળા સત્પુરુષોએ ખેડેલો સંયમમાર્ગ—'અનાસક્તિયોગ' ૧૬-૨૩ ઉપર ગાંધીજીની નોંધ.

(૨) શું કર્તવ્ય છે કે શું અકર્તવ્ય છે એ નક્કી કરવું વિષમ થઈ પડે એવા કટોકટીના પ્રસંગોમાં, સમદર્શીપણું કે આત્મૌપમ્ય જે રીતે સચવાય, તેને અનુરૂપ વર્તન કરવામાં આવે તે શાસ્ત્રવિધિ. એટલે કે આંટીઘૂંટી અને કટોકટીમાં યોગ્ય માર્ગે દોરી જનાર અનુભવસિદ્ધ યુક્તિ—અનાસક્ત રહીને કાર્ય કરવાનું 'કર્મયોગશાસ્ત્ર'. જુઓ 'ભારતરત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃતિ, પૃ. ૨૭૬ થી ૨૭૯.

'શાસ્ત્રના પ્રમાણ મુજબ જ કાર્ય કરવું જોઈએ,' એવી વાત સાંભળતાં અર્જુને એની ચોકસાઈ માટે પ્રશ્ન કર્યો : 'કોઈ શ્રદ્ધાળુ શાસ્ત્રવિધિ છોડીને (સત્યમાં) શ્રદ્ધા રાખીને યજન કરે તો તેની નિષ્ઠા હે શ્રીકૃષ્ણ ! કેવી ગણાય ? સાત્ત્વિકી, રાજસી કે તામસી ?' (૬-૩૯-૧; ગીતા. ૧૭-૧)

અર્જુનના આ પ્રશ્નનો શ્રીભગવાને પરોક્ષ ઉત્તર આપ્યો : 'શ્રદ્ધા તો (સારા-નરસા) સૌમાં હોય છે (એટલે શાસ્ત્રવિધિ ન છોડાય). જેવી જેની શ્રદ્ધા તેવો માણસ થાય છે. સાત્ત્વિકો દેવોને, રાજસિકો યક્ષ-રાક્ષસોને અને તામસિક ભૂત-પ્રેતોને ભજે છે. એ જ રીતે ભોજન, યજ્ઞ, તપ અને દાન એના પણ ત્રિગુણાત્મક ત્રણ વિભાગ છે. આસુરી નિશ્ચયવાળાઓ શાસ્ત્રવિધિ વિનાનું ઘોર તપ (= અથાગ પરિશ્રમ) કરે છે અને આસક્તિથી પ્રેરાઈને શરીરમાં રહેલા ભૂતસમૂહને (પંચમહાભૂતો, ઇન્દ્રિયો) અને અન્તરમાં રહેલા મને (નારાયણને) કષ્ટ આપે છે. પરંતુ સાત્ત્વિકો તો સાત્ત્વિકતા, બળ, આરોગ્ય, (ગીતા. અ. ૬માં કહેલ આત્મિક) સુખ અને રુચિ વધારનારો આહાર કરે છે. કર્તવ્ય માનીને મન પરોવીને વિધિપૂર્વક (લોકસંગ્રહાર્થે કર્મરૂપી) યજ્ઞ અનાસક્તપણે કરે છે. શારીરિક, વાચિક અને માનસિક તપ પણ ફલાસક્તિ ત્યજીને કરે છે. દેશ, કાળ, પાત્ર જોઈને અને કોઈ પણ પ્રકારના) બદલાની આશા વિના, દાન કરવું જોઈએ એમ માનીને દાન કરે છે. (૬-૩૯-૨ થી ૨૨; ગીતા. ૧૭-૨ થી ૨૨)

'પાર્થ ! ॐ, તત્, સત્ એ રીતે બ્રહ્મનો નિર્દેશ (વર્ણન) થાય છે. એના વડે જ પૂર્વે (બ્રહ્મને જાણનારા) બ્રાહ્મણો, (શબ્દબ્રહ્મરૂપી) વેદો અને (કર્મયોગરૂપી) યજ્ઞોનું નિર્માણ થયું. એટલે

---

(૩) પરમાણુ અને તેમાં રહેલી અમાપ શક્તિ આદિકાળથી હતી જ. કુદરતમાં એના નિયમો અનુસાર એ શક્તિનું દર્શન પણ થતું હતું. સૈકાઓથી વૈજ્ઞાનિકોએ (શાસ્ત્રીઓએ) તેનું શોધન કર્યું. ક્રમે ક્રમે વિકાસ થતાં તેમાંથી એટમ બૉમ્બ થયા. એનો વિકાસ થતાં ચન્દ્રની સફર તા. ૨૧-૭-૧૯૬૯ના રોજ સવારના ૩-૫૬ વાગ્યે શક્ય બની અને હવે બીજા ગ્રહોમાંયે જવાશે.

એમ અનાસક્તપણે કર્મફળનો ત્યાગ કરવાથી સૃષ્ટિધારણ થાય છે, એવો (યજ્ઞનો) નિયમ અસલથી હતો જ. (સર૦ શ્રીમુખે બોલાયેલ ભગવદ્વચન ગીતા ૪-૧ થી ૩.) શ્રીકૃષ્ણે આ નિયમનું શોધન કર્યું. સૃષ્ટિમાં નિરંતર ચાલતા સંગ્રામને નિર્લેપ રહીને ઈશ્વરપ્રીત્યર્થે લડયા કરવાથી (સાધના કરવાથી) પરમ ગતિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે, તે પોતાના જીવનથી બતાવ્યું. અને તેના નિષ્કર્ષને 'ભગવદ્ગીતા'માં પૂર્ણ વૈજ્ઞાનિક (શાસ્ત્રીય) રીતિએ મૂક્યો.

શ્રીકૃષ્ણ જેવા શ્રેષ્ઠ વૈજ્ઞાનિક, અહિંસક સંગ્રામની રીત શોધતા હતા. [જુઓ 'કર્મનિશ્ચયજ્ઞ શ્રીકૃષ્ણ', (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠપ્રદીપ', ફેબ્રુઆરી ૧૯૬૯માં ૫-૨૯-૧૭ નો સંદર્ભ તથા તે અંગેનું વિવરણ.] ક્રમે ક્રમે વિકાસ થતાં ગુરુ અર્જુનદેવ 'સાચા સત્યાગ્રહીની જેમ સત્ય માટે કુરબાન થઈ' બહાદુરોને જ મળતો હક કમાયા. અહિંસક સંગ્રામની વ્યક્તિગત રીત બતાવી. શીખ સમાજ આજે તેમને 'શહીદોના રાજા' (હુતાત્માઓમાં વરિષ્ઠ) કહે છે. ગુરુ તેગબહાદુર અને એવા નરવીરોએ એમ કર્યું. ગાંધીજીએ એ રીત સામુદાયિક રીતે વિકસાવી. વિશ્વની શ્રેષ્ઠતમ શક્તિના, એટમ કે હાઈડ્રોજન બૉમ્બ કરતાં તો ઘણી મોટીના, અલ્પતમ અંશની જયશીલતાનું દિગ્દર્શન કરાવ્યું.

અર્થાત્ શાસ્ત્રમાત્ર જીવંત છે. પુસ્તકોમાં કેદ નથી. સદાચાર, જ્ઞાન અને દર્શનથી સભર ચારિત્ર્યશીલ જીવંત વ્યક્તિઓ તેમાં સતત સંશોધન કરે છે. એવી શ્રેષ્ઠ-શિષ્ટ વ્યક્તિઓ તે સાચું પ્રમાણ છે. 'કર્મયોગશાસ્ત્ર' એ શાસ્ત્રવિધિ, વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

તો બ્રહ્મવાદીઓ યજ્ઞ, દાન, તપની બધી ક્રિયાઓ વિધિપૂર્વક ૐના ઉચ્ચારણપૂર્વક (ભગવત્પ્રીત્યર્થે) કરે છે.[૫૩] વળી મોક્ષાર્થીઓ તત્ શબ્દનો ઉચ્ચાર કરીને યજ્ઞ-દાન-તપની વિવિધ ક્રિયાઓ કરે છે. સદ્‌ભાવ અને સાધુભાવમાં (જ્યાં કંઈ ન હોય ને કંઈ નિર્માણ થાય તે સદ્‌ભાવ; જ્યાં અનાચાર હોય ત્યાં સદાચારનું નિર્માણ થાય તે સાધુભાવ, કલ્યાણમુખી ભાવ) સત્ શબ્દનો પ્રયોગ થાય છે તથા પ્રશસ્ત કર્મોમાં સત્ શબ્દનો ઉપયોગ થાય છે. યજ્ઞ-તપ-દાનમાં સ્થિરતા પણ સત્ કહેવાય છે અને તત્‌ને અર્થે થતું કર્મ પણ સત્ જ કહેવાય છે.[૫૪] અશ્રદ્ધાથી (એટલે કે સાત્ત્વિક શ્રદ્ધા વિના) યજ્ઞ, દાન, તપ કે બીજું જે કંઈ કર્યું હોય તે અસત્ કહેવાય છે. તે આ લોકમાં કે પરલોકમાં ક્યાંય કામનું નથી.' (૬-૩૯-૨ થી ૨૮; ગીતા ૧૭-૨ થી ૨૮)

અત્યાર સુધીના પ્રવચનથી અર્જુનનું માનસ તૈયાર થઈ ગયું. એમણે પ્રશ્ન કર્યો: 'હૃષીકેશ! સંન્યાસ અને ત્યાગનું રહસ્ય મને અલગ પાડીને કહો.' (૬-૪૦-૧; ગીતા ૧૮-૧)

અને ભગવાન શ્રીકૃષ્ણે સંક્ષેપમાં પુનઃ સમજાવતાં કહ્યું: 'ભરતશ્રેષ્ઠ! કામનિક કર્મોનો (સ્વાર્થી કર્મોનો) ન્યાસ (ત્યાગ) તે સંન્યાસ. અને સર્વ કર્મફલનો (તેથી લાલસામાત્રનો) ત્યાગ તે ત્યાગ. કેટલાક મનીષીઓ કહે છે કે કર્મમાત્ર દોષવાળાં છે માટે છોડવાં. જ્યારે બીજા કહે છે કે યજ્ઞ, દાન, તપ વગેરે કર્મ ન ત્યજવાં. મારો નિર્ણય એ છે કે યજ્ઞ, દાન અને તપનાં કર્મ ન છોડાય. એ તો કરવાનાં જ હોય. કારણ કે એ તો બુદ્ધિશાળીઓને પણ પવિત્ર કરનારાં છે. **તેથી મારો નિશ્ચિત અને ઉત્તમ મત એ છે કે, આ યજ્ઞ, દાન અને તપનાં કાર્યો આસક્તિ (સંગ) અને ફળ ત્યજીને કરવાં.**[૫૫] (૬-૪૦-૨ થી ૬; ગીતા ૧૮-૨ થી ૬)

'ત્યાગ પણ ત્રિવિધ છે. તેમાં જે મનુષ્ય 'આ કર્મ કરવા યોગ્ય છે' એમ સમજીને સંગ તથા ફળનો ત્યાગ કરીને નિયત કર્મ કરે છે તે સાત્ત્વિક ત્યાગ છે. એ જ રીતે કર્મનાં પણ

---

૫૩ આ કારણથી श्रीकृष्णप्रीत्यर्थे पाठे विनियोगः॥ 'શ્રીકૃષ્ણની પ્રસન્નતાને માટે (જેથી તેઓ દયા કરીને અંતરમાં જ્ઞાનદીપકરૂપે પ્રકટે. સર૦ ગીતા ૧૦-૧૦, ૧૧) પાઠનો ઉપયોગ છે' એમ બોલી પરમાત્માનું ધ્યાન કરીને ગીતાપાઠ કરવાનો વિધિ છે.

૫૪ कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ ૬-૩૯-૨૭ ગદ્ય (ગીતા ૧૭-૨૭ ગદ્ય)

તત્ અર્થાત્ 'તે' પરમાત્માને અર્પણ કરીને કરવામાં આવતું કર્મ, પ્રશસ્ત ન હોતાં, નિમ્ન-કક્ષાનું હોય તોપણ તે 'સત્' બને છે, કારણ કે એમાં 'હું' નથી. એ 'મારા' માટે નથી. એ તત્‌ને માટે છે. સંનતિનો સર્વોત્તમ ગુણ ધરાવનારા 'નમ્રતાના સાગર' માટે છે.

ધર્મવ્યાધનો માંસવિક્રયનો વેપાર, ગાંધીજી સ્વૈચ્છિક રીતે ભંગીકામ કરતા તે અને એમણે મરણોન્મુખ વાછરડાને મૃત્યુદાન દીધું તે આનાં નમૂનારૂપ દૃષ્ટાન્ત છે.

મનુષ્યે કામ કરવું એ ફરજિયાત છે. એમાં પ્રશસ્ત અને નિમ્ન બધાં કર્મ કરવાનાં છે. ઈશ્વર-પ્રીત્યર્થે થતાં એ સૌ કર્મ, એની અનુકમ્પાને કારણે 'સત્' બને છે.

૫૫ एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ ૬-૪૦-૬ (ગીતા ૧૮-૬)

અનિષ્ટ, ઇષ્ટ, અને મિશ્ર એમ ત્રણ જાતનાં ફળ છે. પરન્તુ આ ફળ અત્યાગીને (લાલસાવાળાને) મળે છે. (લાલસા વિનાના) સંન્યાસીને કદી મળતાં નથી. કર્મની સફળતામાં પાંચ કારણ હોય છે: અધિષ્ઠાન (શરીર), કર્તા (અહંકાર), વિવિધ સાધન, વિવિધ ક્રિયાઓ અને દૈવ. એટલે 'આ મેં જ કર્યું' એવો અહંકાર રાખનાર—અવિવેકી તો આંધળો છે. બાકી સંપૂર્ણ નમ્ર અને નિર્લેપ બુદ્ધિવાળો તો જગતનો સંહાર કરે તોપણ હણતો નથી અને બંધાતો નથી.'[૫૬] (૬-૪૦-૭ થી ૧૭; ગીતા ૧૮-૭ થી ૧૭)

'કર્મનાં પ્રેરક ત્રણ તત્ત્વ છે: જ્ઞાન, જ્ઞેય (જાણવા યોગ્ય) અને પરિજ્ઞાતા (જાણનાર). કર્મનાં અંગ પણ ત્રિવિધ છે: ઇન્દ્રિયો, કર્મ અને કર્તા. જ્ઞાન, કર્મ અને કર્તાના પણ ગુણભેદ પ્રમાણે ત્રણ વિભાગ છે. તેમાં, જેનાથી મનુષ્ય બધાં પ્રાણીઓમાં એક જ અવ્યય ભાવને, અને વિવિધતામાં એકતા જુએ છે તે સાત્ત્વિક જ્ઞાન છે.[૫૭]...ફળની ઇચ્છા વિનાનાં માણસો આસક્તિ

---

૫૬ (૧) यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥ ૬-૪૦-૧૭ (ગીતા ૧૮-૧૭)
= યોગવાસિષ્ઠ ૬-૫૩-૨

(૨) સરં૦ બે ઉપનિષદ્વચનો, જેમાં પ્રથમ બે ચરણ ૬-૪૦-૧૭ કખ પ્રમાણે છે અને બાકીનાં બે ચરણ નીચે મુજબ છે:

° कुर्वतोऽकुर्वतो वापि स जीवन्मुक्त उच्यते । 'વરાહોપનિષદ્' ૪-૨૫
° यः समः सर्वभूतेषु जीवितं तस्य शोभते । 'સંન્યાસોપનિષદ્' (અધ્યાત્મકઃ) ૨-૩૯

(૩) ભૂમિતિની આદર્શ લીટી કે લોલકની આદર્શ દોરીના જેવો આ કાલ્પનિક આદર્શ છે. એટલે કે આવો હણતો છતાં અહિંસક અને નિર્બંધ એવો ભગવાન, કે જે નિઃસંગ અને સર્વજ્ઞ સમાન છે, તે આદર્શ છે. વધુ માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૨૧૬, ૨૧૭.

(૪) જુઓ 'સહાયક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' ફેબ્રુઆરી ૧૯૬૮, વસંતપંચમી અંક, પૃ. ૧૫૨, ૧૫૩.

૫૭ सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥ ૬-૪-૨૦ (ગીતા ૧૮-૨૦)

વિવિધતામાં એકતા જોનાર ગાંધીજીના અમદાવાદના આશ્રમમાં જાતજાતનાં માણસો હતાં. એમાં અતિશ્રદ્ધાવાળા વૈરાગી સાધુઓ હતા અને અશ્રદ્ધાળુ સ્ત્રીઓ પણ હતી (from fanatical ascetics to skeptical family women). સ્ત્રીઓ તેમના પતિના કારણે અને બાળકો માબાપના કારણે! એનું નિરીક્ષણ કરતાં મીરાંબહેન લખે છે:—

"Because Bapu himself was all-sided, he attracted people of the most varied types. Some were drawn especially by the revolutionary and political aspect, some by the social and economic aspect, and some by the ascetic and religious aspect. But one and all were drawn by the magnetic power of Bapu's spirit, and had thrown up everything else to *join the cause.*" "*The Spirit's Pilgrimage*" by Mirabahen, p. 70-71.

અને રાગદ્વેષ વિના નિયત કર્મ કરે તે સાત્ત્વિક કહેવાય છે. જે આસક્તિ વિનાનો, અહંકાર વિનાનો (નમ્ર), ધૃતિ અને ઉત્સાહવાળો છે, તથા સફળતામાં કે નિષ્ફળતામાં નિર્વિકાર (સમબુદ્ધિ) છે તે સાત્ત્વિક કર્તા કહેવાય છે...(૬-૪૦-૧૮ થી ૨૮; ગીતા ૧૮-૧૮ થી ૨૮)

'બુદ્ધિ અને ધૃતિ પણ ત્રણ પ્રકારની છે: પ્રવૃત્તિ, નિવૃત્તિ, કાર્ય, અકાર્ય, ભય, અભય, બંધ અને મોક્ષનો (યથાર્થ) નિર્ણય કરનાર બુદ્ધિ તે સાત્ત્વિક...જે એકાગ્ર ધૃતિથી (દૃઢતાથી) મનુષ્ય, મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને (સમત્વ)યોગથી ધારણ કરે છે તે સાત્ત્વિક ધૃતિ છે...(૬-૪૦-૨૯ થી ૩૫; ગીતા ૧૮-૨૯ થી ૩૫)

'એ જ રીતે સુખ પણ ત્રણ પ્રકારનું છે. જે આરંભમાં (જ્ઞાન અને સંયમની સાધનામાં પડતા આયાસને કારણે) ઝેર જેવું લાગે છે પણ (આત્મજ્ઞાન થતાં) પરિણામે અમૃત જેવું લાગે છે, જે આત્મજ્ઞાનની પ્રસન્નતામાંથી ઉદ્‌ભવેલું છે, તે સાત્ત્વિક સુખ કહેવાય છે... પૃથ્વીમાં કે સ્વર્ગમાં એવું કશું નથી જે પ્રકૃતિના આ ત્રણ ગુણોથી મુક્ત હોય. (૬-૪૦-૨૯ થી ૪૦; ગીતા ૧૮-૨૯ થી ૪૦)

'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના પણ તેમના **સ્વભાવ અનુસાર વિભાગ કરેલા છે** (જન્મ અનુસાર નહિ), અને તે દરેક પોતાનાં (યજ્ઞરૂપ) કર્મોથી પરમાત્માનું અર્ચન કરીને સિદ્ધિ મેળવી શકે છે. (પ્રાપ્ત) સ્વધર્મ (=કર્તવ્ય કર્મ) (પ્રમાણમાં) ગુણહીન હોય તોપણ સારી રીતે આચરેલા બીજાના ધર્મ (કર્તવ્ય) કરતાં ચઢિયાતો છે, કારણ કે સ્વભાવથી પ્રાપ્ત થયેલું કર્મ (ફલત્યાગ કરીને) કરવાથી પાપ લાગતું નથી. (બીજાનું કર્તવ્ય કરવા જનારમાં ફલત્યાગની ભાવના નષ્ટ થાય છે. તેથી એ બન્ધનકારક, કલેશકારક બને છે.) સહેજે પ્રાપ્ત થયેલું કર્મ, દોષવાળું હોય તોપણ કૌન્તેય ! ન છોડવું. કારણ કર્મમાત્રમાં, અગ્નિની સાથે ધૂમાડો હોય છે એમ, દોષ હોય જ છે. એટલે (કર્મ કરવા છતાં) જે સર્વત્ર આસક્તિ વિનાનો, સંયમી અને ઇચ્છા વગરનો છે તેને (કર્મફલત્યાગરૂપી) સંન્યાસને લીધે નૈષ્કર્મ્યની (કર્મનો લેપ નહિ લાગવાની) પરમ સિદ્ધિ મળે છે. આ સિદ્ધિ મળ્યા પછી એ સિદ્ધ મનુષ્ય, જ્ઞાનની જે સર્વથી ઊંચી નિષ્ઠા, પરાકાષ્ઠા છે, તે બ્રહ્મને કેવી રીતે પામે છે, તે તું સંક્ષેપમાં સાંભળ. (૬-૪૦-૪૧ થી ૫૦; ગીતા ૧૮-૪૧ થી ૫૦)

'જે વિશુદ્ધ બુદ્ધિવાળો છે, જેણે દૃઢતાથી મનને કાબૂમાં લીધેલું છે, જેણે રાગદ્વેષોનો નાશ કરીને (જ્ઞાનેન્દ્રિયોના) શબ્દાદિ પાંચે વિષયોનો ત્યાગ કર્યો છે, જે (જનસમૂહની વચ્ચે પણ) એકાંતસેવન કરનારો છે, અલ્પાહારી છે, જેણે મન, વચન, કાયાને કાબૂમાં લીધેલાં છે, જે હંમેશાં ધ્યાનયોગપરાયણ (પરમાત્મામાં એકાગ્ર) છે, વૈરાગ્યનો આશ્રય લઈને જેણે અહંકાર, (હિંસક) બલ, દર્પ (છાક), કામ, ક્રોધ અને પરિગ્રહ(સંગ્રહ)નો[૫૮] ત્યાગ કર્યો હોય એવો નિર્મમ અને શાન્ત મનુષ્ય બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય બને છે. બ્રહ્મરૂપ થયેલો પ્રસન્ન ચિત્તવાળો મનુષ્ય ન તો શોક

---

૫૮ પરિગ્રહ=સ્વાર્થ માટે કરેલો સંગ્રહમાત્ર. પત્ની પણ પરિગ્રહ ગણાય છે અને સાથે જ પવિત્ર ગૃહસ્થાશ્રમી થવાની આજ્ઞા છે. એનો અર્થ તો એ થયો કે, ગૃહસ્થાશ્રમ ભોગાર્થે નહિ, પરન્તુ 'ધર્મથી અવિરુદ્ધ એવા કામ' અર્થાત્ ઊર્ધ્વમુખી પ્રજાતન્તુ જાળવવા માટે, અને જગતના હિતાર્થે યજ્ઞ કાર્યો કરવા માટે, લોકસંગ્રહાર્થે.

કરે છે કે ન આકાંક્ષા. એ તો ભૂતમાત્રમાં સમદર્શન[૫૯] (આત્મદર્શન, નારાયણદર્શન) કરીને મારી પરમ ભક્તિને પામે છે. મને યથાર્થ જાણીને એ મારામાં પ્રવેશે છે. મારું શરણું લેવાથી બધાં કર્મો કરવા છતાં, મારી કૃપાથી શાશ્વત, અભય પદને પામે છે. તેથી મનથી સર્વ કર્મો (અને તેનાં ફળ) મને અર્પણ કરીને બુદ્ધિયોગનો (વિવેકબુદ્ધિનો) આશ્રય કરીને સતત મારા પરાયણ થા. એમ કરીશ તો તું મારી કૃપાથી સર્વ સંકટો તરી જઈશ. પણ અહંકારથી (બીજાનું શ્રેષ્ઠ દેખાતું કર્તવ્ય કરવા જઈશ અને) મારું કહ્યું નહિ સાંભળે તો નાશ પામીશ. તું અહંકારથી એમ માનતો હોઈશ કે, 'હું નહિ લડું' તો તારો એ નિર્ણય મિથ્યા થશે, અને તારી (લડાયક) પ્રકૃતિ (=સ્વભાવ) તને તે તરફ બલાત્કારે જોડશે. જે તું મોહને લીધે અત્યારે નથી કરવા ઇચ્છતો તે તું (ક્ષત્રિયનાં પૂર્વોક્ત) સ્વભાવજન્ય સ્વકર્મોથી (રાગદ્વેષમાં, આસક્તિમાં) બંધાયેલો હોઈને પરવશપણે કરીશ. ઈશ્વર સર્વભૂતોના હૃદયમાં રહીને તેમને માયાથી નચાવે છે. માટે ભારત! સર્વ ભાવથી (પૂર્ણપણે) તેને જ શરણે જા. તેની કૃપાથી તને પરમ શક્તિવાળું શાશ્વત સ્થાન મળશે. આ તને છૂપામાં છૂપું જ્ઞાન કહ્યું. **હવે તેને અથથી ઇતિ સુધી પૂરેપૂરું વિચારીને તને યોગ્ય લાગે એમ કર.**[૬૦] (૬-૪૦-૫૧ થી ૬૩; ગીતા ૧૮-૫૧ થી ૬૩)

'ફરીથી તને અત્યંત ગુહ્ય અને હિતકારી વાત કહું છું તે સાંભળ: મારામાં મન પરોવ. મારો ભક્ત થા. મારે માટે યજ્ઞ કર. (સર્વ ભૂતમાં રહેલા) મને નમ. તું મને જ પામીશ. એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. તું મને પ્રિય છે. બધા ધર્મોનો ત્યાગ કરીને એકલા મારા શરણે આવ. હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ. તું શોક ન કર.[૬૧] (૬-૪૦-૬૪ થી ૬૬; ગીતા ૧૮-૬૪ થી ૬૬).

---

૫૯ °पण्डिताः समदर्शिनः। ગીતા ૫-૧૮ ધ. ગીતાનો આ આખો શ્લોક અલ્પ પાઠાંતરે ૧૨-૨૩૧-૧૯માં છે. એના ઉપર ટીકાકાર વાદિરાજતીર્થ લખે છે: समदर्शिनः समं नारायणं पश्यतीति समदर्शिनः। વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન,' બીજી આવૃત્તિ, પૃ. ૧૭૦ ઉપર નોંધ ૧૩૨.

૬૦ इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
**विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥** ૬-૪૦-૬૩ (ગીતા ૧૮-૬૩)

यथेच्छसि तथा कुरु । એ સામાન્ય કહેવત જેવું વચન છે. જેનાથી મોટી કટોકટી ભાગ્યે જ હોય, અને જ્યાં ધાંધલમાં ગમે તે નિર્ણય અચૂક કરવો જ પડે એવા સંયોગમાં, અર્જુનને સાંખ્યશાસ્ત્રી, બુદ્ધિયોગી, કર્મયોગી, સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત, તત્ત્વજ્ઞાની, ભક્ત, નિર્મમ, સમદર્શી, બ્રહ્મનિષ્ઠ અને ત્યાગી ઇત્યાદિ થવાની જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી આજ્ઞા કર્યા પછી પણ, એ આજ્ઞાઓને અંધશ્રદ્ધાથી નહિ પરન્તુ વિવેકબુદ્ધિથી સ્વીકારવા ભગવાને સૂચવ્યું. અંધશ્રદ્ધાથી સ્વીકારનાર એકાંગી થઈને બધીય આજ્ઞાઓનું તત્ત્વ—અનાસક્તિ પ્રાપ્ત કરી શકે નહિ. વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૨૭૯-૨૮૩.

૬૧ (૧) मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥ ૬-૪૦-૬૫ (ગીતા ૧૮-૬૫)
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ૬-૪૦-૬૬ (ગીતા ૧૮-૬૬)

આ (ગીતા) જ્ઞાન જે (સત્યનો) ભક્ત નથી, જેણે ઈશ્વરપ્રાપ્તિ માટે તપ નથી કર્યું, જેને સાંભળવાની ઇચ્છા નથી અને જે મારી અસૂયા કરે છે તેને ન કહેવું, પરન્તુ આ પરમ મર્મનું જ્ઞાન મારા ભક્તોમાં સ્થાપન કરનાર મારી ભક્તિ કરવાને કારણે નિઃસંશય મને જ પામશે. આવો મારા ભક્તોમાં જ્ઞાનવિતરણ કરનાર પુરુષ મને સર્વકાળે સૌથી વધુ વહાલો છે. વળી જે આ ધર્મસંવાદનું અધ્યયન કરશે તેણે જ્ઞાનયજ્ઞથી મારું યજન કર્યું છે એવો મારો અભિપ્રાય છે. જે (નારાયણસખા) નર શ્રદ્ધાથી અને અસૂયા વિના આ સંવાદને સાંભળશે તે પણ (કર્મબન્ધનમાંથી) છૂટીને પવિત્ર (પર-)લોકોને પામશે.[૬૨] પાર્થ! તેં એકાગ્ર ચિત્તે મારું કહેવું સાંભળ્યું? ધનંજય! અજ્ઞાનને લીધે પેદા થયેલો તારો મોહ નાશ પામ્યો?' (૬-૪૦-૬૭ થી ૭૨; ગીતા ૧૮-૬૭ થી ૭૨)

પ્રબુદ્ધ થયેલા અર્જુન બોલ્યા: અચ્યુત! આપની કૃપાથી મોહ ગયો. (આત્મ-)સ્મૃતિ મળી (મૂર્છા ટળી. ભાન આવ્યું). હું નિઃસંદેહ થઈને (તમારા હુકમ પ્રમાણે વર્તવા) ઊભો છું. હું તમારી આજ્ઞા પાળીશ.'[૬૩] (૬-૪૦-૭૩; ગીતા ૧૮-૭૩)

આ જ્ઞાનસંવાદને (હૃદયમાં) સાંભળીને ધૃતરાષ્ટ્રને સંભળાવતા સંજયે, હવે એ પૂર્ણ થતાં સમારોપ કર્યો. એણે ધૃતરાષ્ટ્રને કહ્યું: 'રાજન્! યોગેશ્વર વાસુદેવ અને મહાત્મા પાર્થનો રોમહર્ષણ (અન્તરોદધિમંથનરૂપ) સંવાદ મેં સાંભળ્યો. વેદવ્યાસની કૃપાથી મેં આ પરમ રહસ્યરૂપ યોગને સાક્ષાત્ યોગેશ્વર કૃષ્ણના શ્રીમુખે સાંભળ્યો. આ અદ્દ્ભુત સંવાદ અને હરિના

---

અનાસક્તિ શરૂથી જ પ્રાપ્ત કરવાનું કેટલું બધું દુષ્કર છે? એ લક્ષ્યમાં રાખીને **यथेच्छसि तथा कुरु।** કહ્યા પછી પણ શ્રીભગવાને આ છેલ્લી પ્રપત્તિની સૂચના આપી જેનાથી માણસનો રસ્તો ભગવત્કૃપા હોય તો સરળ જ છે, તેની એને શ્રદ્ધા રહે.

૧૮-૬૬કખ सर्वधर्मान्परित्यज्य° એ ગીતામન્ત્રની શક્તિ અને ૧૮-૬૬ગઘ अहं त्वा सर्वपापेभ्यो° એ ગીતામન્ત્રની કૂંચી (કીલક) ગણાય છે.

(2) cf. "But this kind of **Sadhana** might take thousands of years," it was put to him. He (i.e. Gandhiji) did not agree. "It may take some a thousand years, and it may take some others only one year. Don't think that in spite of my fifty years' practice if I am still imperfect, it must take you many more years. No, there is no rule of three here. You may succeed quicker than I."

"*The Last Phase*", Vol. II, p. 800. Quoted from "Harijan", July 21, 1940, p. 210.

૬૨ ગીતાના સર્વોત્તમ જ્ઞાનનો જેઓ દુરુપયોગ કરે તેવાઓ માટે અહીં નિષેધ છે. જ્યારે જ્ઞાન અને નિષ્કામ કર્મના નિર્મળ સમુચ્ચયરૂપ થયેલ મહાત્મા, અને એવા મહાત્મા પુરુષ પાસેથી ઋજુ હૃદય-નિષ્ઠાથી ગ્રહણ કરનાર વક્તા-શ્રોતા માટે આ કોલ છે, પોપટવૃત્તિ માટે નથી.

૬૩ ગીતા. અ. ૧ થી ૨-૮ સુધીમાં નિર્દિષ્ટ અર્જુનની મનોવૃત્તિ, અને ૧૮-૭૩ની મનોવૃત્તિ વચ્ચે અત્યંત પાતળી ભેદરેખા છે. એકદ્વારા 'ધર્મ' જુએ છે, મોહથી, આસક્તિથી; બીજામાં 'ધર્મ' જુએ છે, જ્ઞાનથી.

અદ્ભુત રૂપનું વારંવાર સ્મરણ કરી કરીને મને વારંવાર હર્ષ થાય છે.' અને પછી (અંધવૃત્તિ, અકૃતાત્મા) ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને પોતાનો અભિપ્રાય આપ્યો: 'જ્યાં યોગેશ્વર (અન્તરના સંગ્રામની વ્યૂહરચનાના નિષ્ણાત, સરસેનાપતિના પણ નેતા, ચૈતન્યમૂર્તિ જ્ઞાન-વિજ્ઞાન) શ્રીકૃષ્ણ, અને ધનુર્ધર (એમનો આજ્ઞાંકિત દૈવી વૃત્તિઓનો સેનાપતિ, સંશયરહિત દૃઢ નિર્ણયવાળું કર્તવ્ય-પરાયણ માનવચિત્ત) પાર્થ છે, ત્યાં શ્રી, વિજય, ઉન્નતિ અને અચલ નીતિ છે એવો મારો (નિશ્ચિત) મત છે.' (૬-૪૦-૭૪ થી ૭૮; ગીતા ૧૮-૭૪ થી ૭૮)

* * *

શ્રીમદ્ ભગવદ્ગીતાનો મૂળ મન્ત્ર, ભક્તિભર્યા હૃદયથી કર્મફલાસક્તિનો ત્યાગ (કર્મયોગ વિજ્ઞાન), ચોથા અધ્યાય સુધીમાં અશેષ કહેવાઈ ગયો છે. પણ માનવ ચિત્તનાં વિવિધ પાસાંઓને અનુલક્ષીને એના દૈવી પ્રણેતા વેદવ્યાસે, ફરી ફરીને, જુદે જુદે રૂપે, જુદા જુદા તત્ત્વસંપ્રદાયોની ભાષામાં અભિવ્યક્ત કર્યો છે. એકની એક વાતને પુનઃ પુનઃ ઘૂંટી છે. વિવેચકો 'પુનરુક્તિ' દોષ કહીને વર્ણવે એટલી લસોટી છે. હોમિયોપેથીની દવાઓ જેમ સૂક્ષ્મતર શક્તિ(Potency)ની બને એમ એમની તાકાત વધતી જાય એવી રીતે એને લસોટી છે, અને આક્રાન્ત માનવ જાતિને વિજયી થવા માટે ભેટ આપી છે.

* * *

આ વિભાગમાં કવીન્દ્ર વેદવ્યાસે ભૌતિક અને આત્મિક બંને વિગ્રહમાં (અલગ અલગ અને સમુચ્ચયમાં) તેના પ્રમુખ મોવડીના હૃદયમાં પ્રવર્તતા ભાવ અદ્ભુત રીતે વ્યક્ત કર્યા છે. એમાં આ કરુણાર્દ્ર ઋષિ લોહિયાળ હિંસક યુદ્ધોને 'વ્યઙ્ગ-વિકૃતિ' કહે છે,[૬૪] અને સાથે દર્શાવે છે કે, ક્રૂર યુદ્ધોમાં પણ સંપીલા અને 'અનાસક્ત' થોડાક શૂરવીરો મહાસૈન્યોને હંફાવી દે છે; પણ ત્યાં તો 'જય અનિશ્ચિત છે. દૈવને આધારે છે.' यतो धर्मस्ततो जयः ।નો સિદ્ધાંત ક્રૂરતા અને છેતરપિંડીભર્યા હિંસક સંગ્રામોમાં પૂરેપૂરો સચવાઈ શકતો નથી.

ઘટનાઓની વિલક્ષણતા કેવી છે! સત્યને વરેલા અજાતશત્રુ ધર્મપ્રાણ મહારાજા યુધિષ્ઠિરને નસીબે આવો મહાસંગ્રામ ખેલવાનું લખાયું હતું! પોતાની સાત અક્ષૌહિણી સેનાના રાજાધિરાજ તરીકે એ મોખરે આવ્યા, પણ સામે શું જોયું? અગિયાર અક્ષૌહિણી સેના. એનો 'અભેદ્ય' વ્યૂહ, અને એટલા જ અજેય સરસેનાપતિ ભીષ્મ! એમને **વિષાદ** થયો. ગભરાટમાં અર્જુનની સલાહ લીધી. ધીટ અર્જુને વિનમ્રતા સહિતનાં સત્ય, દયા, ધર્મ અને ઉદ્યોગ ગણાવ્યાં. એ સર્વોત્તમ વિનમ્રતાનો ગુણ ભગવાન શ્રીકૃષ્ણમાં છે. તે આપણા પક્ષે છે માટે આપણો વિજય થશે એમ ખાતરી આપી. એ કરુણાળુ મહારાજાને આ શબ્દોથી સાંત્વન મળ્યું પણ હશે.

---

૬૪ સર૦ મહાત્મા ગાંધીજીનું નિધન થતાં બીજા વિશ્વવિગ્રહના નામી અમેરિકી સેનાપતિ જનરલ ડગ્લાસ મેકઆર્થરે આપેલી અંજલિ :

**"In the evolution of civilization if it is to survive, all men cannot fail eventually to adopt his (*i.e.* Gandhiji's) belief that the process of mass application of force to resolve contentious issues is fundamentally not only wrong but contains within itself the germs of self-destruction." Vide Mirabahen's *The Spirit's Pilgrimage*, p. 295; and Pyarelal's '*The Last Phase*', Vol. II, p. 786.**

આ ' ઇતિહાસ 'નો હાલ ' ઇતિ વૃત્ત 'ના અર્થમાં વપરાતો ઇતિહાસ હતો.

હવે ક્રાન્તદ્રષ્ટા ' ઇતિહાસકાર ' વ્યાસે સનાતન ઇતિહાસનું દર્શન કર્યું. કટોકટીની ધાર ઉપર ઊભેલા, આસુરી સંપત્તિની મોહિનીથી અસ્વસ્થ અને મૂર્ચ્છિત બનેલા દૈવી સંપત્તિના સેનાની અર્જુનને સ્વયં ભગવાન **હૃષીકેશે** (ઇન્દ્રિયોના સ્વામીએ), મૂર્ચ્છામાંથી જગાડીને **ગુડાકેશ** (નિદ્રાજિત) બનાવ્યા તેનો આ ઇતિહાસ છે. ભગવાન તો સમદર્શી છે. એટલે એમણે આ વિજ્ઞાન, (મૂઢ, આસુરી જીવોના હૃદયમાં રહેલી દૈવી સંપદાના પ્રતીક શીલવાન દૃષ્ટિમાન) સંજયદ્વારા (મૂઢ જીવોના પ્રતીક) અંધ ધૃતરાષ્ટ્રને પણ આપ્યું છે.

ધૃતરાષ્ટ્ર એને ન ગ્રહી શક્યો તેમાં પણ શ્રીભગવાનની જગત પ્રત્યેની કરુણા વ્યક્ત થાય છે.

અન્યથા રજૂ કરતાં ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર (અથવા તપઃક્ષેત્ર) એવા શરીરમાં રહેલા ઈશ્વર અને જીવ, શ્રીકૃષ્ણ અને અર્જુન, સત્ત્વગુણથી સ્વચ્છ વૃત્તિ અને રજસ્-તમસ્થી મોહિત વૃત્તિઓનો સંગ્રામની અણીના વખતે થયેલો, અભય, અવૈર અને અનાસક્તિભર્યો અદ્ભુત, મનોહર, મનોમય સંવાદ વેદવ્યાસે કહ્યો છે. વસ્તુતઃ મહાભારતમાં આ ગીતાજ્ઞાનની સમજૂતી આપવાના આશયથી અન્યત્ર રજૂ થયેલ ' શ્રીકૃષ્ણાર્જુનસંવાદ, ' ' અનુગીતા 'માં બે સ્થળે આવી રૂપકાત્મક ભાષાનો વિનિયોગ થયેલો છે. ' અનુગીતા 'માં આવતી ' બ્રાહ્મણગીતા 'ના અંતમાં ' બ્રાહ્મણ-બ્રાહ્મણી-સંવાદ ' અંગે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે :

मनो मे ब्राह्मणं विद्धि बुद्धिं मे विद्धि ब्राह्मणीम् ॥ ૧૪-૩૪-૧૨.

' મારા મનને બ્રાહ્મણ જાણ અને મારી બુદ્ધિને બ્રાહ્મણી જાણ. '

એ જ ' અનુગીતા 'માં આગળ ચાલતાં ' ગુરુશિષ્યસંવાદ 'ના અંતે શ્રીકૃષ્ણ કહે છે :

अहं गुरुर्महाबाहो मनः शिष्यं च विद्धि मे ।
त्वत्प्रीत्या गुह्यमेतच्च कथितं मे धनंजय ॥ ૧૪-૫૦-૪૫.

' મહાબાહો ! હું ગુરુ છું, અને શિષ્ય મારું મન છે એમ સમજ. તારા ઉપરની પ્રીતિને લીધે જ મેં આ ગુહ્ય વાત તને કહી છે. '

* * *

આત્મિક યુદ્ધ એ વિશિષ્ટ અને વિચિત્ર યુદ્ધ છે. અનિર્વચનીય. એમાં કોઈને મારવાનો નથી, પણ ' કામ 'નો કે ' કામ-ક્રોધ 'નો ' ઘાત ' કરવાનો છે. તે પણ નિર્વૈર અને નિર્ભીક રીતે. એમાં આજે ' કામ 'ને માર્યો, હવે કાલે ' ક્રોધ 'ને મારીશ એમ વિચારવાનું નથી. એવી આકાંક્ષા કરતાં તો ' ધનુર્ધર ' આસુરી સંપત્તિના પલ્લામાં પડે. ' ધનુર્ધર ' તો કેવળ લોકસંગ્રહાર્થે ફરજ બજાવી જાણે છે, યજ્ઞદ્વારા તત્ પરમાત્માનું યજન કરે છે. એના અંતઃકરણ-રૂપી દૃઢ ધનુષ્યમાંથી તો (વ્યઙ્ગ નહિ પણ) અસઙ્ગરૂપી દૃઢ અસ્ત્રો છૂટે છે, અને ભ્રમનિરસન થતાં, ઈશ્વરદર્શન થતાં, શત્રુનાશ થાય છે.

આ આત્મિક યુદ્ધને પરિણામે ' ધનુર્ધર 'ની પાર્થિવ ક્રિયાઓમાં પણ એ તુમુલ સંઘર્ષનું

પ્રતિબિંબ પડે છે.[૬૫] તેના સર્વશ્રેષ્ઠ આધુનિક ઉદાહરણની પ્રભાની અલ્પતમ ઝાંખી કરવી હોય તો, અસ્પૃશ્યતાની સર્વભક્ષી કાળઝાળ દાનવસેનાની સામે સને ૧૯૩૩માં, અને એ જ દાનવ-સેનાના બીજા વૈરભર્યા વિકરાળ રૂપ કોમી હુલ્લડોની સામે કેવળ એકલે હાથે ઝઝૂમતા ગાંધીજીના ચરિત્રમાં થાય. (એનું ખરું દર્શન કોણે કર્યું હોય? એમના સમકાલીનોમાં તો કોઈએ જ નહિ. નહિ તો એ 'મહાત્મા' 'હું સાથી વિહોણો છું', 'મારો અવાજ એ કરોડોનો અવાજ નથી', એવું શા માટે બોલે?)

અને છતાં આવો નિરંતર ચાલતો આંતરિક સંઘર્ષ અનિવાર્યપણે અહિંસક હોય. કોઈનાય પ્રત્યે, કોઈ પ્રાણી-પદાર્થ તો ખરો જ, પણ વિકારો પ્રત્યેય જો વૈરીભાવ આવે અથવા એમનાથી ડરવાનો ભાવ આવે તો, તે આત્મઘાતી નીવડે. એટલે આ રણસંગ્રામમાં કેવળ સત્યોપાસના, અને ઉપાસના સિદ્ધ કરવા અહિંસાની જરૂર પડે છે. ઉપાસના કરતાં જરૂરી દક્ષતા આવી મળે છે. સ્થૂલ આંખે 'અહિંસા' ન પળાય એવા સંયોગો પ્રાપ્ત થાય તોપણ હૃદય કરુણાળુ અને પ્રેમાળ ભાવોથી છલકતું હોય છે.[૬૬] આવો શિષ્ટ પુરુષ કદી આત્મઘાતી નથી બનતો. ફરજ બજાવવાથી, નિયત કર્મ કરવાથી, વિમુખ બનતો નથી. એનો ધ્યાનમન્ત્ર છે:

---

૬૫ આંતરિક મહાસંગ્રામ અને તે સાથે અહિંસાનું ગીતાની રીતે જ બોધ કરતાં જૈન આગમવચન સર૦

**इयेण चेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ, जुद्धारिहं खलु दुल्लहं ।**

'ભાઈ, તારા આંતરિક શત્રુઓ (કષાયો) સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે લડવાથી શું લાભ છે? આંતરિક યુદ્ધ માટે આ માનવદેહ જેવું શ્રેષ્ઠ સાધન મળવું દુર્લભ છે.'

('આચારાંગ' ૫-૩-૪)

**तुमंसि नाम सच्चेव जे हंतव्वं ति मन्नसि, तुमंसि नाम सच्चेव जं अज्जावेयव्वं ति मन्नसि, तुमंसि नाम सच्चेव जं परियावेयव्वं ति मन्नसि, एवं जं परिघित्तव्वं ति मन्नसि, जं उद्दवेयव्वं ति मन्नसि, अंजू चेय पडिबुद्धजीवी तम्हा न हंता न वि घायए, अणुसंवेयणमप्पाणेणं जं हंतव्वं नाभिपत्थए ।**

'(હે સત્પુરુષ!) જેને તું હણવાનો વિચાર કરે છે તે તો તું પોતે જ છે. જેને તું આજ્ઞા કરવા માગે છે તે પણ તું જ છે. જેને તું દુઃખી કરવા ઇચ્છે છે તે પણ તું જ છે. જેને તું પકડવા ધારે છે તે પણ તું જ છે. જેને તું મારી નાખવા ઇચ્છે છે તે પણ તું જ છે. આમ સમજીને જ અપ્રમત્ત ઋજુ પુરુષ બધા સાથે મૈત્રી રાખીને વર્તે છે, અને આત્મોપમ્યથી કોઈને મારતો નથી, હણતો નથી, હણાવતો નથી.' 'આચારાંગ' ૫-૫-૫. (સંપાદક: વસન્તીલાલ નલવાયા, જૈન સાહિત્ય સમિતિ, ઉજ્જૈન, સં. ૨૦૦૭).

૬૬ (૧) પહેલા વિશ્વવિગ્રહ માટે લશ્કરી ભરતી માટે ફરતા ગાંધીજીને 'હિંદુ'ના પ્રતિનિધિ વ્યાસરાવે તા. ૨૫-૪-૧૯૧૮ના રોજ પૂછ્યું: 'અહિંસાવ્રતવાળા તમે કેમ લશ્કરી ભરતીને ઉત્તેજન આપી શકો?...' તેને સમજાવતાં ગાંધીજીએ કહ્યું: 'માણસમાં આવેશો ભરેલા છે તે હું માન્ય રાખું છું. માણસ મરતાં શીખે તે પહેલાં એનામાં મારવાની શક્તિ હોવી જોઈએ. કોઈ મારી સલાહ પૂછવા આવે કે લડવું એ સારું છે કે નહિ તો હું એને સ્પષ્ટ કહું કે ના, સારું નથી; પણ કોઈ ચોખ્ખી પ્રતીતિ સાથે આવે કે લડવું એ તો સારું જ છે પણ અમુક પ્રસંગે લડવું એ સારું કે નહિ, એ વિશે મને શંકા છે, તો હું એને સલાહ આપું કે આજની પળ (વિશ્વવિગ્રહની) લડાઈમાં ભાગ લેવાની છે.' 'મહાદેવભાઈની ડાયરી', પુસ્તક ૪, પૃ. ૮૬.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ॥ ગીતા ૮-૭

'માટે સર્વ કાળે મારું અનુસ્મરણ ( નિરંતર સ્મરણ ) કર અને યુદ્ધ કર.'

આઈન્સ્ટાઈન કહેતા કે મારો સાપેક્ષતાવાદનો સિદ્ધાંત ફક્ત બાર જ માણસો સમજી શકયા છે. જ્યારે એ સિદ્ધાંતની સમજૂતી આપનારાં નવસો કરતાં પણ વધુ પુસ્તકો (૧૯૫૫ સુધીમાં) લખાઈ ચૂકયાં હતાં ![૬૭]

સાપેક્ષતાવાદના સિદ્ધાંત કરતાં ઓછા નહિ, કદાચ વધુ જીવનસ્પર્શી એવા આ ધ્યાન-મંત્રનું રહસ્ય અધ્યાત્મવિદ્યાના આચાર્યો વેદવ્યાસ, શ્રીકૃષ્ણ કે ગાંધીજી જેવી આચારપૂત વૈજ્ઞાનિક ચોકસાઇથી જ યથાર્થ સમજી શકાય.

* * *

જગતમાં કેવળ અસત્ કદી ટકી શકતું નથી. અન્યાયી દુર્યોધનના પક્ષને ભીષ્મ, દ્રોણ, સંજય અને કૃપ જેવા સજ્જનોની, ઓછાવત્તા અંશે પ્રામાણિકપણે સત્‌ના ઉપાસકોની સહાય જોઈએ જ. તેના વિના ટકી ન શકે. એકલું પાપ (અસત્) શી રીતે ટકે ? તેથી ધર્મશોધન થતું રહે, ધર્મ મૃત રૂઢિઓથી જીર્ણ ન બને તે અગત્યનું છે. કૌરવ-પાંડવ બન્નેની સેનાઓ આર્ય સત્પુરુષોથી રક્ષાએલી હતી उमे सत्पुरुषार्यगुप्ते ॥ ૬-૨૦-૪ ધ.

આ સિદ્ધાંત હૃદયમાં ઉતારવા પોથીપંડિતો (શુષ્ક 'સ્કૉલરો') નહિ પરન્તુ વેદવ્યાસ કે ગાંધીજી જેવા દ્રષ્ટાઓ જોઈએ, જેમનું આચરણ શુદ્ધ વિચારને અનુરૂપ હોય અને આચાર ઉપદેશ કરતાં ઉત્તમ હોય અથવા એમનો આચાર જ શ્રેષ્ઠ ઉપદેશ હોય.[૬૮] કેવળ આર્થિક અને કામનિક (કહેવાતાં 'સુખો'ની) પ્રગતિ અને તેને અંગે થતા સંઘર્ષોના આસકત પુરસ્કર્તા નહિ,

---

(૨) સર૦ ગુરુ ગોવિંદસિંહનો એક પ્રસંગ : અનેક લોહિયાળ યુદ્ધો દરમિયાન એક વખત કન્હૈયા નામના માણસને ગુરુ આગળ રજૂ કરવામાં આવ્યો. શીખોએ ફરિયાદ કરી કે લડાઈમાં એ બન્ને પક્ષને પાણી પાતો હતો. એ લોકોની માગણી હતી કે વિરોધી દળના મુસ્લિમો અને રાજપુતોની ખાતર-બરદાસ્ત કરવા માટે એને શિક્ષા કરવી. કન્હૈયાએ પોતાના બચાવમાં ગુરુના ઉપદેશવચનને ટાંકયું કે, 'પૂર્વગ્રહ રાખ્યા વિના જરૂરિયાતવાળા સૌની સેવા કરવી જોઈએ.' ગુરુ ગોવિંદ કન્હૈયાને ભેટી પડયા અને બોલ્યા : 'તું ગુરુઓના ઉપદેશનું હાર્દ બરાબર સમજ્યો છે. You have truely understood the word of the Gurus.' આ કન્હૈયાના અનુયાયીઓ 'સેવાપંથી' કહેવાય છે. તે લોકો કંઈ પણ દાનદક્ષિણા કે ભેટ લીધા સિવાય માનવજાતની સેવાના વ્રતધારી હોય છે.

*Vide Homage to Guru Govind Singh*, by Khushumant Singh and Suneet Veersingh (Bombay, 1966), p. 62.

૬૭ Einstein said that there were only twelve people living who understood his Theory of Relativity, although more than nine hundred books have been written attempting to explain it.

*Vide Little-known Facts About Well-known People* : by Dale Carnegie (1955), p. 10.

૬૮ (૧) સર૦ વેદવ્યાસે બોધ્ય ઋષિના મુખમાં મૂકેલ શ્લોક

उपदेशेन वर्तामि नानुशास्मीह कंचन ।
लक्षणं तस्य वक्ष्येऽहं तत्स्वयं प्रविमृश्यताम् ॥ ૧૨-૧૭૧-૬૦.

પરન્તુ સાર્વત્રિક—સર્વની ભૌતિક અને આત્મિક—ઉન્નતિ, અને તેને અંગે આવી પડતી ફરજો તથા સંઘર્ષોના અનાસક્ત, અલિપ્ત, કર્મયોગી, પ્રેમાર્દ્ર ધર્મસંસ્થાપક જોઈએ, જે નીચે પડેલાને ઉઠાવવા માટે અવતરે (નીચે ઊતરે) અને દૃઢ વિશ્વાસથી હૈયાધારણ આપે :

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ६-४०-६६ (ગીતા ૧૮-૬૬)

કરુણાસાગર શ્રીકૃષ્ણ કર્મયોગનું પૂર્ણ આચરણ કરનાર સર્વાત્મા, સર્વનાં સુખદુઃખ ઝીલનાર, સર્વોન્નતિ ચાહનાર છે.

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः । ६-૩૨-૨૦ કખ (ગીતા ૧૦-૨૦ ક ખ)

એ એમનો વિભૂતિયોગ છે. પુરુષોત્તમ (અને અન્તર્યામી) ભગવાન શ્રીકૃષ્ણ, અન્તર્યુદ્ધના સેનાની (ઋજુ માનવ ચિત્ત) અર્જુનના નેતા છે. એના હૃદયમાં ધર્મસંસ્થાપન કરીને દુષ્ટદમન કરનારા છે. અન્તર્યામીના નેતૃત્વ નીચે, કેવળ એનું કરણ બનીને, નિમિત્ત બનીને, દ્રોણ, ભીષ્મ, જયદ્રથ અને કર્ણ જેવા ભડવીરોને (અહીં આસુરી પક્ષે રહેલી 'ધર્મ'ના રૂપમાં રહેલી લિપ્ત સંપદાઓ અને કેવળ અધાર્મિક સંપદાઓનાં પ્રતીકો)[૬૯] હણીને, અર્જુન વિજયી બનશે એવો એનો કોલ છે.

* * *

---

'હું ઉપદેશ પ્રમાણે આચરણ કરું છું. કોઈને ઉપદેશ કરતો નથી. (પણ) તને હું ઉપદેશનું લક્ષણ કહું છું તેનો તું જાતે જ વિચાર કરજે.'

(૨) સર૰ ગાંધી સેવાસંઘના પ્રથમ સંમેલનમાં ગાંધીજીએ સત્યોપાસના સૌથી પ્રથમ છે એમ ગણાવ્યું. તેનો પ્રચાર **કેવળ** તેને આચરીને જ થઇ શકે એમ જણાવીને કહ્યું: "How am I to convince the world merely through books that my entire constructive program is rooted in, and based on, the practice of non-violence ? Only my life can demonstrate it." પ્રવચન સાવલીમાં ૨૮-૩-૧૯૩૬ના રોજ હતું.

*Vide The Spirit's Pilgrimage* by Mirabahen, (Ist ed. 1960), p. 201.

(૩) સર૰ 'આમાર જીવન એઈ આમાર બાની' (મારું જીવન એ મારો સંદેશ)—ગાંધીજી. જુઓ 'મંગલપ્રભાત' (હિન્દી માસિક, ૧ ફેબ્રુઆરી, ૧૯૫૪). નોઆખાલીમાં શાન્તિ સ્થાપવા માટે લોકસેવાની સરળતા અર્થે ગાંધીજી બંગાળી ભાષા શીખતા હતા તે દરમિયાન આ સંદેશ એમણે આપેલો.

(૪) સર૰ ગાંધીજીના મૃત્યુ પછી જાણીતા અંગ્રેજી સાપ્તાહિક *Illustrated Weekly* (૮-૨-૧૯૪૮)એ તેમના ફોટોગ્રાફોની હારમાળા છાપીને લખ્યું હતું : 'Many preach better than what they practise, but he practised better that what he preached.'

૬૯ સર૰ મહાયુદ્ધ પછી ઉદ્વિગ્ન ધર્મરાજાને સાંત્વન આપતાં શ્રીકૃષ્ણે 'કામે ગાયેલી ગાથાઓ'—'કામગીતા' કહી હતી તે. એમાં મૂર્તિમંત 'કામ' કહે છે : 'હું નિર્મમત્વ સિવાય કશાથી જિતાતો નથી...જે સત્યપરાક્રમી મારો ધૃતિથી નાશ કરવાનો પ્રયત્ન કરે છે, તેના એ (કેવળ ધૃતિથી કામનાને જીતવાના) ભાવ વડે જ એનામાં હું પ્રકટ થાઉં છું, અને તે માણસ જાણીયે શકતો નથી કે કામ પ્રકટ થયો છે! જે તીક્ષ્ણવ્રતવાળો મને તપથી હણવા માગે છે તેના તપમાં હું (ઐશ્વર્ય વગેરે ઇચ્છાઓ રૂપે) પ્રકટું છું. જે પંડિત મોક્ષનો આશ્રય કરીને મારો નાશ કરવાનો પ્રયત્ન કરે છે, એવા મોક્ષપ્રિય મનુષ્ય આગળ હું નૃત્ય અને હાસ્ય કરું છું. હું એકલો જ સર્વ પ્રાણીઓમાં અવધ્ય અને સનાતન છું.' (૧૪-૧૩-૧૧ થી ૧૭)

અસાધારણ ઐશ્વર્ય, સિદ્ધિઓ અને શક્તિઓ છતાં, નમ્રતાના સમુદ્ર બની રહેલા પુરુષોત્તમ (માનવોત્તમ) શ્રીકૃષ્ણના નેતૃત્વ નીચે રહેલ એમના તાલીમબદ્ધ શિષ્ય અને સખા અર્જુન હવે (સ્થૂળ) યુદ્ધના મેદાન ઉપર શત્રુઓ ઉપર આક્રમણ કરવા રાજા યુધિષ્ઠિરના આદેશની રાહ જોતા તૈયાર ઊભા રહ્યા.

*　　　*　　　*

મહાભારતની અનેક લાક્ષણિકતાઓમાં, તે ભગવદ્‌ગીતાનું સમર્થ ભાષ્ય છે, એ સૌથી વધુ મહત્ત્વની લાક્ષણિકતા છે. મહાભારતનો સાદ્યંત અભ્યાસ કરવાથી આ બીના તરત જ જણાઈ આવે છે. એટલે તો કહેવાયું છે કે:

भारतामृतसर्वस्वगीताया: मथितस्य च ।
सारमुद्धृत्य कृष्णेन अर्जुनस्य मुखे हुतम् ॥ 'ભીષ્મપર્વ', ક્ષેપક ૧૧૪.

અને ગીતા પોતે જ સર્વ ઉપનિષદોનું દોહન છે. પૂ. ગાંધીજી કહે છે એમ, ઈશોપનિષદ્‌નો કર્મફળત્યાગનો વિચાર સમગ્ર હિંદુ ધર્મનો અને તેનાં શાસ્ત્રોનો સાર છે, અને ભગવદ્‌ગીતા આ વિચારનું, ઈશોપનિષદ્‌ના પહેલા મન્ત્રનું, ભાષ્ય છે. (Vide 'The Golden Key' in '*Hindu Dharma*', p. 41-43; જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૪૩-૪૫.)

પાંડવ-કૌરવ વિખવાદની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા ઉપર પુરુષોત્તમ અને અન્તર્યામી શ્રીકૃષ્ણના સારથિપણા-માર્ગદર્શન-નીચે ભગવાન વેદવ્યાસે સ્થિતપ્રજ્ઞની અનુકમ્પાથી પોતાની મનોહર, મનોરમ, શીતળ, લાલિત્યભરી, દૃઢ અને નિર્ભળતાની છાંટ વિનાની અનોખી સર્જક શૈલીમાં, જ્ઞાનનાં તમામ વૃક્ષોનાં મૂળ અને શાખા-પ્રશાખાઓ સહિત, આ ઉપનિષદોના ભાષ્ય ગીતા ઉપર મહાભારતરૂપી મહાભાષ્ય રચ્યું છે.

## પરિશિષ્ટ ૧

### નમ્રતાના સાગર (જુઓ નોંધ ૧૨)

મિસ એફ. મેરી બાર (F. Marry Bar) નામનાં બહેને ગાંધીજીને પત્ર લખેલો કે હૈદરાબાદના એક 'વેલ્ફેર સેન્ટર'માં કામ કરતાં મિસ લિન્ફોર્થ (Linforth) નામનાં અંગ્રેજ બાઈને સંદેશો મોકલશો. પૂ. ગાંધીજીએ એના જવાબમાં આ સંદેશો મોકલેલો:

**LORD OF HUMILITY**

Lord of Humility, dwelling in the little Pariah hut,
Help us to reach for thee throughout that fair land
Watered by Ganges, Brahmaputra and Jamuna,
Give us receptiveness, give us open-heartedness,
Give us Thy humility, give us the ability and
Willingness to identify ourselves, with the Masses of India.
We would serve as servants and friends.
Let us be embodiments of self-sacrifice,

embodiments of godliness,
humility, personified, that we
may know the land better
and love it more.

*Harijan*, 11-9-'49, p. 217.

## "હે નમ્રતાના સાગર"

હે નમ્રતાના સાગર, દીન ભંગીની[૭૦] તૂટી ઘોલકીમાં વસનાર, ગંગા, બ્રહ્મપુત્રા, યમુનાનાં જળોએ સિંચિત આ સુંદર દેશમાં સઘળે તને શોધવામાં અમને મદદ કર.

અમને ગ્રહણશીલતા આપ, નિખાલસ દિલ આપ, તારી પોતાની નમ્રતા (નિરહંકારતા) આપ.

હિન્દુસ્તાનની જનતા સાથે એકરૂપ થઈ જવાની શક્તિ અને તત્પરતા આપ.

હે ભગવાન, તું ત્યારે જ વહારે આવે છે જ્યારે માણસ અત્યંત નમ્ર બની તારું શરણ લે છે. અમને વર આપ કે સેવક અને મિત્રરૂપે જે પ્રજાની સેવા કરવા અમે ઇચ્છીએ છીએ તેનાથી અમે વેગળા ન પડી જઈએ. અમને આત્મસમર્પણ અને સદ્‌ગુણોનાં ભાજન બનાવ, અને નમ્રતાની સાક્ષાત્ મૂર્તિ કર, જેથી આ દેશને અમે વધારે ઓળખીએ અને વધારે ચાહીએ.

વર્ધા, તા. ૧૨-૯-'૩૪. **મોહનદાસ કરમચંદ ગાંધી.**
'હરિજનબંધુ'
તા. ૨-૧૦-૪૯

ઉપરની અંગ્રેજી પ્રાર્થનાનો શ્રી. ઉમાશંકર જોશીએ આ પ્રમાણે અનુવાદ કર્યો છે :

## નમ્રતાના નિધિ !

દીન ભંગી તણી હીન કુટિયા મહીં
નિવસતા નમ્રતાના નિધિ હે !

જાહ્નવી બ્રહ્મપુત્રા તણાં જળ વહે સરિત જમુના તણાં પુણ્ય ગહરાં,
એહ સુંદર અહો દેશમાં શોધવા સૌ મથીએ તને ! સહાય તું થા !
દીન ભંગી તણી હીન૦

થાય મન મોકળાં, હૃદય ખુલ્લાં રહે, હે હરિ, તાહરી નમ્રતા દે !
ભૂમિ ભારત તણાં લોકથી એકરસ થૈ જવા શક્તિમતિ ને સ્પૃહા દે !
દીન ભંગી તણી હીન૦

હે પ્રભુ ! સ્હાય તું થાય છે માત્ર જ્યાં થઈ રહે નર નિરાધાર છેક;
મિત્ર ચાકર બની સેવીએ લોક જે તેથી વિખૂટા ન પડીએ, તું દેખ.
દીન ભંગી તણી હીન૦

---

૭૦ Pariah, પરચીઆહ એટલે ભંગી. તામિલ ભાષાનો શબ્દ છે.

આત્મબલિદાનની મૂર્તિ થઈએ અમે, દિવ્ય મૂર્તિમતી નમ્રતા શા,
જેથી આ ભૂમિનું થાય દર્શન સુભગ ને વહે એ પ્રતિ પ્રેમધારા.
દીન ભંગી તણી હીન૦
'સંસ્કૃતિ' ઑક્ટોબર, ૧૯૫૪.

પરમાત્માને 'હે નમ્રતાના સાગર!' એમ સંબોધનાર ગાંધીજીએ 'આત્મકથા' જેને એમણે 'સત્યના પ્રયોગો' એવું નામ આપ્યું છે, તેની સમાપ્તિ કરતાં લખેલી આ છેલ્લી લીટીઓ યાદગાર છે:

'સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. **અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે.** (બ્લેક આ લેખકે કરેલ છે. ઉ. જ. સાં.) અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે. એ નમ્રતાની પ્રાર્થના કરતો, તેમાં જગતની મદદ યાચતો અત્યારે તો આ પ્રકરણોને બંધ કરું છું.'

'આત્મકથા' ભાગ પાંચમો, ખંડ બીજો, પૃ. ૩૭૯, ૩૮૦.

'આત્મકથા'ની પ્રસ્તાવનાના અક્ષરે અક્ષરે, ગાંધીજીની નમ્રતા દેખાઈ આવે છે. રાજપ્રકરણી ક્ષેત્રની એમની અજોડ શક્તિ અને લોકપ્રિયતા એમનામાં કેવળ 'નમ્રતાની જ વૃદ્ધિ' કરે છે.

ભારતની પ્રજા એમને ખૂબ માન આપતી. પ્રેમમાં ઝબોળી દેતી. પરંતુ આ નમ્ર મહાત્મા એનાથી અભેદ્ય—અલિપ્ત હતા. મીરાંબહેન (મીસ સ્લેડ)નાં આ અવલોકન એમની લાક્ષણિક નમ્રતા અને જયશીલતા પ્રગટ કરે છે:

(૧) ...a new and amazing realization burst upon me, and that was a peculiar hold Bapu had upon masses. At every station, pressing, surging crowds thronged the platform, and the air throbbed with the cry "Mahatma Gandhi ki Jai!" The faces did not reflect the excitement of people out to catch a glimpse of a celebrity, but the eager, thirsty look of devotees seeking to set eyes on a holy person, a savior on whom they had pinned all their hopes with a faith which they would not have been able to explain or express in so many words, but which drew them irresistibly..... I watched in wonderment and was deeply moved. Then I looked at Bapu to see his reaction. There he sat perfectly quiet and still, with hands folded in acknowledgement of the salutations, and with a stern look upon his face. This impressed me still more—the throbbing, surging mass of humanity on one side, and the still, small, stern figure on the other.

[*The Spirit's Pilgrimage* by Mirabahen, p. 73-74]

(૨) રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ વખતે ગાંધીજીએ લેન્કેશાયરની મુલાકાત લીધેલી. બ્રિટિશ

સરકારને ડર હતો કે બ્રિટિશ કાપડના બહિષ્કારથી બેકાર થયેલા કામદારો કદાચ ગાંધીજીને ઈજા પહોંચાડે. તેથી એમના સંરક્ષણ માટે ભારે તકેદારી રાખેલી. પરંતુ એનાથી ઊલટું લેન્કેશાયરે એમને અભૂતપૂર્વ માન આપ્યું. એ જોઈને ગાંધીજીની તહેનાતમાં રહેલા બ્રિટનના બે-સર્વોત્તમ ડિટેક્ટિવો સડક થઈ ગયેલા અને તેઓ પૈકીનો એક બોલી ઊઠેલો :

"What is this !" exclaimed one of the detectives, next to whom I was sitting in the front seat. "I haven't seen the people turn out here like this even for Royalty."

[ *The Spirit's Pilgrimage*, p. 140 ]

( ૩ ) મીરાંબહેને કેવા ગાંધીજીને જોયા ?

Here one was face to face with a Soul which in its very greatness, made the body and speech through wich it manifested itself glow with gracious and natural humility ( કારુણિક અને નૈસર્ગિક નમ્રતા ). At the same time there was a sense of spiritual strength, quietly confident and all-pervading, while the whole presence was made intensely human and appealing by the pure hearted and irresistible humor which kept peeping like golden sunshine through the leaves of a deep forest.

[ *The Spirit's Pilgrimage*, p. 70 ]

* * *

સર° ગાંધીજીનો આદર્શ : '...પણ મારી પાસે તો નિત્શે જેને નિંદતો 'નમ્ર માણસો ધન્ય છે, કારણ તેઓ ઈશ્વરને પામશે' એ જ આદર્શ છે.'

( 'મહાદેવભાઈની ડાયરી', પુસ્તક ત્રીજું, તા. ૨૨-૪-૧૯૩૩, પૃ. ૨૪૧ )

* * *

ભીરુ પ્રજામાંથી નમ્રતા અને અભયના પાઠ ભણી જગતના શ્રેષ્ઠ બહાદુર લોકોમાં સ્થાન પામનાર શીખોની પ્રાર્થના 'અરદાસ'ની એક કંડિકા હૃદયમાં ઉતારવાલાયક છે :

सिखों का मन नम्र (नींवा), मति ऊची, मति का रक्षक स्वयं वाहिगुरु ( मत ऊची, मत दा राखा आप वाहिगुरु ! )। हे निःमानों के सम्मान, निःत्राणों के त्राण, निःओटों की ओट ( = ઓથ ), निरासरयो के आसरे, सच्चे पिता वाहिगुरु । **नितनेम** પૃ. ૪૮,૧૮૭.

[ શીખ પરંપરા અનુસાર 'વાહિગુરુ' કે 'વાહગુરુ' પદ વાસુદેવ, હરિ, ગોવિન્દ અને રામ એ ચાર પદોમાંના પ્રથમાક્ષરથી બનેલું છે. એનો અર્થ 'અદ્‌ભુત પરમાત્મા' એવો છે. ]

જે નમ્રતા માટે શીખ ગુરુઓએ આ પ્રાર્થના યોજી છે, તેનો થોડોક ખ્યાલ, ગુરુદ્વારાનાં ( દા.ત. શીશગંજ, દિલ્હી ) પગથિયાં ઉપર ચઢતાં, પુરોગામી દર્શનાર્થીઓનાં ચરણામૃતનું પાન કરતાં, અને દર્શનાર્થીઓનાં જૂતાંની રજ માથે ચઢાવતાં સંખ્યાબંધ ભક્ત શીખ નર-નારીઓને જોવાથી આવી શકે. શીખોના વિશિષ્ટ શૌર્ય અને જયશીલતામાં આ નમ્રતાની ભારે અસર છે.

# પરિશિષ્ટ ૨

## પરમાત્માની દુષ્ટદમન વિભૂતિ (જુઓ નોંધ ૨૬)

પરમાત્માના અવતરણની, ઉચ્ચ ભૂમિકા ઉપરથી નીચે ઊતરીને, સજ્જનો તથા સાધુતાના સંરક્ષણની અને દુષ્ટતાના નિકંદનની અટલ વિભૂતિનું આ બે શ્લોકોમાં (૬-૨૬-૭, ૮) સૂક્ષ્મતમ દર્શન છે.

સત્ય સ્થિતિ તો આ છે :

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः । ૬-૨૪-૧૬ કખ (ગીતા ૨-૧૬ કખ)

અસત્‌ની હસ્તી નથી. સત્‌નો અભાવ નથી (હસ્તી છે).

अजो नित्यः शाश्वतोऽयं पुराणः । ૬-૨૪-૨૦ ગ (ગીતા ૨-૨૦ ગ)

આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાણ છે. તો પછી આ અવતાર શો ?

એક બાજુ સાત્ત્વિક અને સામી બાજુ રાજસ-તામસ દળો વચ્ચે સદૈવ ભયભીત મનુષ્યોને, સત્‌નો—શાશ્વત વસ્તુનો, ધર્મનો, આત્માનો—વિનાશ નથી અને અસત્‌ની—જે મૂળમાં છે જ નહિ તે આભાસ અર્થાત્ દુષ્ટતાનો નાશ છે, એનું ભાન સત્યસ્વરૂપ પરમાત્મા, સજ્જનોને (પરમાત્માને પામવાની ઇચ્છા રાખનારાઓને) જુદે જુદે રૂપે કરાવતા રહે છે. એમાં એની અનુપમ, અદ્વિતીય, અપ્રમેય વિભૂતિઓનું પ્રકટીકરણ હોય છે. આ એમનો અવતાર. ગીતાગાયક પાર્થસારથિ શ્રીકૃષ્ણ, પરમાત્માની અસંખ્ય વિભૂતિઓનું સામટું પ્રકટીકરણ છે. માટે તો એ कृष्णस्तु भगवान्स्वयम् । એમ વર્ણવાયા.

સજ્જનસંરક્ષણ એટલે માત્ર ભૌતિક યોગક્ષેમ નહિ. ભૌતિક યોગક્ષેમ હોઈ શકે, પરન્તુ આત્મિક યોગક્ષેમ તો હોય જ. એટલે કે સર્વોચ્ચ યોગક્ષેમ જો ભૌતિક યોગક્ષેમના દેખીતા નાશથી ધનસંપત્તિ આદિ સમૃદ્ધિના નાશ કે મૃત્યુને ભેટવાથી પણ—ધર્મ અને સજ્જનનું રક્ષણ થતું હોય તો ભગવાન એમ કરે.[૭૧] તેને માટે એ જેમ બાહ્ય સૃષ્ટિમાં પ્રકટ થાય એમ અન્તરમાં

---

૭૧ (૧) સર° ૬-૨૮-૨૨, ૨૩ (ગીતા ૬-૨૨, ૨૩). ઉપર નોંધ ૨૯માં મૂળ શ્લોક જુઓ.

(૨) પરમાત્મા સજ્જનનું—તેના ધર્મ અને આત્માનું—કેવી રીતે રક્ષણ કરે છે તેનાં બે લાક્ષણિક દૃષ્ટાંત :

(क) ઈ. સ. ૧૯૮૦માં વિલાયતમાં પોર્ટસ્મથમાં અન્નાહારીઓનું સંમેલન ભરાયું. ગાંધીજી અને એમના એક હિંદી મિત્રે એમાં હાજરી આપેલી. સ્વાગતમંડળે એમનો ઉતારો 'વેશ્યા પણ નહિ અને નિર્દોષ પણ નહિ' એવી સ્ત્રીના મકાનમાં આપ્યો. રાતે સંમેલનમાંથી ઘેર આવ્યા પછી ગૃહિણી સાથે પાનાં રમવા બેઠા. રમતાં રમતાં બીભત્સ વિનોદ શરૂ થયો. મિત્ર તો આમાં નિપુણ હતો. ગાંધીજીને પણ આમાં રસ પડચો. એ પણ ભળ્યા. વાતમાંથી ચેષ્ટામાં ઊતરવાની તૈયારી થઈ. ત્યાં તો

'...પણ મારા ભલા સાથીના (દાનવમાં પણ રામ છે જ.) મનમાં રામ વસ્યા. તે બોલ્યા, 'અલ્યા, તારામાં આ કળજુગ કેવો! તારું એ કામ નહિ. તું ભાગ અહીંથી.'

'હું શરમાયો. ચેત્યો. હૃદયમાં આ મિત્રનો ઉપકાર માન્યો. માતાની પાસે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. ભાગ્યો. મારી કોટડીમાં ધ્રૂજતો ધ્રૂજતો પહોંચ્યો. છાતી થડકતી હતી. કાતિલના હાથમાંથી બચીને કોઈ શિકાર છૂટે ને તેની જેવી સ્થિતિ હોય તેવી મારી હતી. (ઈશ્વરે કામરૂપી દુષ્ટનું દમન કર્યું.)

પણ પ્રકટે. આ એની અદ્ભુત કાર્યશૈલી છે. તે માયા. આ માયાના આધારે એ પ્રકટતો જણાય છે. તેથી ભૌતિક યોગક્ષેમનો સર્વનાશ થતો દેખાયા છતાં એના કોઈ ખરા ભક્તની આબરૂ કદી જતી નથી.[૭૨] એનાં ઉજ્જવલ ઉદાહરણો ભગવાન શ્રીકૃષ્ણ પોતે, શ્રીરામ, સૉક્રેટીસ,

---

'××× ઈશ્વરે મને બચાવ્યો એમ લૌકિક રીતે હું તે વખતે સમજ્યો. પણ મને વિવિધ ક્ષેત્રોના એવા અનુભવ થયા છે. 'ઈશ્વરે ઉગાર્યો' એ વાક્યનો અર્થ આજે હું બહુ સમજતો થયો છું એમ જાણું છું. પણ સાથે એ પણ જાણું છું કે એ વાક્યની પૂરી કીમત હજુ આંકી શક્યો નથી. અનુભવે જ તે અંકાય. ××× જ્યારે બધી આશા છોડીને બેસીએ, બન્ને હાથ હેઠા પડે, ત્યારે ક્યાંક ને ક્યાંકથી મદદ આવી પડે છે એમ મેં અનુભવ્યું છે. સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના એ વહેમ નથી, પણ આપણે ખાઈએ છીએ, પીએ છીએ, ચાલીએ બેસીએ છીએ, **એ બધું જેટલું સાચું છે તેના કરતાંયે એ વધારે સાચી વસ્તુ છે. એ જ સાચું છે, બીજું બધું ખોટું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.**

'××× વિકારોરૂપી મળોની શુદ્ધિ કરવાને સારુ હાર્દિક ઉપાસના જડીબુટ્ટી છે, એ વિશે મને શંકા જ નથી. પણ તે પ્રસાદીને સારુ આપણામાં સંપૂર્ણ નમ્રતા જોઈએ.' (ગાંધીજી, 'આત્મકથા' ભાગ ૧, પ્રકરણ ૨૧, 'નિર્બલ કે બલ રામ') (કૌંસમાંનું લખાણ અને મોટા ટાઇપ આ લેખકે કરેલા છે).

(ख) નોઆખાલીની વિશ્રુત યાત્રા દરમિયાન ગાંધીજી દેવીપુર ગામે ગયા. કોમી દાવાનળની આગમાં ભડકે બળતા એ ગામે ગાંધીજીનું ભવ્ય સ્વાગત કર્યું. ગાંધીજી દુઃખી થઈ ગયા. કાર્યકર્તાઓ અને હિંદુ જનતાને ઝાડી નાખી. હારતોરા તોડાવી નાખ્યા, પણ વ્યથા ઠાલવતાં ગાંધીજી કંઇક ગુસ્સે થયા હશે. તેથી મનુબેનની ડાયરીમાં એમણે નીચે પ્રમાણે લખ્યું :

'આલૂનિયા, ૧૮-૨-૪૭. આજે મારું મન ઊકળ્યું. આવી મારી અનાસક્તિ રહી છે. મને મારી ઉપર અણગમો ઊપજ્યો. અહિંસાની કદાચ ખરી પરીક્ષા થવાની, એ પણ વિચારવા જોગ લાગે છે. ઈશ્વરની મહાન કૃપા છે કે મને નભાવી લે છે. તું સો ટકા જાગ્રત થા.—બાપુ.' (આખા પ્રસંગ માટે જુઓ, 'એકલો જાને રે' (મનુબેન ગાંધી), પૃ. ૧૪૪ થી ૧૪૮. 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા, બીજી આવૃત્તિ, પૃ. ૧૮૯ થી ૧૯૩) પણ જુઓ.

પોતાનો રજકણ જેટલો ક્રોધ જોઈને પણ ગાંધીજીને પોતા ઉપર અણગમો થયો અને પૂર્ણ અપ્રમત્ત થયા. (ઈશ્વરે ક્રોધરૂપી દુષ્ટનું દમન કર્યું.)

(ग) એકવીશ દિવસના અસ્પૃશ્યતાનિવારણ માટેના ઉપવાસ વખતે એમણે ઉપર ક્રમાં નિર્દેશેલા અને તેવા બીજા પ્રસંગનો નિર્દેશ કર્યો. પાંચ યમોના પાલન કરનારા, ઉપવાસની કાવડ અખંડ વહે એમ કહ્યું અને પછી ગાંધીજીએ ઉમેર્યું : 'પણ દિવ્ય શક્તિ મનુષ્યની મારફતે જ ભગવાન ખીલવી શકે, એ મારી મારફતે નહિ કરાવવું હોય અને બીજાને મોકલવો હશે તો મોકલશે. 'यदा यदा हि'નો શો અર્થ ? એ તો રોજ આવ્યા જ કરે છે, અને અવતર્યા જ કરે છે.'

('મહાદેવભાઈની ડાયરી', પુસ્તક ત્રીજું, ૧-૫-૧૯૩૩, ૫-૨૭૧-૨૭૨.)

૭૨ (૧) સર° शरीरस्यापि नाशेन धर्म एव विशिष्यते ॥ ૧-૨૦૫-૧૭ કડ

ઇન્દ્રપ્રસ્થના એક બ્રાહ્મણની ગાયો ચોર લઈ ગયા. બ્રાહ્મણ ધા નાખતો પાંડવો પાસે આવ્યો. અર્જુને તેને ધીરજ આપી. પછી બ્રાહ્મણની વહાર કરવાના ગુણાવગુણનો વિવેક કર્યો. તેમાં વહાર કરવી એ ધર્મરૂપ હતું. તો બીજી બાજુ વહાર કરવાથી યુધિષ્ઠિરનું અપ્રિય થાય—દ્રૌપદી સાથે ધર્મરાજ આયુધશાળામાં હતા તેથી ત્યાં જવું પડે એટલે—અને બાર વર્ષ વનવાસ વેઠવો પડે, જેમાં મૃત્યુ પણ થઈ શકે. વિચારણા પછી નક્કી કર્યું કે શરીરનો નાશ થાય તે કરતાંય ધર્મ (પાલન) જ વિશિષ્ટ છે. ૧-૨૦૫-૧૭.

જીસસ ક્રાઈસ્ટ, પાંચમા શીખ ગુરુ અર્જુનદેવ, નવમા ગુરુ તેગબહાદુર, મહાત્મા ગાંધીજી અને બીજા અનેક નરસિંહોમાં જોવા મળે છે.

**એની** કાર્યપ્રણાલી પણ અજબ છે.[૭૩] ટૂંકા ગાળાનાં પરિણામ ઉપરથી આ પ્રણાલીનું તોલન કદી ન થઈ શકે. ગુરુ નાનકે (ઈ. સ. ૧૪૬૯-૧૫૩૯) 'આદિમન્ત્ર'માં (આખો મન્ત્ર જુઓ 'જપજી'ના આરંભે) પરમેશ્વરને 'નિરભઉ' (નર્ભય) અને 'નિરવૈરુ' (નિર્વૈર) એવાં વિશિષ્ટ નામોથી સંબોધ્યા છે. આશરે બસો વર્ષ પછી દશમા ગુરુ ગોવિંદસિંહે (ઈ. સ. ૧૬૬૬-૧૭૦૮) 'શિયાળમાંથો નિર્ભય સિંહ-સિંહણ'નું સર્જન કરી નિર્ભયતાની સાથે નિર્વૈરી-પણાના ઉપાસક ખાલસા (= વિશુદ્ધ) પંથને જન્મ આપ્યો. જુલમ અને સતામણીનો સામનો 'ભગૌતી' (=ભગવતી, પવિત્ર કીરપાણ, દુષ્ટદમન કરનારી ઈશ્વરી શકિત)ની સહાયથી કર્યો, અને આ શબ્દોમાં ગુરુ ગોવિંદસિંહે એને અભિવ્યક્ત કર્યો:

As He (*i.e.* God) spoke to me, I must speak unto men :

*Fearlessly* I will Declare His Truth,
But without *enmity to any man.*

Those who call me God
Shall fall into the depths of Hell.
Greet me as God's humble servant only:
Do not have any doubts that this is true.

'*Bachiter Natak*' (Autobiography) 6-31, 32.

Vide *The Sacred Writings of the Sikhs*, p. 270 (Translation by Trilochan Singh and others, George Allen and Unwin Ltd., 1960.)

(અવતરણમાં કૌંસમાંનું લખાણ અને મોટા ટાઈપ આ લેખકે કરેલાં છે. ઉ. જ. સાં.)

---

(વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન,' ૨જી આવૃત્તિ, પૃ, ૩૪૯-૫૦.)

(૨) સર૰ પ્રેમળદાસનું ભજન

'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતી નથી જાણી રે,
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે'.

'આશ્રમભજનાવલિ'

(૩) સર૰ હરિજનોદ્ધાર માટેના ઉપવાસ પ્રસંગે પુત્ર રામદાસને સંબોધીને વાત કરતાં ગાંધીજીએ કહેલું: 'સફળ જીવવું. ધાર્મિક કામમાં સેનાપતિ થવું હોય. તો મરીને જીવવાનો મન્ત્ર બતાવવાનો છે. ઈશ્વરને જિવાડવો હોય તો જિવાડે. નહિ તો પળમાં પ્રાણ લે. એવું પણ હોય કે મારા જીવતાં કોઈ શક્તિ રુંધાઈને બેઠી હોય અને મારો પ્રાણ જાય એટલે એ શક્તિ પ્રગટી ઊઠે. कर्मण्येवाऽधिकारस्ते એટલે તારી આંખ આગળ પડેલું કર.' ('મહાદેવભાઈની ડાયરી', પુસ્તક ત્રીજું, તા. ૧-૫-૧૯૩૩, પૃ. ૨૭૩.)

૭૩ સર૰ હરિજનોદ્ધાર માટે આમરણ ઉપવાસ કર્યા, ત્યારે ગાંધીજીએ છાપાંજોગું નિવેદન કરેલું તેમાંનું એક વાક્ય : 'God's ways are inscrutable.' ભગવાનના માર્ગો અકળ છે.

Vide *The Spirit's Pilgrimage* by Mirabahen, 1960, p. 178.

ગુરુ ગોવિંદસિંહ પછી લગભગ ૩૦૦ વર્ષે ગાંધીજીએ (૧૮૬૯-૧૯૪૮) 'અહિંસા'ના સર્વોત્તમ શક્તિશાળી હથિયાર દ્વારા (સ્વ-પરમાં રહેલા) 'દુષ્ટોનું દમન' કરવાનો નવો જ રસ્તો શોધી કાઢ્યો.[૭૪] શારીરિક રીતે ખૂબ નબળો એક જ મનુષ્ય પણ આત્મિક બળથી સંપન્ન થઈને વિશ્વ આખાનાં વિનાશકારી (સામ્રાજ્યવાદી, ધર્માંધ, તથા કામ-ક્રોધ-લોભમાંથી પેદા થતાં, અને એવાં સર્વ પ્રકારનાં હિંસક) બળો સામે અનવરત, અપરાજિત રહીને ઝઝૂમી શકે તેનું માર્ગદર્શન કરાવ્યું.[૭૫]

હવે પછી આવનાર 'પુરુષોત્તમો' 'અહિંસા'નો વધુ સારો વિનિયોગ કરી 'દુષ્ટદમન' કરશે. આ અપરિમેય શક્તિના આધારે ઉત્તરોત્તર વધુ આશ્ચર્યકારી પરિણામો લાવશે, કારણ તેઓ પરમાત્માની દુષ્ટદમન વિભૂતિના તત્ત્વતઃ જાણકારો જ હોય.

'મારાં દિવ્ય જન્મ અને કર્મને જે તત્ત્વતઃ સમજે છે તે દેહત્યાગ કર્યા પછી પુનર્જન્મને નહિ પણ મને પામે છે.'

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ ૬-૨૬-૯ (ગીતા ૪.૯)

* * *

ખ્રિસ્તી ધર્મમાં સજ્જનસંરક્ષક અને દુર્જનસંહારક ઈશ્વરાવતારની આવી જ માન્યતા છે. જુઓ માથ્થી ૧૩-૩૧ થી ૪૩; ૨૫-૩૧ થી ૪૦. આ વિભાગ ઉપર 'શુભસંદેશ'ના ભૂમિકા-લેખક જણાવે છે: "...એક દિવસ એવો આવશે, જ્યારે ઈશ્વર પોતાનું સામર્થ્ય પ્રગટાવશે અને પાપનો સંહાર કરી પોતાની આણ વર્તાવશે. બધા યહૂદીઓ એ ભવિષ્યવાણી પૂર્ણ થવાની રાહ જોતા હતા. માત્ર ઉપર જોયું તેમ, તેઓ એનો સ્થૂળ અર્થ કરતા હતા. (ઈસ્રાયલના વૈભવ

---

૭૪ સર૰ ૧૯૩૦ના સત્યાગ્રહ માટે મીરાંબહેનના શબ્દો :

'The mighty Empire again defied the mightier spirit.' Vide *The Spirit's Pilgrimage*, p. 110.

૭૫ (૧) (ઐતિહાસિક વિભૂતિ એવા) ભગવાન શ્રીકૃષ્ણ જે રસ્તો ખોળતા હતા તે માટે જુઓ, 'કર્મનિશ્ચયજ્ઞ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠપ્રદીપ' દ્વારકા, ફેબ્રુઆરી ૧૯૬૯માં ૫-૨૯-૧૭નો સંદર્ભ.

(૨) સર૰ દેશના ભાગલાથી વ્યથિત ગાંધીજીને એક મિત્રે સ્મરણ કરાવ્યું કે, ગાંધીજી સ્વાતંત્ર્યની લડતને નિર્બળની અહિંસા કહેતા હતા. ગાંધીજીએ ઉત્તર આપેલો : Gandhiji said his was a mistaken statement. There was no such thing as non-violence of the weak. *Non-violence and weakness was a contradiction in terms.* × × × He was a born fighter who did not know failure. But he was groping to-day. (Vide '*Non-violence in Peace & War*', Vol. II, 170th article, *The Root Cause of Partition*, p. 277.) આ જ લેખમાં ગાંધીજીએ સ્વાતંત્ર્યના લડવૈયાઓ પૈકી પોતાને અને કેવળ બાદશાહખાનને જ 'અહિંસા'ને 'ધર્મ' તરીકે અપનાવનાર ગણાવ્યા છે. જો કે બાદશાહખાન પણ પૂર્ણ અહિંસામય તો નહોતા બની શકેલા.

અને જાહોજલાલીભર્યા રાજ્યની સર્વત્ર આણ વર્તાવે એવા દુન્યવી રાજાના અવતારની અપેક્ષા રાખતા હતા.) હવે ઈસુએ આવીને જાહેર કર્યું કે, એ રાજ્ય આવવાનો સમય પાકી ગયો છે, બલ્કે પોતે જ તે સ્થાપવાના છે.'

'શુભસંદેશ' (બાઈબલના ઉત્તરાર્ધના પાંચ ખંડોનો અનુવાદ. અનુવાદકો : નગીનદાસ પારેખ, ઈસુદાસ કવેલી ૧૯૬૫), પ્રસ્તાવના પૃ. ૧૩, કંડિકા ૨૧

(કૌંસમાંનું લખાણ આ લેખકનું છે. ઉ. જ. સાં.)

# પરિશિષ્ટ ૩

## નવમા શીખ ગુરુ તેગબહાદુરનું ઉજ્જવલ બલિદાન

[જુઓ નોંધ ૪૯ (૧)]

ઔરંગઝેબના જુલમી દમન સામે ગુરુ તેગબહાદુર 'નિર્ભયતા'નો ઉપદેશ આપતા.

એક વખતે કેટલાક કાશ્મીરી બ્રાહ્મણો ગુરુની પાસે આવ્યા. એમને બલાત્કારે મુસલમાન બનવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ બ્રાહ્મણો કાશ્મીરના સૂબા શેરે અફઘાનની પરવાનગી લઈને, આ બાબત અંગે ગુરુ સાથે મન્ત્રણા કરવા આનન્દપુર આવ્યા હતા. એમની યાતનાઓ જોઈને ગુરુને દુઃખ થયું. એ પણ ખૂબ મુંઝાયા. એમણે સહાય માટે હૃદયની પરમાત્મા શ્રીહરિને પ્રાર્થના કરી. અને 'ભયહરણ અનાથના નાથ'નું સાંનિધ્ય અનુભવતાં ગુરુએ લંબાણ મન્ત્રણાને અંતે કાશ્મીરી પંડિતોને માર્ગદર્શન કરાવ્યું કે :

'જો કોઈ ધર્મપ્રાણ મનુષ્ય પોતાના જાનના ભોગે સૂબાના હુકમનો અનાદર કરે તો હિન્દુઓ બચી શકે.'

સભામાં ઘેરી શાન્તિ વ્યાપી ગઈ. ત્યારે નવ વર્ષના ગોવિન્દરાયે (પછીથી દશમા ગુરુ ગોવિન્દસિંહ) દૃઢતાથી કહ્યું : 'ગુરુ કરતાં વધારે ધર્મનિષ્ઠ કોણ હોય ?'

અને તેગબહાદુરે નિર્ણય કરી લીધો. એમણે પંડિતોને કહ્યું : 'શેરે અફઘાનને ખબર આપો કે, જો તમે ગુરુ તેગબહાદુરનો ધર્મપલટો કરી શકશો તો, કાશ્મીરી હિન્દુઓ તમારા હુકમનો અનાદર નહિ કરે.'

એટલે ગુરુ તેગબહાદુરને દિલ્હીથી તેડું આવ્યું (કેટલાકના મતે ઔરંગઝેબનું, અને કેટલાકના મતે ઔરંગઝેબ દક્ષિણમાં મરાઠાઓ સામે લડવા ગયેલો તેથી તેના નાયબનું). ગુરુ દિલ્હી જવા ઊપડ્યા પણ માર્ગમાં જ ધરપકડ થઈ. દિલ્હી લાવવામાં આવ્યા. કાં તો કરામતો દર્શાવી, ચમત્કાર કરી પરચો આપવા અથવા તો કલમો પઢી ઇસ્લામ સ્વીકારવાનો હુકમ આપવામાં આવ્યો. ગુરુએ ઉત્તર આપ્યો : 'હું તો ધર્મપલટો નહિ કરું. હું તો પ્રાર્થના કરવાનો એક માત્ર પરચો કે કરામત જાણું છું.'[૭૬] અને છેવટે કહ્યું કે, 'હું એક મન્ત્રને

---

૭૬ ગુરુ નાનક સહિત સર્વ શીખ ગુરુઓ ભક્તિભાવથી 'અલ્લાહ'ની બંદગી કરનારા છે. પરન્તુ અહીં જબરદસ્તી હોઇ, તેનો એક પવિત્ર પુરુષ નમ્રતાથી મક્કમ પ્રતિકાર કરે છે. નીચે જુઓ ગાંધીજીનું પ્રાર્થનાપ્રવચન.

ગળામાં બાંધું છું. તેના પ્રતાપે જલ્લાદની તલવાર મને કંઈ નહિ કરી શકે.' એમની અપૂર્વ શાન્તિથી કાઝીઓ ચકિત થયા તથા એમની વાતમાં અર્ધીપર્ધી શ્રદ્ધાયે મૂકવા લાગ્યા! જ્યારે જલ્લાદની તલવારે ગુરુનું મસ્તક છેદી નાખ્યું ત્યારે, પેલી ગળામાં બાંધેલી કાગળની ચિઠ્ઠી વાંચવામાં આવી. એમાં લખ્યું હતું:

'શિર દીયા પણ શિરર્ ના દીયા.'
('માથું આપ્યું પણ સત્યધર્મ ન આપ્યો.')

એમણે 'માથા સાટે', 'મોંઘી વસ્તુ' અક્ષરશઃ પ્રાપ્ત કરી.[૭૭]

નોંધ ૪૯(૧)માં મૂકેલા શ્લોકો અને બીજી રચનાઓ ગુરુ દિલ્હીમાં બે માસ કેદખાનામાં રહેલા, તે દરમિયાન રચેલી. આ રચનાઓને એમણે કેદખાનાની દીવાલો તથા વૃક્ષપત્રો વગેરે પર લખેલી. એ એમના શિષ્યોએ જેલના દારોગા અબ્દુલહસન કે જે અંતરથી ગુરુના પ્રેમી હતા, તેની મદદથી નકલ કરીને ગુરુ ગોવિંદસિંહને મોકલેલી, એવી માન્યતા છે. એ ઉત્તમ શ્લોકો 'ગુરુ ગ્રન્થ સાહેબ'ના અંતે મૂકેલા છે. એ શ્લોકોને 'આદિગ્રન્થ'—'ગુરુ ગ્રન્થ સાહેબ'નું તત્ત્વ કહેવામાં આવે છે.

ગુરુની સાથે આવેલા શીખોમાંથી એક દીવાન મતિરામને કરવતથી ચીરી નાખેલા અને ભાઈ દયાલાને લોઢાની દેગમાં રાંધી નાખેલા. પણ કહે છે કે આ સર્વ હુતાત્માઓ— શહીદોમાંથી કોઈએ વેદનાની એક 'આહ' સુદ્ધાં કાઢેલી નહિ અને 'અકાલ પુરુષ'માં ચિત્ત એકાગ્ર રાખેલું.

સંદર્ભો માટે જુઓ:

"*Homage to Guru Gobind Singh*" by Khushwant Singh and Suneet Vir Singh, 1960, p. 12-16; *The Sacred Writings of The Sikhs*, Translated by Trilochan Singh and others, 1960, P. 24; इतिहास गुरु खालसा–નિર્મલ સાધુ શ્રી ગોવિન્દસિંહજી, મુંબઈ, સં. ૧૯૮૨, પૃ. ૩૨૬-૩૪૦.

* * *

ગુરુ તેગબહાદુરના સ્વૈચ્છિક બલિદાન સાથે ગાંધીજીના એક પ્રાર્થના પ્રવચન અને પછીથી એમનું ખૂન થયું તેનું (જે ઉત્કૃષ્ટ સ્વૈચ્છિક આત્મબલિદાન જ છે) અહીં સ્મરણ કરવું આવશ્યક છે.

હુતાત્મા ગાંધીજીના પ્રવચનનો કેટલોક ખૂબ મહત્ત્વનો ભાગ આ પ્રમાણે છે:

उसको कहते है कि बोल,[૭૮] रामनाम लेता है कि नहि? मारुंगा। तो मैं तो रामनाम हमेशा

---

૭૭ (૧) ગુરુ ગોવિંદસિંહે પિતાના આ સર્વશ્રેષ્ઠ બલિદાન Supreme Sacrifice માટે પોતાની 'આત્મકથા'–'વિચિત્ર નાટક'માં હૃદયસ્પર્શી શબ્દો લખ્યા છે. તેમાંના કેટલાક *Homage to Guru Gobind Singh*, p. 15-16 ઉપર.

(૨) સર૦ 'માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને.'
પ્રીતમદાસનું ભજન, 'આશ્રમભજનાવલિ'

૭૮ उसको શબ્દ મુસલમાનોને ઉદ્દેશીને વપરાયો હોય એવું સમજાય છે.

लेता हूं ना ? और मैं समझता हूं कि रामनाम तो मेरे लिए रामबाण चीज है। लेकिन मुझको मजबूर करके कोई बुलाएगा तो मैं कहूंगा कि मैं तो नहीं लूंगा। तो पीछे क्या उसके सामने लडूं ? उसको मैं मारूं ? मारूं तो उसमेंसे दूसरे दस तैयार हो जाएंगे। तो उसको मारो तब मैं मेरी रक्षा किस तरहसे कर सकता हूं ? तो मैं मेरी रक्षा ऐसे करूंगा कि मैं मरूंगा, लेकिन मैं वो नहीं करना चाहता हूं। वो तो रामनामकी बात हुई। कल मुझको कहे कि तू कलमा पढ़। तो मैं नहीं पढूंगा। मैं तो यूं तो कलमा पढ़ लेता हूं। मुझको इसमें कोई दिक्कत नहीं। मैं समझता हूं खुबसूरत चीज है वह। क्या अल्लाह एक है और इसके सिवा कोई दूसरा है हि नहीं, और उसका जासूस, उसका पैगम्बर कौन है तो महम्मद साहब, ऐसा बोलनेमें मैं कोनसा पाप करता हूं ? और मैं अरबी में वोही चीज कहूं तो उससे मैं कोनसा पाप कर लेता हूं ? अगर इससे मुझे मान लिया जाय कि मैं मुसलमान हूं तो मैं तो फहर करूंगा कि मैं मुसलमान हूं। लेकिन मुझको कोई आकर कहेगा कि 'बोल, और नहीं बोल, तो ये तलवार के सामने कहूंगा कि तुम्हारे अल्लाह को तुम्हारे पास रखो। मैं उस अल्लाह को बिलकुल पहचानता नहीं हूं'[७९] ऐसा मैं कह दूं और पीछे वो कहने में मेरी अपनी जान प्यारी है वो दे दूं तब मैं कहता हूं कि मैंने स्वरक्षा पूरीपूरी कर ली है, और वो बताने के लिए और वो सिद्ध करने के लिए मैं जिंदा रहना चाहता हूं। दूसरा कोई काम के लिए मैं जिंदा नहीं रहना चाहता हूं। इसे जगतमें ये आप मेरी पास से समज ले। × × × बहादूर की अहिंसा बहादुरकी अहिंसाका पाठ तो तब हो सकता है की मुझको कोई मेरा खून करे। खून करे और तो भी बहादुरी की नहीं हुई। खून मेरा कर ले उसमें मेरी क्या बहादुरी आई है ? लेकिन हां, तब भी मेरे दिलमें ऐसा ही रहे की हे ईश्वर, तूं उस का भी भला कर, उस का उससे बूरा मैं नहीं चाहता हूं।[८०] ये जब में कर सकूं और हसते मुखसे मैं मर जाऊं इस तरहसे, तब तो आप कह सकेंगे की वो तो बहादुर की अहिंसा है। ऐसी अहिंसा हम को सीखने के लिए भी बहोत ऐसे आदमीओ को मरना चाहिये ना ? × × × उसका ( = ईश्वर का ) नाम मैं लूं और उसका नाम रखते रखते किस तरहसे मुझ को मरना है, मर जाऊं तो आप कह सकते है कि वो तो बहादुर की अहिंसा है। ऐसा सब हिन्दुस्तानी सीखे, सब हिंदु ही सीखे तब मैं आप को कहता हूं कि हमारे लिए काफी है। मैं कहता हूं के वो हिन्दु को भी छोड दो, मुसलमानो को भी, कुछ खालसा तो है ना ? वो तो बडा नाम है और वो एक सीख सवा लाख के बराबर है। सब के सब सीख है वो आज मुझ को कह दे के हमने तो सच्ची बहादुरी की अहिंसा सीख ली है, मैरा काम निपट जाताहै। क्यूं? तो वो तो बडे बहादुर माने जाते है ना ? और उसी के पास से अगर हम यह सीख ले तोहमारा काम निपट जाता है।

[ તા. ૨૨-૧૧-૧૯૬૭ની સવારે 'ગાંધીવંદના'ના કાર્યક્રમમાં આકાશવાણીના અમદાવાદ-વડોદરા સ્ટેશનેથી પ્રસારિત થયેલું પ્રવચન. આમાંની કેટલીક વિગતો 'હિઝ માસ્ટર્સ વૉઇસ'ની

---

૭૯ સર૰ 'ગુરુ ગ્રન્થ સાહેબ' પૃ. ૧૧૬૫-૬૬માં ભગત નામદેવજી( મહારાષ્ટ્રના ખ્યાતનામ સંત )ની વાણી. તેમાં सुलतानु पूछै सुनु बे नामा થી શરૂ થતા ભજનમાં આ ભાવ અદ્ભુત રીતે વ્યક્ત થયો છે. ગાંધીજીની વાણી તેનો સ્વયંભૂ-સ્વતંત્ર-અનુભૂત આવિષ્કાર છે.

૮૦ સર૰ तुल्यो मित्रारिपक्षयोः । ગીતા ૧૪-૨૫ ખ; बैरी मीत समानि । ગુરુ તેગબહાદુરનું વચન જુઓ ઉપર નોંધ ૪૯ (૧).

રેકોર્ડ નં. ૮૦૦૫૨માં તા. ૧૬-૬-'૪૭ના પ્રાર્થનાપ્રવચન તરીકે રેકોર્ડ થયેલી છે. આ પ્રવચન આકાશવાણી અવારનવાર પ્રસારિત કરે છે. ]

ગુરુ તેગબહાદુરની એક રચના ' સાધો મન કા માન ત્યાગો × × × અસ્તુતિ નિંદા દોઊ ત્યાગે × × × ' (જુઓ ' ગુરુ ગ્રન્થ સાહેબ ' ગૌડી, મહલા ૯, પૃ. ૨૧૯ તથા ' આશ્રમભજનાવલિ, આવૃત્તિ ૧૮મી, ભજન ૫૭ )નો આધાર ટાંકી ગાંધીજીએ નોઆખાલી યજ્ઞની શરૂમાં કેટલાક સહકાર્યકરોની ઈર્ષ્યાને લીધે થોડાંક અસ્વસ્થ બનેલાં મનુબહેન ગાંધીને કચાશ દૂર કરીને જલતી ભઠ્ઠી વચ્ચે પણ મનઃશાન્તિપૂર્વક ગાઢ નિદ્રા લેવાની શક્તિ પામવા અનુરોધ કર્યો હતો :

' यह भजन तो तू बहुत दफ़े गाती है । लेकिन इसका मनन करने लग तो तू एक घंटा जागी वह न होगा और उसी क्षण पत्थरकी तरह सो सकेगी ।'

[—શ્રીરામપુર, બુધવાર તા. ૧-૧-'૪૭ની ડાયરીમાંથી (જુઓ मंगल प्रभात જૂન ૧૯૫૧ના અંકમાં મનુબહેન ગાંધીનો લેખ नोआखाली यज्ञ ). આ વિગત બંને મહાત્માઓની સમવિચારધારા સૂચવે છે. પ્રસ્તુત સંદર્ભનું વિશેષ મહત્ત્વ એટલા માટે છે કે, શ્રી મનુબહેન ગાંધીની નોઆખાલીની ડાયરી ' એકલો જાને રે ' પુસ્તકમાં ૩૧-૧૨-૪૬ની અને ૨-૧-'૪૭ની ડાયરી છે. પરંતુ કોઈ કારણવશાત તા. ૧-૧-૧૯૪૭ની ડાયરી છાપેલી નથી. ]

# ભાગવતમાં રાજવંશ-વૃત્તાંત

હરિપ્રસાદ શાસ્ત્રી

પુરાણ એટલે પ્રાચીન અનુશ્રુતિઓનો સંગ્રહ. મૂળમાં તો એમાં વંશાવળીઓ અને ચરિતોનો સમાવેશ થતો. પછી એમાં મન્વન્તર ઉમેરાયા; વળી સર્ગ અને પ્રતિસર્ગના વૃત્તાંત પણ ઉમેરાયા. ને પુરાણનાં એ પંચલક્ષણ ગણાયાં.

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चैति पुराणं पञ्चलक्षणम् ॥

આગળ જતાં એમાં ભૂગોળ અને ખગોળ ઉપરાંત વર્ણાશ્રમધર્મ, શ્રાદ્ધ, સંપ્રદાયો, ભક્તિ, તીર્થો, વ્રતો, અવતારો, જ્ઞાતિઓ, ઇષ્ટાપૂર્ત, દાન ઇત્યાદિ ધર્મશાસ્ત્રીય વિષય ઉમેરાયા ને પુરાણના ઇતિવૃત્ત સાથે ધર્મશાસ્ત્રનું સ્વરૂપ વણાયું. હવે મહાપુરાણ પંચલક્ષણને બદલે દશલક્ષણ ગણાયાં. બ્રહ્માંડપુરાણમાં જે દશલક્ષણ ગણાવ્યાં છે તેમાં સર્ગ, વિસર્ગ, મન્વન્તર અને વંશાનુચરિત છે; વંશ સીધા જણાવ્યા નથી. ભાગવતમાં દસ લક્ષણ બે સ્થળોએ ગણાવ્યાં છે—દ્વિતીય સ્કંધમાં અને દ્વાદશ સ્કંધમાં. દ્વિતીય સ્કંધમાં સર્ગ, વિસર્ગ (પ્રતિસર્ગ) ને ઈશાનુમ્થા છે, જ્યારે દ્વાદશ સ્કંધમાં સર્ગ, વિસર્ગ ને મન્વન્તર ઉપરાંત વંશ અને વંશ્યાનુચરિત પણ જણાવેલ છે.

सर्गश्चाथ विसर्गश्च वृत्ती रक्षान्तराणि च ।
वंशो वंशानुचरितं संस्था हेतुरपा श्रयः ॥ ७-९

ભક્તિપ્રધાન પુરાણોમાં, ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયનાં પુરાણોમાં, ભાગવત સૌથી વધુ લોકપ્રિય છે. એની સેંકડો હસ્તપ્રત મળે છે ને એના પર અનેકાનેક વૃત્તિઓ લખાઈ છે. એની આ લોકપ્રિયતા મુખ્યત્વે શ્રીમદ્ ભગવદ્ વાસુદેવની ભક્તિ તથા શ્રીકૃષ્ણ વાસુદેવના વિસ્તૃત ચરિતના નિરૂપણને આભારી છે.

વંશો( ખાસ કરીને રાજવંશાવળીઓ)ના વૃત્તાંતની બાબતમાં પુરાણોમાં વાયુ પુરાણ અને બ્રહ્માંડ પુરાણ સૌથી પ્રાચીન અને વિસ્તૃત વૃત્તાંત ધરાવે છે; બ્રહ્મ પુરાણ હરિવંશને અનુસરે છે. વાયુ-બ્રહ્માંડ એક પરંપરા આપે છે, તો હરિવંશ-બ્રહ્મ પુરાણ જરા જુદી પરંપરા આપે છે. મત્સ્ય પુરાણ વળી ત્રીજી પરંપરા ધરાવે છે. વિષ્ણુ પુરાણ કેટલીક વખત વાયુ-બ્રહ્માંડની પરંપરાને અને કેટલીક વખત હરિવંશ-બ્રહ્મની પરંપરાને અનુસરે છે. એમાંનો કેટલોક ઘણો વૃત્તાંત શ્લોકોને બદલે ગદ્યમાં આપેલો છે. ગરુડ પુરાણની જેમ ભાગવત ઐક્ષ્વાકુ વંશનો વૃત્તાંત વાયુ-બ્રહ્માંડ પરંપરા પ્રમાણે આપે છે જે અન્ય વંશોની બાબતમાં સામાન્ય પરંપરાને અનુસરે છે. ગરુડ અને અગ્નિ પુરાણની જેમ ભાગવત પુરાણ પણ વંશવૃત્તાંત પ્રાચીન શ્લોકોને બદલે નવા શ્લોકોમાં આપે છે ને સામાન્ય રીતે તે સંક્ષેપમાં આપે છે. છતાં ભાગવત કેટલીકવાર પ્રાચીન પરંપરાઓનું સમર્થન કરે છે એ એનું ખાસ મહત્ત્વ ગણાય.

પૂનાના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટે મહાભારતની શાસ્ત્રીય આવૃત્તિ તૈયાર કરી પ્રકાશિત કરી ને વડોદરાનું ઑરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ રામાયણની શાસ્ત્રીય આવૃત્તિ તૈયાર કરી પ્રકાશિત કરે છે, તેમ પુરાણોની શાસ્ત્રીય આવૃત્તિ તૈયાર કરી પ્રકાશિત કરવાની ખાસ જરૂર રહેલી છે. કાશીના કાશિરાજ ટ્રસ્ટ તરફથી કેટલાંક પુરાણોની આવી આવૃત્તિ તૈયાર થતી જાય છે ને પ્રકાશિત થતી રહે છે. શ્રીમદ્ ભાગવત પુરાણની આવી આવૃત્તિ તૈયાર કરવાનું અમદાવાદની ગુજરાત વિદ્યાસભાએ શરૂ કર્યું છે પરંતુ સરકારી ગ્રાન્ટના અભાવે તે કામ મંદ ગતિથી ચાલે છે.

વાયુ-બ્રહ્માંડ, હરિવંશ-બ્રહ્મ, મત્સ્ય, વિષ્ણુ, ભાગવત, ગરુડ, અગ્નિ ઉપરાંત પદ્મ અને સૂર્ય પુરાણ પણ વંશવૃત્તાંત આપે છે. આ સર્વ વૃત્તાંતોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે તો પ્રાચીન રાજવંશોને લગતી અનુશ્રુતિઓના મૂળ પાઠ શોધવામાં સરળતા રહે તેમ છે.

ઘણાં પુરાણોમાં પ્રાચીન રાજવંશોનો વૃત્તાંત ભારત યુદ્ધના બનાવ સુધી કે જનમેજયના સર્પસત્રના બનાવ સુધી આપેલો છે. વાયુ-બ્રહ્માંડ અને મત્સ્ય પુરાણમાં એ વૃત્તાંત જનમેજયના પ્રપૌત્ર અધિસીય કૃષ્ણના રાજ્યકાલ સુધી લંબાવ્યો છે.

આગળ જતાં યુધિષ્ઠિર, જનમેજય કે અધિસીય કૃષ્ણ પછી બીજા અનેક રાજાઓ અને રાજવંશો થયા ત્યારે તેને લગતા વૃત્તાંત કલિયુગના કે ભાવિ રાજાઓનાં વૃત્તાંતરૂપે ઉમેરાયા. વાયુ-બ્રહ્માંડ અને મત્સ્ય પુરાણ અધિસીય કૃષ્ણ અને એના સમકાલીન રાજાઓની પછી થયેલા રાજાઓને ભાવિ રાજાઓ તરીકે ગણાવે છે. વાયુ-બ્રહ્માંડ ભાવિ વંશોનો વૃત્તાંત અતીત અને સાંપ્રત વંશોના વૃત્તાંતના અનુસંધાનમાં જ આવે છે, જ્યારે મત્સ્યપુરાણ પૌરવ વંશની બાબતમાં અનુસંધાન કરે છે પરંતુ અન્ય ભાવિ વંશોનો વૃત્તાંત અલગ આપે છે.

ભાગવત આ બાબતમાં વિષ્ણુપુરાણને અનુસરે છે. વિષ્ણુ અને ભાગવત પુરાણ પરીક્ષિતને સાંપ્રત રાજા ગણાવે છે, પરંતુ અયોધ્યા અને મગધના ભારતયુદ્ધ પછીના પ્રથમ-પ્રથમ રાજાને ભાવિ રાજા કહે છે! ભાગવત ઐક્ષ્વાકુ, પૌરવ અને બાર્હદ્રથ વંશના ભાવિ રાજાઓનો વૃત્તાંત તે તે વંશના અતીત રાજાઓના વૃત્તાંતના અનુસંધાનમાં આપે છે (સ્કંધ ૯), યાદવ વંશનો વૃત્તાંત નવમા સ્કંધના અંતિમ અધ્યાયમાં શરૂ થઈ છેક અગિયારમા સ્કંધના અંતે સમાપ્ત થાય છે. પણ બાકીના ભાવિ વંશોનો વૃત્તાંત અલગ રીતે દ્વાદશ સ્કંધ નિરૂપે છે. આ વૃત્તાંત ગુપ્ત વંશની સત્તાના ઉદય સુધી અર્થાત્ ઈસ્વીસન ૩૨૫ના સુમાર સુધી વિસ્તરે છે. વંશ-વૃત્તાંતની પુરવણી ત્યાં સમાપ્ત થાય છે. બીજાં ઘણાંખરાં પુરાણોમાં પણ ભાવિ રાજાઓનો વૃત્તાંત ત્યાં સુધી આપેલો છે.

ભાગવત પુરાણની રજૂઆત શુક-પરીક્ષિત સંવાદરૂપે થઈ છે તેને અંતે પરીક્ષિતના મૃત્યુ તથા જનમેજયના સર્પસત્રનો પ્રસંગ સૂત–શૌનકના અંતિમ સંવાદરૂપે ઉમેરાયો છે. લગભગ આખો પ્રથમ સ્કંધ પણ સૂત-શૌનકના પ્રાસ્તાવિક સંવાદરૂપે આપેલો છે. શુક-પરીક્ષિત સંવાદ ખરેખર સ્કંધ ૧ના અંતિમ અધ્યાયમાં શરૂ થાય છે ને સ્કંધ ૧૨ના છઠ્ઠા અધ્યાયમાં સમાપ્ત થાય છે. સ્કંધ ૧ના પહેલા ૧૮॥ અધ્યાય અને સ્કંધ ૧૨ના છેલ્લા ૭॥ અધ્યાય કેવળ સૂત-શૌનક સંવાદરૂપે ઉપોદ્ઘાત—ઉપસંહાર તરીકે ઉમેરાયા છે.

વંશ્યાનુચરિતમાં ભાગવત કેટલાંક ચરિતોનું રસપ્રદ નિરૂપણ કરે છે. એમાં શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત ૯૦ અધ્યાયના લાંબા દશમસ્કંધમાં વિગતે નિરૂપાયું છે, ને તે નિરૂપણે ભાગવતને ઘણું લોકપ્રિય બનાવ્યું છે.

સર્ગ ( સર્જન )નું નિરૂપણ તૃતીય સ્કંધમાં આવે છે. મૈત્રેય વિદુરને સૃષ્ટિની ઉત્પત્તિની વાત કરે છે ( અ. ૫-૨૦ ). એમાં એક બાજુ સાંખ્ય અને વેદાન્તના દાર્શનિક સિદ્ધાંત નિરૂપાયા છે તેમ જ બીજી બાજુ જલશાયી વિષ્ણુના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ નારાયણની આજ્ઞાથી સૃષ્ટિ ઉત્પન્ન કરી ને માનસિક તથા મૈથુની સંતાન ઉત્પન્ન કર્યાં તે પૌરાણિક માન્યતાના પ્રસંગ પણ નિરૂપાયા છે. અહીં પાંચરાત્ર દર્શને માનેલો વિષ્ણુ સ્વરૂપ ઈશ્વરના અદ્વૈતનો સિદ્ધાંત પ્રતિપાદિત થયો હોઈ આ બંનેનો—દાર્શનિક મતનો તેમ જ પૌરાણિક માન્યતાનો—મેળ સધાય છે.

બ્રહ્માએ સનકાદિ અને નીલમોહિત પછી મરીચિ આદિ દસ પ્રજાપતિ ઉત્પન્ન કર્યા; છેવટે પોતાના કાયમાંથી મનુ-શતરૂપાનું યુગલ ઉત્પન્ન કર્યું. આ સ્વાયંભુવ મનુ તે પહેલા મનુ. અહીં મન્વન્તરોનો વૃત્તાંત શરુ થયો. સ્વાયંભુવ મનુ અને શતરૂપાને પાંચ સંતાન થયાં. મૈથુની સૃષ્ટિનો અહીં આરંભ થયો. ( અ. ૧૨ )

એ પૈકી દેવહૂતિની કૂખે કપિલનો જન્મ થયો ( અ. ૨૪ ) પ્રસૂતિ-દક્ષને ત્યાં અનેક કન્યાઓ જન્મી, જે અન્ય અનેક કુલોના વંશવિસ્તારનું નિમિત્ત બની. દેવહૂતિ—કર્દમની નવ કન્યાઓ નવ પ્રજાપતિઓની પત્ની બની.

સ્વાયંભુવ મનુ-શતરૂપાના બીજા પુત્ર ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ થયા ને ધ્રુવના વંશમાં ચાક્ષુષ મનુ થયા. વેન અને પૃથા ચાક્ષુષ મનુના વંશમાં થયા. ( સ્કંધ ૪ )

પંચમ સ્કંધમાં સ્વાયંભુવ મનુના પ્રથમ પુત્ર પ્રિયવ્રતનો વંશ નિરૂપ્યો છે. એ વંશમાં ઉત્તમ, તામસ અને રૈવત મનુ થયા. પ્રિયવ્રતના પુત્ર અગ્નિધ્રના નાભિ અને નાભિના ઋષભદેવ થયા. જૈન ધર્મના આદિનાથ તીર્થંકર તે આ. તેમના પુત્ર ભરતના નામ પરથી 'અજનાભ' ખંડ 'ભારતવર્ષ' કહેવાયો એ ઉલ્લેખ ( ૭, ૩ ) મહત્ત્વનો ગણાય, કેમ કે કેટલાંક પુરાણોમાં આ નામ દુષ્યન્ત-પુત્ર ભરત સાથે સાંકળવામાં આવ્યું છે. ભાગવતના નવમા સ્કંધમાં દુષ્યંત-પુત્ર ભરતની ચક્રવર્તી તરીકે ઘણી પ્રશસ્તિ કરી છે ( અ. ૨૦ ), પરંતુ તેમાં ય તેના નામ પરથી 'ભારતવર્ષ' નામ પડયું હોવાનો નિર્દેશ નથી. નાભિકુલના ભરતનો લાંબો વંશ ગણાવવામાં આવ્યો છે. ( અ. ૧૫ ).

છઠ્ઠા સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં દક્ષ પ્રજાપતિની કન્યાઓના વંશવિસ્તાર વર્ણવ્યા છે. એમાં અદિતિકશ્યપના પુત્ર વિવસ્વાન ખાસ નોંધપાત્ર છે, કેમ કે તેમના પુત્ર વૈવસ્વત મનુ વર્તમાન માનવ સૃષ્ટિના આદ્ય પુરુષ ગણાય છે.

મન્વન્તરોનો પદ્ધતિસર વૃત્તાંત અષ્ટમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં આપેલો છે. પહેલા મનુ તે સ્વાયંભુવ મનુ. બીજા મનુ સ્વારોચિષ મનુ અગ્નિના પુત્ર છે. ત્રીજા, ચોથા અને પાંચમા મનુ ઉત્તમ, તામસ અને રૈવત મનુ તે સ્વાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રતના પુત્ર મનાય છે. છઠ્ઠા મનુ

(ચાક્ષુષ મનુ) તે ઉત્તાનપાદના પુત્ર ધ્રુવના વંશજ ગણાય છે. સાતમા મનુ શ્રાદ્ધદેવ ઊર્ફે વૈવસ્વત મનુ તે વિવસ્વત્ આદિત્યના પુત્ર છે. અહીં ભવિષ્માં થનાર પછીના સાત મનુઓનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે. ચૌદ મન્વન્તર મળીને એક હજાર યુગનો કલ્પ થાય છે. આ સર્વ કાલગણના cosmological છે. મન્વન્તર અને યુગની ચર્ચા શ્રી. ડોલરરાય માંકડે 'Puranic Chronology'માં વિગતે કરી છે ને પૌરાણિક વંશાવળીઓની કાલગણના સાથે તેનો શો સંબંધ રહેલો છે તે પણ તેમાં દર્શાવ્યું છે.

ઐતિહાસિક અને આદ્ય-ઐતિહાસિક (proto-historic) રાજવંશોનો સંબંધ વૈવસ્વત મનુ સાથે રહેલો છે. એમની પહેલાંના મનુઓના કાલ અને એને લગતા રાજવંશોનો વૃત્તાંત એ અગાઉના આદ્ય-ઐતિહાસિક કાલનો હોય, તો તેમાંની ઘણી વિગતો વિસ્મૃતિમાં વિલુપ્ત થઈ લાગે છે. છતાં જે થોડી વિગતો જળવાઈ છે તે પરથી આ રાજવંશ સુમેરના ઇતિહાસમાં પ્રાક્-પૂર રાજવંશો છે તેવા પુરાતન રાજવંશ લાગે છે. પ્રલયપૂરનો પ્રસંગ ભારતના આનુશ્રુતિક ઇતિહાસમાં મનુ વૈવસ્વત સાથે સંકળાયેલો હોઈ હવે કેટલાક ઇતિહાસકારો અગાઉના મન્વન્તરોના આ રાજવંશોને ય પ્રાક્-પૂર રાજવંશો તરીકે ગણાવે છે.

આ રાજવંશોના વૃત્તાંતમાં કેટલાક વંશ્યોનાં ચરિત પણ નિરૂપાયાં છે, જેમકે કર્દમ-દેવહૂતિ –કપિલ (૩, ૨૧-૩૩), ધ્રુવ (૪, ૮-૧૨), વેન-પૃથુ (૪, ૧૪-૨૩), ઋષભદેવ (૫, ૪-૬), ભરત (૫, ૭-૧૪), વિશ્વરૂપ-વૃત્ત (૬, ૭-૧૭), હિરણ્યકશિપુ-પ્રહ્લાદ (૭, ૧-૧૦).

વચ્ચે વચ્ચે વિષ્ણુના અવતારોના પ્રસંગ નિરૂપાતા રહે છે. અહીં અવતારોનો આરંભ મત્સ્યાવતારથી થતો નથી. મત્સ્યાવતાર એ તો વૈવસ્વત મનુવાળા સાતમા મન્વન્તરનો પ્રથમ અવતાર છે. પહેલા સર્ગના આરંભમાં તો વરાહાવતાર થયો ગણાય છે. પછી પહેલા છ મન્વન્તર દરમ્યાન યજ્ઞ, કપિલ, નૃસિંહ, વિભુ, સત્યસેન, હરિ, વૈકુંઠ અને અજિત (સૂર્ય) અવતાર જણાવ્યા છે. વામન અને મત્સ્ય અવતાર સાતમા મન્વન્તર સાથે સંકળાયેલા છે.

આ મન્વન્તરના રાજવંશોનો વૃત્તાંત નવમા સ્કંધમાં નિરૂપાયો છે. આદ્ય-ઐતિહાસિક રાજવંશોના અભ્યાસની દૃષ્ટિએ આ સ્કંધ ખાસ મહત્ત્વનો છે.

स वै विवस्वतः पुत्रो मनुरासीदिति श्रुतम् ।
त्वत्तस्तस्य सुताश्चोक्ता इक्ष्वाकुप्रमुखा नृपाः ॥ १३

तेषां वंशं पृथग् ब्रह्मन् वंश्यानुचरितानि च ।
कीर्तयस्व महाभाग नित्यं शुश्रूषतां हि नः ॥ १, ४

વંશ અને વંશ્યાનુચરિત—પુરાણોનો મૂળ વિષય અહીં સવિશેષ સવિસ્તર રજૂ થાય છે.

વૈવસ્વત મનુને સત્યવ્રત તેમ જ શ્રાદ્ધદેવ તરીકે પણ ઓળખાવે છે. વળી તેને દ્રવિડ રાજા કહ્યો છે એ ખાસ નોંધપાત્ર છે. એ કૃતમાલા નદીમાં જલતર્પણ કરતો હતો (૮, ૨૪, ૧૨). શ્રાદ્ધદેવની પત્નીનું નામ શ્રદ્ધા હતું. તેઓને ઇશ્વાકુ આદિ દસ પુત્ર થયા. તે પહેલાં તેઓને ઇલા નામે પુત્રી થયેલી. આ ઇલા કયારેક પુરુષ થઈ જતી ને કયારેક પાછી સ્ત્રી થતી. આ ઉલ્લેખમાં

કોઈ લિંગ-પરિવર્તનની ઘટના અભિપ્રેત હશે કે બે ભિન્ન વંશોને એક વંશોત્પાદકમાં સાંકળવાનો ઉદ્દેશ હશે ? ઇલા સ્ત્રીરૂપે ચંદ્રપુત્ર બુધને પરણી ને તેણે પુરૂરવાને જન્મ આપ્યો. ઇલાનો આ વંશ ઐલ વંશ કહેવાતો. પાર્જિટરે એને આર્યવંશ ગણ્યો છે. આગળ જતાં એ ચંદ્રવંશ તરીકે ઓળખાયો. આ વંશનો વૃત્તાંત આગળ જતાં અધ્યાય ૧૪થી શરૂ થાય છે.

તે પહેલાં વૈવસ્વત મનુના પછીના દસ પુત્રોનો વંશવૃત્તાંત આપવામાં આવે છે. પિતૃપ્રધાન વંશાવળીની દૃષ્ટિએ આ વંશ જ વૈવસ્વત મનુના ખરા વંશ ગણાય. આગળ જતાં આ વંશોને સૂર્યવંશ તરીકે ઓળખવામાં આવ્યા, કેમ કે આ મનુ વિવસ્વત( સૂર્ય )ના પુત્ર મનાતા.

વૈવસ્વત મનુના પુત્ર કયા અને કેટલા ?

ભાગવત કહે છે :

ततो मनुः श्राद्धदेवः संज्ञायामास भारत ।
श्रद्धायां जनयामास दश पुत्रान् स आत्मवान् ॥ १. ११

इक्ष्वाकु-नृग-शर्याति-दिष्ट-धृष्ट-करूषकान् ।
नरिष्यन्तं पृषध्रं च नभगं च कविं विभुः ॥

પરંતુ બ્રહ્માંડ-વાયુ, બ્રહ્મ-હરિવંશ, લિંગ, શિવ, સૂર્ય અને અગ્નિપુરાણ નવ પુત્ર જણાવે છે :—

मनोर्वैवस्वतस्यासन् पुत्रा वै नव तत्समाः ।
इक्ष्वाकुश्चैव नाभागो धृष्टः शर्यातिरेव च ॥

नरिष्यन्तस्तथा प्रांशुर्नाभागो( ने )दिष्ट एव च ।
करुषश्च पृषध्रश्च नवैते मानवाः स्मृताः ॥[1]

આ બે અનુશ્રુતિઓમાં ઇક્ષ્વાકુ, નાભાગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યન્ત, કરૂષ અને પૃષધ્ર—એ નામ સામાન્ય (common) છે. નાભાગો( ને )દિષ્ટ અને ભાગવતનો દિષ્ટ એક જ લાગે છે. હવે બ્રહ્માંડ-વાયુમાંનો પ્રાંશુ ભાગવતમાં નથી ને ભાગવતમાંના નૃગ અને કવિ બ્રહ્માંડ-વાયુમાં નથી.

આ દસમાં પૃષધ્ર, કવિ, કરૂષ અને ધૃષ્ટ એ ચાર પુત્ર રાજસત્તા ધરાવતા નહિ ને તેમના વંશજોની વિગત જળવાઈ નથી. નૃગના ૬ વંશજ જણાવ્યા છે, પણ તે રાજા હતા કે કેમ ને કયાં રહેતા તે જણાવ્યું નથી. નરિષ્યન્તના ૧૦ વંશજ ગણાવ્યા છે. એમાંનો દસમો અગ્નિવેશ્ય કાનીન ( કન્યાથી જન્મેલો ) હતો. એ સાંસ્કૃતિક દૃષ્ટિએ નોંધપાત્ર છે. એ મહર્ષિ ભતૂકર્ણ્ય નામે પ્રસિદ્ધ પામ્યો ને એના વંશજ આગ્નિવેશ્યાયન નામે બ્રાહ્મણો તરીકે ઓળખાયા.

રાજવંશોની દૃષ્ટિએ, પાર્જિટર નોંધે છે તેમ, બાકીના ચાર પુત્રોના વંશ નોંધપાત્ર છે.

નાભાગોદિષ્ટને બદલે અહીં દિષ્ટ અને એનો પુત્ર નાભાગ જણાવેલ છે, જે મનુના બીજા પુત્ર નાભાગના પુત્ર નાભાગથી ભિન્ન છે. ખરો નાભાગ એ જ લાગે છે. આ દિષ્ટનું પૂરું નામ તો

1 Pargiter, Ancient Indian Historical Tradition, p. 84.

વિષ્ણુ પુરાણમાં છે તેમ 'નાભાગદિષ્ટ' લાગે છે ને એવું આગળ જતાં 'નાભાગોદિષ્ટ' થઈ ગયું લાગે છે. કોઈએ એમાં 'નાભાગો' અને 'દિષ્ટઃ' એવાં બે નામ સમજી, અને એમાંના 'નાભાગ'નો તો ઉલ્લેખ અલગ આવે છે જ એ લક્ષમાં લઈ આ પુત્રનું નામ માત્ર 'દિષ્ટ' ઘટાવ્યું લાગે છે. ભાગવત આ મંતવ્યને અનુસરે છે. અન્ય પુરાણો જે 'નાભાગોદિષ્ટ' કે 'નાભાગેદિષ્ટ' નામ આપે છે તે તેના પુત્ર તરીકે નાભાગનો નિર્દેશ કરતાં નથી. આ વંશનો વૃત્તાંત વાયુ, વિષ્ણુ, ગરુડ અને ભાગવત પુરાણ પૂરો આપે છે. લિંગ, બ્રહ્માંડ ને માર્કણ્ડેય અધૂરો અધૂરો આપે છે. મહાભારત અને રામાયણમાં પણ એના અમુક ભાગ જ આપેલા છે. ભાગવત નાભાગ પછી ૨૯ રાજા ગણાવે છે, જ્યારે વાયુ આદિ ૩૩ ગણાવે છે.[૨]

એમાંનો પહેલો રાજા ભવિંદન વૈશ્ય હોવા છતાં સૂક્તકાર હતો.[૩] બારમો રાજા મરુત્ત આવીક્ષિત ચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ છે. એનું નામ 'ષોડશ રાજાઓ'ની યાદીમાં તેમ જ સમ્રાટોની યાદીમાં આવે છે.[૪] પાર્જિટરના મત મુજબ એ ઐક્ષ્વાકુ સમર અને પૌરવ દુષ્યંતથી સહેજ વહેલો થયો લાગે છે.[૫] ભાગવતમાં મરુત્તના યજ્ઞની પ્રશંસા કરી છે. તૃણબિંદુના પુત્ર વિશાલે વિશાલા કે વૈશાલી નગરી[૬] વસાવી. હવેથી આ વંશ વૈશાલ વંશ તરીકે ઓળખાયો.

વિશાલના પાંચમા વંશજ સોમદત્તે અશ્વમેધ યજ્ઞ કરેલો. સોમદત્તનો પુત્ર સુમતિ તે દાશરથિ રામનો સમકાલીન હતો. રામે વિશ્વામિત્રના સિદ્ધાશ્રમથી જનકની મિથિલા તરફ જતાં માર્ગમાં વિશાલા નગરીની મુલાકાત લીધી ત્યારે ત્યાંનો રાજા સુમતિ તેમને મળેલો એવું રામાયણનો બાલકાંડ જણાવે છે ને રાજા વિશાલથી સુમતિ સુધીની વંશાવળી પણ આપે છે.[૭] પાર્જિટર સોમદત્ત પછી જનમેજય ને જનમેજય પછી પ્રમતિ જણાવે છે તે આ સુમતિ હશે, ભાગવતમાં સોમદત્તનો પુત્ર સુમતિ અને સુમતિનો પુત્ર જનમેજય હોવાનું જણાવ્યું છે. રામાયણનો બાલકાંડ ભાગવત અને અન્ય પુરાણો આ વંશાવળી અહીં સુધી જ ગણાવે છે. દાશરથિ રામના સમય પછી આ વંશ ચાલુ રહ્યો નહિ હોય કે પછીનો વૃત્તાંત વિસ્મૃતિમાં વિલુપ્ત થયો હશે ?

નવમ સ્કંધના બીજા અધ્યાયમાં છ અ-રાજ પુત્રો અને નાભાનેદિષ્ટમાંથી ઉદ્ભવેલા આ વૈશાલવંશનો વૃત્તાંત આપ્યો છે. ત્રીજા અધ્યાયમાં શાર્યાત વંશનો વૃત્તાંત આપેલો છે તે ગુજરાતની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર ગણાય.

---

૨ પ્રમતિ તે 'પ્રભનિ' છે. ચાક્ષુષ ને ક્ષુપ એક છે. વિંશ અને વિવિંશને બદલે અહીં વિવિંશતિ અને રંભ છે. અન્યત્ર મરુત્ત અને દમની વચ્ચે નરિષ્યંત ગણાવ્યો છે. રાષ્ટ્રવર્ધન અને રાજ્યવર્ધન એક છે. બુધ અને બંધુ એક છે. ધુમ્રાક્ષ અને ધુમ્રાશ્વ એક છે. અન્યત્ર એની પહેલાં સુચન્દ્ર ઉમેર્યો છે. સંયમ અને સૃંજય એક છે. એની પછી અન્યત્ર સહદેવ વધારે છે.

૩ પાર્જિટર, ઉપર્યુક્ત, પૃ. ૯૭.

૪ એજન, પૃ. ૩૯, ૪૧.

૫ એજન, પૃ. ૧૪૬-૧૪૭.

૬ બસાઢ, જિ. મુઝફ્ફરપુર.

૭ વિગતો માટે જુઓ ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૨મું સંમેલન, હેવાલ( પૃ. ૪૩૮-૪૬ )માં ડૉ. સુમન જાડેજાનો 'શાર્યાતોનો આનુશ્રુતિક વૃત્તાંત' વિશેનો લેખ.

શાર્યાત વંશ વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિથી શરૂ થયો. આ વંશનો વૃત્તાંત વાયુ-બ્રહ્માંડ, બ્રહ્મ-હરિવંશ, મત્સ્ય-લિંગ-વિષ્ણુ, પદ્મ, અગ્નિ, ગરુડ અને શિવ પુરાણ પણ આપે છે. શર્યાતિ એ વેદસાહિત્યમાં જણાવેલો શાર્યાત માનવ (મનુ-પુત્ર) છે. શર્યાતિની પુત્રી સુકન્યા ભૃગુકુલના ચ્યવન ઋષિને પરણી એ વંશ્યાનુચરિત અહીં નિરૂપાયું છે. એનું આખ્યાન શતપથ બ્રાહ્મણ તથા જૈમિનીય બ્રાહ્મણમાં આવે છે. આ વૃત્તાંતમાં રાજા શર્યાતિના પુત્રનો ઉલ્લેખ આવે છે પણ તે નગરનું નામ આપ્યું નથી. ચ્યવનના ચરિતમાં અશ્વિનદેવોને પહેલાં ભિષકો તરીકે સોમઆહુતિનો ભાગ ન મળતો[૮] તે શર્યાતિએ અપાવ્યો એ ઉલ્લેખ ધાર્મિક તથા સાંસ્કૃતિક દૃષ્ટિએ નોંધપાત્ર છે.

ભાગવતમાં શર્યાતિના ત્રણ પુત્ર ગણાવ્યા છે—ઉત્તાનબર્હિ, આનર્ત અને ભૂરિષેણ. બીજાં પુરાણોમાં માત્ર આનર્તનો જ ઉલ્લેખ છે. ભાગવતમાં પણ બાકીના બે વિશે આગળ કંઈ આપ્યું નથી. આનર્તનો પુત્ર રેવત સમુદ્રની અંદર કુશસ્થલી નામે નગરી વસાવી આનર્તાદિ પ્રદેશો પર રાજ્ય કરતો એવું ભાગવત કહે છે. 'આનર્ત' નામ એના પિતાના નામ પરથી પડ્યું લાગે છે. યાદવોએ મથુરાથી આવી કુશસ્થલીનું દ્વારવતી (દ્વારકા) તરીકે નવનિર્માણ કરી ત્યાં વસવાટ કર્યો એવું મહાભારત જણાવે છે તે પરથી ત્યારે આનર્ત દેશની રાજધાની દ્વારકાના સ્થાનમાં હોવાનું માલૂમ પડે છે, જ્યારે ક્ષત્રપ કાલ(૧૦૦-૪૦૦)માં આનર્ત ઉત્તર ગુજરાતમાં આવેલો હતો, ને આનંદપુર કે નગર (હાલનું વડનગર) એ આનર્તપુર અર્થાત્ આનર્ત દેશનું મુખ્ય નગર ગણાતું. આથી શર્યાતિના સમયે આનર્તમાં ઉત્તર ગુજરાતનો સમાવેશ થતો હોય કે ન થતો હોય, પણ સૌરાષ્ટ્રમાં (વાયવ્ય સૌરાષ્ટ્રમાં, પશ્ચિમ સૌરાષ્ટ્રમાં નૈઋર્ત્ય સૌરાષ્ટ્રમાં કે દક્ષિણ સૌરાષ્ટ્રમાં—ગમે ત્યાં) આવેલ કુશસ્થલીવાળા પ્રદેશનો એમાં સમાવેશ થતો હતો એ નિશ્ચિત છે.

આનર્તના ઉત્તરાધિકારીનું નામ અહીં 'રેવત' આપ્યું છે; વિષ્ણુ અને ગરૂડ પુરાણ પણ એ જ આપે છે. પરંતુ વાયુ-બ્રહ્માંડ બ્રહ્મ-હરિવંશ અને અગ્નિ પુરાણ 'રેવ' આપે છે, જ્યારે મત્સ્ય, પદ્મ અને લિંગ પુરાણ આનર્તનો પુત્ર રોચમાન અને રોચમાનનો પુત્ર રેવ એવું જણાવે છે. ભાગવત 'આનર્તમાંથી રેવત થયો' એમ કહે છે, પરંતુ બીજાં ઘણાં પુરાણ રેવને આનર્તના દાયાદ (વારસદાર) તરીકે ઓળખાવે છે, પુત્ર તરીકે નહિ. આ પરથી આનર્ત પછી એનો પૌત્ર રેવ ગાદીએ આવ્યો હોવાનું તે કદાચ રેવનો પિતા રોચમાન આનર્તની હયાતીમાં અકાળ અવસાન પામ્યો હોવાનું સૂચિત થાય છે.

(રેવ કે) રેવતને સો પુત્ર થયા ને તેમાં કકુદ્મી જ્યેષ્ઠ હતો એવું ભાગવત જણાવે છે. કકુદ્મી એટલે પર્વત. એ રેવતનો પુત્ર હોઈ રૈવત તરીકે ઓળખાતો. કુશસ્થલીની બાજુમાં રૈવતક નામે પર્વત હતો. આમ હવે કકુદ્મી રૈવત રાજાના અને રૈવતક પર્વતના નામ વચ્ચે ગાઢ સંબંધ રહેલો જણાય છે.

આ કકુદ્મી રૈવતને લગતો એક રસપ્રદ પ્રસંગ પુરાણોમાં નોંધાયો છે. એ રાજા પોતાની કન્યા રેવતીના વર વિશે બ્રહ્માને પૂછવા બ્રહ્મલોક ગયો. ત્યાં ત્યારે સંગીત ચાલતું હોઈ તેને થોડી વાર ખોટી થવું પડ્યું, પરંતુ ત્યાંની થોડી વાર એટલે મર્ત્યલોકની અનેક પેઢીઓનો લાંબો કાળ.

---

૮ भिषजाविति यत् पूर्वं सोमाहुत्या बहिष्कृतौ ॥ २६

બ્રહ્માએ તેને પોતાની પુત્રી બલદેવને પરણાવવા સલાહ આપી. રૈવત કુશસ્થલીમાં પાછો ફર્યો તે દરમ્યાન પુણ્યજનોના ત્રાસથી એના ભાઈઓ એ નગરી તજી ચાલ્યા ગયા હતા ને પછી ત્યાં યાદવો આવી વસ્યા હતા. ઇતિહાસની દૃષ્ટિએ આ લાંબા કાલનો ઉલ્લેખ સૂચક ગણાય. પૌરાણિક વંશાવળીઓ અનુસાર રૈવત કકુદ્મી મનુ વૈવસ્વતથી પાંચમી-છઠ્ઠી પેઢીએ થયો, જ્યારે બલરામ વાસુદેવ તો મનુ વૈવસ્વતથી ૫૮મી પેઢીએ થયા. એ બે સમકાલીન કેવી રીતે હોઈ શકે? મને લાગે છે, રૈવત વંશમાં રેવત પછી અનેક રાજાઓ થયા હશે પણ તેમનાં નામ વિસ્મૃતિમાં લુપ્ત થઈ ગયાં હશે; ને આથી તેઓના રાજ્યકાલના લાંબા ખાલી ગાળાને અંગે બ્રહ્મલોકગમન અને દીર્ઘકાલ-ક્ષેપની આ પૌરાણિક કથા જોડાઈ હશે. શાર્યાત વંશનો વૃત્તાંત અહીં પૂરો થાય છે.

ચોથા અધ્યાયમાં નાભાગ-વંશનો વૃત્તાંત શરૂ થાય છે. અહીં નભગનો સહુથી નાનો પુત્ર તે નાભાગ એમ જણાવ્યું છે, પરંતુ વંશકર્તાનું નામ પાર્જિટર નોંધે છે તેમ નભાગ કે નાભાગ હોવું જોઈએ.[૯] આ વંશનો વૃત્તાંત વાયુ-બ્રહ્માંડ, વિષ્ણુ અને ગરુડ પુરાણ પણ આપે છે. બ્રહ્મ, મત્સ્ય, પદ્મ. લિંગ, શિવ અને અગ્નિપુરાણમાં માત્ર નાભાગ અને એના પુત્ર અંબરીષનો જ ઉલ્લેખ છે. ભાગવત પણ નાભાગ અને અંબરીષનું વંશ્યાનુચરિત આપે છે. નાભાગે અંગિરસોને વિશ્વદેવોનાં બે સૂક્ત ભણાવેલાં એ ઉલ્લેખ નોંધપાત્ર છે. અંબરીષ ભગવાન વાસુદેવનો પરમ ભક્ત હતો. એ ભારે તપસ્વી હતો ને ભગવાન પણ તેનો મહિમા મનાવતા એવું એના ચરિતનું તાત્પર્ય છે. આ ચરિત પાંચમા અધ્યાયમાં પૂરું થાય છે. છઠ્ઠા અધ્યાયના આરંભમાં અંબરીષના વંશજ ગણાવ્યા છે. અંબરીષનો પ્રપૌત્ર રથીતર. તેની પત્નીમાં અંગિરસે ક્ષેત્રજ પુત્ર ઉત્પન્ન કર્યા, તે ક્ષાત્ર બ્રાહ્મણ ગણાયા. આ અંગિરસો તથા રથીતરોનાં નામ ઉપલબ્ધ નથી. આ વંશનો પ્રદેશ કયો હતો તે પણ જાણવા મળતું નથી.

મનુ વૈવસ્વતના પુત્રોમાં ઇક્ષ્વાકુ જ્યેષ્ઠ હતો, પરંતુ તેના વંશનો વૃત્તાંત વિસ્તૃત હોઈ છેલ્લો આપવામાં આવે છે. ભાગવતમાં એ ૮ અધ્યાય ( ૬ થી ૧૩ ) રોકે છે. ઇક્ષ્વાકુના પુત્રો આર્યાવર્તના જુદા જુદા સર્વ ભાગો પર સત્તા ધરાવતા. એમાંના વિકુક્ષિનો વંશ અયોધ્યામાં ને નિમિનો વંશ મિથિલામાં પ્રવર્ત્યો.

વિકુક્ષિ-શશાદના ચરિતમાં શ્રાદ્ધ ક્રિયામાં પશુમાંસ અર્પણ થતું હોવાનો ઉલ્લેખ નોંધ-પાત્ર છે. તેનો પુત્ર પુરંજય 'ઇન્દ્રવાહ' અને 'કકુત્સ્થ' નામે પણ ઓળખાયો. આ વંશના નવમા રાજા શ્રાવસ્તે શ્રાવસ્તી નગરી વસાવી.[૧૦] કુવલયાશ્વ ધુંધુમાર તરીકે પણ જાણીતો હતો. યુવનાશ્વ રાજાનું ચરિત પૌરાણિક ઢબનું છે, પરંતુ તેનો પુત્ર માન્ધાતા ચક્રવર્તી થયો એ સુવિદિત છે. એની પત્ની બિંદુમતી શશબિંદુની પુત્રી હતી; તે શશબિંદુ યાદવકુલનો રાજા હતો. માન્ધાતાની પુત્રીઓ સૌભરિ નામે ઋષિને વરી. આ ઋષિનું ચરિત રસપ્રદ છે.

માન્ધાતાના વંશમાં સત્યવ્રત થયો, જે ત્રિશંકુ તરીકે પ્રસિદ્ધ છે. હવે ત્રિશંકુ તથા તેના પુત્ર હરિશ્ચંદ્રનું ચરિત નિરૂપાયું છે. હરિશ્ચન્દ્રના પુત્ર રોહિતના સંદર્ભમાં શુનઃશેપનો પ્રસંગ આવે છે. એમાં નરમેધનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

---

૯ પાર્જિટર, ઉપર્યુક્ત, પૃ. ૯૮.

૧૦ વર્તમાન સાહેથ.

રોહિતના પૌત્ર ચંપે ચંપાનગરી વસાવી કહેવાય છે. એના વંશમાં સગર રાજા થયો. એ ચક્રવર્તી હતો. એણે યવનો, શકો અને બર્બરોને સજા કરી હતી એ ઉલ્લેખ ઇતિહાસની દૃષ્ટિએ વિચારણા માગી લે તેવો છે. એણે અનેક અશ્વમેધ કરેલા. એવા એક અશ્વમેધ નિમિત્તે સગરના અનેક પુત્ર નાશ પામ્યા. એના પૌત્રાદિ વંશજોએ ગંગાને લાવવા પ્રયત્ન કર્યો; તેમાં છેવટે ભગીરથ સફળતા પામ્યા એ કથામાં ગંગા નદીના પ્રવાહને પૂર્વ ભારત તરફ વાળી સાગર સુધી પહોંચાડવાની કોઈ સિંચાઈ યોજનાના ભગીરથ પુરુષાર્થનો ઉલ્લેખ ઉદ્દિષ્ટ હશે ?

ભગીરથ પછી આગળ જતાં ઋતુપર્ણ થયો, તે નિષધ દેશના રાજા નલનો મિત્ર હતો. એણે નલને દ્યૂતવિદ્યા શીખવી એની પાસેથી અશ્વવિદ્યા પ્રાપ્ત કરી હતી.

સુદાસનો પુત્ર કલ્પાષપાદ કહેવાતો તે પરથી તેના શાપની કથા ઊપજી લાગે છે, પરંતુ તેમાં આવતો માનવમાંસભક્ષણનો ઉલ્લેખ નોંધપાત્ર છે. તેનો પુત્ર અશ્મક ક્ષેત્રજ હતો. 'અશ્મક' અને 'મૂલક'ને લગતી કથાઓ તેઓનાં નામોની ઉત્પત્તિ માટે જણાય છે. 'અશ્મક' અને 'મૂલક' એ નામ મહારાષ્ટ્રના અમુક પ્રદેશો માટે પણ પ્રયોજાયાં છે.

આગળ જતાં આ વંશમાં ખટ્વાંગ નામે ચક્રવર્તી રાજા થયો. બીજાં પુરાણો પ્રમાણે એ 'દિલીપ' નામે પણ ઓળખાતો. આથી પાર્જિટર નોંધે છે તેમ એ આ વંશનો દિલીપ બીજો ગણાય. 'રઘુવંશ'માં જણાવેલો દિલીપ આ છે. પરંતુ ત્યાં જણાવેલ દયાનો પ્રસંગ અહીં આપ્યો નથી. અહીં એના પરાક્રમ અને ભક્તિભાવના પ્રસંગ નિરૂપ્યા છે.

ખટ્વાંગ–દિલીપનો પુત્ર દીર્ઘબાહુ રઘુ એમ ગણીએ તો 'રઘુવંશ'ના વૃત્તાંત સાથે મેળ મળે છે. કાલિદાસે રઘુના દિગ્વિજયને નિરૂપ્યો છે, પરંતુ પુરાણો તો ચક્રવર્તી તરીકે દિલીપ ખટ્વાંગને ગણાવે છે, રઘુને નહિ. ભાગવતમાં રઘુ, અને દશરથના પ્રસંગ વર્ણવ્યા નથી, પરંતુ દાશરથિ રામનું ચરિત નિરૂપ્યું છે. એમાં સીતાની અગ્નિપરીક્ષાનો ઉલ્લેખ નથી, પણ સીતાના ત્યાગનો પ્રસંગ આપ્યો છે.

બારમા અધ્યાયમાં રામના વંશજોનો વૃત્તાંત આવે છે. એમાં હિરણ્યનાભ યોગાચાર્ય હતો ને યાજ્ઞવલ્ક્યે તેની પાસેથી અધ્યાત્મવિદ્યા મેળવી હતી એવો ઉલ્લેખ આવે છે. રઘુવંશ હિરણ્યનાભના પૌત્રના પૌત્ર અગ્નિવર્ણથી અટકી જાય છે, જ્યારે પુરાણો આ વંશનો વૃત્તાંત આગળ ચલાવે છે. આ વંશના બૃહદ્બલે ભારત યુદ્ધમાં ધાર્તરાષ્ટ્રોના પક્ષે ભાગ લીધેલો ને તે અભિમન્યુ વડે મરાયો હતો.

શુક અહીં પરીક્ષિતને કહે છે:

एते हीक्ष्वाकुभूपाला अतीताः श्रृण्वनागतान् । (९)

બૃહદ્બલ સુધીના રાજા અતીત હતા; હવે પછીના અનાગત છે. આમ અહીં મૂળ યાદી બૃહદ્બલના સમય સુધીની અર્થાત્ ભારત યુદ્ધના સમય સુધીની છે. બૃહદ્બલના સાતમા વંશજ સહદેવને જે બીજાં કેટલાંક પુરાણોમાં સાંપ્રત રાજા કહ્યો છે ત્યાં આ યાદી સહદેવના સમય સુધી અર્થાત્ ભારત યુદ્ધ પછીની પાંચમી-સાતમી પેઢી સુધી વિસ્તરે છે.

ભાગવત બૃહદ્બલ પછી ત્રીસ રાજા ગણાવે છે, જેમાં સુમિત્ર છેલ્લો છે. પરંતુ એમાં વચ્ચે શાકચ અને શુદ્ધોદ ગણાવ્યા છે તે અહીં અસંબદ્ધ જેવા લાગે છે.

તેરમા અધ્યાયમાં વિદેહવંશનો વૃત્તાંત આવે છે. એનો વૃત્તાંત બ્રહ્માંડ, વાયુ, વિષ્ણુ અને ગરુડ પુરાણમાં પણ આપેલો છે. આ વંશ ઇક્ષ્વાકુના બીજા પુત્ર નિમિમાંથી ઉદ્ભવ્યો. નિમિ 'વિદેહ' કહેવાતો. એનો પુત્ર 'જનક' નામે હતો. ત્યારથી 'જનક' કુલનામ બન્યું. જનકે મિથિલા વસાવી; એ 'મિથિલ' પણ કહેવાતો. સીતાના પાલક પિતા જનક એનો વીસમો વંશજ હતો. રામાયણમાં નિમિથી આ જનક સુધીની વંશાવલી આપી છે, પરંતુ આ જનકનું વ્યક્તિનામ જણાવ્યું નથી. પુરાણોમાં એનું નામ 'સીરધ્વજ' આપ્યું છે. (સીર = હળ એનો ધ્વજ = પ્રતીક હતો.) આમ દશરથ અને જનક ઇક્ષ્વાકુ વંશની શાખાઓના હતા. જનકનો છેલ્લો વંશજ કૃતિ જણાવ્યો છે. એ પાંડવોનો સમકાલીન હતો. આ વંશનો વૃત્તાંત ત્યાં સમાપ્ત થાય છે. ભાગવત નોંધે છે કે મૈથિલો આત્મવિદ્યામાં વિશારદ હતા. યાજ્ઞવલ્કયાદિ સાથેના પ્રસંગોમાં આની પ્રતીતિ થાય છે. અહીં એ લક્ષમાં લેવાનું છે કે વસિષ્ઠ અને વિશ્વામિત્રની જેમ જનક પણ અનેક થયા.

મનુ વૈવસ્વતની પુત્રી ઇલા પુરુષરૂપે 'સુદ્યુમ્ન' નામે ઓળખાતી. સુદ્યુમ્નને ત્રણ પુત્ર હતા—ઉત્કલ, ગય અને વિમલ. તેઓને દક્ષિણાપથના રાજા કહ્યા છે. ઉત્કલ ઓરિસાનો રાજા હશે ને ગય મગધના ગયા પ્રદેશનો. વિમલને અન્ય પુરાણોમાં હરિતાશ્વ કે વિનતાશ્વ એ ટૂંકામાં વિનત કહ્યો છે.[૧૧] મનુને દ્રવિડ દેશનો રાજા કહ્યો છે. તો મનુ ને સુદ્યુમ્ન દક્ષિણમાં રાજ્ય કરતા હશે ને ઇક્ષ્વાકુએ આર્યાવર્ત (ઉત્તર ભારત)માં સત્તા સ્થાપી હશે. ભાગવતમાં સુદ્યુમ્નનો વૃત્તાંત અધ્યાય ૧માં આપ્યો છે.

સોમવંશનો વૃત્તાંત અધ્યાય ૧૪માં શરૂ થાય છે. એ અહીં ઘણો વિસ્તાર ધરાવે છે, કેમકે ભાગવત સંપ્રદાયના ઇષ્ટદેવ કૃષ્ણવાસુદેવ એ વંશમાં થયા. મનુ વૈવસ્વતની પુત્રી ઇલા સોમ(ચંદ્ર)ના પુત્ર બુધની પત્ની હોઈ ઐલવંશ સોમવંશ તરીકે ઓળખાયો. બુધ-ઇલાના પુત્ર પુરૂરવા ને ઉર્વશીનું ચરિત વિગતે આપ્યું છે. પુરૂરવાના છ પુત્રો પૈકી બેના વંશ અગત્યના છે—આયુ અને વિજયના બાકીના ચારનો એકેક વંશજ જ ગણાયો છે. ભાગવત જેને 'વિજય' કહે છે તેને બીજાં પુરાણ 'અમાવસુ' કહે છે. આ વંશનો વૃત્તાંત વાયુ-બ્રહ્માંડ, બ્રહ્મ-હરિવંશ, વિષ્ણુ અને ગરુડ પુરાણમાં પણ આપ્યો છે. વિજય(અમાવસુ)ના વંશમાં જહ્નુ થયો, જેના પરથી ગંગાનું 'જાહ્નવી' નામ પડયું. આગળ જતાં ગાધિ થયો. ગાધિની પુત્રી સત્યવતીને જમદગ્નિ નામે પુત્ર થયો તે જમદગ્નિને રામ (પરશુરામ) નામે પુત્ર થયો. તેમનું ચરિત અધ્યાય ૧૫-૧૬માં નિરૂપાયું છે. એમાં બ્રાહ્મણત્વ અને ક્ષત્રિયત્વ વચ્ચેનો સંઘર્ષ પ્રતિબિંબિત થાય છે. જામદગ્ન્ય રામને અહીં હરિનો અવતાર કહ્યો છે ને તે અદ્યાપિ મહેન્દ્રગિરિ પર હોવાનું જણાવ્યું છે. આ વંશ કનોજમાં થયો. આ વંશનો વૃત્તાંત રામાયણમાં પણ આવે છે.

ગાધિ-પુત્ર વિશ્વામિત્ર સંબંધી દેવરાત શુનઃશેપનો પ્રસંગ અહીં અગાઉ કરતાં વિગતે નિરૂપ્યો છે. આ વંશનો વૃત્તાંત વિશ્વામિત્રના પુત્રો સુધી જ આપેલો છે.

---

૧૧ પાર્જિટર, ઉપર્યુક્ત, પૃ. ૨૫૪.

સત્તરમા અધ્યાયમાં પુરૂરવાના જ્યેષ્ઠ પુત્ર આયુના વંશનો વૃત્તાંત શરૂ થાય છે. એમાં પહેલાં આયુના બીજા પુત્ર ક્ષત્રવૃદ્ધનો વંશ ગણાવી દેવામાં આવે છે. આ વંશના રાજાઓ કાશીમાં રાજ્ય કરતા હતા. આ વંશમાં શૌનક, ધન્વંતરિ અને અલર્ક નોંધપાત્ર છે. આ વંશનો વૃત્તાંત ભારત યુદ્ધના સમય સુધીનો આપ્યો નથી. આયુના અને ક્ષત્રવૃદ્ધ-પુત્ર સુહોત્રના અન્ય પુત્રોના વંશ પણ આ અધ્યાયમાં ગણાવી દીધા છે.

અઢારમાં અધ્યાયમાં આયુના જ્યેષ્ઠ પુત્ર નહુષનો વંશ શરૂ થાય છે ને પહેલાં નહુષના પુત્ર યયાતિનું રસપ્રદ ચરિત નિરૂપાય છે, જે પછીના અધ્યાયમાં પૂરું થાય છે. પેલો પ્રસિદ્ધ શ્લોક એમાં આવે છે.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ १९१४

વીસમા અધ્યાયમાં યયાતિના કનિષ્ઠ પણ માનીતા પુત્ર પૂરુના વંશનો વૃત્તાંત શરૂ થાય છે ને તે બાવીસમા અધ્યાય સુધી વિસ્તરે છે. પૌરવ વંશમાં પહેલાં દુષ્યંત અને એના પુત્ર ભરતનું ચરિત આલેખાયું છે. ભરત ચક્રવર્તી થયો ને હરિનો અવતાર મનાયો. એણે ગંગાતટે ૫૫ અશ્વમેધ કર્યા. આ વંશનું પાટનગર પ્રતિષ્ઠાન પ્રયાગ પાસે હતું. ભરતનું મહત્ કર્મ અપૂર્વ–અદ્વિતીય હતું.

भरतस्य महत्कर्म न पूर्वे नापरे नृपाः ।
नैवापुर्नैव प्राप्स्यन्ति बाहुभ्यां त्रिदिवं यथा ॥

એણે દિગ્વિજયમાં કિરતો, હૂણો, યવનો, શકો, મ્લેચ્છો વગેરેને હણ્યા હોવાનું કહ્યું છે. એ ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર છે.

અપુત્ર ભરતે ભરદ્વાજને પુત્ર તરીકે પ્રાપ્ત કર્યો. વીસમા અધ્યાયમાં 'ભરદ્વાજ'ની ઉત્પત્તિની કથા આપી છે. એકવીસમા અધ્યાયમાં આ વંશના રંતિદેવનું ચરિત નિરૂપાયું છે. અન્ય રાજાઓમાં હસ્તી (જેણે હસ્તિનાપુર વસાવ્યું), બ્રહ્મદત્ત (જેણે 'યોગતંત્ર' રચ્યું), કૃતિ (જેણે હિરણ્યનાભ પાસેથી સામવેદની છ સંહિતાઓ પ્રાપ્ત કરી હતી), દ્રુપદ, કુરુ, જરાસંધ, શંતનુ, ભીષ્મ, પાંડવો, અભિમન્યુ વગેરે રાજા થયા. પછી શુક પરીક્ષિતને જનમેજય આદિ ભાવિ રાજાઓ ગણાવે છે, જેમાં અસીમ કૃષ્ણનો સમાવેશ થાય છે. એના પુત્ર નેમિચક્રના સમયમાં હસ્તિનાપુર તણાઈ જતાં આ વંશ કૌશાંબીમાં વસ્યો. આ વંશમાં છેલ્લો ક્ષેમક થયો. એવી રીતે મગધપતિ જરાસંધના વંશમાં રિપુંજય સુધીના ૨૨ રાજા ગણાવ્યા છે. (અધ્યાય ૨૨)

હવે યયાતિના બીજા પુત્રોના વંશોનો વૃત્તાંત આવે છે. અનુના વંશની બે શાખા પડી. ઉશીનરના વંશજ સુવીર, મદ્ર, કેકય વગેરે પ્રદેશોમાં અર્થાત્ પંજાબમાં રાજ્ય કરતા; તિતિક્ષુના વંશજ અંગ, વંગ, કલિંગ, સુહ્મ, પુંડ્ર અને અન્ધ્ર પ્રદેશમાં અર્થાત્ પૂર્વ અને દક્ષિણપૂર્વમાં રાજ્ય કરતા. એમાં અંગ રાજાના વંશમાં ચિત્રરથ-રોમપાદ થયા. દશરથે તેને પોતાની પુત્રી શાંતા દત્તક આપી એવું ભાગવત જણાવે છે, પરંતુ શાંતા ખરેખર રોમપાદની જ પુત્રી હતી ને રોમપાદ પાસેથી દશરથ ઋષ્યશૃંગ-શાંતાને પોતાને ત્યાં તેડી ગયેલા; આ પ્રસંગના વૃત્તાંતમાં કંઈ ગેરસમજ

થતાં એ મૂળ દશરથની પુત્રી હોવાનું ધારવામાં આવ્યું છે. અહીં ઋષ્યશૃંગનું ચરિત નિરૂપાયું છે (અ. ૨૨). રોમપાદના વંશજ અધિરથ તે કાનીનકર્ણના પાલક પિતા હોઈ પાંડવોના સમકાલીન હતા. આ વંશનો વૃત્તાંત કર્ણપુત્ર વૃષસેન સુધી અર્થાત્ ભારતયુદ્ધના સમય સુધી જ આપવામાં આવ્યો છે (અ. ૨૩).

દ્રુહ્યુ અને તુર્વશુના વંશવૃત્તાંત ઘણા ટૂંકા છે. દ્રુહ્યુના વંશજ ગંધાર દેશમાં રાજ્ય કરતા. અહીં તેઓને ઉત્તરમાં રહેલા મ્લેચ્છાધિપતિ કહ્યા છે. તુર્વશુ વંશના મારુતે પૂરુવંશના દુષ્યંતને દત્તક લીધો, પણ તે પૂરુવંશમાં ચાલુ રહ્યો. પદ્મપુરાણમાં જણાવ્યા મુજબ આ વંશના રાજા દક્ષિણનાં પાંડ્ય, કેરલ ચોલ વગેરે રાજ્યોમાં વસ્યા લાગે છે.[૧૨]

હવે યદુવંશનો વૃત્તાંત બાકી રહે છે. શ્રીકૃષ્ણ વાસુદેવ એ વંશમાં જન્મ્યા હોઈ એનો ઘણો વિસ્તાર કરવામાં આવ્યો છે. આ વૃત્તાંત મુખ્યત્વે આ સ્કંધના છેલ્લા દોઢ અધ્યાયમાં, દશમ સ્કંધના પહેલા ત્રણ અધ્યાયમાં અને એકાદશ સ્કંધના ૩૦મા અધ્યાયમાં આપેલો છે. પરંતુ એમાં વંશ્યાનુચરિતનો સમાવેશ કરીએ, તો ૯૦ અધ્યાયનો આખો દશમ સ્કંધ અને ૩૧ અધ્યાયોનો એકાદશ સ્કંધ પણ યદુવંશના વૃત્તાંતને લગતો ગણાય.

યદુના જ્યેષ્ઠ પુત્ર સહસ્રજિતના વંશમાં હૈહયોની શાખા થઈ છે. એ વંશનો કાર્તવીર્ય અર્જુન અતુલ વીર્ય ધરાવતો હતો. તાલજંઘો રેવના વંશજ હતા.

કાર્તવીર્ય અર્જુનને મધુ નામે એક પુત્ર હતો, પરંતુ વૃષ્ણિ એનો પુત્ર હતો. તેઓના વંશજ 'માધવ' અને 'વાર્ષ્ણેય' કહેવાયા એ રજૂઆત યથાર્થ લાગતી નથી, કેમકે વાર્ષ્ણેયો હૈહયો નહિ પણ સાત્વતો હતા.

યદુના બીજા પુત્ર ક્રોષ્ટુના વંશમાં શશબિંદુ રાજા થયો. એ ચક્રવર્તી હતો. એ ઐક્ષ્વાકુ માન્ધાતાનો સસરો થતો. જ્યામઘ-શૈબ્યા-ભોજ્યાનું ચરિત રસપ્રદ છે. તેના પુત્ર વિદર્ભમાંથી યદુવંશની વિદર્ભશાખા થઈ, જેનો વૃત્તાંત અધ્યાય ૨૪માં આવે છે.

વિદર્ભને ત્રણ પુત્ર હતા—કુશ, ક્રથ અને રોમપાદ. પાર્જિટર નોંધે છે કે ક્રથના વંશમાં મુખ્ય શાખા ચાલુ રહી, કૈશિકના વંશજ ચેદિમાં વસ્યા ને રોમપાદના વંશજ અન્યત્ર.[૧૩] પરંતુ ભાગવત તો રોમપાદના વંશને ચેદિ સાથે સાંકળે છે ને કુશનો વંશ નિરૂપતું નથી. અહીં પણ મુખ્ય શાખા ક્રમથી ચાલુ રહે છે. એ વંશમાં દશાર્હ, મધુ અને સાત્વત નોંધપાત્ર છે. દાશાર્હ, માધવ અને સાત્વત એ કુલનામ તેઓનાં નામ પરથી પડયાં.

સાત્વતને ચાર પુત્ર હતા—ભજમાન, દેવાવૃધ, અન્ધક અને વૃષ્ણિ. વાયુ-બ્રહ્માંડ, બ્રહ્મ-હરિવંશ, મત્સ્ય, પદ્મ અને લિંગ પુરાણ આ ચાર પુત્રો જ ગણાવે છે, પરંતુ વિષ્ણુ અને અગ્નિની જેમ ભાગવત 'ભજી', 'દિવ્ય' અને 'મહાભોજ' એ ત્રણ વિશેષણોને વિશેષ નામ માની બીજા ત્રણ પુત્ર ઉમેરે છે. અલબત્ત ભાગવત પછી વંશ તો પેલા ચારના જ ગણાવે છે. ભજમાન

---

૧૨ પાર્જિટર, એ ઉપર્યુક્ત, પૃ. ૧૦૮.

૧૩ એજન પૃ. ૧૦૨-૦૩.

અને દેવાવૃધના વંશની એક પેઢી જ જણાવી છે. દેવાવૃધ અને એનો પુત્ર બભ્રુ ખ્યાત તત્ત્વજ્ઞ હતા. મહાભોજ અર્થાત્ ખરી રીતે મહાભોજ દેવાવૃધના વંશમાં ભોજ થયા. તે માર્તિકાવૃત (જોધપુર–જયપુર–અલવર) પ્રદેશોમાં રાજ્ય કરતા. વૃષ્ણિને સુમિત્ર, યુધાજિત, શિનિ અને અનમિત્ર નામે ચાર પુત્ર હતા. અનમિત્રના વંશની એક શાખામાં સત્રાજિત (સત્યભામાના પિતા) અને બીજી શાખામાં સાત્યકિ યુયુધાન થયા એમ અહીં જણાવ્યું છે, પરંતુ ખરી રીતે સત્રાજિત સુમિત્રના વંશમાં ને સાત્વકિ જ અનમિત્રના વંશમાં થયા જણાય છે. અનમિત્રની ત્રીજી શાખામાં એક બાજુ અક્રૂર અને બીજી બાજુ કૃષ્ણ વાસુદેવ થયા એવું ભાગવત જણાવે છે, પરંતુ અન્ય પુરાણોમાં વૃષ્ણિને ચાર પુત્ર કહ્યા છે ને તેમાં સુમિત્રની શાખામાં સત્રાજિત, યુધાજિતની શાખામાં અક્રૂર, દેવ મીઢૂષની શાખામાં કૃષ્ણ વાસુદેવ અને અનમિત્રની શાખામાં સાત્યકિ યુયુધાન જણાવેલ છે. ભાગવતમાં તો વૃષ્ણિના બાકીના ત્રણ પુત્રો (સુમિત્ર, યુધાજિત અને શિનિ)ના વંશ અનુલ્લિખિત રહી જાય છે. અહીં અનમિત્ર અને શિબિનાં નામ બબ્બે વ્યક્તિનાં હોવાથી ગોટાળો થયો લાગે છે.

અન્ધકના ચાર પુત્રોમાં જ્યેષ્ઠ કુકુરના વંશમાં ઉગ્રસેના કંસ અને દેવકી થયાં.

ભાગવતમાં આ વંશનો વૃત્તાંત અનમિત્રના વંશજ શ્વફલ્કની શાખાના વૃત્તાંત અને શ્વફલ્કના ભાઈ ચિત્રરથની શાખાના વૃત્તાંતની વચ્ચે મૂકેલો છે તે પણ બરાબર નથી. ખરી રીતે અન્ધકના વંશનો વૃત્તાંત વૃષ્ણિના વંશની પહેલાં આપી દેવો જોઈએ તે વૃષ્ણિ વંશનો વૃત્તાંત તે પછી છેક સુધી સળંગ આપવો જોઈએ.

અહીં દેવમીઢ એ દેવમીઢૂષ છે, પરંતુ એને અનમિત્રનો ભાઈ કહેવાને બદલે અનમિત્રનો દૂરનો વંશજ કહ્યો છે. અહીં શૂરની પાંચેય પુત્રીઓ તથા દસેય પુત્રોના કુટુંબનો પરિચય આપ્યો છે.

પૃથા જે કુન્તિ રાજાને દત્તક આપી તે ભોજકુલનો લાગે છે. તેના સંદર્ભમાં કાનીન પુત્ર કર્ણ અને પતિ પાંડુનો ઉલ્લેખ કર્યો છે. શ્રુતદેવા કારુષ દેશના રાજાને પરણી; દન્તવક્ત્ર એનો પુત્ર હતો. શ્રુતકીર્તિ કેકય દેશના રાજાને પરણી. ચેકિતાન તેનો પુત્ર હતો. શ્રુતશ્રવા ચેદિ દેશના રાજાને પરણી. શિશુપાલ તેનો પુત્ર હતો. રાનધિદેવી અવંતિના રાજાને પરણી. વિન્દ-અનુવિંદ તેના પુત્ર હતા. આ સૌનો ઉલ્લેખ ભારત યુદ્ધના વૃત્તાંતમાં આવે છે.

શૂરના પુત્રોમાં વસુદેવના નવે ય ભાઇઓનો પરિવાર પણ ગણાવ્યો છે. વસુદેવને અનેક પત્ની હતી. રોહિણી અને પૌરવીને અહીં અલગ ગણાવી છે, પણ ખરી રીતે એ એક જ હતી. એ પૌરવ કુલની હતી ને એનું વ્યક્તિનામ રોહિણી હતું. એને બલ, ગદ, સારણ વગેરે પુત્ર હતા. ચિત્રા(સુભદ્રા)નો અહીં ઉલ્લેખ નથી, પણ એ આ પત્ની જ પુત્રી હતી. શ્રીકૃષ્ણ અર્જુનને એનો પરિચય આપે છે ત્યારે એને પોતાની 'ભગિની' પણ 'સારણની સહોદરા' તરીકે ઓળખાવે છે એવું મહાભારતના આદિપર્વમાં આવે છે. દેવકની સાતે પુત્રીઓ પણ વસુદેવની પત્ની હતી. એમાં દેવકી સૌથી નાની હતી. અહીં એના પુત્રોમાં સંકર્ષણનો સમાવેશ કરી કૃષ્ણને આઠમા પુત્ર ગણાવ્યા છે, જ્યારે વાયુ પુરાણમાં સંકર્ષણનો સમાવેશ ન કરી કૃષ્ણને સાતમા પુત્ર કહ્યા છે. અહીં કૃષ્ણને પહેલેથી વિષ્ણુના અવતાર તરીકે વર્ણવ્યા છે.

યદુવંશનો આટલો વૃત્તાંત નવમા સ્કંધમાં પૂરો થાય છે. દશમ સ્કંધમાં વંશ્યાનુચરિત આવે છે ને એમાં કૃષ્ણ-વાસુદેવનું ચરિત સવિસ્તર નિરૂપવામાં આવ્યું છે. એ ભાગવતનો સૌથી લાંબો ને સૌથી લોકપ્રિય સ્કંધ છે.

શ્રીકૃષ્ણ પાંડવો સાથે ગાઢ સંબંધ ધરાવતા, તેથી મહાભારતમાં એમને લગતા કેટલાક પ્રસંગ નિરૂપાયા છે. દા૦ ત૦ સભાપર્વમાં શિશુપાલવધનો પ્રસંગ, સુભદ્રાહરણનો પ્રસંગ યાદવોની કુશસ્થલીમાં બને છે. ભારત યુદ્ધમાં પાંડવોના પક્ષે શ્રીકૃષ્ણ પાર્થસારથિ બની સતત સક્રિય માર્ગદર્શન આપે છે. મહાભારતનો મૌસલ પર્વ યાદવકુલના વિનાશને લગતો છે. છતાં મુખ્યતઃ એ પાંડવોનું ચરિત નિરૂપે છે. આથી શ્રીકૃષ્ણના ચરિત વિશે અલગ ગ્રન્થની જરૂર હતી. આ હેતુથી મહાભારતના ખિલ (પુરવણી) રૂપે 'હરિવંશ' લખાયું. એમાં યાદવવંશ અને વૃષ્ણિકુલનો વૃત્તાંત વિગતે આપ્યો છે. શ્રીકૃષ્ણનાં અનેક પરાક્રમ વર્ણવ્યાં છે. છતાં મહાભારતની પુરવણી રૂપે હોઈ એમાં શ્રીકૃષ્ણનું આખું સળંગ ચરિત આલેખાયું નથી. મહાભારતમાં નિરૂપાયેલા કેટલાય પ્રસંગોની અહીં પુનરુક્તિ ટાળવામાં આવી છે. દા. ત. શ્રીકૃષ્ણના દેહોત્સર્ગની ઘટના જ આપી નથી.

પુરાણોમાં વાયુ-બ્રહ્માંડ અને મત્સ્ય પુરાણ યાદવોની વંશાવળીના વૃત્તાંતમાં શ્રીકૃષ્ણના જન્મ તથા પરિવારની માહિતી આપવામાં આવી છે. વંશાવળીના વૃત્તાંતમાં સ્યમન્તક મણિને લગતો પ્રસંગ પણ આપ્યો છે; પરંતુ બાલલીલાના તથા અન્ય પરાક્રમોના પ્રસંગ આપ્યા નથી.

વિષ્ણુ પુરાણ અને બ્રહ્મ પુરાણ એ પ્રસંગો હરિવંશમાંથી ટુંકાવીને આપે છે, પરંતુ મહાભારત, હરિવંશ અને પૌરાણિક અનુશ્રુતિઓ—એ સર્વ સાધનોમાંથી સર્વ પ્રસંગો એકત્ર કરી શ્રીકૃષ્ણનું સળંગ સાદ્યંત ચરિત આલેખેલું છે ભાગવત પુરાણ. વળી એ કેટલાય પ્રસંગોનો વિસ્તાર કરે છે ને કેટલાક પ્રસંગો ઉમેરે પણ છે, જેમ કે શલ્વવધના પ્રસંગનું વિસ્તૃત નિરૂપણ, તૃણાવર્તવધ, વત્સાસુરવધ, બકાસુરવધ, અઘાસુરવધ, શંખચૂડવધ, વ્યોમકાસુરવધ અને દંતવકત્રવધના પ્રસંગ. ધેનુકવધ અને પ્રલંબવધના પ્રસંગ હરિવંશમાં, વિષ્ણુ પુરાણમાં ને ભાગવતમાં જણાવ્યા નથી.

મથુરાના યાદવોમાં અંધક-કુકુર કુલ રાજસત્તા ધરાવતું. એમાં કંસે પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરી રાજસત્તા પડાવી લીધી ને એ સત્તાનો આપખુદ રીતે ઉપયોગ કરવા લાગ્યો, ત્યારે વૃષ્ણિકુલના વસુદેવ જેવા યાદવો એના ગુપ્ત વિરોધી થયા લાગે છે. ગોકુલમાં ગુપ્ત રીતે ઊછરી પુખ્ત વયના થયેલા કૃષ્ણે આ વિરોધીઓની આગેવાની લઈ કંસને મારી ઉગ્રસેનને રાજગાદી પાછી અપાવી. આ ઘટનાનું તાત્પર્ય અંગત કરતાં રાજકીય હોવા સંભવે છે.

બાલલીલાના પ્રસંગોમાં ગોપીવસ્ત્રહરણ અને રાસલીલા જેવા પ્રસંગોનું ભાગવત ભક્તિભાવે નિરૂપણ કરે છે. બીજા એવા અનેક પ્રસંગોમાં પણ ભક્તિનું પ્રાધાન્ય પ્રવર્તે છે. દશમા સ્કંધના પૂર્વાર્ધ (અધ્યાય ૧-૪૯)નો મોટો ભાગ બાલલીલાના સવિસ્તર નિરૂપણમાં રોકાયો છે.

મથુરાથી દ્વારકાના સ્થળાંતરગમનના વૃત્તાંતમાં શાર્યાતોની કુશસ્થલીનો તથા તેના પ્રાચીન દુર્ગનો ઉલ્લેખ કર્યો નથી, પણ રેવતી-બલરામના લગ્નનો જ નિર્દેશ કર્યો છે. અહીં કે

સુભદ્રાહરણના પ્રસંગમાં પણ કુશસ્થલી—દ્વારવતીની સમીપ આવેલા રૈવતક પર્વતનો ઉલ્લેખ નથી. ગોમન્તક ગિરિનો પ્રસંગ હરિવંશના વિષ્ણુપર્વમાં જ આવે છે, તે પુરાણો પૈકી ભાગવત જ (પ્રવર્ષણ ગિરિના નામે) આપે છે.

રુક્મિણીનો પિતા ભીષ્મક વિદર્ભ શાખાના યાદવ કુલનો હતો. શિશુપાલની વરણી પાછળ જરાસંધના પક્ષ તરફનું વલણ રહેલું હોઈ શ્રીકૃષ્ણ પ્રતિસ્પર્ધામાં ઊતરે એ સ્વાભાવિક છે. કૃષ્ણ રુક્મિણી પરસ્પર માટે ઇચ્છા ધરાવતાં એવું હરિવંશ નોંધે છે, જ્યારે રુક્મિણીએ કૃષ્ણને સંદેશો મોકલ્યો એવું ભાગવત ઉમેરે છે. કન્યાનું અપહરણ કરી જઈ પછી તેની સાથે વિવાહ કરવો એ આસુર વિવાહ ક્ષત્રિયો માટે પ્રશસ્ય ગણાતો.

સ્યમન્તક મણિનો પ્રસંગ ભાગવત અહીં અલગ નિરૂપે છે. સત્યભામા અને જામ્બવતી ત્યારે પ્રાપ્ત થઈ.

શ્રીકૃષ્ણની બીજી પાંચ પત્નીઓ કઈ? વાયુ-બ્રહ્માંડ અને હરિવંશ પ્રમાણે તે સત્યા નાગ્નજિતી, મિત્રવિન્દા કાલિન્દી, સુશીલા માદ્રી, સુદત્તા શૈલ્યા અને લક્ષ્મણા જલવાસિની. વિષ્ણુ પુરાણ જામ્બવતી રોહિણી એ એક પત્નીનું નામ હોવાને બદલે બે પત્નીનાં બે નામ હોવાનું ઘટાવી આઠને બદલે નવ પત્ની ગણાવે છે અથવા શૈલ્યાનું નામ કમી કરે છે. ભાગવત આ નામો ત્રણ જગ્યાએ ગણાવે છે. અધ્યાય ૫૮માં વિવાહવૃત્તાંતમાં એ કાલિન્દી અને મિત્રવિંદાને ભિન્ન ગણે છે, સત્યા નાગ્નજિતી જણાવે છે ને કેકયની ભદ્રા અને મદ્રની લક્ષ્મણા ઉમેરે છે. મત્સ્યપુરાણ લક્ષ્મણાને ગંગાધર દેશની અને સુશીલાને મદ્ર દેશની કહે છે, જ્યારે ભાગવત લક્ષ્મણાને મદ્ર દેશની કહે છે.

અધ્યાય ૬૧માં સંતાનવૃત્તાંતમાં નાગ્નજિતી, કાલિન્દી, માદ્રી, મિત્રવિંદા અને ભદ્રા ઉપરાંત રોહિણીનાં સંતાન ગણાવી કુલ નવ પત્નીઓની વાત કરી છે, તો અધ્યાય ૮૩માં દ્રૌપદી સાથેની ગોષ્ઠીમાં કાલિંદી, ભદ્રા, સત્યા, મિત્રવિંદા અને લક્ષ્મણા એ આઠ પત્નીઓ જણાવી છે. આ ત્રણે યાદીઓમાં કાલિન્દી, મિત્રવિંદા, સત્યા નાગ્નજિતી, ભદ્રા અને લક્ષ્મણા માદ્રીનાં નામ આવે છે. જૂની યાદીની સરખામણીએ જોઈએ તો આમાં કાલિન્દી, મિત્રવિંદા ભિન્ન થાય છે. લક્ષ્મણા અને માદ્રી એક થાય છે, શૈલ્યાને સ્થાને ભદ્રા આવે છે ને માત્ર નાગ્નજિતી સત્યા યથાતથ રહે છે.

સંતાનોનો વૃત્તાંત વિવાહ પછી તરત આપી દેવામાં આવે છે. આઠેય પત્નીઓના દસ દસ પુત્ર ગણાવવામાં આવે છે! રુક્મિણીને ખરી રીતે આઠ પુત્રો અને એક પુત્રી હતાં. એમાં પ્રદ્યુમ્ન જાણીતો છે. પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ બાણાસુરની પુત્રી ઉષાને પરણ્યો. અનિરુદ્ધનો પુત્ર વજ્ર કે વજ્રનાભ થયો. સત્યભામાને ખરી રીતે સાત પુત્ર અને પાંચ પુત્રી હતાં. તેમાં ભાનુ જાણીતો છે. જામ્બવતીને પાંચ પુત્ર ને બે પુત્રી હતાં. તેમાં સામ્બ જાણીતો છે. સત્યા નાગ્નજિતીને પાંચ પુત્ર અને એક પુત્રી હતાં. શૈલ્યાને ખરેખર ત્રણ પુત્ર હતા. માદ્રી, લક્ષ્મણા અને કાલિન્દીનાં સંતાન વાયુ-બ્રહ્માંડ અને મત્સ્ય પુરાણમાં જણાવ્યાં નથી. હરિવંશ માદ્રીના ત્રણ પુત્ર, લક્ષ્મણાના ત્રણ પુત્ર અને એક પુત્રી, અને કાલિન્દીના બે પુત્ર ગણાવે છે.

પ્રાગ્જ્યોતિષના ભૌમનો વધ કરી, કૃષ્ણે તેણે પૂરી રાખેલી હજારો કન્યાઓ પણ પ્રાપ્ત કરી. આ પ્રાગ્જ્યોતિષ આસામમાં આવેલું; પછી ભગદત્ત ત્યાં જ રાજ્ય કરતો હતો. બાણાસુરનું શોણિતપુર કેદારગંગા કે મંદાકિનીના તટ પર કુમાઉંમાં આવ્યું હતું.

પૌણ્ડ્રક વાસુદેવને અહીં કરૂષ અધિપતિ કહ્યો છે. બ્રહ્માંડ પુરાણ જણાવે છે કે એ વસુદેવ-સુગન્ધનો પુત્ર હતો. એ કાશી પાસે રાજ્ય કરતો હતો. કરૂષ દેશ વારાણસીની પૂર્વે ને ગંગાની દક્ષિણે આવ્યો હતો.

એકલવ્ય નૈષાદિના વધનો પ્રસંગ મહાભારત અને હરિવંશ નિરૂપે છે, તે વિષ્ણુ પુરાણ અને ભાગવત પુરાણ આપતાં નથી એ પણ યાદવ કુલનો હતો.

કૃષ્ણ-જામ્બવતીનો પુત્ર સામ્બ દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું હરણ કરી ગયો. કૌરવોએ એને કેદ કર્યો, એને બલરામે છોડાવ્યો ને અંતે દુર્યોધને પહેરામણી સાથે પુત્રી આપી એ પ્રસંગ હરિવંશમાં પણ આપ્યો છે, પરંતુ મહાભારતમાં નથી. આ સંબંધ દ્વારા કૃષ્ણ અને દુર્યોધન વેવાઈ થયા એ નોંધપાત્ર છે. હસ્તિનાપુરના વક્રીકરણના ઉલ્લેખમાં કોઈ ભૌગોલિક ઘટના સૂચિત હશે.

શ્રીકૃષ્ણનો પાંડવો સાથેનો ગાઢ સંબંધ જાણીતો છે. પાંડવો તેમના ફોઈના દીકરા થતા હતા. દ્રૌપદીવિવાહના સમયથી કૃષ્ણ તેઓને મદદ કરતા હતા. કૃષ્ણની બહેન સુભદ્રા અર્જુનને પરણી હતી. સુભદ્રાહરણનો પ્રસંગ અહીં પાંડવોના રાજસૂય યજ્ઞ પછી આવ્યો છે, પણ ખરી રીતે એ પ્રસંગ તે પહેલાં બનેલો એવું મહાભારત પરથી સ્પષ્ટ થાય છે.

એ પછી પાંડવોના રાજસૂય પ્રસંગે એ સંબંધ વધુ ગાઢ થયો. કૃષ્ણે એ પહેલાં મગધરાજ જરાસંધનો વધ કરાવી રાજસૂયનો માર્ગ મોકળો કર્યો એટલું જ નહિ પોતાના લાંબા વખતના કટ્ટર શત્રુનું કાસળ કઢાવ્યું પાંડવોના રાજસૂય પ્રસંગે શ્રીકૃષ્ણ પૂજાનું અગ્રિમ પાત્ર બન્યા. આથી ઈર્ષા પામેલા શિશુપાલે એનો ઉગ્ર વિરોધ કર્યો ને કૃષ્ણે એનો વધ કર્યો. રાજસૂય અને મયનિર્મિત સભાની જાહોજલાલી જોઈ ધાર્તરાષ્ટ્રોની ઈર્ષા તીવ્ર બની ને તેમણે દ્યૂતની યુક્તિ આદરી.

કૃષ્ણે શિશુપાલનો વધ કર્યો ત્યારે શિશુપાલના મિત્ર શાલ્વે કૃષ્ણની ગેરહાજરીમાં દ્વારવતી પર ચડાઈ કરી. એ શાલ્વ કે માર્તિકાવત દેશનો અર્થાત્ અલવર-જયપુર–જોધપુર પ્રદેશનો રાજા હતો. એ સૌભ વિમાનની માયાવી સંપત્તિ ધરાવતો. પ્રદ્યુમ્ને એનો સબળ સામનો કર્યો, ત્યાં કૃષ્ણ આવી પહોંચ્યો ને કૃષ્ણે તેના વિમાનના ચૂરા કરી તેનો વધ કર્યો. એવી રીતે શિશુપાલના બીજા મિત્ર દંતવકત્ર અને એના ભાઈ વિદૂરથે ચડાઈ કરી ત્યારે તે બંનેનો પણ તેમણે વધ કર્યો.

વનવાસ અને ગુપ્તવાસ પછી પાંડવોએ પોતાનું રાજ્ય પાછું માગ્યું ને દુર્યોધને તે પાછું આપવા ના પાડી ત્યારે પાંડવો અને ધાર્તરાષ્ટ્રો વચ્ચેનું યુદ્ધ અનિવાર્ય બન્યું. આ પ્રસંગે દુર્યોધન અને અર્જુન બંનેએ યાદવોની મદદ માગી. કૃષ્ણે નારાયણી સેના દુર્યોધનને આપી ને પોતે નિઃશસ્ત્ર રહી પાંડવોના પક્ષે રહ્યા; બલરામ કફોડી સ્થિતિ ટાળવા ઉદાસીન રહ્યા; કૃતવર્મા દુર્યોધન પક્ષે અને ચેકિતાન તથા સાત્યકિ પાંડવોના પક્ષે ભળ્યા. કૃષ્ણે યુદ્ધ નિવારવા વિષ્ટિ કરી જોઈ. યુદ્ધમાં પાર્થ-સારથિ બની પાંડવોને વિજય મેળવવામાં અનેક પ્રસંગોમાં સચોટ માર્ગદર્શન દીધું. આ પ્રસંગો 'હરિવંશ'માં નથી તેમ 'ભાગવત'માં પણ અપાયા નથી.

શ્રીદામા( સુદામા )નો પ્રસંગ જે ભાગવતમાં નિરૂપાયો છે ને ગુજરાતી સાહિત્યમાં લોકપ્રિય નિવડ્યો છે, તેનું મૂળ શું ? હરિવંશમાં કે વિષ્ણુ પુરાણુમાં એ પ્રસંગ આપેલો નથી.

સુદામા, કુરુક્ષેત્રનું સૂર્યગ્રહણ અને સુભદ્રાહરણના પ્રસંગ કાલાનુક્રમે બનેલા નહિ પણ પ્રકીર્ણ પ્રકારના હોઈ છેલ્લે આપેલા છે.

દશમ સ્કંધના છેલ્લા અધ્યાયમાં કૃષ્ણના પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, વજ્રનાભ પ્રતિબાહુ, સુબાહુ, શાંતસેન અને શ્રુતસેન—એવા સાત વંશજ ગણાવ્યા છે.

શ્રીકૃષ્ણ વગેરે યાદવોનું શેષ ચરિત એકાદશ સ્કંધમાં નિરૂપાયું છે.

મૌસલ યુદ્ધનો પ્રસંગ મહાભારતના મૌસલ પર્વમાં આપેલો છે. એમાં જણાવ્યા મુજબ એ ઘટના ભારતયુદ્ધ પછી ૩૬ વર્ષે બની. અહીં શાપનો પ્રસંગ પિંડારકમાં બન્યો હોવાનું જણાવ્યું છે. તોફાની યાદવ યુવાનોમાં સગર્ભા સ્ત્રીનો વેશ સામ્બે સજેલો, તેને ઋષિઓ પાસે લઈ જનારાઓમાં ( બલરામના સહોદર ) સારણની આગેવાની હતી, તેનો અહીં નિર્દેશ નથી.

અધ્યાય ૧નું અનુસંધાન અહીં છેક અધ્યાય ૩૦માં થાય છે. શ્રીકૃષ્ણે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોને શંખોદ્ધાર ચાલ્યા જવા જણાવ્યું. ( પિંડારક અને શંખોદ્ધારના ઉલ્લેખો વર્તમાન દ્વારકાના સ્થાનનું સમર્થન કરે છે. ) પ્રભાસમાં થયેલ યાદવકુલના આંતરિક યુદ્ધમાં અહીં પ્રદ્યુમ્ન-સામ્બ, અક્રૂર-ભોજ ( કૃતવર્મા ) અનિરુદ્ધ-સાત્યકિ, સુભદ્ર-સંગ્રામજિત, ગદ-ગદ, સુમિત્ર-સુરથ ઇત્યાદિ દ્વન્દ્વ ગણાવ્યા છે, જ્યારે મહાભારતમાં એનો આરંભ સાત્યકિ-કૃતવર્માના વાગ્યુદ્ધથી થયો જણાવે છે. આ આંતર યુદ્ધમાં વૃષ્ણિઓ, અન્ધકો, કુકુરો ઇત્યાદિ સર્વ યાદવકુલ સપડાયાં. એમાં શ્રીકૃષ્ણ અને બલરામે પણ ભાગ લીધેલો. એમાં છેવટે ચાર જણ જ જીવતા રહ્યા—બલરામ, કૃષ્ણ, બભ્રુ ( અક્રૂર ) અને દારુક.

પ્રભાસથી દ્વારકા જતાં અક્રૂર માર્ગમાં મૃત્યુ પામ્યા. કૃષ્ણે દારુકને હસ્તિનાપુર મોકલ્યો. પોતે દ્વારકા જઈ આવી વનમાં પાછા ફર્યા. બલરામે દેહત્યાગ કર્યો. કૃષ્ણ જરાના બાણપ્રહારથી મૃત્યુ પામ્યા એવું મહાભારત જણાવે છે. અહીં જરાને લુબ્ધક ( પારધિ ) કહ્યો છે, પરંતુ એ વસુદેવને વનરાજી નામે નિષાદ કન્યાથી થયેલો પુત્ર લાગે છે. જૈન સાહિત્યમાં એને જરત્કુમાર કહે છે. આમ પાંડવોની જેમ શ્રીકૃષ્ણે પણ છેવટ પોતાના કુલનો સંહાર જોયો. ભાગવતે કૃષ્ણે જાણીને જ મદોન્મત્ત યાદવોનો ભાર હળવો કર્યાનું ઘટાવ્યું છે. ગમેતેમ, યાદવોમાં મદ અને મદિરાનો ઉન્માદ હતો જ.

ભાગવત જણાવે છે કે શ્રીકૃષ્ણે હવે દારુકને દ્વારકા મોકલ્યો. તો શંખોદ્ધાર ચાલ્યા જવાની તેમની સૂચનાનું પાલન નહિ થયેલું ? દારુક દ્વારકા આવી વસુદેવ-ઉગ્રસેનને મળ્યો. ત્યારે તેઓ કેટલા દીર્ઘાયુ હશે ? ઉગ્રસેનની ભત્રીજી દેવકીના અને વસુદેવના પુત્ર કૃષ્ણ, કૃષ્ણનો પ્રદ્યુમ્ન, પ્રદ્યુમ્નનો અનિરુદ્ધ અને અનિરુદ્ધનો વજ્રનાભ—એમાં વજ્રનાભ ત્યારે નવયૌવનમાં પ્રવેશ કરતો લાગે છે, તોપણ તેના પ્રપિતામહ કૃષ્ણના પિતા તથા માતામહ વિદ્યમાન હતા ! દેવકી અને રોહિણી પણ જીવતાં હતાં. યુદ્ધમાં થતા સંહાર સિવાય જાણે કોઈ વૃદ્ધ થઈ મૃત્યુ પામ્યાં નહોતાં ! તે વૃદ્ધો અને સ્ત્રીઓએ કૃષ્ણ, બલરામ અને અન્ય યાદવ વીરોના મૃત્યુના સમાચાર

જાણ્યા ને તેઓ ત્યાં જઈ પહોંચ્યાં. દેવકી, રોહિણી અને વસુદેવે આઘાતથી જ દેહ તજ્યો એમ ભાગવત કહે છે, જ્યારે મહાભારત જણાવે છે કે અર્જુન કૃષ્ણનો સંદેશો મળતાં દ્વારકા આવ્યો, વસુદેવ દ્વારકા તજતાં ત્યાં જ મૃત્યુ પામ્યા, તેમની પાછળ દેવકી, રોહિણી વગેરે સતી થઈ ને બાકીનાઓને અર્જુને પોતાની સાથે લઈ હસ્તિનાપુર જવા પ્રયાણ કર્યું. ભાગવત જણાવે છે કે કૃષ્ણ, બલરામ, વસુદેવ, પ્રદ્યુમ્ન વગેરેની સ્ત્રીઓ પોતપોતાના પતિ પાછળ સતી થઈ.

ઉગ્રસેનનું શું થયું ? એ અર્જુન સાથે હસ્તિનાપુર ગયા હશે.

યાદવો દ્વારકામાંથી નીકળ્યા કે તરત જ તેના પર સમુદ્રનાં પાણી ફરી વળ્યાં. આ એક ભૌગોલિક ઘટના બની હોવા સંભવે છે, પરંતુ યાદવકાલીન દ્વારકાના સ્થાનનો પ્રશ્ન વિવાદ-ગ્રસ્ત છે. તે પ્રભાસથી દૂર ન હોય, તો કોડિનાર પાસે ડૂબી ગઈ હોવી જોઈએ; ને શંખોદ્ધાર-પિંડારક પાસે હોય, તો હાલના દ્વારકા પાસે ડૂબી ગઈ હોવી જોઈએ. તેની પાસેના રૈવતક પર્વતનું શું થયું હશે ? ગિરનાર પહેલાં ઉર્જયત કહેવાતો; તેની પાસેના પર્વતને માટે "રૈવતક" નામ પાછળથી લાગુ પડયું લાગે છે તે આગળ જતાં ઊર્જયત જ રૈવતક ગણાયો. આ પ્રયોગ પાંચમી સદીમાં તો મળે છે જ. ભાગવત જણાવે છે કે:

> द्वारकां हरिणा त्यक्तां समुद्रोऽप्लावयत् क्षणात् ।
> वर्जयित्वा महाराज श्रीमद् भागवदालयम् ॥ ॥ २३ ॥

આ ઉલ્લેખ દ્વારા એ સ્પષ્ટતઃ હાલની દ્વારકાના સ્થાનનું સમર્થન કરે છે. એ પહેલાં વિષ્ણુ પુરાણ પણ એવું જણાવે છે :

> प्लावयामास तां शून्यां द्वारकां च महोदधिः ।
> वासुदेवगृहं त्वेकं न प्लावयति सागरः ॥ ५, ३८, ९

આ પરથી હાલની દ્વારકાનું દ્વારકાધીશ મંદિર વિષ્ણુ પુરાણ રચાયા પહેલાં બંધાયું હોવાનું ફલિત થાય છે. ભાગવતમાં તો તે મંદિરનું માહાત્મ્ય પણ દર્શાવ્યું :

> नित्यं सन्धिहितस्तत्र भगवान् मधुसूदनः ।
> स्मृत्याशेषाशुभहरं सर्वमंगलमंगलम् ॥ ॥ २४ ॥

પછી ભાગવત શેષ રહેલાં સ્ત્રીબાલવૃદ્ધોને લઈ અર્જુન ગયો ને વજ્રનો ઇન્દ્રપ્રસ્થમાં અભિષેક કર્યો એટલું નોંધી યાદવવંશનો વૃત્તાંત પૂરો કરે છે.

મહાભારતે દ્વારકાથી હસ્તિનાપુર જતાં માર્ગમાં આભીરોએ સ્ત્રીઓનું હરણ કર્યું ને માર્તિકાવર્તમાં કૃતવર્માના અને સારસ્વતમાં સાત્યકિના પુત્રનો પણ અભિષેક કર્યાનું જણાયું છે, તેની અહીં કંઈ નોંધ લેવામાં આવી નથી.

યાદવોને શૂરસેન દેશ ને મથુરા નગરીનો મૂળ પ્રદેશ પાછો ન મળ્યો. ઇન્દ્રપ્રસ્થમાં ય જે યાદવવંશ સ્થપાયો, તેની ય ત્રણ પેઢી જ પુરાણો જણાવે છે. આગળ જતાં ૨૩ શૂરસેનોનો મોઘમ ઉલ્લેખ આવે છે, પરંતુ એમનાં નામ આપવામાં આવ્યાં નથી. એ વંશનો મહાપદ્મ નંદે નાશ કર્યો. આગળ જતાં દેવગિરિમાં એક યાદવવંશ થયો ને બીજાં અનેક રાજકુલ યાદવોના કુલમાંથી ઉત્પન્ન થયાં હોવાનો દાવો કરે છે.

દ્વાદશ સ્કંધમાં કલિયુગના અન્ય રાજવંશોનો વૃત્તાંત આવે છે. પરીક્ષિત પૂછે છે; કૃષ્ણ સ્વધામ ગયા પછી અહીં કોનો વંશ થયો (अभवत्). તેના ઉત્તરમાં શુક કયા રાજાઓ થશે તે ગણાવે છે!

એમાં શરૂઆત મગધના રાજવંશોથી થાય છે, કેમ કે ત્યારે મગધ મુખ્ય સ્થાન ધરાવતું. બાર્હદ્રથ વંશમાં (પૌરવોની શાખામાં) બૃહદ્રથ, જરાસંધ, સહદેવ વગેરે રાજા થયા. સહદેવ પછી માર્તારિ શ્રુતશ્રવા આદિ એકવીસ રાજા થશે એવો ઉલ્લેખ નવમા સ્કંધના ૨૨મા અધ્યાયમાં થયેલો. એમાં છેલ્લો રાજા રિપુંજય જણાવ્યો છે. દ્વાદશ સ્કંધના પ્રથમ અધ્યાયમાં એને જ પુરંજય કહ્યો છે. એના અમાત્ય શુનકે એ વંશનો અંત આણ્યો; ને પોતાના પુત્ર પ્રદ્યોતનો વંશ પ્રવર્તાવ્યો એમ ભાગવત કહે છે. પરંતુ ખરી રીતે એ વંશ અવન્તિમાં રાજ્ય કરતો હતો, મગધમાં નહિ. પ્રદ્યોતનો પુત્ર પાલક તે 'મૃચ્છકટિક'માં જણાવેલ આર્યકના પિતા ગોપાલકનો ભાઈ. આ વંશમાં પાંચ રાજા થશે; પછી શિશુનાગ થશે ને તેના વંશમાં બિંબિસાર અને અજાતશત્રુ થશે. એ શિશુનાગ વંશમાં કુલ દસ રાજા થશે; પછી નવ નંદો રાજ્ય કરશે એમ ભાગવત જણાવે છે. પરંતુ ઐતિહાસિક સંશોધનમાં જણાયું છે કે ભગવાન બુદ્ધ તથા મહાવીર સ્વામીના સમકાલીન રાજા બિંબિસાર–અજાતશત્રુ જુદા વંશમાં થયા, શિશુનાગ તો તે પછી થયો ને અવંતિનો રાજા પ્રદ્યોત બિંબિસારનો સમકાલીન હતો.

નંદવંશ પછી મૌર્યવંશ થશે. એમાં ચન્દ્રગુપ્ત, અશોકવર્ધન અને શાલિશૂકનાં નામ નોંધપાત્ર છે. આ વંશના દસ રાજાઓ ૧૩૮ વર્ષ રાજ્ય કરશે એમ કહે છે, છતાં જે રાજા ગણાવ્યા છે તે સંખ્યામાં નવ થાય છે, દસ નહિ. આથી શ્રીધર એમાં 'દશરથ' નામ ઉમેરવાનું સૂચવે છે, પરંતુ ભાગવતમાં જણાવેલા નવ રાજાઓનાં નામ સામે અન્ય પુરાણોમાં તે તે રાજાનાં જણાવેલાં રાજ્યવંશ મૂકવામાં આવે, તો તેનો સરવાળો બરાબર ૧૩૮ થઈ રહે છે. બીજાં પુરાણોની વિગતોમાં આ મેળ મળતો નથી.

પછી પુષ્યમિત્રાદિ દસ શુંગ રાજાઓ ૧૬૨ વર્ષ રાજ્ય કરશે; પછી ચાર કાણ્વાયનો ૩૪૫ વર્ષ રાજ્ય કરશે એમ કહ્યું છે, પરંતુ ખરી સંખ્યા ૪૫ વર્ષની છે. પછી આન્ધ્ર જાતના ૩૦ રાજા (ગણાવ્યા છે ૨૪). ૪૫૬ વર્ષ રાજ્ય કરશે.

પછી ૭ આભર, ૧૦ ગર્દભી, ૧૬ કંક (? શક), ૮ યવન (ગ્રીક), ૧૪ તુરુષ્ક, ૧૦ ગુરુડ, ૧૧ મૌન (? હૂણ) રાજાઓ થશે. તે ૩૦૦ વર્ષ રાજ્ય કરશે. પછી એવા બીજા અમુક વંશ થશે, એમાં મગધના પુરંજયના સંદર્ભમાં 'मनुगंगामा प्रयागं गुप्तां मोक्ष्यति मेदिनीम्' ॥ ३७ ॥ એમ પંક્તિ છે, તેમાં ખરી રીતે ગુપ્ત (ગુપ્તવંશનો સ્થાપક ગુપ્ત નામે રાજા) ગંગાથી પ્રયાગ સુધીનો પ્રદેશ ભોગવશે એવું અભિપ્રેત છે. આ મગધના ગુપ્ત વંશના રાજ્યનો આરંભકાળ છે, જે ઈ. સ. ૩૨૦ના અરસાનો છે. ઘણાં પુરાણોમાં રાજવંશોના વૃત્તાંતમાં ત્યાં સુધીની પુરવણી કરવામાં આવી છે. પુરાણોમાં 'ભાવિ' રાજવંશોનો વૃત્તાંત અહીં સમાપ્ત થાય છે.

# ‘જળકમળ’ પ્રભાતિયાની પ્રાચીનતા અને તેનું કર્તૃત્વ*

હરિવલ્લભ ભાયાણી

## કર્તૃત્વનો પ્રશ્ન

‘જળકમળ છાંડી જાને બાળા’ એ પંક્તિથી શરૂ થતું પ્રભાતિયું આપણે ત્યાં પરંપરાથી અત્યંત લોકપ્રિય હોવાનું જાણીતું છે. એ પદની છેલ્લી પંક્તિ (‘નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો’) ઉપરથી પદનો કર્તા નરસિંહ મહેતો હોવાની સ્વાભાવિક માન્યતા છે, પણ આ વિષયમાં એક નોંધપાત્ર હકીકત એ છે કે આ પદ માત્ર લોકકંઠે જળવાયેલું મળે છે. તેની કોઈ જૂની હસ્તપ્રત અત્યાર સુધી પ્રકાશમાં આવી નથી.

કંઠપરંપરાએ ઊતરી આવેલાં જે પદોને માટે હસ્તપ્રતનો આધાર ન મળ્યો હોય, તેમનાં કર્તૃત્વ અને પ્રાચીનતાનો પ્રશ્ન ઘણુંખરું સંદિગ્ધ રહે છે.

નરસિંહ, મીરાં વગેરે જેવા ભક્તકવિઓ અને સંતોનાં સેંકડો પદો લોકો કંઠસ્થ કરતા. આથી એકસરખા ઢાળવાળા કોઈ બીજા કવિના પદની છેલ્લી પંક્તિમાં નામબદલો થવાનો અને ઓછા જાણીતા કવિના નામને સ્થાને નરસિંહ, મીરાં વગેરેમાંથી કોઈકનું નામ આવી જવાનો સારો એવો સંભવ રહેતો એમ માની શકાય. આથી માત્ર કંઠસ્થરૂપે મળેલાં પદોમાં નરસિંહ વગેરેનું નામ હોવા માત્રથી તેમનું કર્તૃત્વ તેમનું જ હોવાનું હંમેશાં ન માની લઈ શકાય. તે માટે બીજા પુરાવાઓની જરૂર રહે. આવા પ્રશ્નમાં પદની ભાષા ક્વચિત જ મદદરૂપ બને—તે જીવતું રહ્યું હોવાને કારણે, મૂળે પ્રાચીન હોય તોપણ એટલી બદલાતી આવી હોય કે તે અર્વાચીન ગુજરાતીથી પ્રચલિત સ્વરૂપમાં, તેની ભાષા કોઈ કોઈ વિગતોમાં જ જુદી પડતી હોય. આથી, કર્તૃત્વની વાત બાજુએ રાખીએ તોપણ આવાં પદ પ્રમાણમાં પ્રાચીન હશે કે કેમ તેનો નિર્ણય કરવાનું પણ સરળ નથી હોતું. કોઈ જૂની હસ્તપ્રતમાં તે મળે, ભાષાપ્રયોગ ભાવ, રચનાશૈલી વગેરે દૃષ્ટિએ કવિની અન્ય પ્રામાણિક રચનાઓ સાથે ચર્ચાપ્રાપ્ત પદનું લાક્ષણિક સામ્ય હોય, કોઈ અન્ય જૂના કવિની નિશ્ચિત કૃતિ સાથે ચર્ચાપ્રાપ્ત પદ નિકટનું સામ્ય ધરાવતું હોય—આવા આવા પુરાવાઓને આધારે જ કેવળ કંઠપરંપરામાં મળતાં પદોનાં કર્તૃત્વ અને પ્રાચીનતા બાબત વિશ્વસનીય નિર્ણય લઈ શકાય.

## નાગદમનવિષયક અન્ય કૃતિઓ

નરસિંહના મનાતા ‘જળકમળ’ પ્રભાતિયા અંગે પણ હમણાં આ પ્રકારનો પ્રશ્ન ઉઠાવાયો છે. પ્રા. પુષ્કર ચંદરવાકરે તેમના બે લેખોમાં[1] તે નરસિંહ મહેતાનું હોવા બાબત દૃઢ

---

* ગુજરાતી સાહિત્ય પરિષદના જૂનાગઢ મુકામે મળેલા ૨૫મા અધિવેશનમાં રજૂ કરાયેલો નિબંધ

૧ ‘નાગદમન : પર્વતીય અને ગુજરાતી’, **સ્વાધ્યાય**, ૬/૧, ૧૯૬૮, પા. ૩૮-૪૩; ‘નાગદમનનું કર્તૃત્વ’, **બુદ્ધિપ્રકાશ**, ૧૧૬/૯, સપ્ટે. ૧૯૬૯, પા. ૩૧૫-૩૧૮

શંકા વ્યક્ત કરી છે. તેમણે મુખ્યત્વે તો આ વિષયનો ઘટતો ઊહાપોહ થાય એ હેતુથી જ ચર્ચા ઉઠાવી છે, અને તે બદલ તેમને જશ ઘટે છે. કેટલીક વિચારણા, અટકળ અને તર્કને અંતે તેમણે એવું એક તારણ રજૂ કર્યું છે કે "નરસિંહ મહેતાના નામ પર ચડેલ ગુજરાતી નાગદમનની ૪૮ પંક્તિઓમાં માત્ર ૧૨ પંક્તિઓ તેની રચેલી હોય તેવું લાગે છે. બાકીની પંક્તિઓ ચંબમાલના લોકગીતમાં, પંડિત શ્રી ગુણસાગર સૂરિજીના नाग अभिमानमर्दन કાવ્યમાં તેમ જ નિમાડી ગીત नागनाथन लीलामां મળે છે."[2]

પ્રસ્તુત લેખમાં આ વાતને નિમિત્ત બનાવીને 'જળકમળ'ની પ્રાચીનતા અને તેના કર્તૃત્વનાં કેટલાંક પાસાંની હું ચર્ચા કરવા માગું છું. આ અંગેના જે થોડાક સૂચક પુરાવા છે તેમને સમીક્ષક દૃષ્ટિએ ચકાસીને જ આપણે પ્રશ્નના ઉકેલને કેવળ સંભાવના, અટકળ કે તર્કની ભૂમિકાથી કશોક આગળ લઈ જઈ શકીએ. પ્રા. ચંદરવાકરે 'નાગદમન'નો પ્રશ્ન પહેલવેલાં 'સ્વાધ્યાય'માં ઉઠાવ્યો તેની પહેલાં બે વર્ષે—એટલે કે ૧૯૬૬માં બીકાનેરના ભારતીય વિદ્યા મંદિર તરફથી ઇડર રાજ્યના લીલછા ગામના ચારણ કવિ સાંયા ઝૂલા(૧૫૭૬-૧૬૪૭)એ ડિંગળ ભાષામાં રચેલા 'નાગદમણ'નુંશ્રી મૂલચન્દ 'પ્રાણેશ'નું સંપાદન પ્રકાશિત થયું છે. તેમાં સાંયા ઝૂલાની કૃતિ ઉપરાંત પરિશિષ્ટમાં નાગદમનને લગતી મુરાદિદાસની અને આઢા કિશનાજીની (જૂની) તથા સુભદ્રાદેવીની (આધુનિક?) રાજસ્થાની રચનાઓ, અને એક નિમાડી લોકગીત ('નાગનાથન લીલા') તથા ગુણસાગરસૂરિકૃત 'હરિવંશચરિત્ર ઢાળસાગર'માંથી મળેલી આ વિષયની એક ઢાળ—એમ પાંચ રચનાઓ ઉદ્‌ધૃત કરેલી છે. પ્રા. ચંદરવાકરે તેમના બીજા લેખમાં આ બધી સામગ્રીને પણ જરૂર પ્રમાણે લક્ષમાં લીધી છે. આમાંથી 'જળકમળ', નિમાડી 'નાગદમન' અને અંબાના 'નાગદમન' વચ્ચે કેટલુંક શાબ્દિક, ભાવગત તથા રચનાગત સામ્ય હોવાનું સહેજે જોઈ શકાય છે; પણ 'જળકમળ' અને ગુણસાગરના 'ઢાળસાગર'માંથી ઉદ્‌ધૃત કરેલ ઢાળની વચ્ચે એટલું બધું સામ્ય છે કે તેમાંથી કોઈ એકને આધારે જ બીજું રચાયાનું માનવું અનિવાર્ય છે. મુખ્યત્વે તો 'જળકમળ'નું ઉક્ત રચનાઓ સાથે સૂચક સામ્ય છે એ હકીકતે જ પ્રા. ચંદરવાકરને આપણું પ્રભાતિયું તે રચનાઓની ભેળસેળમાંથી ઘડાયેલું ગણવા પ્રેર્યા છે. તે ઉપરાંત તેમને 'જળકમળ' એક રચના લેખે શિથિલ, કાવ્યગુણે સામાન્ય (કે અન્ય કેટલાંક નાગદમણ-ગીતોથી ઊતરતી) અને ત્રૂટક ઘટનાતત્ત્વવાળી લાગી છે. આ બે વસ્તુને આધારે તથા ભાષાની અર્વાચીનતાને આધારે તેઓએ 'જળકમળ' છેલ્લાં સોએક વરસની અંદરની રચના હોવાનું અને તે નરસિંહની કૃતિ નહીં હોવાનું અનુમાન કર્યું છે.

## ગુણસાગરની કૃતિ

પ્રથમ આપણે 'જળકમળ' અને ગુણસાગરસૂરિવાળી રચના વચ્ચેનો સંબંધ તપાસીએ: 'જળકમળ' અને મૂલચન્દ 'પ્રાણેશ' જેને ગુણસાગરસૂરિના 'હરિવંશચરિત્ર ઢાળસાગર'માંથી લીધેલું હોવાનું કહ્યું છે તથા જે 'નાગ અભિમાન મર્દન' એવા શીર્ષક નીચે તેમણે આપેલું છે એ ઉદ્ધરણ—બંને મેં આ લેખના પરિશિષ્ટમાં રજૂ કર્યાં છે. ઢાળસાગરના ઉક્ત ઉદ્ધરણની પંદર કડીમાંથી છઠ્ઠીથી અગિયારમી કડી સુધીનો વચ્ચેનો ટુકડો બાકીના ભાગથી રચનાદૃષ્ટિએ

---

૨ 'બુદ્ધિપ્રકાશ'વાળો લેખ, પા. ૩૧૭.

જુદો પડે છે: તેનું ધ્રુવપદ અને ઢાળ નિરાળાં છે. પહેલી પાંચ કડીમાં એક વાર 'કાળિંદ્રહ'માં પડેલો દડો શોધવા કૃષ્ણ અંદર પડ્યા, દડો ખોળી કાઢ્યો, ત્યાં એક અદ્ભુત આવાસ દીઠો, તેની ગવાલિકમાંથી અંદર કૂદતાં ત્યાં પલંગ પર સૂતેલો કાળીનાગ દીઠો, ત્યાં પાતાળની નાગણીઓ વિનોદ કરી રહી હતી, તેઓ કૃષ્ણને જોઈ અચરજ પામીને બોલવા લાગી—એટલી વાત છે. તે પછીની છ કડીમાં નાગણી અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ અને નાગપ્રબોધનની વાત છે. બાકીની કડીઓમાં કાલિય અને કૃષ્ણના યુદ્ધની, નાગને નાથી ઉપર સવાર થઈને કૃષ્ણ ઘરે પાછા આવ્યાની અને નાથની શરણાગતિની વાત છે. આમ વચ્ચેની છ કડીઓનો જ 'જળકમળ'ની સાથે સંબંધ છે. એ ટુકડાનું ધ્રુવપદ (કે આંકણી) આ પ્રમાણે છે:

"જળકમળ છંડિ જાય રે બાલા,
સ્યામ (? સ્વામ) મોરો જાગસે."

આમ નરસિંહ મહેતાના નામવાળા આપણા પ્રભાતિયાની અને ઉપર્યુક્ત ટુકડાની ટેક એકસરખી—કહોને એકની એક જ—છે. ઉપરાંત નીચેની પંક્તિઓ સાથે સાવ મળતી પંક્તિઓ 'જળકમળ'માં પણ છે:

કાંઈ તૂં વાટ વીસરિયો રે બાળા, કાંઈ તૂં મારગ ભુલિયો
કાંઈ તે તારો કાળ ઘટિયો, જે ઇણ મારગ આવિયો
નહિં તે વાટ વીસરિયો રે નાગણ, નહિં તે મારગ ભુલિયો
નહિં તે મારો કાળ ઘટિયો, હું એણે મારગ આવિયો

× × × ×

.........ગોવળીડો માહરૂં નામ રે
નાગણ જગાડો તોરા નાહનૈ.........
કંસરાયથી જુવટૈ રમતાં, નાહ તુમારો હારીયો
ચરણ ચોળી અંગ મોડી, નાગણીએ નાહો જગાવીયો
ઊઠોને બળવંત બૈઠા થાઓ, બાલુડો હમ ઘર આવીયો.

ધ્રુવપદ અને આ પંક્તિઓ જોતાં કશી શંકા નથી રહેતી કે 'ઢાળસાગર'વાળા ઉપરના ટુકડાનું અને 'જળકમળ'નું મૂળ એક જ છે. ઉપરાંત, 'ઢાળસાગર'વાળો ટૂકડો મૂળની ઢાળની વચ્ચે પાછળથી જોડી દેવાયો હોય એવી છાપ પડે છે; એક સળંગ રચનાના સ્વાભાવિક ભાગ તરીકે તેને લઈ શકાય તેમ નથી. વળી જૈન કવિઓમાં લોકપ્રચલિત ઢાળ, વિષય, રચનાશૈલી વગેરે અપનાવી લઈને નવી સંપ્રદાયાનુકૂલ રચના કરવાનું વ્યાપક અને સતત વલણ હોય છે. તેને કારણે મેં ગયે વરસે, મૂળચન્દ 'પ્રાણેશે' ગુણસાગરમાંથી આપેલું ઉદાહરણ પ્રથમ જોયું ત્યારથી જ મારો એવો અભિપ્રાય બંધાયેલો કે નાગદમનને લગતા એક લોકપ્રચલિત પદને ગુણસાગરસૂરિએ પોતાના ઉપયોગમાં લીધેલું છે. એટલે કે 'જળકમળ' એ પદ મૂળ છે, અને ગુણસાગરવાળી રચનામાં તેનો ગમતો અંશ અપનાવી લેવાયો છે. આનો અર્થ એ થાય કે 'હરિવંશ ઢાળસાગર' ઈ. સ. ૧૬૨૦ (વિ. સ. ૧૬૭૬) ની રચના હોવાથી સત્તરમી સદીના આરંભમાં તો 'જળકમળ'વાળું પદ પ્રચલિત અને ઘણું લોકપ્રિય હતું. એટલે 'જળકમળ' સાડા ત્રણસો વરસથી પણ વધારે જૂનું હોવાનું સિદ્ધ થાય.

## ઉક્ત ઢાળની પ્રક્ષિપ્તતા

પણ આ મુદ્દા અંગે થોડીક વધુ શોધખોળ કરતાં એક તદ્દન અણધારી હકીકત જ બહાર આવી. મૂળચન્દ 'પ્રાણેશે' ઢાળસાગરવાળું ઉદ્ધરણ જે મુદ્રિત ગ્રંથમાંથી લીધેલું છે, તે અત્યારે અપ્રાપ્ય છે, અને મને સુલભ ન થયું હોવાથી હું તે જોઈ શક્યો નથી પણ પાઠની ચોકસાઈ કરવા મેં અમદાવાદના લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાં ગુણસાગરસૂરિના 'ઢાળસાગર હરિવંશપ્રબંધ'ની હસ્તલિખિત પ્રતો[3] છે તે તપાસી. તેમાંથી વિ. સં. ૧૭૩૨, ૧૭૬૭, ૧૭૭૩ અને ૧૭૯૩ની તથા એક લખ્યા સાલ વિનાની (અનુમાને ૧૮મા સૈકાની) પ્રતમાં મૂળચન્દ 'પ્રાણેશે' ઉતારેલી નાગદમનવાળી (અને 'જળકમળ'ને મળતી) આખી ઢાળ જ નથી! પણ બીજી એક લખ્યા સાલ વિનાની (પણ અનુમાને ૧૯મા સૈકા જેટલી અર્વાચીન) પ્રતમાં બે વધારાની ઢાળ આપેલી છે, જેમાંથી એક નાગદમનને લગતી છે, પણ તે ઢાળ 'પ્રાણેશે' આપેલી નાગદમનવાળી ઢાળથી તદ્દન જુદી છે, અને તેમાં 'જળકમળ'ને લગતી પંક્તિઓ કે ધ્રુવપદનું નામનિશાન નથી! એટલે કે 'ઢાળસાગર'ની જૂની હસ્તપ્રતોમાં નાથદમનને લગતી કોઈ સ્વતંત્ર ઢાળ કે પદ છે જ નહીં, માત્ર કેટલીક પાછળના સમયની હસ્ત-પ્રતોમાં તે છે; પણ જુદી જુદી પ્રતોમાં તે જુદા જુદા રૂપે મળે છે, અને જળકમળને મળતી ઢાળ માત્ર મુદ્રિત આવૃત્તિની આધારભૂત પ્રતમાં જ છે. તદ્દન સ્પષ્ટ છે કે નાગદમનવાળી ઢાળ ગુણ-સાગરસૂરિની રચના નથી, પણ કોઈએ 'ઢાળસાગર'માં તે પાછળથી પ્રક્ષિપ્ત કરેલી છે. આનું સંપૂર્ણ સમર્થન 'ઢાળસાગર'માં જે સ્થળે આ ઢાળનો આક્ષેપ થયેલો છે ત્યાંના પાઠસંદર્ભને તપાસતાં પણ મળી રહે છે. 'ઢાળસાગર'ના નવ અધિકારમાંથી બીજા અધિકારની છેલ્લી ઢાળમાં કૃષ્ણની બાલક્રીડાનું નિરૂપણ છે. તેમાં માત્ર એકએક કડીમાં કેશીહય, ખર, મેષ, વૃષભ, વગેરેનો વધ, કાલિયદમન, મલ્લમર્દન વગેરે પરાક્રમોનો નિર્દેશ માત્ર છે. એકેનું સહેજ પણ વિગત કે વિસ્તારથી વર્ણન નથી. પણ લા. દ. વિદ્યામન્દિરની ૪૨૩૭ નંબરની પ્રતમાં આ ઢાળની પહેલાં બીજી બે ઢાળ આપેલી છે, તેમાંથી પહેલીમાં હય, ખર વગેરેના વધની વાત છે, અને પછીની ૩૬ કડીની બીજી ઢાળમાં નાગદમન છે. તેને અંતે જે બધી પ્રતોમાં મળે છે તે છેલ્લી ઢાળ આવે છે, જેમાં હય, ખર, વૃષભ વગેરેના વધની વાતનું પુનરાવર્તન છે.*

---

૩ તે હસ્તપ્રતોને લગતી વીગતો નીચે પ્રમાણે છે:

| | સંગ્રહ | ક્રમાંક | લેખનસંવત | લેખનસ્થળ |
|---|---|---|---|---|
| ૧. | પુણ્યવિજયજીનો | ૭૯૪૭ | ૧૭૬૭ | દોયનદ્રી(?) ગ્રામ |
| ૨. | ,, | ૨૨૮૬ | ૧૭૯૩ | જાલોરદુર્ગ |
| ૩. | ,, | ૪૨૩૭ | અનુમાને ૧૯મો સૈકો | — |
| ૪. | લા. દ. સંગ્રહ | ૪૫૦૦ | ૧૭૩૨ | સાંદલપુર |
| ૫. | | ૪૮૫૧ | ૧૭૭૩ | — |
| ૬. | ,, | ૩૯ | અનુમાને ૧૮મો સૈકો | (અપૂર્ણ) |

આ પ્રતોનો ઉપયોગ કરવા દેવા બદલ હું લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના નિયામક પ્રા દલસુખભાઈ માલવણિયાનો ઋણી છું.

* વિગતો માટે જુઓ પરિશિષ્ટ.

આને પરિણામે ‘ જળકમળ ’ને ૧૭મી શતાબ્દી સુધી લઈ જતો આધાર તૂટી પડે છે; ને છતાં પણ ‘ ઢાળસાગર ’ની નાગદમનવાળી ઢાળ પ્રક્ષિપ્ત હોવાનું, ‘ જળકમળ ’ તેનાથી નહીં પણ પ્રક્ષિપ્ત ઢાળ ‘ જળકમળ ’થી પ્રભાવિત હોવાનું, અને ‘ જળકમળ ’ ઓગણીશમી શતાબ્દી પહેલાંનું હોવાનું નક્કી થાય છે. સાથે એ પણ ફલિત થાય છે કે ‘ જળકમળ ’ કોઈ અર્વાચીન રચના નહીં, પણ પરંપરાગત રચના છે.

## ‘ જળકમળ ’નું તાત્પર્ય

‘ જળકમળ ’ની પ્રાચીનતાના પ્રશ્નનો વિચાર આગળ ચલાવતાં પહેલાં બીજો એક રસપ્રદ મુદ્દો ચર્ચવો આવશ્યક છે. ‘ જળકમળ છાંડી જાને બાળા ’ એ પંક્તિમાં ‘ જળકમળ, ’ શબ્દનો શો અર્થ ? આ સંદર્ભમાં ‘ કમળ ’ની પ્રસ્તુતતા શી ? આ ગૂંચ ઉકેલવાનો આપણે ત્યાં કોઈ પ્રયાસ થયાનું મારી જાણમાં નથી. આ અંગે તપાસ કરતાં કેટલીક રસિક માહિતી પ્રકાશમાં આવે છે. કૃષ્ણ કયા નિમિત્તે યમુનાના કાલિયદ્રહમાં કૂદી પડે છે તે અંગે બાળલીલા-વિષયક રચનાઓમાં વિવિધ પરંપરા મળે છે: તેમાંની એક પરંપરા પ્રમાણે કંસે મગાવેલા કાલિયદ્રહમાં થતાં દેવતાઈ કમળ લાવવા માટે કૃષ્ણ કાલિંદીમાં પડે છે. ભાગવત, હરિવંશ કે વિષ્ણુપુરાણના કૃષ્ણચરિત્રમાં આ વાત નથી, પણ એક જૈન પરંપરા પ્રમાણેના કૃષ્ણચરિત્રમાં, ‘ સૂરઆગર ’માં, તેમ જ તેમને અનુસરતાં કૃષ્ણચરિત્રોમાં આ આખો પ્રસંગ અથવા તેનો સહેજ નિર્દેશ મળે છે.

પ્રેમાનંદના ‘ દશમસ્કંધ ’માં કાલિયમર્દન વર્ણવતાં કાળીને નાથીને કૃષ્ણ તેના ઉપર આરૂઢ થયા પછી

> ‘ અમર કમળ પાતાળનાં, લીધાં લક્ષ્મીનાથ,
> દડો લઈને નાગ હાંકયો, પૂંઠે નાગણીનો સાથ. ’

(દશમસ્કંધ, ૫૬-૨૪) એ પ્રમાણે ઉલ્લેખ છે.

કેશવરામકૃત ‘ કૃષ્ણલીલામૃત ’ કાવ્યમાં (ઈ. સ. ૧૫૩૬) ‘ તું કોણ છે ? કયાંથી આવ્યો ? શું કામ આવ્યો ? ’ વગેરે નાગણીના પ્રશ્નોના ઉત્તરમાં કૃષ્ણ કહે છે, ‘ નંદ તણો હું નંદન જાણો, કંસ તે કમળ માગે ! ( ‘ કૃષ્ણલીલા કાવ્ય, ’ ૯-૩૪).

સૂરદાસકૃત ‘ સૂરસાગર ’માં (ઈ. સ. ૧૬મી સદીનો આરંભ) તો ૧૧૩૯ થી ૧૨૦૭ સુધીનાં ૬૯ પદોનો એક મોટો ગુચ્છ ‘ કમલપુષ્પ મંગાના, કાલીદમનલીલા ’ એ વિષયને લગતો છે, જેમાં નારદની સલાહથી કંસે નંદને કાલિયદ્રહના એક કરોડ કમલ મોકલવાનો આદેશ મોકલ્યો ત્યાંથી માંડીને કૃષ્ણે કાલિયમર્દન કરી ત્રણ કરોડ કમળ લઈને કંસને મોકલી આપ્યા ત્યાંસુધીનો પ્રસંગ ઘણા વિસ્તારથી અને પુનરાવર્તનો સાથે વર્ણવાયો છે. આખા પ્રસંગમાં કમળ પ્રાપ્ત કરવાની વાત કેન્દ્રમાં છે. આવી કમળપ્રાપ્તિની વાત પ્રાચીન સાહિત્યમાં માત્ર દિગમ્બર જૈન-પરંપરાનાં કૃષ્ણચરિત્રોમાં છે—જેમ કે જિનસેનકૃત ‘ હરિવંશપુરાણ ’માં (ઈ. સ. ૭૮૩-૭૮૪) આ પ્રસંગ વિસ્તારથી આપેલો છે; પણ હેમચન્દ્રાચાર્યના ‘ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ’માંના નેમિચરિત્રમાં આવતા કૃષ્ણચરિત્રમાં કેવળ કાલિયદમનની વાત છે, કમળપ્રાપ્તિની નહીં. ઉત્તર પ્રદેશની કૃષ્ણચરિત્રની લૌકિક પરંપરામાંથી કમળપ્રાપ્તિનો પ્રસંગ જિનસેનમાં, સૂરદાસમાં અને

તેને અનુસરીને આપણે ત્યાં કેશવદાસમાં અને પછી ઠેઠ પ્રેમાનંદ સુધી ઊતરી આવ્યો લાગે છે. પણ ભાલણ અને રત્નેશ્વર મૂળ ભાગવતને અનુસરતા હોઈને તેમના દશમમાં કમળપ્રાપ્તિનો પ્રસંગ નથી. 'જળકમળ'વાળા પ્રભાતિયામાં નાગણની વિનંતીમાં જળકમળ છાંડીને જવાની વાત જે રીતે ધ્રુવપદમાં ઘૂંટી છે તે ઉપરથી સ્પષ્ટ સૂચવાય છે કે આ પદ કૃષ્ણ કાલિયદ્રહનાં કમળ લેવા આવ્યા છે એ વાતના સંદર્ભમાં રચાયેલું છે. 'જળકમળ' શબ્દનો એ પદમાં આવો સંકેત છે. હવે ચંબાના લોકગીતમાં, નિમાડી લોકગીતમાં કે સાંયા ઝૂલાના 'નાગદમન'માં કમળ-પ્રાપ્તિનો કશો પણ નિર્દેશ નથી. આ એક જ હકીકત 'જળકમળ'વાળું પ્રભાતિયું 'સૂરસાગર'-વાળી પરંપરામાં હોવાનું અને ચંબા વગેરેનાં નાગદમન જુદી પરંપરામાં હોવાનું સ્થાપિત કરે છે.

## 'સૂરસાગર'માંનું સમાન પદ

આ સંબંધમાં 'સૂરસાગર'નું દશમસ્કંધનું ૫૭૭મું (સળંગ ૧૧૯૫મું) પદ ખાસ ધ્યાન ખેંચે છે. 'જળકમળ'ની સાથે તેને સરખાવતાં નીચેની હકીકતો આપણે તારવી શકીએ :

(૧) બંનેનો ઢાળ એક જ છે. 'જળકમળ' જે 'પ્રભાતિયા'ના ઢાળમાં છે, તે જ ઢાળમાં સૂરદાસનું પદ પણ છે :

(૨) સૂરદાસના પદની આરંભની પંક્તિ નીચે પ્રમાણે છે :

'તુમ જાહુ બાલક, છાંડિ જમુના, સ્વામિ મેરો જાગિ હૈ' આનું 'જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે' એ પંક્તિ સાથે તદ્દન ઉઘાડું સામ્ય છે. વળી પહેલી બે પંક્તિના પ્રાસ પણ બંનેમાં એક જ છે ('જાગશે-લાગશે', 'જાગિ હૈ-લાગિ હૈ).

(૩) પ્રસંગનિરૂપણમાં નાગણ અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ બંનેમાં કેંદ્રવર્તી છે.

(૪) બંનેમાં આરંભ નાગણના વચનથી થાય છે.

(૫) બંનેમાં કોઈ વેરીએ બાળકને ખોટે રસ્તે ચડાવીને દુરિચ્છાથી મોકલ્યાની શંકા નાગણ વ્યક્ત કરે છે ('કે તારા વેરીએ વળાવિયો' 'કે રિ દુરત દુરાઈયૌં') અને બંનેમાં કૃષ્ણ નાગણના શંકાગર્ભ પ્રશ્નોને નકારે છે.

(૬) સૂરવાળા પદમાં નાગણ પૂછે છે કે તું જુગાર તો નથી ખેલ્યોને ? 'જળકમળ'માં જુગારની વાતને એક ચમત્કારિક વળ અપાયો છે, અને આપણને કૃષ્ણની એંટભરી વ્યાજોક્તિ મળે છે ('મથુરાનગરીમાં જુગટું રમતાં નાગનું શીશ હારિયો').

(૭) બંનેમાં નાગણ તરફથી કૃષ્ણને સમજાવીને, ડર ચીંધીને, લાલચથી ફોસલાવીને, પાછો વાળવાની અને અંતભાગમાં નાગને છોડાવવા કૃષ્ણને વીનવવાની વિગતો સમાન છે.

(૮) નીચેની પંક્તિઓ વચ્ચેનું સામ્ય ઘણું જ સૂચક છે:

'... ... ... ... ... ...કૃષ્ણે કાળિનાગ નાથિયો'
'સહસ્ર ફેણા ફૂંફવે, જેમ ગગને ગાજે હાથિયો'

'... ... ... અહિ જગાયૌ, માનૌ છૂટે હાથિયૈં.
સહસ ફન ફુફુકાર॰ છાઁડે, જાઈ કાલી નાથિયૈં'

આટલી રચનાશૈલીની, વિગતોની અને તેમના ક્રમની, શબ્દોની અને વાક્યોની, પ્રાસની ધ્રુવપદની અને ઢાળની સમાનતા એક રચના બીજી રચના ઉપર આધારિત હોવાનું નિઃશંકપણે સ્થાપિત કરે છે.

પણ આ સંબંધમાં સૂરની રચના ઉપરથી જ 'જળકમળ' રચાયું હોવાનો વિકલ્પ નિશ્ચિતપણે સ્વીકારી શકાય તેમ નથી. તેના પ્રચલિત સ્વરૂપમાં 'જળકમળ'ની ભાષા અર્વાચીન છે એ ખરું પણ આ વાત અહીં નિર્ણાયક નથી થઈ શકતી. નરસિંહ, મીરાં વગેરેનાં અનેક લોકપ્રિય કંઠસ્થ પદોની ભાષા ક્રમે ક્રમે બદલાતી રહીને અર્વાચીન બની ગઈ છે. ભાલણની 'કાદંબરી'ની ભાષા અને 'નલાખ્યાન' જેવી તેની બીજી કૃતિઓની ભાષા સરખાવતાં પણ આ વાત સહેજે જોઈ શકાશે. બીજું, 'સૂરસાગર'માં ઉપર્યુક્ત પદ પ્રામાણિક છે, અને પ્રક્ષિપ્ત નથી, તેનો ચોક્કસ નિર્ણય આપણી પાસે નથી. નાગરી પ્રચારિણી સભાવાળા સંપાદનમાં આ પદ 'સૂરસાગર'ની કેટલીક હસ્તપ્રતોમાં ('લ', 'ક', 'પૂ' એવા સંકેતવાળી પ્રતોમાં) નહીં હોવાની નોંધ છે. આનો અર્થ એ થયો કે 'સૂરસાગર'ની અમુક પાઠચપરંપરામાં જ આ પદ મળે છે, બીજીમાં નહીં. એટલે એ પદ 'સૂરસાગર'માં પ્રક્ષિપ્ત હોવાની પણ સંભાવના છે. છતાં આ મુદ્દો ઝીણવટવાળી અને વ્યવસ્થિત તપાસ માગી લે તેમ છે. અહીં તો મેં તેનો માત્ર અછડતો જ સ્પર્શ કર્યો છે.

'સૂરસાગર'માં સેંકડો પદ પ્રક્ષિપ્ત હોવાની વાત નાગરી પ્રચારિણી પરિષદવાળા સંસ્કરણમાં તેના સંપાદકોએ પણ નોંધી છે. 'સૂરસાગર' પદમાળા રૂપે હોવાને કારણે તેમાં એક જ વિષયને લગતાં, પણ વિવિધ શૈલી, ભંગિ કે ઢાળમાં રચાયલાં હોય તેવાં, અથવા તો એક જ વિષયનો વિવિધ રૂપે નિર્દેશ કે નિરૂપણ કરતાં હોય તેવાં અનેક પદો મળે છે આથી સંદર્ભ, પુનરાવર્તન વગેરે જેવા અનેક સંકેતો પદની પ્રામાણિકતાના નિર્ણાયક નથી બની શકતા; પણ જો સૂરવાળું પદ સૂરની જ રચના હોય તો 'જળકમળ' નરસિંહની નહીં, પણ અન્ય કોઈની રચના હોવાનું પુરવાર થાય, અને 'જળકમળ'ની જેમ નાગદમન વિશેની બીજી રચનાઓ પર સૂરનો પ્રભાવ હોવાનું ઘટાવી શકાય.[૪] છતાં યે એ હકીકત સૂચક છે કે જે સૂરવાળા પદમાં નથી એવી પણ કેટલીક વિગતો શાબ્દિક સમાનતા સાથે પાછળની રચનાઓમાં મળે છે. જેમ કે :

---

૪ સરખાવો

'લેહુ તુમ હીરા પદારથ.'
'ચેરિ કૌં અહિવાત દીજૈ.' (સૂર)

મૂક્ય મહાગુણવંતા, કંતા, એહેવાતણ અમ દીજ,
માણિક રત્ન અમૂલક મોતી, જે જોયે તે લીજે. (કેશવદાસ)

'મ-ખ જુગ-જુગ દ્દીજો અહ્વાત' (નિમાડી લોકગીત)
'ભિક્ષુક, દાતાર તું, પ્રભુ, આપ અહેવાતન'. (પ્રેમાનંદ)

૧ 'જગાવ નાગેણ થારા નાગ-ખ'. (નિમાડી લોકગીત)
'જગાડ તારા નાગને' ('જળકમળ')

૨ 'ફી રે બાળા તૂં, મારગ ભૂલ્યો.' (નિમાડી લોકગીત)
'કહે રે બાળક તું મારગ ભૂલ્યો' ('જળકમળ')

૩ 'આંગઠી જો મોડી નાગ જગાવિયો રે' (નિમાડી લોકગીત)
'ચરણ ચાંપી, મૂછ મરડી, નાગણે નાગ જગાવિયો' ('જળકમળ')

૪ 'મોતિયન સીરે થારો બાળો વધાઓ' (નિમાડી લોકગીત)
'નિજ કંઠનાહા ત્રોડી મુક્તાફળે વધાવે' (પ્રેમાનંદ)
'થાળ ભરી શગ મોતીએ, શ્રીકૃષ્ણને રે વધાવિયો' ('જળકમળ')

૫ 'મૂકો અમારા નાથને, નાગણી સહુકો જાયે' (પ્રેમાનંદ)
'બે કર જોડી વીનવે, સ્વામી, મૂકો અમારા કંથને' ('જળકમળ')

આનો ખુલાસો સૂરના પદ સિવાયની કોઈ એક અન્ય પ્રભાવક રચના હોવાનું સ્વીકારીએ તો જ મળે. વળી 'જળકમળ' એક અત્યંત સુશ્લિષ્ટ, સુઘટિત અને કાવ્યચમત્કૃતિવાળી રચના છે. તેને બીજેથી સાંધાસૂંધી કરીને ઊભી કરેલી ભેળસેળિયા રચના તરીકે ઘટાવવી યોગ્ય કે ન્યાય્ય નથી. સૂરદાસથી માંડીને લોકગીતો સુધીની નાગદમનને લગતી જે જે રચનાઓ એટલે પદકક્ષાની લઘુરચનાઓ—આપણી જાણમાં છે, તે સૌમાં કાવ્યગુણે 'જળકમળ' સૌને મોખરે છે. એટલે સૂરનું પદ પ્રામાણિક હોય તોપણ જેણે તેનો આધાર લઈને 'જળકમળ' રચ્યું હશે, તે સારો એવો કવિ હોવાનું સ્પષ્ટ છે. ઉપરાંત 'જળકમળ' નરસિંહની મૌલિક રચના હોવાની અને સૂરવાળું પણ પ્રક્ષિપ્ત હોવાની પણ પૂરી સંભાવના છે. તેનું નરસિંહનું કર્તૃત્વ તો હસ્તપ્રત આદિ પુરાવાઓને આધારે જ તદ્દન નિશ્ચિતપણે સ્થાપિત કરી શકાય. અત્યાર સુધી આપણે આ અંગે જેટલું જાણીએ છીએ તે નિર્ણાયક નથી, પણ પદ ઠીક ઠીક જૂનું અને કોઈ એક જ કવિની કૃતિ હોવાની પૂરેપૂરી સંભાવના છે.

ગમે તેમ પણ આ પ્રશ્ન તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરીને ઊહાપોહ કરવાનો યશ પ્રા. ચંદરવાકરને ફાળે જાય છે.

## પરિશિષ્ટ

### ૧. 'જળકમળ'થી શરૂ થતું પ્રભાતિયું

જળકમળ છાંડી જાને, બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે, તુંને મારશે, મને બાળહત્યા લાગશે.
રે જળકમળ૦

કહે રે બાળક તું મારગ ભૂલ્યો ? કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચે તારો કાળ જ ખૂટયો; અહિંયા તું શીદ આવિયો ?
રે જળકમળ૦

નથી નાગણ હું મારગ ભૂલ્યો કે નથી મારા વેરીએ વળાવિયો;
મથુરાનગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હારિયો.
રે જળકમળ૦

રંગે રૂડો, રૂપે પૂરો, દીસંતો કોડીલો, કોડામણો;
તારી માતાએ કેટલા જલમિયા, તેમાં તું અળખામણો.
રે જળકમળ૦

મારી માતાએ બેહુ જલમિયા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.
રે જળકમળ૦

લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો,
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરીઓ.
રે જળકમળ૦

શું કરું નાગણ હાર તારો? શું કરું તારો દોરિયો?
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરીઓ?
રે જળકમળ૦

ચરણ ચાંપી, પૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
'ઊઠોને બળવંત, બળિયો કોઈ, બારણે બાળક આવિયો.
રે જળકમળ૦

બેહુ બળિયા બાથે (સાથે) વળગિયા (મળિયા), કૃષ્ણે કાળીનાગ નાથિયો;
સહસ્ર ફેણા ફૂંફવે, જેમ ગગન ગાજે હાથિયો.
નાગણ સહુ વિલાપ કરે, જે નાગને દુઃખ આપશે,
મથુરાનગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે.
રે જળકમળ૦

બે કર જોડી વીનવે, સ્વામી, મૂકો અમારા કંથને,
અમે અપરાધી કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને.
રે જળકમળ૦

થાળ ભરી શગ મોતીડે, શ્રીકૃષ્ણને રે વધાવિયો –યા;
નરસૈંયાના નાથ પાસેથી નાગણે નાથ (નાગ) છોડાવિયો –યા.
રે જળકમળ૦

૨. 'નાગદમણ'ના પરિશિષ્ટમાં ગુણસાગરસૂરિકૃત શ્રી હરિવંશચરિત્ર **ઢાળ સાગર**'-માંથી ઉદ્ધૃત અંશ.

'સુણજો સાજન અચરજની કથા' એ આંકણી.

એક દિન જમુના હો જળ મેં પરિસરે, હરિ રમૈ સુવિચાર
ગિંદુક ઉછાળીનૈ તવ પડ્યો, કાળિંદ્રહ મઝાર
ચતુર નર હરિ રમેં રસરંગ,
જી હો સુંદર રૂપસુહામણા, લાલા ચલતો જાણૈ અનંગ
સુણજો સાજન અચરજની કથા. ૧

તે લેવાનૈ હરી દ્રહાંતર ગયા, સોધી લિયો ગયંદ,
પિછૈ ફિરતો તવ પેખિયો, આવાસ તેજનો કંદ. ચ૦, સુ૦ ૨

ભિતરે દીઠી એક ગવાક્ષિકા, કૌતુક અધિકો પામ,
દેઈ ફલાંગ માંહિ ગયા, નિરીક્ષણ કરૈ કામ. ચ૦, સુ૦ ૩

આગૈ જાતાં પલંપ પે ઝીલંતા, દેખૈં કાળી નાગ,
સહસ્રફણો સૂતો નિંદમેં, મહીધર વિખનો છાગ. ચ૦, સુ૦ ૪

કરૈ તિહાં નાગણી પતાળની, નવ નવ ભાંત વિનોદ,
પામી અચરજ તામ હરિ ભણી બોલે વચનસરોદ. ચ૦, સુ૦ ૫

નાગણી વાચ :

કાંઈ તૂં વાટ વીસરિયો રે બાલા, કાંઈ તૂં મારગ ભુલિયો
કાંઈ તે તારો કાળ ઘટિયો, જે ઇણ મારગ આવિયો. ચ૦, સુ૦ ૬

જળકમળ છંડિ જાય રે બાલા, સ્યા(? સ્વા)મ મોરો જાગસે—આંકણી૦

કાન વાચ :

નહિં તે વાટ વીસરિયો રે નાગણ, નહિં તે મારગ ભુલિયો
નહિં તે મારો કાળ ઘટિયો, હું એણે મારગ આવિયો. જળ૦ ૭

નાગણી વાચ :

કિહાં તુમારો બેસણો રે બાળા, કુંણ તુમારો ગામ્ રે
કુંણ રાયના ચલણ ચાલૈ, સું છૈ તુમારો નામ રે. જળ૦ ૮

કાન વાચ :

મથુરા હમારો બેસણો રે નાગણ, ગોકુળ હમારો ગામ રે
કંસરાયના ચલણ ચાલૈ, ગોવળીડો માહરૂં નામ રે. જળ૦ ૯

નાગણ જગાડો તોરા નાહનૈ, વળી કેસે જે વિસારીયો
કંસરાયથી જુવટૈ રમતા, નાહ તુમારો હારીયો. જળ૦ ૧૦

નાગણી નાગપ્રબોધન વાચ :

ચરણ ચોળી અંગ મોડી, નાગણીએ નાહો જગાવીયો
ઉઠોનૈ બળવંત બૈઠા થાઓ, બાલુડો હમ ઘર આવીયો રે. જળ૦ ૧૧

ઉઠ્યો હો મહિધર વિષ ભરૈ લોચને, કોપ કરી તતકાળ
આયો હો સનમુખ હરિનૈ ઉપરૈ, રોસ ભર્યો વિકરાળ. ચ૦, સુ૦ ૧૨

નાથ્યો હો ઝાલી બૈલ તણી પરે, પામ્યો અધિકો ત્રાસ
ઊપર બેસી હો હય પરે વાહિયો, જોર કિંસો હરી પાસ. ચ૦, સુ૦ ૧૩

થાકો હો નાગ તજી અભીમાનને, પ્રણમે પ્રભુના પાય
હું તુમ પાયક લાયક સાહીબ, મેહેર કરો મહારાજ. ચ૦, સુ૦ ૧૪

હિવૈ હું સેવક આજથી તાહરો, ન ભજું અવર ભૂપાળ
લેઈ સતકાર આયો હરી નિજગરૈ, મિલીયાં બાળગોપાળ. ચ૦, સુ૦ ૧૫

૩. ગુણસાગરસૂરિકૃત ‘ ઢાલસાગર હરિવંશ-પ્રબંધ ’ની હસ્તપ્રતોમાંથી ઉપયુક્ત અંશો કે તેમનો સારપરિચય.

‘ ઢાળસાગર ’ના બીજા અધિકારની ઉપાંત્ય ઢાળમાં ૩૦મી કડી સુધી નેમિનાથ બાળલીલા. તે પછી કંસનું બહેનને ઘરે જવું; કન્યા દેખવી; ઋષિનું ભાખ્યું ખોટું પડ્યાની શંકા કરવીઃ નિમિત્તિયાને બોલાવીને પૂછવું; તેણે એંધાણીઓ આપીઃ કેશીહય, ખર, મેષ, વૃષ એનાં જે નામ ફેડે, જે ધનુષ્ય ‘ ચહોડે ’, જે કાળીનાગ નાથે, જે બે હાથીને મારે ને મલ્લને પછાડે તે તારો વેરી. અહીં ૩૭મી કડી પૂરી થાય છે. તે પછી ૩૮મી ( = છેલ્લી ) કડી નીચે પ્રમાણે છે :

કંસભૂપ અતિ ખલભલ્યો, અરિનો સૂણી અધિકાર,
ઘોડો મેલ્યો મોકલો, ઉપરિ નહી અસવાર.

આ પછી બીજા અધિકારની અંતિમ ઢાળ શરૂ થાય છે. તેનો નિર્દેશ ‘ ઢાલ-સોહે ૨ રે આનંદ કરો એહની ’ એ રીતે કરેલો છે. આ પછી લા. દ. હસ્તપ્રત સંગ્રહની નં. ૪૨૩૭ સિવાયની પ્રતોમાં,

‘ મથુરાનો પતિ કંપ્યો, નિમતીયૈ ઇમ જંપ્યો ’

એ પંક્તિમાંથી ઢાળની કડીઓ શરૂથી થાય છે. તેમાં આગળ જતાં, ઉપર ગણાવ્યાં તે પરાક્રમો એકએક કડીમાં પતાવ્યાં છે. તેમાં નાગદમનને લગતી ૪૪મી કડી નીચે પ્રમાણે છે :

અમરખ આણી ભારી, પ્રતિજ્ઞા કરી મુરારી,
ભાઈજી સું જમુના મઈ કરે સનાન
કાલિનાગ લીધો નાથિ, જગનાથિ આપિ હાથી,
દીન હુવો સો તો માંગૈ જીવત્વ્યદાન.

માત્ર પ્રત નં. ૪૨૩૭માં ઉપર્યુક્ત ઢાળના આરંભમાં આપેલી 'સોહૈર રે આણંદ કરો' એવી આંકણીની પંક્તિ પછી તરત જ બીજી એક દેશીની પંક્તિ આપી છે : 'ધર્મ દલાલી ચિંત કરે એ દેશી'. તે પછી છ દૂહા, અને તે પછી 'દાંન કહે જગી હું વડો એ ઢા[પત્ર ૨૧A]લ' શરૂ થાય છે. તેની ૩૬ કડી (પત્ર ૨૨A ઉપર) પૂરી થયા પછી ફરીથી 'સોહેર રે આનંદ કરો એ ઢાલ' એમ આવે છે અને પછી 'તબ મથુરાનો પતિ' વગેરે. આમ વચ્ચે બે ઢાળ પ્રક્ષિપ્ત છે. પ્રક્ષિપ્તમાંની પહેલી ઢાળમાં ઘોડો, સિંહ, ખર, ગોવર્ધન ગિરિ વગેરેને લગતાં પરાક્રમોનું કાંઈક વિસ્તારથી વર્ણન છે. તે પછીની ૩૬ કડીની ઢાળમાંનો કાલિયદમનને લગતો અંશ નીચે પ્રમાણે છે :

શ્રીય કસનજીની દડી રૂડી ઘણી રંગી રે
ખીંચત સોવન તારની રુડી ઘણીય રસીલી રે. ૧૯

જમુંનાં નદીનાં દોહમેં ઉંડો અધિક અગારો રે
પીણ કૌઈ કાઢ સકે નહી આરતીવંત કુંવારો રે. ૨૦

શ્રીય કસનજી આણંદમેં સૌચ નહીં મન માંહો રે
ઝા(ડા)ફી પડીયા દોહમેં ઉંડો અધિક અગારો રે. ૨૧

ભુવન ભુવનપતિ તણાં રૂડા રંગના પ્રકાસો રે
આછા અતી રલીયામણાં માગ (નાગ) કુંવારનો વાસો રે. ૨૨

બેઠી તિહાં દેવાંગનાં તેહ ભુવનને બારો રે
આવતા દેષે કસનનેં પાંમી હરષ અપારો રે. ૨૩

આદર ભાવ દીયો ઘણૌ કરાંજલ જોડી બોલે રે
હાવભાવ કરતી થકી ભાષે અમરત તોલે રે. ૨૪

ભુલેં ભટકેં આવીયા દેવકુંઅરઅણી ઠામો રે
કણી અપરાધી મોકલ્યૌ, ઈહાં કોઈ ઈસૌ કાંમો રે. ૨૫

ઈહાં હમારી આવી દડી લેવા કારણ જાંણૌ રે
હું આયૌ (20 B પૂરું), ઇણ કારણેં કરો વચન પ્રમાંણૌ રે. ૨૬

લોની તુંમારો ધિંદુવૌ ઈહાથી વેગા જાવો રે
નાગ હમારો જાગીયાં મતિ રે અસાતા પાવો રે. ૨૭

કૃષ્ણ હસીને બોલીયાં સૂંણ દેવી મુજ વાચો રે
સુર વીરને ધીર છું માંન વચન એ સાચૌ રે. ૨૮

જગાવૌ તુમારા નાગને દેષું તેહને નમણા રે
તુંમ્હ ભાષ્યૌ તેસો હોવે તો માંનું તુમ વચણાં રે. ૨૯

ઇમ કહંતા આવીયો સહસ ફણ વિસ્તારો રે
ફુંકારા કરતો થકૌ દેષી કસન મુરારો રે. ૩૦

પાંણી ભીંનૌ અંચલૌ ફટકાર્યૌ તિણ વારો રે
મુલગે ક્રુણ ઊભો રહ્યો સંકા પામ્યૌ અપારો રે. ૩૧

નાથી ભાગ (નાગ) ઉપરેં ચઢ્યા દેવી કરે અરદાસો રે
વીરા ભાઈ થે માંહરા મે છા થારી દાસો રે. ૩૨

કહે કસન મુરારજી, લાવૌ કમલનો ભારો રે
વેગા જોઈ ઉતાવલા તો છોડું થારો ભરતારો રે. ૩૩

ભારો કમલ તણૌ લેઇ ઉપ્રેં હુઆ અસવારો રે
સહુ દેષંતાં આવીયા અચરજ પાંમ્યાં અપારો રે. ૩૪

આ કાલિયદમન શ્રી મૂલચન્દ પ્રાણેશે મુદ્રિત 'ઢાલસાગર'માંથી ઉદ્ધૃત કરેલા (અને અહીં પૂર્વે આપેલા) કાલિયદમનથી તદ્દન જુદું છે. એટલે જુદી જુદી પ્રતોમાં જુદાજુદા પ્રક્ષેપ થયેલા હોવાનું સ્પષ્ટ છે.

## ૪. સૂરસાગરમાંના કાલીયદમનને લગતો અંશ તથા નાગણીકૃષ્ણ-સંવાદ, કમલાહરણ અને કાલીયદમન લીલા

(પદ ૧૧૩૯ થી ૧૨૦૭નો સાર)

તૃણાવર્ત, બકી આદિને મારનાર નંદસુત બલરામ-કૃષ્ણને મારવાની કોઈ યુક્તિ સુઝાડવા કંસની નારદને વિનંતી (૧૧૩૯). નારદે જમનાના કાલિયનાગવાળા દ્રહમાંથી નંદ પાસે કમળ મંગાવવા સલાહ આપી. આથી પુષ્પ લેવા નંદપુત્ર જશે ને નાગ તેને મારશે (૧૧૪૦). કંસે કાલીદ્રહનાં ફૂલ તરત મોકલાવવા નંદને દૂત સાથે પત્ર મોકલ્યો. આ જાણીને અંતર્યામી ગોવાળોની સાથે વનમાં ચાલ્યા ગયા (૧૧૪૧). કાલે જ પહોંચે એ રીતે કાલીદ્રહનાં કમળ મોકલવાનો સંદેશો દૂતે નંદને આપ્યો. આદેશનું પાલન નહીં થાય તો એકેએકને મારીને ઉજાડી દેવાની કંસની ધમકી જણાવી (૧૧૪૨-૪૪). નંદ, યશોદા અને વ્રજનારીની ચિંતા. કૃષ્ણનું આશ્વાસન: દેવતાની સહાયથી કમળ મોકલાવી દેવાશે. કૃષ્ણ, શ્રીદામા વગેરે ગેડીદડે રમવા ગયા. (૧૧૪૫-૫૦). રમતાં રમતાં કૃષ્ણ સૌને જમનાકાંઠે લઈ ગયા. કૃષ્ણે દડો કાલીદ્રહમાં નાખ્યો. શ્રીદામાએ પોતાનો દડો લાવી આપવા કૃષ્ણને કહ્યું—કૃષ્ણે બદલામાં પોતાનો દડો આપવા માંડ્યો. શ્રીદામાએ કંસનાં કમળ લાવી આપવાનું પરાક્રમ કરી બતાવવા કૃષ્ણને કહ્યું. કૃષ્ણ એ માટે જ આવ્યા હોવાનો પોતાનો આશય જણાવ્યો (૧૧૫૧-૫૬). કૃષ્ણ કદંબ ઉપર ચડ્યા. કાછ કછીને દ્રહમાં કૂદ્યા. શ્રીદામા વાત પહોંચાડવા દોડ્યા. યશોદા અને નંદને અપશકુન. કૃષ્ણની પ્રતીક્ષા. કૃષ્ણના સખાઓએ આવીને વાત કરી (૧૧૫૭-૬૧). નંદ, યશોદા, વ્રજવાસી સૌ યમુનાતટે આવ્યા. યશોદાનો અને વ્રજવાસીઓનો વિલાપ (૧૧૬૨-૬૭).

કૃષ્ણ કાલીયની પાસે ગયા. તે સૂતો હતો. નાગણીઓએ કૃષ્ણને જોયા. પૂછવા લાગી, તું કોનો બાળક છે, ભાગી જા, નાગ ઊઠીને બગાસું ખાશે તો તું ઘડીકમાં ભસ્મ થઈ જઈશ. કૃષ્ણ કહે, કંસે મને જોવા મોકલ્યો છે. તું નાગને જગાડ (૧૧૬૮). નાગણી કહે, તને દેખીને મને બહુ માયા થઈ છે, તું કોનો પુત્ર? કેમ આવ્યો? ચાલ્યો જા, મરવાની મત થઈ છે કે શું?

( ૧૧૬૯ ) પછી નાગણીએ પૂછ પર લાત દઈને નાગને જગાડયો. તે અકળાઈ ને ક્રોધભર્યો ઊઠ્યો. કૃષ્ણે ચાંપ્યો, વિષ છોડયું, પણ કૃષ્ણને અસર ન થઈ. ( ૧૧૭૦ ) કૃષ્ણે વિચાર્યું, હવે હું નાગને વ્રજમાં લઈ જઈને સૌને દેખાડું, તેને માથે કમળનો ભારો લાદી કંસને મોકલું. ( ૧૧૭૧ ) વિષજ્વાળાથી કૃષ્ણને અસ્પૃષ્ટ જોઈ ને નાગણીઓ પ્રશંસા કરવા લાગી. કાલીયે કૃષ્ણને લપેટ્યા. કૃષ્ણે દેહ વિસ્તાર્યો, કાલીય અકળાયો અને શરણે આવ્યો ( ૧૧૭૨-૭૪ ). કૃષ્ણે તેને નાથ્યો, અને કૂદીને તેને માથે ચડ્યા. કાલીયે સ્તુતિ કરી ( ૧૧૭૫-૭૭ ). યશોદાનો પોકાર અને વિલાપ. વ્રજવાસીઓનો વિલાપ. કૃષ્ણ કમળ લઈ ને કાલીય ઉપર સવાર થઈ ને આવ્યા. માતપિતાનો હરખ અને આનંદમંગળ ( ૧૧૭૮-૮૨ ). નાગની ફણાફણા ઉપર કૃષ્ણનું નૃત્ય ( ૧૧૮૩-૮૪ ). કાલીય ઉપર ચરણસ્પર્શની કૃષ્ણે કૃપા કરી તેની કવિકૃત પ્રશંસા ( ૧૧૮૫ ). પદકમલ-સ્તુતિ ( ૧૧૮૬ ). ચરણકૃપા-સ્તુતિ ( ૧૧૮૭-૮૮ ). પદકમલ-સ્તુતિ ( ૧૧૮૮ ). કૃષ્ણસ્તુતિ ( ૧૧૮૯ ). કૃષ્ણે કાલીયને નિર્વિષ કર્યો, બધું બળ હર્યું, ફણા ઉપર નૃત્ય કર્યું. કાલીએ લોહી ઓકયું. તેને કૃષ્ણે દોરડાની જેમ ફેંકયો. નાગણની વિનંતીથી કૃષ્ણને કરુણા ઉપજી, ને નાગને જીવતો રાખ્યો ( ૧૧૯૨ ). કૃષ્ણનું નૃત્ય. નાગણીની પતિદાનની માગણી. કૃષ્ણ દ્રહમાંથી બહાર આવ્યા. ગોવાળ ભેટ્યા ( ૧૧૯૩ ). કૃષ્ણ ખેલતા જઈ કદંબ ઉપર ચઢ્યા. યમુનાના જળમાં કૂદ્યા. સૂતા કાલીયને જગાડ્યો. તેની સાથે યુદ્ધ કર્યું. નાગણે હાથ જોડીને સ્વામીદાન માગ્યું. કૃષ્ણ કાલીયને સાગરવાસ આપ્યો ( ૧૧૯૪ ).

[ કૃષ્ણ અને નાગણીના સંવાદવાળું ૧૧૯૫મું પદ અંતે આપ્યું છે. ]

## નાગણી-કૃષ્ણ સંવાદ ( સૂરસાગર, દશમ સ્કંધ, પદ ૫૭૭-સળંગ પદાંક ૧૧૯૫ )

( રાગ સોરઠ )

(તુમ) જાહુ બાલક, છાઁડિ જમુના, સ્વામિ મેરૌ જાગિ હૈ;
અંગ કારૌ, મુખ બિષારૌ, દૃષ્ટિ પરૈં તોહિં લાગિહૈ.

(તુમ) કૈરિ બાલક જુવા ખેલ્યૌ, કૈરિ દુરત દુરાઈયાઁ;
લેહુ તુમ હીરા પદારથ, જાગિ હૈ મેરૌ સાઁઈયાઁ.

નાહિઁ નાગિનિ જુવા ખેલ્યૌ, નાહિ દુરત દુરાંઈયાઁ;
કંસ કારન ગેંદ ખેલત કમલ – કારન આઈયાઁ.

(તબ) ધાઈ ધાયૌ અહિ જગાયૌ મનૌ છૂટે હાથિયાઁ;
સહસ ફન ફુફુકાર છાઁડે, જાઈ કાલી નાથિયાઁ.

(જબ) કાન્હ કાલી લૈ ચલે, તબ નારિ બિનવૈ, દેવહો;
ચેરિ કૌં અહિવાત દીજૈ, કરૈ તુમ્હારી સેવહોં.

(તબ) લાદિ પંકજ કઢચૌ બાહિર, ભયૌ બ્રજ-મન-ભાવના;
મથુરા નગરી કૃષ્ણ રાજા, સૂર મનતૂઁ બધાવના.

યહ કહી તબ ઉરગ મો સૌં, ‘કિન પઠાયૌ તોહિં?’
મૈં કહી, ‘નૃપકંસ પઠાયૌ કમલ – કારન મોહિ.’
યહ સુનત ડરિ કમલ દિન્હૌ, લિયો પીઠિ ચડાઇ. (૧૧૯૮)

તુરત કમલ અબ દેહુ પઠાઇ,
સુનહુ તાત કછુ વિલંબ ન કીજૈ, કંસ ચઢૈ બ્રીજ ઉપર ધાઈ;
કમલ મગાઈ લિએ તટ-ઉપર, કોટિ કમલ તબ દિએ પઠાઈ. (૧૨૦૦)

સંહસ સકટ ભરિ કમલ ચલાએ. (૧૨૦૧)

(૧૨૦૭મા પદમાં કમળ મંગાવવાના, લાવવાના અને મોકલવાના આખા યે પ્રસંગનો સાર આપ્યો છે અને નાગણ-કૃષ્ણ સંવાદનો પ્રસંગ પણ આપ્યો છે.)

---

‘સૂરસાગર’–જગન્નાથ ‘રત્નાકર’ તથા નંદદુલારે વાજપેયી, નાગરી પ્રચારિણી ગ્રન્થમાળા-૩૫, દ્વિતીય સંસ્કરણ, વિ. સં. ૨૦૦૯.

# ઔશીનરીનો ક્રોધ

નીના સી. ભાવનગરી

મહાકવિ કાલિદાસ પાત્રનિરૂપણમાં અનુપમ છે. એનાં પાત્રો જીવંત, વિશિષ્ટ છતાં વાસ્તવિક અને આકર્ષક હોય છે. એક વાર આપણા ચિત્તને આકર્ષ્યા પછી એમની છાપ કાયમ રહી જાય છે. પુરુષપાત્રો કરતાં સ્ત્રીપાત્રોના આલેખનમાં એની પાત્રનિરૂપણકલા વિશેષ ખીલી છે. એની શકુન્તલા, ઉર્વશી આપણા હૃદય પર ચિરંતન છાપ મૂકી જાય છે. માત્ર પ્રધાન પાત્રોમાં જ નહિ; ગૌણ પાત્રોમાં પણ કાલિદાસની પાત્રનિરૂપણની કુશળતા સ્પષ્ટ વરતાય છે. એ પાત્રો પણ આપણને એટલાં જ આકર્ષી શકે છે. વિક્રમોર્વશીયમ્ નાટકની ઔશીનરી આવું જ એક પાત્ર છે. વિદ્વાનો માને છે કે ઔશીનરી એક એવી ઉદાત્ત અને મહાનુભાવ નારી છે કે જે સાચા હૃદયપૂર્વક ભવ્ય ત્યાગ અને આત્મવિલોપન સ્વીકારે છે :

શ્રી. રામચન્દ્રરાવ એના પાત્રની મહત્તા દર્શાવતાં કહે છે કે :

"Indeed the towering personality of the play is this Auśīnarī, the daughter of Kāśīrāja, the first love of the king. She has a...passionate desire to be courteous,...forbearance and... anxiety to accommodate her husband....Instead of becoming a victim of jealousy, she overcomes the passion and welcomes her rival with all sincerity."[૧]

પ્રો. જી. સી. ઝાલા ઔશીનરીના આત્મવિલોપનને બિરદાવતાં લખે છે કે :

"There is something tragically beautiful in her taking the vow of self-denial simply to please her husband."[૨]

શ્રી અરવિન્દના શબ્દો ઔશીનરીના ભવ્ય ત્યાગને ખરેખર અંજલિ આપે છે :

"Anger for the time sweeps her away but we are prepared for the repentance and sacrifice in the next act."[૩]

---

૧ *Heroines of the Plays of Kālidāsa*— Ramachandra, p. 3.

૨ *Kalidasa—A Study*—Prof. G. C. Jhala, p. 126.

૩ *Kalidasa*—Sri Aurobindo, p. 82.

શ્રી. એસ્તેર. એ. સોલોમનના શબ્દોમાં "ઔશીનરી ત્રણે ય રાજમહિષીઓમાં સૌથી વધુ શાન્ત, ધાર્મિક અને સહનશીલ છે. તેને ઉર્વશીની ઈર્ષ્યા થાય છે પણ તરત જ તે પ્રશ્ચાત્તાપ કરે છે કે પતિને નારાજ કર્યા.[૪]

આમ તો, ઔશીનરી નાટકના કેવળ એક નાના અમથા અંશમાં—બીજા અંકને અંતે અને ત્રીજા અંકની શરૂઆતમાં જ આવે છે. બીજા અંકમાં પ્રસંગોની ગૂંચ ઊભી થાય છે. રાજાને પક્ષે ઔશીનરી એના પ્રણયમાર્ગમાં વિઘ્નરૂપ બને છે. વિદૂષકની ભૂલને કારણે રાણીને રાજાના પ્રેમપ્રકરણની ખબર મળતાં અને પછીથી ભૂર્જપત્ર પણ આવી મળતાં રાજા રાણીનાં ઈર્ષ્યા અને કોપનો ભોગ થઈ પડે છે, અને માનુની સ્ત્રીની ક્ષમાયાચના કરવા છતાં રાજા તેને મનાવવામાં નિષ્ફળ જાય છે. ઔશીનરી नास्ति भवतोऽपराधः । अहमेवात्रापराद्धा या प्रतिकूलदर्शना भूत्वाऽग्रतस्ते तिष्ठामि ।[૫] એમ રોષ દર્શાવી અને પછી मा खलु लघुहृदयाऽहमनुनयं बहुमन्ये । किं त्वदाक्षिण्यकृतात्पश्चात्तापाद्बिभेमि ।[૬] એમ વિચારતી રાજાને છોડી ચાલી જાય છે. અહીં રાજા પ્રત્યેના ઊંડા પ્રેમમાંથી જ ઉદ્ભવેલા રોષનો તેણે રાજા પ્રત્યે દર્શાવેલા અવિવેકથી તેને થતા પશ્ચાત્તાપ પર તાત્કાલિક વિજય થયો છે. શ્રી અરવિન્દ કહે છે :

—"The rush of her jealousy comes out with less of a storm than Iravatie's but it has fierier and keener edge and is felt to be the disguise of a deep and mighty love. The passion of that love leaps out in the bitter irony of her self-accusal"—नास्ति भवतोऽपराधः । अहमेवात्रापराद्धा या प्रतिकूलदर्शना भूत्वाऽग्रतस्ते तिष्ठामि ।[૭]

પરંતુ ત્રીજા અંકમાં રાણીનું વર્તન જુદો જ વળાંક લે છે. તે કોઈ વ્રત કરવા માટે મહેલની અગાશીમાં રોહિની અને ચન્દ્રના સંયોગ સુધી રહેવાની છે એવા સમાચાર રાજાને મળે છે અને તે પ્રસંગે રાજા હાજર રહે એવી તેની ઇચ્છા રાજાને જણાવવામાં આવે છે. આ ઉપરથી રાજા અને વિદૂષક એવું અનુમાન કરે છે કે રાણીને પોતાના અવિવેકી વર્તનનો પશ્ચાત્તાપ થાય છે અને વ્રતના બહાના હેઠળ તે એને ભૂંસી નાખવા માગે છે. રાણી આવીને ચન્દ્રનું પૂજન કરે છે, અને રોહિણી-ચન્દ્રના દેવયુગલની સાક્ષીએ પ્રતિજ્ઞા કરે છે કે પોતાના સ્વામી જે સ્ત્રીને ચાહે તેની સાથે પોતે સખીભાવપૂર્વક વર્તન કરશે. રાજા પોતાનો ભાવ છુપાવી તેને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે પણ રાણી વિવેકપૂર્વક તેનો અસ્વીકાર કરીને ચાલી જાય છે.

રાણીએ લીધેલી પ્રતિજ્ઞા एषाऽहं देवतामिथुनं रोहिणीमृगलाञ्छनं साक्षीकृत्य आर्यपुत्रं अनुप्रसादयामि । अद्यप्रभृति यां स्त्रियमार्यपुत्रः प्रार्थयते या आर्यपुत्रस्य समागम प्रणयिनी तया सह मया

---

૪ **મહાકવિ કાલિદાસ**—સં. યશવંત શુક્લ—કાલિદાસની સ્ત્રી-સૃષ્ટિ—શ્રી એસ્તેર એ. સોલોમન, પૃષ્ઠ ૩૪.

૫ **વિક્રમોર્વશીયમ્**—સં. જે. ટી. પરીખ, અંક ૨. ૧૬૮, પૃષ્ઠ ૪૯.

૬ એજન અંક ૨. ૧૭૦. પૃષ્ઠ ૪૯.

૭ Kalidasa—Aurobindo, p. 82. મૂળમાં સંસ્કૃત અવતરણને બદલે અંગ્રેજી ભાષાંતર છે.

प्रीतिबन्धेन वर्तितव्यमिति ।[८] આમ તો પહેલી જ નજરે આપણને એવી પ્રતીતિ કરાવે છે કે રાણીએ પોતાનો ગર્વ છોડી દઈને માનસિક સમાધાન પ્રાપ્ત કર્યું છે. તેને પોતાના અવિવેકી વર્તન અને રોષ બદલ પશ્ચાત્તાપ થાય છે અને તેણે સાચા હૃદયપૂર્વક-ઔદાર્યપૂર્વક આ પ્રતિજ્ઞા કરી છે.

પણ પહેલી જ નજરે આદર્શ પાત્ર તરીકે આકર્ષક લાગતું આ પાત્ર વાસ્તવિક હોઈ શકે ખરું ? બીજા અંકમાં રોષના આવેગે રાણી ઉપર વિજય મેળવ્યો હતો, અને તે રાજાને છોડી ચાલી ગઈ હતી. ત્રીજા જ અંકમાં—અને બે અંકો વચ્ચે બહુ સમય વીત્યો નથી—આ રોષ તદ્દન ઓગળી જાય એ એકદમ સંભવિત લાગે છે ખરુ ? અવિવેકથી થતા પશ્ચાત્તાપ પર વિજયી નીવડેલો પેલો પ્રબળ રોષ આટલા ટૂંકા ગાળામાં ઔદાર્ય કે ત્યાગ અથવા આત્મવિલોપનમાં પરિણમે એ કેટલે અંશે પ્રતીતિજનક લાગવાનો સંભવ છે ? આટલા જ બાહ્ય એકરાર માત્રથી તેના પાત્રને ઉદાત્ત, મહાનુભાવ અને આત્મત્યાગી ગણવું યોગ્ય ગણાય ખરું ? માત્ર આટલા જ એક બાહ્ય એકરારને હૃદયના ઔદાર્યનું પ્રમાણ માનવું કેટલે અંશે ઉચિત લાગે છે ?

જરાક ઊંડું પરીક્ષણ કરતાં જણાશે કે પ્રતિજ્ઞા કર્યા પછી પણ ઔશીનરીના મનમાં છૂપો રોષ તો રહ્યો જ છે. એ રોષની દ્યોતક એવી ઉક્તિઓ ત્રીજા અંકમાં અને તે પહેલાં પણ મળે છે જ.

રાજાને વ્રતનું નિવેદન કરતી વખતે એના ઉદ્દગારો છે : आर्यपुत्रं पुरस्कृत्य कोऽपि व्रतविशेषो मया संपादनीयः। तन्मुहूर्तमुपरोधः सह्यताम् ।[९] અહીં उपरोधः 'તકલીફ'માં રહેલા કટાક્ષનું શું કરીશું ? જો એ પૂર્ણ સમાધાન કરવા માગતી હોય તો આવો કટાક્ષ કરે એ શક્ય છે ખરું ? રાજા પોતાની પ્રેમિકા ઉર્વશીના વિચારોમાં ખોવાયેલા હશે અને તેથી પોતે એમાં ખલેલ પહોંચાડશે એવો ઔશીનરીના શબ્દોનો અર્થ ન કરી શકાય ? વળી પછી તરત જ રાજાના किन्नामधेयमेतद्देव्या व्रतम् ।[१०]ના ઉત્તરમાં રાણી મૌન સેવે છે અને દાસી તરફ દૃષ્ટિ કરે છે. તો શું રાણીને વ્રતના નામની ખબર નહીં હોય ? કે નામ જાણતી હશે પણ પોતે બોલવા નહીં માગતી હોય ? વ્રત કરનારને વ્રતનું નામ ન આવડતું હોય તો એ વ્રતને માત્ર ઓઠું જ માનવું પડશે ને ? અને કદાચ નામ જાણતી હોય તો એણે પોતે નમવું પડયું અને પ્રિયનું પ્રસાદન કરવું પડયું એ પોતાને મોંએ ઉચ્ચારતાં એને ક્ષોભ થતો હશે ?

રાજાની ઉક્તિ यद्येवम्

अनेन कल्याणि मृणालकामलं व्रतेन गात्रं ग्लपयस्य कारणम् ।
प्रसादमाकांक्षति यस्तवोत्सुकः स किं त्वया दासजनः प्रसाद्यते ॥

નો રાણીએ હસીને આપેલો ઉત્તર—नन्वेतस्य व्रतपरिग्रहस्यायं प्रभावो यदेतावन्मन्त्रितः आर्यपुत्रः ।[११]માં एतावन्मन्त्रितः आर्यपुत्रःમાંનો કટાક્ષ પણ એનો રોષ પ્રકટ કરે છે. રંગભૂમિ પરનું એનું સ્મિત

---

૮ વિક્રમોર્વશીયમ્—સં. જે. ટી. પરીખ, અંક ૩. ૧૦૦, પૃષ્ઠ ૭૦.

૯ એજન અંક ૩. ૮૨, પૃષ્ઠ ૬૭

૧૦ એજન અંક ૩. ૮૫, પૃષ્ઠ ૬૮.

૧૧ એજન અંક ૩. ૯૧, પૃષ્ઠ ૬૮.

કદાચ કટાક્ષપૂર્ણ પણ હોય. બીજા અંકમાં રાજાએ ઔશીનરીના ગયા પછી કહેલું—**किंतु प्रणिपातलङ्घनादहमस्यां धैर्यमवलम्बयिष्ये।** એ ઉપરથી એમ ધારી શકાય કે આ વચ્ચેના સમયના ગાળામાં રાજાએ કદાચ ઔશીનરી સાથે વ્યવહાર નહીં રાખ્યો હોય અને ઉદાસીનતા સેવી હશે. તેથી જ રાણીએ રાજાનો અનાદર કરતી વખતે જે ડર રાખેલો તે સાચો પડે છે. અદાક્ષિણ્યને કારણે, રાજાનો અનુનય ન સ્વીકારવાને કારણે એને પોતાને જ પ્રશ્ચાત્તાપ કરીને પ્રિયાનુપ્રસાદન વ્રતને બહાને નમતા આવવું પડે છે એટલે 'વ્રતનો પ્રભાવ કે આપ આટલું યે બોલ્યા' આ શબ્દોમાં ઔશીનરીનો કટાક્ષ જોવાનું અશક્ય નથી.

રાજાએ પુનઃ કરેલી ક્ષમાયાચના—

दातुं वा प्रभवसि मामन्यस्यै हर्तुमेव वा दासम् ।
नाहं पुनस्त्वया यथा हि मां शङ्कसे भीरु ॥

પ્રત્યે ઔશીનરીની ઉદાસીનતા અને દુર્લક્ષ **भव वा मा वा।** **यथानिर्दिष्टं संपादितं प्रियानुप्रसादनं व्रतम्।**[12] શબ્દોમાં વ્યક્ત થયાં છે, અને ફરીથી રાજાની **प्रिये न खलु प्रसादितोऽस्मि यदि संप्रति विहाय गम्यते।** વિનંતિનો વિવેકપૂર્વક અસ્વીકાર કરીને રાણી ચાલી જાય છે, ત્યારે પણ **आर्यपुत्र, अलङ्घितपूर्वो मया नियमः।** એવા એનાં શબ્દો પણ એની એક પ્રકારની ઉદાસીનતાના જ દ્યોતક હોય એમ લાગે છે.

વ્રતનું આચરણ જ જ્યારે પ્રિયને પ્રસન્ન કરવા માટે થયું હોય અને વ્રતને અંતે પ્રિયતમ એમ કહે કે **प्रिये न खलु प्रसादितोऽस्मि यदि संप्रति विहाय गम्यते।**[13] તેમ છતાંય રાણી ચાલી જાય ત્યારે એનો શો અર્થ કરવો? આ કઈ જાતનું સમાધાન? પ્રિયને પ્રસન્ન કરવાનું આ કેવું વ્રત જેમાં પ્રિયજનની ઇચ્છા પ્રત્યે જ ઉપેક્ષા બતાવવામાં આવે છે? રાણીની કાંઈક રોષયુક્ત ઉદાસીનતા સિવાય એમાં બીજું શું જોઈ શકાય?

આથી એમ માનવું અનુચિત નહિ ગણાય કે બીજા અંકમાંનો રાણીનો રોષ હજી પણ એટલો જ છે. રાજાનાં અનુનયનાં વચનોમાં દંભ કે અસત્ય કદાચ હશે છતાં તે ઔશીનરી પ્રત્યે પ્રેમરહિત તો નથી જ બલ્કે એના પ્રત્યે આદર પણ દાખવે છે; પણ ઔશીનરી તે અન્ય સ્ત્રીમાં આસક્ત થયો હોઈને સ્ત્રીસહજ ઈર્ષ્યાને કારણે પહેલાં ક્રોધિત બની જાય છે પણ પછી જ્યારે એ ક્રોધને કારણે રાજા તેની ઉપેક્ષા કરે છે ત્યારે તેની સ્થિતિ કફોડી થાય છે. એ પ્રિયાનુપ્રસાદન વ્રતને બહાને પોતાની દશા સુધારી લેવા પ્રયત્ન કરે છે ખરી પણ એથી કંઈ પેલો રોષ સાવ નિર્મૂળ નથી થઈ જતો. એને દબાવી દેવામાં આવે છે એટલું જ. તેથી રાણીની પ્રતિજ્ઞા પછી વિદૂષકે ઉચ્ચારેલા શબ્દો—**मत्स्ये पलायिते निर्विण्णो धीवरो भणति धर्मो मे भविष्यतीति।**માં જ[14] કદાચ પરિસ્થિતિનું સાચું દર્શન રહેલું છે. રાણીએ લાચારીને કારણે જ આ બાહ્ય સમાધાન સ્વીકાર્યું છે.

---

૧૨ એજન અંક ૩. ૧૦૬, પૃષ્ઠ ૭૧.

૧૩ એજન અંક ૩. ૧૦૭, પૃષ્ઠ ૭૧.

૧૪ એજન અંક ૩. ૧૦૩, પૃષ્ઠ ૭૦.

આમ ઔશીનરીના પાત્રમાં કવિએ ઔદાર્યપૂર્ણ, ત્યાગી, પતિવ્રતા અને મહાનુભાવ નારીને મૂર્તિમંત કરી છે એમ કહેવા કરતાં એના પાત્રમાં સપત્ની પ્રત્યે રોષપૂર્ણ છતાં લાચારીથી પરિસ્થિતિને સ્વીકારી લેનારી એક નારીના સાહજિક મનોભાવોનું સૂક્ષ્મ આલેખન કર્યું છે એમ કહેવું વધારે ઉચિત લેખાશે. સપત્ની પ્રત્યેની એની સ્ત્રીસુલભ ઈર્ષ્યાથી એના પાત્રનું આલેખન વાસ્તવિક અને તેથી પ્રતીતિજનક બને છે; અશક્ય અને અસ્વાભાવિક આદર્શોનું જડ બીબું બનતું અટકી જાય છે; અને ઔશીનરી માનવસહજ ઊર્મિઓથી ધબકતી જીવંત નારી બની રહે છે.

શ્રી. સુશીલકુમાર દે લખે છે: He can paint distinct individuals, but not personified abstractions; with consistent reality and profound insight in human nature. "[૧૫]

—જેનો પતિ બીજી સ્ત્રી પ્રત્યે આકર્ષાયો હોય એવી કોઈપણ માનવ સ્ત્રી પોતાના પતિને સરળતાથી માફ કરી દે એ કેવળ અસંભવિત છે. તેના પાત્રાલેખનમાં સપત્ની પ્રત્યેનો રોષ અને ઈર્ષ્યા અત્યંત મહત્ત્વનાં પરિબળો બને જ. બનવાં જ જોઈએ. તો જ એ પાત્ર વાસ્તવિક લાગે. કોઈ પણ સ્ત્રી પોતાનો પતિ કેવળ પુરુષસુલભ ભ્રમરવૃત્તિને કારણે જ બીજી સ્ત્રીને વશ થાય એ પરિસ્થિતિને સ્વાભાવિકપણે કે ઉદારતાથી સ્વીકારી લે એ અશક્ય, માનવને માટે લગભગ અસાધ્ય એવો આદર્શ છે. કાલિદાસ માનવી-સ્ત્રી તરીકે ઔશીનરીના પાત્રને વાસ્તવિક અને તેથી પ્રતીતિજનક આલેખવા માગે છે અને તેવું જ આલેખન ઊપસી આવે એની તેણે પૂરતી તકેદારી પણ રાખી છે. આથી ઔશીનરીએ દાખવેલા બાહ્ય સમાધાનના મૂળમાં ઔદાર્ય, ત્યાગ કે આત્મવિલોપન છે એવાં ભાવનાપ્રેરિત વિધાનોથી ઝાઝું આકર્ષાવા જેવું નથી. ખરેખર તો એમાં 'રાજા હવે ઉર્વશીના પ્રેમમાંથી પાછા વળવાના નથી' એ હકીકતની પ્રતીતિમાંથી ઉદ્ભવેલી લાચારી જ દેખાય છે. પોતાના સૌન્દર્યથી તો ઔશીનરી ઉર્વશીને કદી મહાત કરી શકવાની હતી જ નહીં. વળી એ યુગના રાજાઓમાં આ પ્રકારની ભ્રમરવૃત્તિ સ્વાભાવિક લેખાતી અને રાણીઓ પણ એવી પરિસ્થિતિને સહજભાવે સ્વીકારી લેતી. **માલવિકાગ્નિમિત્રમ્**માં પણ અગ્નિમિત્ર માલવિકાના પ્રેમમાં પડે છે ત્યારે ધારિણી રાણીથી થયેલો તેનો પુત્ર વસુમિત્ર તો યુદ્ધની નેતાગીરી લઈ શકે એટલો મોટો છે. ધારિણી ઉપરાંત એની બીજી રાણી ઇરાવતી પણ છે; અને ઇરાવતીનો તરવરાટ તો હજી શમ્યો નથી, છતાં જ્યારે રાજા પોતાના પુત્રના જેટલી જ વયની માલવિકા પ્રત્યે આકર્ષાય છે ત્યારે ધારિણી પોતે તે તરફ ઉપેક્ષા દાખવે છે અને ઇરાવતીની ફરિયાદો તરફ પણ ઝાઝું લક્ષ્ય આપતી નથી. ઇરાવતીને પણ અંતે તો ઈર્ષ્યા ગળી જવી પડે છે. આ બંને રાણીઓ કરતાં ઔશીનરી કાંઈક વધારે સંવેદનશીલ છે. તેથી તે આ પરિસ્થિતિનો સ્વીકાર કરી લે છે ત્યારે એના પાત્રની એ કરુણતા વધારે વેધક નીવડે છે; અને એમાં ત્યાગ અને ઔદાર્ય છે એમ કહેવા કરતાં પરિસ્થિતિનો એણે લાચારીથી કરેલો સ્વીકાર છે; એમ કહેવું વધુ ઉચિત ગણાશે.

શ્રી. એસ. રામચન્દ્રરાવ કહે છે કે: "Kālidāsa wants to show in the

૧૫ *A History of Sanskrit Literature*—De and Dasgupta, p. 146.

person of Auśīnarī a Pativratā—a wife ever eager to keep her husband in a happy mood.[૧૬]

અને એથી ય આગળ વધીને અદમ્ય ઉત્સાહપૂર્વક કહે છે : "If it is granted that the theme of the Vikramorvashiyam is the Pātivratya of Auśīnarī, then who else other than the dignified daughter of Kāśīrāja, could be the real heroine of the play ?"[૧૭]

શ્રી રાવ પ્રત્યે સહાનુભૂતિ દાખવી આપણે એટલું જ નોંધીશું કે નાટકનું કથાવસ્તુ ઔશીનરીનું પાતિવ્રત્ય નથી જ. જો ઔશીનરીનો ભવ્ય ત્યાગ એ જ નાટકની સફળતા હોત તો ત્રીજા અંકથી નાટકનો આગળ વિકાસ કરવાની આવશ્યકતા ન રહેત અને બીજા અંકમાં જે સંઘર્ષ ઉર્વશીને પક્ષે યોજાયો છે તે પણ ન યોજાયો હોત.

કોઈ પણ કલાકારની કલાની મહાનતા પાત્રોના આદર્શ આલેખન પર અવલંબિત નથી પણ કલાકાર કેટલે અંશે વાસ્તવિક અને તેથી પ્રતીતિજનક આલેખી શકે છે તેના પર અવલંબે છે. ઔશીનરીનું પાત્રાલેખન કાલિદાસની નાટકકાર તરીકેની મહાનતા સિદ્ધ કરી બતાવે છે. તેથી જ આ સંદર્ભમાં પણ શ્રી સુશીલકુમાર દેનું કથન સંપૂર્ણતઃ સાચું છે :

"He is a master of sentiment but not a sentimentalist who sacrifices the realities of life and character."[૧૮]

---

૧૬ *Heroines of the Plays of Kalidasa,* p. 4.

૧૭ *A History of Sanskrit Literature*—De and Dasgupta, p. 146.

# પાલાનો અતિ પ્રાચીન જૈન શિલાલેખ

**હસમુખ ધી. સાંકળિયા**

અત્યાર સુધી ઉપલબ્ધ પુરાતત્ત્વના પુરાવા પ્રમાણે મહારાષ્ટ્રમાં બૌદ્ધધર્મનો સૌથી પ્રથમ પ્રચાર મૌર્યસમ્રાટ અશોકના વખતમાં થયો હતો, એટલે આજથી ૨૨૩૦ વર્ષો પહેલાં આ માન્યતાને પુષ્ટિ આપતા ૩૫૦ શિલાલેખો, જાણીતી ગુફાઓ—શૈલગૃહો—જેવાં કે કાર્લા, ભાજા, બેડસા, જુન્નર, નાસિક, કન્હેરી અને બહુ જાણીતી નહિ એવી કુડા, કરહાડ, શેલારવાડી ઇત્યાદિ ગુફાઓના શિલાલેખો અને એમાં કોરી કાઢેલાં ચૈત્યો, વિહારો અને શિલ્પો આપે છે.

જૈનધર્મને લગતી આવી ગુફાઓ બહુ પછીના કાળમાં નાસિક, ઇલોરા, અજંટા અને મનમાડની પાસે અંકાઈના ડુંગરોમાં કોરવામાં આવી હતી. આમ જૈનધર્મ બૌદ્ધધર્મ કરતાં વધારે પ્રાચીન હોવા છતાં, અને અશોકના દાદા ચન્દ્રગુપ્ત વૃદ્ધાવસ્થામાં જૈનધર્મ અપનાવી, દક્ષિણમાં પ્રયાણ કર્યાની પરંપરાગત માન્યતા હોવા છતાં પુરાતત્ત્વની દૃષ્ટિએ કોઈ પણ પુરાવો મહારાષ્ટ્ર કે મ્હૈસુરમાંથી મળ્યો ન હતો; જોકે મથુરા, બિહાર અને ઓરીસામાં ઉપલબ્ધ પુરાવા પ્રમાણે જૈનધર્મ ત્યાં અતિ પ્રાચીન કાળમાં અસ્તિત્વમાં હોવો જોઈએ.

બે વર્ષ પર ૧૯૬૮માં મહારાષ્ટ્રમાંથી આવો પુરાવો મળ્યો છે. પૂના જિલ્લામાં લાનોલી અને કામશેતની પાસે બૌદ્ધ ગુફાઓ જાણીતી છે. મુંબઈ-પૂના ધોરી રસ્તાની બે બાજુના ડુંગરોમાં એક તરફ ભાજા—બેડસા, અને બીજી તરફ કાર્લાની ગુફાઓ આવેલી છે. આ બધી બૌદ્ધ છે. આવા જ, પણ એક નવા, અત્યાર સુધી અજાણ, ડુંગરની ભેખડ પૂનાના વિદ્યાપીઠના એક કર્મચારી શ્રી રામભાઉ ભિડેએ શોધી હતી. આ સ્થળ પાલા ગામની પાસે આવેલું છે. પાલા ગામ કામશેતથી ૭-૮ માઈલ ઉત્તરે ડુંગરોની ખીણમાં વસેલું છે. ગુફામાં એક શિલાલેખ પણ કોતર્યો હતો. આના મંગળાચરણના શબ્દો જ્યારે ભિડેએ મને બતાવ્યા ત્યારે જ મેં એમને કહ્યું કે જૈનધર્મને લગતા વાક્યનો ભાગ છે અને જો શિલાલેખ ખરેખર જૂનો હોય તો બહુ મહત્ત્વનો નીવડશે.

શ્રી ભિડેની સાથે આ ગુફા જોવા ગયા. કાર્લા, ભાજા, બેડસા અને જુન્નરની શૈલગૃહોની માફક જ આ શૈલગૃહ એક અતિશય રમણીય સ્થળે, નીચેના મેદાનની સપાટીથી લગભગ ૨૦૦-૩૦૦ ફૂટ ઊંચે રાખવામાં આવ્યું છે. હમણાં ત્યાં જવાનો રસ્તો બહુ જ વિકટ છે, પણ એક વાર ઉપર ગયા પછી ગુફાના દ્વારમાંથી બહુ જ લાંબે સુધીનું દૃશ્ય નજરે પડે છે. એટલું તો નિઃશંક છે કે બૌદ્ધ કે જૈન શૈલગૃહો કોરનાર સ્થપતિ ખરેખર જેને હમણાં Landscape Architect કહે છે તે હોવા જોઈએ. નિસર્ગરમ્ય સ્થળોમાં ભટકી આવાં સ્થળો, આખા ભારતમાં એ લોકોએ શોધ્યાં છે, અને ત્યાં જ શૈલગૃહો કોર્યાં છે અને પછી મંદિરો બાંધ્યાં છે.

શૈલગૃહ હમણાં આશરે ૮૦ ફૂટ લાંબું, ૧૫ ફૂટ પહોળું અને ૨૦ ફૂટ ઊંચું છે, જ્યારે અસલ ખોદાયું ત્યારે ૬૦ ફૂટ જ લાંબું હોવી જોઈએ. મથાળાનો ભાગ પડી જવાથી આગલો ૨૦ ફૂટ ભાગ વધ્યો છે.

જમણા હાથ પર, અસલના પ્રવેશદ્વાર આગળ, પાણીની ટાંકી( પ્રાકૃતમાં પોઠી )ની ઉપર લેખ કોતરેલો છે. કોતરતાં પહેલાં છીનીથી ભીંત સપાટ કરવામાં આવી છે. આમ આશરે બે ફૂટ લાંબી અને એક ફૂટ પહોળી જગામાં ચાર લીટીનો લેખ કોતરેલો છે. અક્ષરો સ્પષ્ટ અને ઊંડા કોતરેલા છે. લેખ નીચે પ્રમાણે છે :

नमो अरिहंतानं फागुन द भदन्त इंदरखितेन लेनं ।
कारापितं पोढि च साहा काहे सह ॥

લેખની ભાષા પ્રાકૃત છે, જોકે એમાં સંસ્કૃતની સારી જેવી અસર દેખાય છે.

પ્રારંભમાં અરિહંતાને નમન કર્યું છે, જેને આપણે મંગલાચરણ કહીએ. પછી કહ્યું છે કે ઇંદ્રરક્ષિત નામના ભદન્તે( સાધુએ ) ગુફા અને પાણીની ટાંકી કોતરાવી કોઈ વ્યક્તિની સાથે ( સહ ) આ વ્યક્તિનું નામ વંચાતાં છતાં એનો અર્થ હજુ બરાબર બેસતો નથી.

પાણીની ટાંકીથી થોડેક દૂર અંદર એક નાનો ઓરડો કોરી કાઢવામાં આવ્યો છે. એની અંદર ભીંતની બાજુએ સૂવા-બેસવા માટે એક ઓટલો પણ કોરી કાઢ્યો છે. ગુફાનું દ્વાર લાકડાનાં પાટિયાં મૂકી બંધ કરવામાં આવતું હશે, કારણ કે આવાં પાટિયાં મૂકવાને માટે ભીંતમાં ખાંચાઓ કર્યા છે.

આમ ગુફામાં કંઈ નવીન નથી. આવી સેંકડોય ગુફાઓ રાજાઓ, અમાત્યો, શેઠો અને વેપારીઓ, શહેરના અને ગામના નિગમો અને ગરીબમાં ગરીબ ખેડૂત, કે સોની, લુહાર અને તેમનાં કુટુંબીજનોએ મહારાષ્ટ્રના ડુંગરો, ચૈત્ય અને વિહારો કોરવવાને માટે અને સાંચી, ભારહુત, અમરાવતી, નાગાર્જુનકોંડાના સ્તૂપો અને વિહારો બાંધવાને બૌદ્ધ ( અને જૈનધર્મનો ) પ્રચાર થતાં પૈસા આવ્યા હતા. એટલે આ ધર્મોનાં મૂળ બહુ ઊંડાં અને લાંબાં ફેલાઈ ગયાં હતાં. સમાજના દરેક ઘરને આ ધર્મો સ્પર્શ્યા હતા. એમાં ભારતની બહારના ગ્રીક, રોમન ઇત્યાદિ લોકો પણ હતા.

ઉપર કહ્યું તેમ આ શિલાલેખના પ્રારંભિક પ્રાર્થનાવાચક શબ્દો—અથવા મંગળાચરણ "નમો અરિહંતાનં". અત્યાર સુધી જે કંઈ ૩૫૦ શિલાલેખો મળ્યા છે તેમાંના ૧૦૫ ઈ. સ. પૂર્વના સમયના છે. આમાં કોઈ પણ જાતના મંગલાચરણ ( કે પ્રાર્થનાવાચક શબ્દો ) જોવામાં આવતા નથી. સાધારણ રીતે લેખમાં એટલું જ કહેવામાં આવ્યું હોય છે કે આ દાન અમુક વ્યક્તિએ આપ્યું, કે એણે ગુફા ટાંકી, થાંભલો કે શિલા કોતરાવ્યાં. જુન્નરની ગુફાઓમાં બે લેખોમાં શરૂઆતમાં અને અંતમાં સ્વસ્તિકનું ચિહ્ન છે.

ઈ. સ.ની શરૂઆતના લેખો જે ક્ષહરાત ક્ષત્રપો અને સાલવાહન રાજાઓના છે તેમાં હંમેશ—"सिद्धम्" શબ્દથી પ્રારંભ કરવામાં આવે છે. આનો અર્થ એમ કરવામાં આવે છે કે "કામ સફળ થયું છે." અથવા "યશ કે જય મેળવ્યો છે." કેટલાયે શતકો પછી શિલાલેખો, તામ્રપત્રો અને તાડપત્રોમાં "નમો બુદ્ધાય," "ભગવતાય કે શિવાય" એવા દેવોને લગતાં મંગળાચરણ જોવામાં આવે છે. આવાં મંગળાચરણોને ભક્તિસંપ્રદાયના વિકાસ સાથે બહુ સંબંધ છે. ગમે તેમ હો "નમો અરિહંતાનં" મંગળાચરણ મહારાષ્ટ્રના એક પણ




પાલાનો જૈન શિલાલેખ, બ્રાહ્મી લિપિ

શિલાલેખમાં અત્યાર સુધી જોવામાં આવ્યું નથી. અને આ રીતે તપાસતાં આખા ભારતમાં પ્રાચીન ૧૫૦૦ લેખોમાં કેવળ ૩૨ વાર જ આ શબ્દો મળે છે. તેમાં એક જ વાર રાજગિર (રાજગૃહ, પટણાની પાસે) અને અમરાવતીમાં બુદ્ધ કે બૌદ્ધ સાધુને માટે વપરાયેલા જોવામાં આવે છે. એથી ઊલટું મથુરાના જૈન સ્તૂપોમાંથી મળી આવેલા લેખોમાં ૨૦ થી વધારે વાર વાપરેલા જોવામાં આવે છે. વિશેષમાં નોંધવું જોઈએ કે અહીંથી–મથુરામાં–ઉપલબ્ધ થયેલાં બૌદ્ધ લેખોમાં આ શબ્દો વપરાયા નથી. આ બધા લેખો ઈ. સ. પૂર્વે કે શરૂઆતના છે.

આમ બધી રીતે જોતાં પાલા ગામની ઉપરના ડુંગરમાં ગુફા જૈન ધર્મીઓએ કોતરાવી હતી એમાં શંકા નથી.

આ ગુફાનો કાળ જે બ્રાહ્મી લિપિમાં આ લેખ કોતરાયો છે તેના અભ્યાસ પરથી નિશ્ચિત કરી શકાય છે. લેખમાં અક્ષરો અ, ખ, ત, દ, પ અશોકના ખડકલેખો અને સ્થંભલેખો અને ત્યાર પછીના લેખોમાં જોવામાં આવે છે. એટલે ઈ. સ. પૂર્વે બીજા શતકમાં આ જૈન ગુફા ખોદાવી ત્યાં લેખ કોતરાયો હોવો જોઈએ.

જૈનધર્મનો પ્રસાર મહારાષ્ટ્રમાં ઈ. સ. પૂર્વે ત્રીજા-ચોથા સૈકામાં થયો હોવો જોઈએ. પછી બૌદ્ધધર્મનો વધારે પ્રચાર થતાં અને રાજ્ય તરફથી પ્રોત્સાહન મળતાં, જૈનધર્મનો પ્રચાર અટક્યો કે બહુ ઓછો થઈ ગયો, કારણ કે ત્યાર પછીના બધા જ શિલાલેખો બૌદ્ધધર્મના અનુયાયીઓના છે.

મહારાષ્ટ્રમાં જ નહિ પણ ભારતમાં જૈનધર્મને માટે પાલાનો ગુહાલેખ એક બહુ મહત્ત્વનો પુરાવો ગણી શકાય. અત્યાર સુધી આપણને જૈન આખ્યાયિકા કહેતી હતી કે અશોકના દાદા, મૌર્યવંશના આદ્ય સંસ્થાપક, સમ્રાટ ચન્દ્રગુપ્ત એના અંતકાળમાં જૈનધર્મ સ્વીકારી મ્હૈસુર તરફ આવ્યા હતા. આ આખ્યાયિકાનું સમર્થન કરતા શિલાલેખો બહુ પછીના કાળના મળે છે; પણ હવે આ નવા પુરાવાને આધારે આપણે કહી શકીએ કે જૈનધર્મ ૨૩૦૦ વર્ષ પહેલાં મહારાષ્ટ્રમાં પ્રસર્યો હતો. આ પ્રસાર કરવામાં ચંદ્રગુપ્તનો કે અશોકના અનુગામી રાજાઓ દશરથ અને સંપ્રતિનો પણ હાથ હોય, કારણ કે આ બંને સમ્રાટોએ જૈનધર્મને સારું પ્રોત્સાહન આપ્યું હતું.

એટલું પણ નિઃશંક છે કે આવી એક જ ગુફા પાલાની પાસેના ડુંગરોમાં ન હોય. મારી માન્યતા પ્રમાણે ઓછામાં ઓછી પાંચથી દશ બીજી ગુફા હોવી જોઈએ. ગયે વર્ષે શોધ ચાલુ રાખતાં મારા વિભાગનાં લિપિશાસ્ત્રનાં અધ્યાપક શ્રીમતી શોભના ગોખલેને બીજી બે ગુફાઓ આ જ ડુંગરમાળામાં મળી આવી હતી; પણ એમાં કોઈ શિલાલેખ સાંપડ્યો ન હતો. વધારે અને સતત શોધખોળની આવશ્યકતા છે.

# અજબપુરાના પ્રાચીન અવશેષો

**રમણલાલ ના. મહેતા, સૂર્યકાન્ત ચૌધરી**

રાણીઆ, તાલુકે ડાસરાની હાઈસ્કુલના વિજ્ઞાન શિક્ષક, શ્રી નારણભાઈ પટેલે અમારા વિભાગમાં રાણીઆને સામે કાંઠે અજબપુરા અને મીઠાપુરાની[1] સીમમાંથી પ્રાચીન અવશેષો મળે છે, એવા સમાચાર આપ્યા અને તેની તપાસ કરવી એવું સૂચન કર્યું. તેમણે ક્ષત્રપકાલીન મુદ્રા પણ મોકલી હતી. તેથી અમને આશા બંધાઈ કે આ સ્થળે તપાસ કરવાથી પ્રાચીન વસાહતના અવશેષો મળવાની સંભાવના છે. આથી તા. ૯ એપ્રિલ, ૧૯૬૯ ને બુધવારના રોજ આ સ્થળની સમગ્ર તપાસ કરી અને તેને બળે જે હકીકતો પ્રાપ્ત થઈ તેનો અભ્યાસ અત્રે પ્રસ્તુત કર્યો છે.

અજબપુરા (૨૨°–૧૫′ ઉ. અ. અને ૭૩°–૧૫′–૪૫″ પૂ. રે.) પર આવેલું ૬૫૨ માણસોની વસતીવાળું સાવલી તાલુકાનું નાનું ગામ છે. તેનું ક્ષેત્રફળ ૧,૧૦૫-૨૧ એકર છે. આ ગામની ઉત્તરે મહીસાગર છે તથા એ ગામની આજુબાજુમાં ગોમા, મેસરી, અને કરડ નદીઓ મહીસાગરને મળે છે તથા એ ગામની આજુબાજુની જમીન કોતરોવાળી હોઈ તેમાં ખરાબાની જમીન ઘણી છે. (આ. ૧)

અજબપુરા ગામની ઈશાને, મીઠાપુરથી થોડે દૂર ટાંકાના ટેકરાને નામે એક સ્થળે આવેલું છે. અહીં છોબંદી ટાંકું અસ્તિત્વ ધરાવે છે અને તેથી એ ટેકરાનું નામ પડયું છે. આ ટેકરાની પાસેનાં કોતરો જોતાં તેમાં ઈંટોના ચણતરના અવશેષો દેખાય છે અને એ અવશેષોની વધુમાં વધુ જાડાઈ આશરે ત્રણથી ચાર મીટર જેટલી છે. આ અવશેષો મહી નદીને કિનારે પાધડીપને વિખરાયેલા પડ્યા છે અવશેષોની તપાસ કરતાં જણાય છે કે આશરે ૨૦૦ મીટર લંબાઈ અને આશરે ૬૦ મીટર પહોળાઈમાં વિસ્તરેલા છે અને તે ઉપરાંત છૂટાછવાયા અવશેષો પણ અહીં દેખાય છે.

આ અવશેષોની તપાસ કરતાં તેમાંથી માટીની, પથ્થરની અને ધાતુની વસ્તુઓ મળી આવી તે નીચે પ્રમાણે છે:


૧ પીળા રંગનો રોમન એમ્ફોરાનો ચોખંડો ટુકડો.

૨ નં. ૧ કરતાં જરા જાડો ચોખંડો રોમન એમ્ફોરનો ટુકડો.

૩ પીળા રંગનો રોમન એમ્ફોરા અર્થાત્ કોઠીનો નાનો ટુકડો; તેના અંદરના ભાગમાં કાળો રંગ છે. આ પદાર્થ ઘણા જુદે જુદે સ્થળેથી મળેલા દેખાય છે.

---

૧ અજબપુરાની (૨૨°–૩૮′–૨૩-૧૫′-૪૫″) ઉત્તરે મહીસાગર પાસે મીઠાપુરાની નાની વસતી છે. તે ૧૯૬૧ના વસતીગણતરીના ગ્રંથમાં નોંધાયેલી નથી. વળી નકશા પર પણ આ વસતીની નોંધ નથી. તેથી અત્રેથી મળતાં અવશેષો, અજબપુરાના અવશેષો તરીકે નોંધ્યા છે.





આકૃતિ ૧

૪ કોઠીનો નીચેનો ભાગ (આ. ૨-૧)

રોમન સામ્રાજ્યમાંથી ભારતમાં વેપારમાં આવતા પ્રવાહી પદાર્થો આ પ્રકારની કોઠીઓમાં આવતા. ગુજરાતમાં નગરા, દેવનીમોરી, શામળાજી, સાણંદ, વલભીપુર, દ્વારકા, પીંડારા, સોમનાથ તેમ જ રાજસ્થાનમાં ભિન્નમાલમાંથી આવાં વાસણો પ્રાપ્ત થયાં છે. તે ઈ. સ.ની શરૂઆતની સદીઓના પશ્ચિમ એશિયા તથા દક્ષિણ યુરોપ સાથેના વ્યાપારમાં આવતી વસ્તુઓના નમૂના છે. સંભવ છે કે ઈરાનમાંથી આવી કોઠીઓ ભારતમાં આવી હોય.

૫-૭ લાલ ઓપવાળાં વાસણોના ટુકડાઃ આ ઈ. સ.ની શરૂઆતની સદીનાં લાક્ષણિક વાસણો છે અને ગુજરાતમાંથી ઘણી જગ્યાએથી મળે છે.




અજબપુરામાંથી મળેલાં માટીનાં વાસણો ( આકૃતિ ૨ )

૧ રોમન એમ્ફોરાનો નીચેનો ભાગ.

૨–૫ મધ્યયુગીન વાસણો.

૬–૮ ઓપ ચઢાવેલાં વાસણો (ગ્લેઝ વેર).

૮ એક બાજુ પર બે કાણુવાળા થાપલાનો ભાંગેલો ટુકડો: આ જાતના થાપલા ગુજરાતનાં ક્ષત્રપ યુગનાં મકાનો અને મહારાષ્ટ્રમાં આન્ધ્ર, શાતવાહન યુગનાં મકાનો પર છાપરું છાવા માટે વાપરવામાં આવતા હતા.

આ વાસણો ઉપરાંત ભૂરા અને લીલા ઓપવાળા ઈ.સ.ની બીજી સહસ્રાબ્દીમાં ખાસ કરીને મુસલમાનોમાં પ્રચલિત થાળી અને વાડકાના અવશેષો મળ્યા છે. તેમાં ચાર થાળીઓના અને બે વાડકાના નમૂનાઓ છે.

૯ લીલા રંગની થાળી પર કાળા રંગની રેખા દર્શાવતો નાનો ઓપવાળો ટુકડો.

૧૦ નં. ૯ કરતાં મોટો ટુકડો: તેની પર ત્રણ રેખાઓ દેખાય છે. (આ. ૨-૬)

૧૧ લીલા રંગની થાળી પર કાળા રંગે દોરેલાં રેખાંકનો: આ રેખાંકનો બબ્બે લીટીની કિનાર બાંધીને તેની વચ્ચે વાંકીચૂકી રેખાની ભાત છે. (આ. ૨-૮)

૧૨ નં. ૧૧નો બીજો પ્રકાર.

૧૩ લીલા રંગના ઓપ પર ભૂરી ચોકડીની ભાતવાળા વાડકાનો નીચેનો ભાગ (આ. ૨-૮)

૧૪ લીલા રંગના ઓપ પર ભૂરા રંગની લીટી અને ટપકાંની ભાતવાળા વાડકાનો નીચેનો ભાગ.

આ ઉપરાંત સ્થાનિક બનાવટનાં સાદાં લાલ તથા સાદા કાળા રંગનાં માટલાં, કોઠી, હાંડલી, ઘડા વગેરેના અવશેષો પણ વિખરાયેલા પડ્યા હતા, તે પૈકી થોડાં નમૂનાનાં વાસણો નીચે પ્રમાણે છે :

૧૫ સાદા રંગની કોઠી અથવા માટલાંનો બહાર વળેલી કોરવાળો કાંઠલો. (આ. ૨-૨)

૧૬ સાધારણ લાલાશ પડતા રંગવાળા કુંડાનો બહાર વળેલી કોરવાળો કાંઠો અને નીચલો ભાગ. (આ. ૨-૩)

૧૭ સાદાં લાલ રંગની નાની માટલીની બહાર વળેલી કોરવાળો કાંઠો અને તેની નીચેનો ભાગ, એની કોર પર એક લીટી છે. (આ. ૨-૪)

૧૮ કાળા રંગનાં માટલાંનો કાંઠલો: તેની સપાટી ઘસીને ચમકતી બનાવી છે. તેની પર લીટીની ભાત છે.

આ વિશિષ્ટ વાસણોની સાથે સાદાં તથા ઘૂંટેલાં લાલ અને કાળાં વાસણોના ઘણા અવશેષો પડેલા છે. તેઓ મધ્યકાળના ઘણા સામાન્ય વપરાશનાં ઘડા, હાંડલાં, માટલાં, જેવા વાસણોના ભાગો છે. તદુપરાંત લાલ કોઠીઓ, અર્ધગોળ નળિયા વગેરે સામાન્ય વસ્તુઓ ત્યાં મળી આવે છે. આવાં વાસણો અદ્યાપિ બનતાં હોઈ તેનું વર્ણન કર્યું નથી.

માટીનાં આ વાસણો ઉપરાંત એક પથ્થરનો નિશાતરો અને એક પારેવા પથ્થરની મધ્યકાલની ગણાય એવી જૈન તીર્થંકરની પ્રતિમા પણ મળી આવી છે. આ પ્રતિમા આસનસ્થ હોઈ તેની બંને બાજુએ બે કાઉસગ્ગાયમાં ઊભેલી આકૃતિઓ છે. બેઠકની નીચે ચક્રનું સુશોભન છે. આ ઘણી નાની પ્રતિમા હોઈ તે કયા તીર્થંકરની છે તે સ્પષ્ટ થતું નથી.

આ વસ્તુઓ ઉપરાંત અજબપુરાની સીમમાંથી મળી આવેલાં સિક્કાઓ અજબપુરાના રહેવાસી કાભસંગ અભેસંગે અમને બતાવ્યા તથા અભ્યાસ માટે આપ્યા. આ ક્ષત્રપયુગના ચાંદીના ૭ સિક્કાઓ છે. તેમાં બે વીરદામનના તથા તેના પુત્ર મહાક્ષત્રપ રુદ્રસેનનો એક તથા સ્વામી રુદ્રસેનના પુત્ર મહાક્ષત્રપ સ્વામીના ચાર સિક્કાઓ છે. તેની વીગતો નીચે પ્રમાણે છે:

૧ ચાંદીનો નાનો સિક્કો: તેની એક બાજુ પર રાજાની મુખાકૃતિ અને સાલ આપેલી છે. તેમાંની એક માત્રા સ્પષ્ટ છે. બીજી બાજુ રઓ મહાક્ષત્રપ દામ સેનસ રાજ્ઞઃ ક્ષત્રપસ વીરદામ્નઃનું લખાણ અને ક્ષત્રપ સિક્કા પર આવતી પર્વત, નદી વગેરે નામે ઓળખાતી છાપ છે.

૨ ચાંદીનો નાનો સિક્કો: એક બાજુ રાજાની મુખાકૃતિ, બીજી બાજુ પર્વત, નદી, વગેરેની છાપ અને રાજ્ઞઃ ક્ષત્રપસ વીરદામ પુત્રસ રઓ મહાક્ષત્રપ...નામ છે.

૩ ચાંદીનો નાનો સિક્કો: એક બાજુ રાજાની છાપ, બીજી બાજુ ક્ષત્રપવંશની છાપ અને રાજ્ઞઃ મહાક્ષત્રપસ રૂદ્ર..પુત્ર...દામ્નઃ

૪ ઘસાયેલો ચાંદીનો સિક્કો: રાજાની ઘસાયેલી છાપ, પાછળના લખાણના ભતૃદારન શબ્દ સ્પષ્ટ છે.

૫ ચાંદીનો સિક્કો: એક બાજુ રાજાની છાપ અને ૨૯૨ (૩૭૦ ઈ. સ.ની) સાલ, બીજી બાજુ ક્ષત્રપોની છાપ અને રઓ મહાક્ષત્રપસ સ્વામી રૂદ્ર...સ્વામી રૂદ્રસેન.


૬ નં. ૫ના સિક્કાના જેવો પણ અસ્પષ્ટ લખાણવાળો સિક્કો.

આ ઉપરાંત એક સિક્કો શ્રી નારણભાઈ પટેલે મેળવેલો અમને અભ્યાસ માટે આપ્યો હતો. તે પણ ક્ષત્રપકાળનો વીરદામનના પુત્ર રુદ્રસેનનો તેમ જ ગ્રીક લખાણ છે. તેની એક બાજુ રાજાની મુખાકૃતિ અને ૮૦૮ અર્થાત્ ૮૮ની સાલ અને બીજી બાજુ ક્ષત્રપવંશમાં પ્રચલિત છાપ અને રાઓ ક્ષત્રપસ વીરદામ પુત્રસ રઓ મહાક્ષત્રપસ રુદ્રસેનનું લખાણ છે.

સિક્કાઓ ઉપરાંત અહીંથી ભાંગેલી કાચી માટીની પકવેલી મુદ્રા મળી હતી (આકૃતિ ૩). તેની પર ત્રીજીચોથી સદીના અક્ષરોમાં "વરુણદેવ" લખેલું લંબગોળાકાર છાપમાં લખાણ છે. આ ઉપરાંત અહીં શિવનો ઘોડો નામે ઓળખાતો ટેકરો છે. તેની પર નીચે ચોરસ અને ઉપર ગોળાકાર શિવલિંગ છે તથા પોઠીઓ છે. અહીંનુ મંદિર ઈંટેરી હોવાનું સમજાય છે.

તદુપરાંત અગ્નિની મૂર્તિનો ઉપલો ભાગ અહીં માતા તરીકે પૂજાતો જોવામાં આવ્યો હતો, પરંતુ તેના કરતાં વધારે મહત્ત્વના અવશેષોમાં લાંબી નેળ જેવા અવશેષો તથા પાણીના હોજ જેવી વ્યવસ્થા છે. આ કોઈ આરામગાહ કે એવી ઇમારતના ઉપયોગનાં સ્પષ્ટીકરણ માટે જરૂરી છે. છોબંદી આ અવશેષો ઇસ્લામકાળ પહેલાંના નથી.

આ સમગ્ર પરિસ્થિતિનો ઉપલબ્ધ પુરાવાઓ પરથી વિચાર કરતાં સમજાય છે કે અત્યારના અજબપુરાની આજુબાજુ ઈ. સ.ની શરૂઆતની સદીમાં નાનું ગામ હશે અને તેની આજુબાજુ આજે જેમ ખેતરોમાં રહે છે તેમ તે વખતે છૂટીછવાઈ વસતી હશે. આ ગામમાંથી




આકૃતિ ૩

અજણપુરા પાસેથી મળેલું "વરુણદેવ"નું મુદ્રાંકન

મળતા પરદેશી અવશેષો પરથી લાગે છે કે તે પ્રાચીન વ્યવહાર માર્ગ પરનું સ્થળ હોવાનો સંભવ છે. ભરૂચથી ઉજ્જૈન જતો માર્ગ, અથવા નગરા કે કાવીથી દેશના અંદરના ભાગમાં જતો માર્ગ આ પ્રદેશમાંથી પસાર થતો હશે. સંભવ છે કે ભરૂચ અને કાવી તરફના માર્ગો આ પ્રદેશમાં ભેગા થઈને દેશના અંદરના ભાગમાં જતા હોય.

આ ગામ ઈ. સ.ની પ્રથમ સહસ્રાબ્દીના અંત ભાગમાં સંભવતઃ તૂટી ગયું હતું અને ત્યાર બાદ ઇસ્લામી સત્તા વખતે અહીં પાછું ગામ વસ્યું હતું. આ ગામમાં સ્થાનિક બનાવટનાં ઓપ ચઢાવેલાં વાસણો મળ્યાં છે. આ જાતની થાળી અને વાડકાઓ ગુજરાતને ભારત તથા એશિયાના બીજા ભાગો સાથે સાંસ્કૃતિક રીતે સાંકળી લે છે. આ ભાગમાં માળવા તથા ગુજરાતનાં રાજ્યો વચ્ચે જે કલહ ચાલતો હતો તેથી અહીં થતી હિલચાલોના નમૂનારૂપે માલવાના સુલતાનની મહોર પણ મળે છે. આ યુગમાં અહીં આરામગાહો પણ અસ્તિત્વ ધરાવતી હતી અને પ્રદેશ આબાદ હતો, પણ થોડો સમય અહીંની આબાદી તૂટી હોવાનો સંભવ છે. પરંતુ ત્યારબાદ આ પ્રદેશમાં અજબપુરા ગામ તથા મીઠાપુરા ગામની આજની આબાદી વિકસી હતી. અહીંના લોકો આ પ્રાચીન સ્થળોથી માહિતગાર છે અને તેમણે ટાંકાના ટેકરા માટે સુંદર લોકકથા પણ ઉપજાવીને સંગ્રહી રાખી છે. આ લોકકથા નીચે પ્રમાણે છે :

એક વખત મહીસાગરમાં ભારે રેલ આવી. આ રેલને પરિણામે અહીંના ટાંકાના ટેકરાની ભેખડ તૂટતાં મોટા અવાજ સાથે તેમાંથી સાત ચરુ ગબડ્યા. આ અવાજ શિહોરાના ઠાકોરે સાંભળ્યો અને તેઓ હોડીમાં બેસીને અહીં તપાસ કરવા આવ્યા. તેમને બે ચરુ મળ્યા અને એમના માછીઓએ એક ચરુ પોતાની પાસે રાખી મૂક્યો અને બાકીના ચરુ મળ્યા નહીં. આ ચરુના ધનનો ઉપયોગ કરીને તેમણે રાણિયામાં વાવ બંધાવી.

આ લોકકથા કહેનારના જણાવ્યા મુજબ તેમના વડીલોએ તેમને કહી હતી. પરંતુ આ વાત સ્થાનિક ઇતિહાસ માટે ઘણી મહત્ત્વની હોઈ આવા પ્રકારની વાતો ઘણે સ્થળે સાંભળવા મળે છે. તેથી તેના અંશોની પરીક્ષા જરૂરી છે. આ લોકકથા નીચેના ચાર અંશો સાચવે છે :

૧ નદીમાં ભારે રેલ આવી, અને તેથી ભેખડ તૂટી.

૨ ભેખડમાંથી સાત ચરુ ગબડ્યા.

૩ આ ચરુ પૈકી બે શિહોરના ઠાકોરને મળ્યા.

૪ ઠાકોરે રાણિયામાં વાવ બંધાવી.

આ અંશો પૈકી પ્રથમ અંશ એ સામાન્ય અનુભવ પરથી ઉત્પન્ન થયેલો છે. આ પ્રકારની ભેખડો તૂટવાની પ્રક્રિયા નદીકાંઠા પાસે રહેતા લોકોએ નજરે જોયેલી હોઈ લોકકથાનો આ અંશ ઘણે સ્થળે મળી આવે છે. ભેખડ તૂટતાં મોટો અવાજ થાય એ પણ સ્વાભાવિક પ્રક્રિયા છે.

પરંતુ આ લોકકથાનો બીજો અંશ પ્રાચીન અવશેષો સાથે સંકળાયેલી કલ્પના છે. ઘણી પ્રાચીન વસાહતો પરથી તાંબાના, ચાંદીના અને કવચિત્ સોનાના સિક્કા મળતા હોવાના અસંખ્ય પુરાવાઓ છે. આ સિક્કાઓ પરથી સિક્કાના ખજાનાની કલ્પના પ્રચલિત થાય છે અને પ્રાચીન

પરંપરામાં સિક્કાઓ જમીનમાં દાટી રાખવાની પરિપાટી હતી તે પરિપાટીની કલ્પનામાં દ્રવ્યની યત્તા ઘણી વધારીને રંગ પુરાતાં મોટા ચરુઓની કલ્પના લોકકથામાં દાખલ થાય છે. આ કલ્પના મોટે ભાગે ઘણા નાના પુરાવા પરથી થયેલી ઘણી મોટી કલ્પના હોય છે. ખજાના જડવાની વાતોનો આ અંશ આમ પ્રાચીન અવશેષો સાથે સંકળાયેલો છે અને તેમાં આવતો સાતનો આંકડો પણ કાલ્પનિક છે.

આ વાર્તાનો ત્રીજો અંશ આ સ્થળ પાસે પાંડુમેવાસમાં આવેલા નજીકના શિહોરા ગામના ઠાકોરને સાંકળી લે છે. આ અવશેષોમાંથી શિહોરા ખાસ દૂર નથી અને તેથી આ ગૂંથણી સમજાવાય એમ છે, અને તેનો છેલ્લો અંશ રાજા અને ઠાકોરો ઈષ્ટાપૂર્તિનાં કામો કરતા એ પરંપરા સાથે સંકળાયેલો હોઈ, આ અવશેષોની પાસેનાં ગામમાં આવેલી વાવનાં બાંધકામ સાથે મળેલા દ્રવ્યનો કરેલો સદ્વ્યય દર્શાવે છે. આવા જમીનમાંથી મળેલા ખજાનાની કલ્પના વસ્તુપાળ અને તેજપાળનાં લુણવસહીનાં દહેરાં સાથે પણ સંકળાયેલી છે તે અત્રે નોંધવું જરૂરી છે.

આ વાર્તાના અંશો જોતાં તે પણ ઘણી જૂની હોવાની સાબિતી મળતી નથી, પણ એ છેલ્લી બે-ત્રણ સદીમાં જ વિકસી હોવાનો સંભવ અહીંના અવશેષો જોતાં લાગે છે. આ લોકકથા સ્થાનિક દેખાતા અવશેષો સમજાવવા માટે ગૂંથી કાઢેલી કથા છે એમ સ્પષ્ટ દેખાય છે. તેમાં ઇતિહાસના અંશો હોય એવો આભાસ ઊભો થાય છે.

# પ્રાચીન હિંદમાં તાંબું

નરસિંહ મૂળજીભાઈ શાહ

આધુનિક વિજ્ઞાનની વિદ્યુત્-વેગી પ્રગતિમાં ભૂલી જવાય છે કે હજારો વર્ષો પૂર્વે આર્યાવર્તના પ્રદેશોમાં ત્યાંના વતની આર્યો વિજ્ઞાનની ખૂબીઓનું જ્ઞાન ધરાવતા હતા. હિંદના પ્રાચીન ગ્રંથોમાંથી આર્યોના વૈજ્ઞાનિક જ્ઞાન સંબંધમાં ઉલ્લેખ મળી આવે છે: ધાતુઓ, ઔષધો અને બીજા એવા પદાર્થો બનાવવાની રીતો, એ વસ્તુઓના ગુણધર્મો અને ઉપયોગો સંબંધમાં જ્ઞાન આર્યોને હોવું જોઈએ એમ સ્પષ્ટ દેખાઈ આવે છે. આ ઉપરથી એમ પુરવાર થાય છે કે ખનિજ પદાર્થોમાંથી ધાતુઓના શોધનમાં, રાસાયણિક પ્રક્રિયાઓ કરી ઔષધો બનાવવામાં આર્યોએ નિપુણતા પ્રાપ્ત કરી હોવી જોઈએ. અર્થાત્ ઉપરની ક્રિયાઓમાં જરૂરી વિજ્ઞાનના સિદ્ધાંતોનું જ્ઞાન અને જાણ એ જમાનામાં આર્યો સારી રીતે ધરાવતા હશે.

આચાર્ય પ્રફુલ્લચંદ્ર રે. એ તેમના 'હિંદુ રસાયણના ઇતિહાસ'માં સારી રીતે પુરવાર કરી બતાવ્યું છે કે વેદકાળથી માંડીને સત્તરમી-અઢારમી સદી સુધી હિંદુઓએ એ જમાનામાં અન્યત્ર અજ્ઞાત એવી અનેક રાસાયણિક ક્રિયાઓ સિદ્ધ કરી હતી. પ્રોફેસર પંચાનન નિયોગીએ તેમના "પ્રાચીન હિંદમાં લોહ" નામના પુસ્તકમાં લખ્યું છે કે વેદકાળની શરૂઆતથી આર્ય હિંદુઓ લોહના ખનિજમાંથી ધાતુશોધન કરવાનું અને તેમાંથી જરૂરી હથિયારો તેમ જ અન્ય ઉપયોગી વસ્તુઓ બનાવવાનું સારું જ્ઞાન ધરાવતા હતા. સમય જતાં આર્યોએ પોતાનું જ્ઞાન એટલું બધું ખીલવ્યું કે દિલ્હીનો સુવિખ્યાત લોહ-સ્તંભ, ધાર પાસેનો લોહ-સ્તંભ, અને બીજા એવા કીર્તિ-સ્તંભો અને લોઢામાંથી બનાવેલ અનેક બીજી સામગ્રી તેના પ્રતીકરૂપે આજે પણ મોજૂદ નજરે પડે છે. મધ્યયુગમાં ડામાસ્કસનાં સુપ્રસિદ્ધ પાનાં હિંદુસ્તાનની ગજવેલમાંથી તૈયાર કરવામાં આવતાં. દુનિયાની ઐતિહાસિક તવારીખમાં પ્રાચીન હિંદનો લોહનો ઉદ્યોગ ખરેખર અદ્વિતીય છે એમ પ્રાચીન આર્ય સંસ્કૃતિના ઇતિહાસકારો એકમત થાય છે.

ધાતુઓ ગાળવાની પોતાની આવડત માત્ર એક જ ધાતુ પૂરતી ખીલવી હોય એમ માની લેવું મુનાસિબ લાગતું નથી. હિંદુસ્તાનની ભૂસ્તરવિદ્યાના અભ્યાસીઓના અભિપ્રાયો અનુસાર હિંદની ધરતીના પડમાં અનેકવિધ ખનિજ પદાર્થો પુષ્કળ વેરાયેલા પડ્યા છે. તેના ખનિજમાંથી લોઢાનું શોધન બીજી ધાતુઓના મુકાબલે ગૂંચવણભર્યું અને મુશ્કેલ છે. તેને વાસ્તે રસાયણનું સારું જ્ઞાન હોવું જોઈએ, એટલે એમ માની લેવું વધારે પડતું નહીં ગણાય કે પ્રાચીન હિંદમાં લોઢા ઉપરાંત બીજી ધાતુઓનું શોધન કરવાનું જ્ઞાન પણ વિસ્તરેલું હોવું જોઈએ. આ લેખનો ઉદ્દેશ પુરાતન હિંદમાં તાંબાની બનાવટ અને તેના રસાયણ પરત્વે કેટલું જ્ઞાન પ્રચલિત હતું એ વર્ણવવાનો છે.

પ્રાચીન હિંદમાં, તેના ખનિજમાંથી તાંબાનું શોધન થતું અને દેશમાં આ વિષયમાં સારું જ્ઞાન ધરાવતા કુશળ કારીગરો મોજૂદ હતા. એ જૂની રીતો અને તેમને સફળ કરનારો કારીગરવર્ગ અત્યારે લગભગ નાશ પામ્યો છે. જન-વસવાટથી દૂર જંગલી પ્રદેશોમાં રહેતી મૂળ વતનીઓની જાતિઓમાંથી કોઈ કોઈએ અને બીજા હલકા વર્ણના જૂજજાજ માણસોએ આ વિદ્યા સાચવી રાખી છે, એમ આ જાતિઓના અભ્યાસ દ્વારા માલૂમ પડે છે. બાકી તો આ જૂના ઉદ્યોગની જાહોજલાલી સેંકડો વર્ષો થયાં પડી ભાંગી છે અને પરદેશોમાંથી આયાત થતું તાંબું હિંદુસ્તાનમાં પુષ્કળ વપરાય છે.

પ્રાચીન હિંદમાં તાંબું યા બીજી ધાતુઓ કેવી રીતે કાઢવામાં આવતી એ વિષયનો અભ્યાસ કરવા માટે અત્યારના સંજોગોથી આપણે દૂર રહેવું પડશે અને માત્ર ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં જ નહીં પણ સાહિત્ય, વિજ્ઞાન અને કલાહુન્નરમાં આર્ય દેશ મહત્તાની ઊંચી ટોચે પહોંચ્યો હતો, એ જમાનાનાં સ્મરણો તાજાં કરી ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે, એટલે આ લેખના વિષય પરત્વે હિંદમાં આર્ય સંસ્કૃતિના પ્રભાતથી માંડીને જે કાંઈ લિખિત કે બીજો પુરાવો પ્રાપ્ય હોય તે હવે તપાસીએ.

વેદો આર્યોના અતિ પ્રાચીન ગ્રન્થો છે. તેમાં ઋગ્વેદ સૌ પ્રથમ; એટલે બીજા વેદો કરતાં વહેલો રચાયો હોવો જોઈએ. ઋગ્વેદમાંથી તાંબા સંબંધમાં કોઈ પણ ઉલ્લેખ મળી આવતો નથી. બાકીના વેદોમાંથી શુક્લ યજુર્વેદમાં તાંબાને 'लोह' તરીકે ઓળખાવવામાં આવ્યું છે :

हिरण्यं च मे अपश्च मे श्यामं च मे लोहं च मे सीसं च मे त्रपु च मे
(શુક્લ યજુર્વેદ, ૧૮, ૧૩).

આ છ ધાતુઓમાં 'लोह' શબ્દ તાંબા માટે વપરાયેલો છે એમાં શંકાને સ્થાન નથી. 'लोह' શબ્દ लोहित ઉપરથી યોજાયો હોય એમ લાગે છે. लोहित એટલે રાતું યા લાલ રંગવાળું : અને તાંબાનો રંગ લાલ હોય છે એટલે लोह શબ્દ તાંબા માટે વપરાયો છે. આવો જ પ્રયોગ તૈત્તિરીય અને મૈત્રાયણી સંહિતાઓમાં પણ ફરીને કરવામાં આવેલ છે. મૈત્રાયણી સંહિતામાં 'लोह'ને બદલે लोहितायस् એટલે રાતી ધાતુ તરીકે તાંબા માટે ઉલ્લેખ કર્યો છે. વેદોમાં છેલ્લો અથર્વવેદ (આશરે ઈ. સ. ૧૦૦૦) તાંબાને રાતી ધાતુ તરીકે વર્ણવે છે, लोहितमय એટલે રાતી ધાતુ (તાંબું) અને श्याममय એટલે કાળી ધાતુ (લોઢું), એમ તાંબું અને લોઢું—બે ધાતુઓનો તફાવત સ્પષ્ટ દર્શાવવામાં આવે છે :

श्याममयोऽस्य मांसानि लोहितमस्य लोहितम् ।
(અથર્વ. ૧૧, ૩, ૭)

અથર્વવેદમાં બીજી જગ્યાએ પણ "રાતી ધાતુની બનાવેલી છરી વડે" એવો ઉલ્લેખ ફરીને આવે છે; लोहितेन स्वधितिना (અથર્વ ૬,૧૪૧,૨). લોહિત ઉપરાંત તાંબા માટે એક જગ્યાએ અથર્વવેદમાં लोहिनीस्ताम्रधूम्रा (અથર્વ. ૧૦, ૨, ૧૧) એવો ઉલ્લેખ થયેલો છે. તાંબા માટે સમાન્ય પ્રચલિત શબ્દ ताम्र આ પ્રમાણે પ્રથમ વાપરવામાં આવ્યો છે, પણ ખરેખર એ

પ્રયોગ તાંબા માટે છે કે નહીં એ નિર્ણયપૂર્વક કહી ન શકાય, કારણ કે અથર્વવેદ સિવાય ત્યાર-પછીના કાળના ગ્રંથોમાં બીજે કયાંય એ શબ્દ મળી આવતો નથી. એટલું જ નહીં પણ લોહિત યા લોહિતાયસ્ તરીક જ બ્રાહ્મણ ગ્રંથોમાં પણ વારંવાર ઉલ્લેખ ચાલુ રહે છે.

ઉપર સૂચવેલ તામ્રના અર્થ પરત્વે પણ મતભેદ છે. વ્હીટનેએ તામ્રનો અર્થ "રાતો" અને ગ્રિફીથે "તાંબાના રંગવાળું" એમ જુદા જુદા અર્થવાળા ઉપયોગ કર્યા છે. એટલે આ પ્રશ્ન ચર્ચાસ્પદ છે. તાંબા માટે વપરાતો ચાલુ શબ્દ પાછળથી દાખલ થયો હોય એમ લાગે છે.

ચરક અને સુશ્રુતના પ્રખ્યાત વૈદક ગ્રંથોમાં તેમ જ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તામ્રનો ઉલ્લેખ તાંબા માટે કરવામાં આવ્યો છે. એટલે આ શબ્દપ્રયોગ ઈ. સ. પૂર્વે ત્રીજી સદીમાં ચાલુ થયો હોય એમાં શંકાને સ્થાન નથી.

વેદકાળ એટલે લગભગ ઈ. સ. પૂર્વે ૨૦૦૦થી માંડીને ૧૦૦૦ સુધીનો કાળ, એમ વિદ્વાનોએ અડસટ્ટો કર્યો છે. ત્યારપછી બ્રાહ્મણોનો યુગ એટલે ઈ. સ. પૂર્વે ૧૦૦૦ થી ૫૦૦ સુધીનો કાળ. આ બ્રાહ્મણ ગ્રંથોના યુગમાં પણ તાંબાને 'રાતી ધાતુ' તરીકે વર્ણવામાં આવી છે. તૈત્તિરીયસંહિતા (૪, ૭, ૫, ૧) પણ लोहितायस् શબ્દનો પ્રયોગ કરી તાંબાના અર્થમાં વાપરે છે. આગળ આપેલો શુક્લ યજુર્વેદનો પાઠ અને તૈત્તિરીયસંહિતાના આ પાઠમાં ફરક એટલો છે કે लोहને બદલે लोहितायस् શબ્દ મુકાયો છે. મૈત્રાયનીસંહિતામાં (૨, ૧૧, ૫ અને ૪, ૪૪) અને કાઠકસંહિતામાં પણ (૧૮, ૧૦) એવો જ ઉલ્લેખ માલૂમ પડે છે. છાંદોગ્ય ઉપનિષદ્માં નીચે પ્રમાણે તાંબાને માટે બીજો શબ્દ પર્યાય 'લોહ' વપરાયો છે:

लवणेन सुवर्णं संदध्यात्, सुवर्णेन रजत, रजतेन त्रपु,
त्रपुणा सीसं, सीसेन लोहं, लोहेन दारु, दारु चर्म्मणा
(છાંદોગ્ય ઉપનિષદ્, ૪, ૧૭, ૭)

एकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्यात् ।
एकेन नखनिकृन्तनेन सर्वं कार्ष्णायसं विज्ञातं स्यात्

છાંદોગ્ય ઉપનિષદ્ (૬, ૧, ૫), શતપથ બ્રાહ્મણ (૧૩, ૨, ૨, ૧૮) અને જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણ (૪, ૪૧)માં લોહ શબ્દ વપરાયો છે.

પ્રાચીન સાહિત્યમાં તાંબા માટે વપરાયેલો ત્રીજો શબ્દ-પર્યાય लोहायस् શતપથ બ્રાહ્મણમાં (૫, ૪, ૧, ૨) આવે છે. "અયસ્" અને સોનું—એ બંનેથી લોહાયસ્ (તાંબું) જુદું છે એમ દર્શાવવામાં આવ્યું છે. કાળી ધાતુ એટલે લોઢું (कृष्णायस्) અને તાંબું (लोहायस्) વચ્ચે તફાવત સમજાવીને તૈત્તિરીય બ્રાહ્મણમાં (૩, ૬૨, ૬, ૫) અને જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણમાં (૩, ૧૭, ૩) તાંબા માટે लोहायस વાપરવામાં આવેલ છે.

વેદો અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી ઉપર આપેલાં અવતરણો બતાવી આપે છે કે ઋગ્વેદ રચાયો હશે (લગભગ ૨૦૦૦ ઈ. સ. પૂર્વે) તે અરસાના આદિ આર્યોને તાંબાનું જ્ઞાન હશે નહીં, કારણ કે ઋગ્વેદમાં તાંબા સંબંધી કોઈ પણ ઉલ્લેખ નથી. આ સંબંધમાં અત્રે નોંધવું જોઈએ કે ઋગ્વેદમાં

સોનું અને લોઢું—બંને * ધાતુઓનો પુષ્કળ ઉલ્લેખ કરવામાં આવેલ છે. શુકલ યજુર્વેદમાં તાંબા સંબંધી માત્ર એક ઉલ્લેખ જડી આવે છે, એટલે યજુર્વેદ લખાયો હશે તે અરસામાં તાંબાનું જ્ઞાન આર્યોને પ્રાપ્ત થયું હશે, પણ અથર્વવેદમાં અને બ્રાહ્મણ ગ્રંથોમાં તાંબા સંબંધી વારંવાર ઉલ્લેખ કરવામાં આવેલ છે એટલે લગભગ ઈ.સ. પૂર્વે ૧૦૦૦ના અરસામાં આદિ આર્યોમાં તાંબાનો ઉપયોગ સામાન્ય થયો હશે એમ સહેલાઈથી અનુમાન કરી શકાય. નિયોગીએ ( Iron in Ancient-India, page 3-5 ) અનેક પ્રમાણો આપીને પુરવાર કરવા મહેનત લીધી છે કે લોઢું અને તેમાંથી બનાવેલ હથિયારોનો ઉપયોગ ઋગ્વેદના કાળમાં આર્યોને સુવિદિત હતો. તાંબાનાં હથિયારોનો ઉપયોગ પાછળથી થયો હોવો જોઇએ. ઋગ્વેદમાં ' લોઢાની અણીવાળાં ' બાણોનો ઉપયોગ નોંધવામાં આવેલ છે: અથર્વવેદમાં " તાંબાની છરી "નો ઉલ્લેખ આવે છે.

એ સંભવિત છે કે તાંબાની છરી યજ્ઞમાં ઉપયોગમાં લેવાતી હોય, કારણ કે હિંદીઓ તાંબામાં એક પ્રકારની પવિત્રતા જૂએ છે.

અથર્વવેદમાં તાંબાની છરીનો ઉલ્લેખ થયો છે એ ઉપરથી દલીલની ખાતર એમ માની લઈએ કે તાંબાનો ઉપયોગ હથિયારની બનાવટમાં થતો હોય. આ માન્યતામાં કશુંય વિસ્મય પામવા જેવું નથી. લોખંડમાંથી ગજવેલ બનાવવાની રીતનું જ્ઞાન ન હોય ત્યાં સુધી ટીપી શકાય એવા લોઢા અને તાંબાની કઠિનતા વચ્ચે બહુ ફરક નથી એટલે પસંદગીનો સવાલ રહેતો નથી.

કાંસું આ કઠિનતાના ગુણમાં તાંબાં કરતાં ચઢે છે. વેદકાળમાં કાંસું જાણીતું નહોતું. ઋગ્વેદમાં તાંબાનો તેમ જ કલાઈનો પણ ઉલ્લેખ નથી, એટલે કાંસાનું જ્ઞાન તે જમાનામાં સંભવિત લાગતું નથી. લોઢાને પાણી પાઇ કઠણ બનાવવાની રીત અને તેમાંથી ગજવેલ બનાવવાની રીત ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં આર્યોને જાણીતી હતી, કારણ કે સુશ્રુતના સુવિખ્યાત વૈદ્યક ગ્રંથમાં આ રીતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વેદયુગમાં લોહ ઉપરાંત તાંબાનો ઉપયોગ કોઈ વાર હથિયાર બનાવવામાં થયો હોય એ સંભવિત લાગે છે.

ઈ. સ. પૂર્વે ૫૦૦ થી ૨૦૦ સુધીનો કાળ આર્ય સંસ્કૃતિનો મહાકાવ્યોનો યુગ ( epic age ) કહી શકાય. આ યુગમાં તાંબા વિશે આર્યોનું જ્ઞાન ખૂબ આગળ વધ્યું હતું. રામાયણ-મહાભારત બંને મહાકાવ્યોમાં તાંબા માટે આધુનિક શબ્દ તામ્ર ઉપયોગમાં આવ્યો છે. સ્મૃતિકાર મનુ તાંબાનાં વાસણો શુદ્ધ કરવા માટે નીચે પ્રમાણે સૂચનાઓ આપે છે :

---

* ઋગ્વેદમાં સોનાના ( हिरण्य ) ઘરેણાંનો ઉલ્લેખ આવે છે ( ઋગ્વેદ, ૧, ૧૧૨, ૨ ). આ ઘરેણામાં કાનનાં એરિંગ, ગળામાં પહેરવાના ગંઠા, બંગડીઓ, પગનાં ઝાંઝર ઇત્યાદિ આભૂષણોનો ઉલ્લેખ છે. ( જુઓ, Hindu Civilization, Mookerji, 1896 edition, page 31 ). મોહેન્-જો-ડારોમાંથી પણ આવાં ઘરેણાં મળી આવ્યાં છે. સોના ઉપરાંત अयस् નામની બીજી ધાતુનો ઉલ્લેખ પણ ઋગ્વેદમાં આવે છે ( अयस्मय ઋગ્વેદ, ૫-૩૦-૧૫ ). આ ધાતુ વાસણો બનાવવામાં વાપરવામાં આવતી : અને હથોડા વડે ઘડી શકાતી, ( ઋગ્વેદ, ૯, ૧, ૨ ) એટલે એ સંભવિત છે કે ઋગ્વેદનું अयस् કદાચ તાંબું હોય. આ અયસ્ એટલે કદાચ તાંબું એમ મુકરજી માને છે. પ્રો. નિયોગીએ આ અયસ્ એટલે લોહ એમ નક્કી કર્યું છે ( Iron in Ancient India by Niyogi ).

ताम्रायः कांस्यरैत्यानां त्रपुणः सीसकस्य च ।
शौचं यथा है कर्तव्यं क्षाराम्लोदकवारिभिः ॥

( मनु ५, ११४ )

પિત્તળ અને કાંસું બંનેનો પણ સાથે જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એટલે આ મિશ્ર ધાતુઓને લગતું જ્ઞાન એ જમાનામાં વિસ્તાર પામ્યું હોવું જોઈએ.

સુશ્રુતના ગ્રન્થમાં તાંબું ઉપયોગમાં લેવાનું સૂચન છે. એ જ અરસામાં રચાયેલ બીજા વૈદ્યકીય ગ્રન્થ—ચરકસંહિતામાં તાંબા ઉપરાંત પિત્તળ અને કાંસાનો ઉલ્લેખ થયો છે. ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તાંબાનો ઉપયોગ ઘણી જગ્યાએ આપવામાં આવ્યો છે. તાંબાનાં ખનિજોનું વર્ણન આ પ્રમાણે છે :

भारिकः स्निग्धो मृदुश्च प्रस्तरधातुर्भूमिभागो वा
पिङ्गलो हरितः षाटलो लोहितो वा ताम्रधातुः ॥

( શામશાસ્ત્રીસંપાદિત અર્થશાસ્ત્ર, પાનું ૮૩ )

તાંબાનાં ખનિજો વજનમાં ભારે, રંગમાં લીલા, ભૂખરા યા લાલ એવા વર્ણવ્યાં છે. તાંબાનાં ખનિજ Malachite, copper pyrites અને red copper oreને ઉપરનું વર્ણન લાગુ પડે છે. અર્થશાસ્ત્રમાં તાંબાનો ઉપયોગ બીજી ધાતુઓ સાથે મિશ્રણ કરવા માટે, સોના તથા રૂપાના સિક્કા તથા અન્ય ચીજો ( અલંકારો ) બનાવવામાં કરવામાં આવે છે, એવો ઉલ્લેખ કરેલો છે. તાંબાને સોનાનો ઢોળ ચઢાવવાની રીતનું વર્ણન પણ તેમાં આપેલું છે. " તાંબાની વસ્તુને સોનાના વરખનાં પત્તાથી આચ્છાદિત કરીને અને પછી તેની બહાર અને આજુબાજુ સંસ્કરણ કરવું. "

આટલો પુરાવો પ્રાચીન સાહિત્યમાંથી મળી આવે છે. હવે આપણે બીજા પુરાવાઓ તપાસીએ. હિંદુસ્તાનમાં પ્રવાસ કરી એ સમયમાં દેશની પરિસ્થિતિ કેવી હતી તેનું વર્ણન ઘણાં પ્રવાસીઓએ કરેલ છે. ઈ. સ. પૂર્વે ૩૦૨માં ગ્રીસ દેશનો એલચી મૅગસ્થિનિસ હિંદમાં આવ્યો હતો. તેના વર્ણનમાંથી " ચન્દ્રગુપ્તના રાજ્યમાં જાહેર પ્રસંગો વખતે હીરારત્નજડિત અને હિંદુસ્તાનમાં બનેલ તાંબાનાં વાસણો શોભામાં અભિવૃદ્ધિ કરતાં " એવો અહેવાલ મળી આવે છે. વળી નેપાળની સરહદ નજીક અશોક સ્તંભમાંથી જડી આવેલ તાંબાના મોટા આગળા ( bolt ) પરથી એમ પુરવાર થાય છે કે ઈ. સ. પૂર્વે ત્રીજા-ચોથા સૈકામાં પણ હિંદુસ્તાનમાં તાંબું પુષ્કળ ઉત્પન્ન થતું હોવું જોઈએ. આપણને હવે પુરાતન કાળના સાહિત્યવિષયક ઉલ્લેખોનો આધાર લેવાની જરૂર રહેતી નથી, કારણ કે આ સમય પછીના તાંબાની જૂની ચીજોના ઘણા નમૂના મળી આવે છે. પરંતુ આ મળી આવેલા નમૂનાનું સવિસ્તર વર્ણન કરતાં પહેલાં, એક પ્રશ્ન ઊભો થાય છે કે પ્રાચીન હિંદમાં તાંબાનો યુગ હતો ? હિંદમાં તાંબાનો યુગ ક્યારે પ્રવર્તેલો તે વિશે મળી આવતા પુરાવાઓ પરથી તેના સમય પરત્વે સ્પષ્ટીકરણ કરીએ.

પોતાની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા મનુષ્યે અનેક સાધનોનો ઉપયોગ કર્યો છે. આ સાધનો માનવજાતની સંસ્કૃતિનો ઐતિહાસિક વિકાસ સૂચવવામાં ઉપયોગી થઈ પડે છે. એટલે

એવાં પ્રાચીન સાધનોનો અભ્યાસ માનવ સંસ્કૃતિના વણલખ્યા ઇતિહાસની જુદી જુદી ભૂમિકાઓ સમજવા માટે જરૂરી છે. આવા પૂર્વ-કાલીન સાધનોમાં જૂના સમયનાં હથિયારો, ઓજારો અને માટીનાં વાસણો મુખ્યત્વે હોય છે.

સંસ્કૃતિનો આદિ યુગ પ્રથમ પ્રસ્તર યુગ ( stone age )થી શરૂ થયેલો ગણવામાં આવે છે. પછી આવ્યો નવપ્રસ્તર યુગ ( neolithic age ). આ બંને યુગોની વિશેષતા—પથ્થરમાંથી બનાવેલાં ઓજારો-હથિયારોનો વિશેષતઃ ઉપયોગઃ પછી સંસ્કૃતિના વિકાસની ઉત્તરોત્તર ભૂમિકાઓમાં લોહ, તાંબું, કાંસું વગેરે ધાતુઓનો ઉપયોગ મનુષ્યે કરવા માંડ્યો. એટલે લોહ યુગ ( iron age ), તામ્ર યુગ ( copper age ), કાંસ્ય યુગ ( bronze age ) આવ્યા. આ યુગોમાં એ યુગનામસૂચક ધાતુઓનો ઉપયોગ વિશેષ થતો. સંસ્કૃતિના વિકાસની આ ભૂમિકાઓમાંથી અન્ય દેશોની માફક આ દેશ પણ પસાર થયો છે.

હિંદુસ્તાનમાં કાંસાનો યુગ નથી પ્રવર્તેલો એમ વિદ્વાનો જુદા જુદા પુરાવાઓના આધારે માને છે, કારણ કે કાંસાનાં ઓજારો અને હથિયારો ભાગ્યે જ જડી આવે છે. આ પ્રતિપાદન દક્ષિણ હિંદને માટે બરાબર છે, પણ ઉત્તર હિંદુસ્તાન પરત્વે એમ ખાત્રીપૂર્વક ન કહી શકાય. આ બાબતમાં વિદ્વાનો એકમત છે કે નવપ્રસ્તર યુગ પછી હિંદના દક્ષિણ વિભાગોમાં સીધો લોહ યુગ પ્રવર્તેલો. દક્ષિણ હિંદમાંથી તાંબાના કે કાંસામાંથી બનાવેલાં હથિયારો, ઓજારો કે એવી કોઈ ચીજોના પ્રાચીન અવશેષો મળી આવેલાં નથી. હિંદના એ ભાગમાંથી જુદાં જુદાં સ્થળોએથી લોઢામાંથી બનાવેલાં હથિયારોનાં પ્રાચીન અવશેષો જડી આવેલાં છે. *

પણ ઉત્તર હિંદુસ્તાનમાંથી—મધ્ય પ્રાંતોને સાથે ગણતાં–તાંબાનાં પ્રાચીન હથિયારો અને ઓજારો ઘણી જગ્યાએથી મળી આવે છે. પુરાતત્ત્વના દૃષ્ટિબિન્દુથી વિચારતાં બલૂચિસ્તાન પણ હિંદનો ભાગ ગણી શકાય; અને ત્યાંથી પણ બે જગ્યાએથી તાંબામાંથી બનાવેલ ચીજોના જૂના નમૂનાઓ મળી આવ્યા છે. મિ. વિન્સેન્ટ સ્મિથે આ બધા પ્રાચીન નમૂનાઓનું વર્ણન પ્રસિદ્ધ કરેલ છે ( On the copper age and prehistoric bronze implements of India, Indian Antiquary, 1905, **34**, 229; 1907, **36**, 53-55 ). મિ. સ્મિથ આ બધા નમૂનાઓના અભ્યાસદ્વારા મળી રહેલા પુરાવાઓના આધારે એવા નિર્ણય પર આવે છે કે "ઉત્તર હિંદુસ્તાનમાં મોટા ભાગે નવપ્રસ્તર યુગ અને લોહ યુગના વચલા ગાળાનાં તાંબાનો યુગ પ્રવર્ત્યો હતો."

---

* "Weapons and other objects made of iron are found abundantly in many parts of India in stone circles or associated with chromlechs and other stone monuments, many of which appear to be of great antequity....In Europe, however, stone circles and chromlechs are considered characteristic of bronze age; whereas, in India, iron implements have been found associated with them in several places....It appears not improbable that iron may have been discovered in India at an earlier period than in Europe"–Medlicott and Blanfords, Geology of India, Part I, p. 443.

ભારતના મૂળ વતનીઓને આર્યોએ જીતી લીધા તે પૂર્વે તેઓની સંસ્કૃતિ કેટલી ખીલેલી હતી તે પર મોહેન-જો-ડેરો અને હરપ્પાના ખોદકામ પરથી મળી આવેલા અવશેષોએ સારો પ્રકાશ પાડ્યો છે. એમ માલૂમ પડે છે કે આર્યોના આગમન પૂર્વે પણ પંજાબ અને સિંધમાં તેના વતનીઓની સંસ્કૃતિ સારી રીતે આગળ વધેલી હતી, અને તેમાં તેઓની વિશેષતાઓ પણ હતી. સિંધુ નદીની ખીણમાં પ્રસરેલી આ પ્રાચીન સંસ્કૃતિના પ્રવર્તકોને સોનું, રૂપું, સીસું, તાંબુ અને કલઈ જેવી ધાતુઓનું જ્ઞાન હતું. કલઈ તેઓ કાંસાની બનાવટમાં તાંબાની સાથે વાપરતા. લોહ વિશે એ લોકોને જ્ઞાન ન હતું. તાંબુ ઘણી જ ઉપયોગી ધાતુ ગણવામાં આવતી, પણ તે પોચી (soft) હોવાથી તેમાં કલાઈ મેળવી કાંસું બનાવી તેનો ઉપયોગ કરવામાં આવતો. સિંધુ નદીની ખીણમાં વિસ્તરેલી આ સંસ્કૃતિમાં રહેતા લોકોને આશરે ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષો પહેલાંના સમયમાં પણ કાંસાની બનાવટ અંગે જ્ઞાન હતું એમ સર જોન માર્સેલ માને છે. મોહેન-જો-ડારોમાંથી મળી આવેલા તાંબા અને કાંસાના નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે; પણ કલાઈ માટે તેઓને બહારના કે આજુબાજુના પ્રદેશો પર નભવું પડતું—કલાઈ બહારથી આયાત કરવામાં આવતી. એટલે એ સંભવિત છે કે એ ધાતુ મેળવવાની મુશ્કેલીને લીધે અથવા તો તેના સંબંધી રસાયણનું જ્ઞાન ઓછું હોય એટલે કાંસાના યુગની બરાબર ખિલવણી ન થઈ હોય.

"Some utensils and ornaments are made of bronze. India has no bronze age properly so-called but the alloy is found already at this early date and has remained in use to a limited extent ever since though most of the so-called Indian bronzes are really of cast copper".

મધ્ય પ્રાંતોના નાગપુર વિભાગમાં આવેલા બાલઘાટ જિલ્લામાં ગુંજારિયા નામના ગામડામાંથી તાંબાનાં પ્રાચીન હથિયારોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. તે સંબંધી પોતાના Ancient Bronze Implementsમાં ઇવાન્સ લખે છે: "The most important discovery of implements of copper yet recorded in the old world."

ઢોર ચારતાં ભરવાડનાં કેટલાંક છોકરાંને તાંબા જેવી ધાતુના જેવો એક રાતો ટુકડો જમીનમાંથી બહાર નીકળેલો નજરે પડ્યો. આ વાતની ત્યાંના ડેપ્યુટી કમિશ્નર મિ. બ્લૂમફીલ્ડને ખબર મળતાં ખોદકામ હાથ ધરવામાં આવ્યું: અને ૪૨૪ હથિયારો અને ઓજારો અને ૧૦૨ રૂપાનાં પાતળાં પતરાં પણ સાથોસાથ મળી આવ્યાં. ત્રણ ફૂટ લાંબી અને પહોળી અને ચાર ફૂટ ઊંડી જગ્યામાંથી આ બધો સરંજામ નીકળી આવેલો. ઈ. સ. ૧૮૭૦ના મે માસમાં એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલની એક સભામાં આ મહત્ત્વપૂર્ણ શોધ જાહેર કરવામાં આવી (Proc. Asiatic Soc. Bengal, 1870, page 131). આ બધા સામાનનું વજન બંગાળી દશ મણ અને સાડા ચૌદ શેર (લગભગ ૮૨૬ પૌંડ) અને રૂપાનાં પતરાંનું વજન આશરે ૨૦ પૌંડ જેટલું છે. આ સામાનમાં મોટે ભાગે પાવડા, કુહાડી, કોદાળી અને ફરસી એવાં ઘરકામ તથા ખેતીવાડીમાં ઉપયોગી ઓજારો ઉપરાંત લડાઈમાં કામ આવે એવાં પ્રાચીન હથિયારો (celts) છે. તાંબાનાં આ ઓજારો જુદી જુદી સાઈઝનાં છે: વધારેમાં વધારે ૨૪$\frac{૩}{૪}$", ૨૧$\frac{૩}{૪}$",

૧૭½″ લાંબા અને ૬½″, ૪″ યા ૩″ પહોળા છે અને ¾″ની જાડાઈ સામાન્ય છે. આમાંના કેટલાક નમૂના કલકત્તાના ઇન્ડીઅન મ્યુઝિયમના પુરાતત્ત્વવિભાગમાં મૂકવામાં આવ્યા છે. મિ. વિન્સેન્ટ સ્મિથ એવો મત ધરાવે છે કે તાંબાનાં હથિયારોનો આટલો મોટો જથ્થો એવો નિર્ણયાત્મક પુરાવો પૂરો પાડે છે કે શુદ્ધ તાંબાનાં હથિયારો બનાવવાનું કામ હિંદુસ્તાનમાં આ ભાગમાં એક વખતે વિશાળ પ્રમાણમાં ચાલતું હોવું જોઈએ. “ It is impossible that more than four hundred such implements should have been collected in a single deposit unless they were of a kind in common ordinary use.” આ હથિયારો શુદ્ધ તાંબામાંથી બનાવેલાં છે એમાં શંકાને સ્થાન નથી. મિ. એ. ટ્રિવને આ નમૂનાઓની ધાતુનું પૃથક્કરણ કરી પુરવાર કર્યું છે કે આ હથિયારોમાં વપરાયેલ ધાતુ લગભગ શુદ્ધ છે: માત્ર ૧.૫ ટકાનું સીસાનું મિશ્રણ છે. રૂપું પણ લગભગ ચોખ્ખું છે: માત્ર ૩.૭ ટકા સોનાનો ભેળ છે.

આ ઉપરાંત બીજી અનેક જગ્યાએથી તાંબામાંથી બનાવેલ જાતજાતનો સામાન મળી આવેલ છે.

બીજનોર (સંયુક્ત પ્રાંતો)માંથી મળી આવેલાં તાંબાનાં સપાટ હથિયારો અને ભાલાનાં ધરાં તથા દોરીવાળા ભાલાના અગ્ર ભાગોનાં ફોટોચિત્રો Indian Antiquary, 1915 p. ૨૩૬માં અને બીથુર (જિલ્લો કાનપુર)ના નમૂનાનાં ચિત્રો પણ એ જર્નલમાં (૧૯૦૭, p. 93) છાપેલાં છે.

મિ. સ્મિથના ઉપરના પ્રકાશન બાદ બીજાં અનેક તાંબાનાં ઓજારો અને હથિયારો ઘણી જગ્યાએથી જડી આવ્યાં છે (જુઓ ડૉ. હીરાનંદ શાસ્ત્રીનો લેખ, જર્નલ ઑફ એસિયાટિક સોસાયટી, બેન્ગાલ, ૧૯૧૫, ૧૧-૧૫). આ બધા નમૂના લખનૌના પ્રાંતિક મ્યુઝિયમમાં રાખવામાં આવ્યા છે.

બિહાર અને ઓરિસ્સાના જુદા જુદા ભાગોમાંથી પણ સંખ્યાબંધ ઓજારો મળી આવ્યાં છે. બિહાર અને ઓરિસ્સા રીસર્ચ સોસાયટીના જર્નલમાં આ બધાંનું વર્ણન પ્રસિદ્ધ થયું છે. (J. Bihar and Orissa Research Society, 1910, 85-86). આથી સચોટ પુરાવો મળે છે કે પ્રાચીન હિંદમાં તાંબાનો યુગ પ્રવર્ત્યો હોવો જોઈએ, એટલું જ નહીં પણ ઉત્તર હિંદુસ્તાનમાંથી જ્યાંથી આ હથિયારો મળી આવ્યાં છે તેમાં ખૂટતી માહિતી પૂરી પાડે છે. ઉત્તર હિંદના લગભગ બધા પ્રદેશોમાં મધ્ય પ્રાંતોના કેટલાક ભાગો સહિત–પ્રસ્તર અને લોહ યુગની વચ્ચે તામ્ર યુગ ચોક્કસ આવ્યો હશે એમાં શંકાને સ્થાન રહેતું નથી.

---

# ગ્રન્થાવલોકન

(૧) **વિશ્વવંદ્ય કિરણાવલી:** તૃતીય કિરણ; કર્તા: શ્રીમાન્ વિશ્વવંદ્ય, પ્રકાશક: જગન્નાથ પૂજાલાલ ડૉક્ટર, શ્રીનૃસિંહ પ્રકાશન, ૨૨, ગોવાલિયા ટૅંક રોડ, મુંબઈ ૨૬, પૃ. ૫૯૧, મૂલ્ય રૂા. ૬=૫૦.

(૨) **વિશ્વવંદ્ય કિરણાવલી:** ચતુર્થ કિરણ; કર્તા, પ્રકાશક અને મૂલ્ય ઉપર પ્રમાણે; પૃ. ૫૯૯.

(૩) **સુખ, શાન્તિ ને સમૃદ્ધિનો સાચો માર્ગ:** કર્તા અને પ્રકાશક ઉપર પ્રમાણે; પૃ. ૨૧૬, મૂલ્ય રૂા. ૩=૫૦.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઉદ્દામ સુધારો અને પાશ્ચાત્ય સંસ્કૃતિના આત્યંતિક આક્રમણમાંથી ભારતીય સંસ્કૃતિનાં મૂળભૂત મૂલ્યોનાં સંરક્ષણ અને સંમાર્જનનું મહત્ત્વનું કાર્ય કરનાર ગુજરાતની વિરલ સંસ્થાઓ પૈકી યોગીવર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીસંસ્થાપિત (૧૮૮૨) **શ્રેયસ્સાધક અધિકારી વર્ગ**ની સેવાઓ ઇતિહાસપ્રસિદ્ધ છે. બિનસાંપ્રદાયિક છતાં મુખ્યત્વે ધાર્મિક અને આધ્યાત્મિક મનાતી આ મહાન સંસ્થાના વિશાળ વર્તુળના કેન્દ્રમાં વર્ગના આદ્ય આચાર્ય શ્રી નૃસિંહાચાર્યજી હતા. એ પ્રકાશપુંજની કિરણાવલીમાં સ્નાન કરતાં કરતાં, ગ્રહોપગ્રહો સૂર્યની આસપાસ ભ્રમણ કરે તેમ, અનેક તેજસ્વી વિદ્વાન સાધકોએ સ્વાભ્યુદય સાધતાં સાધતાં, વર્ગદ્વારા, ગુજરાતની જનતાની અપ્રતિમ સેવા કરી છે. આમુષ્મિક ઉત્કર્ષની અધ્યક્ષતામાં રહીને પ્રેયસ્ અને શ્રેયસ્નો સુભગ સમન્વય સાધવો એ આ વર્ગની વિવિધ પ્રવૃત્તિઓના પ્રાણસમી વિશિષ્ટતા હતી. તેમાં વર્ગની આચાર્ય-ત્રિપુટી—શ્રીમન્નૃસિંહાચાર્યજી, શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી તથા (સાંપ્રત) શ્રીમત્સુરેશ્વરાચાર્યજી—ઉપરાંત સર્વશ્રી છોટાલાલ જીવણલાલ માસ્તર ('માસ્તર સાહેબ'), નર્મદાશંકર મહેતા, જેકિશનદાસ કણિયા, નગીનદાસ સંઘવી વગેરે ઉત્તમ કોટિના સાધકોએ મહાકાલ, પ્રાતઃકાલ, ધર્મધ્વજ, યમદંડ આદિ સંખ્યાબંધ સામયિકો અને પુસ્તકોદ્વારા જીવનાભિમુખ થવાની પ્રેરણા પાતા સત્ત્વશીલ સાહિત્યનું વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું છે. તેમાં આદ્યાચાર્યના પટ્ટ શિષ્ય સાધકશિરોમણિ શ્રી છોટાલાલ માસ્તર સાધકસમુદાયમાં અને સાહિત્ય-જગતમાં 'વિશ્વવંદ્ય'ના ગુરુદત્ત ઉપનામથી પંકાયા છે. તેમની અને વર્ગની વિપુલ સાહિત્યસેવાનું મૂલ્ય સાહિત્યજગતમાં હજુ જોઈએ તેટલું અંકાયું નથી, તેનાં બેત્રણ કારણો સંભવિત છે: (૧) વર્ગના વિદ્વાનોએ જીવનોત્કર્ષના ધ્યેયને જ સતત દૃષ્ટિ સમક્ષ રાખીને સર્જેલા સાહિત્યદ્વારા પ્રચાર અને પ્રસિદ્ધિનો કદી મોહ સેવ્યો ન હતો, (૨) વર્ગનું ઘણુંખરું સાહિત્ય વિવિધ સામયિકોમાં જ પથરાયેલું પડી રહ્યું; અને (૩) ગુજરાતી સાહિત્યના વિદ્વાનોએ પણ (સાક્ષર શ્રી રમણલાલ દેસાઈએ 'જીવન અને સાહિત્ય, ભા. ૨માં જણાવ્યું છે તેમ) તેના તરફ લગભગ ઉપેક્ષા સેવી છે.

તેમ છતાં પોતાના ઉજ્જવલ અણીશુદ્ધ ચારિત્ર્યના તથા વિશિષ્ટ પ્રબોધશૈલીના પ્રભાવથી શ્રી વિશ્વવંદ્યે (૧૮૬૨-૧૯૧૨) અસંખ્ય સાધકો અને સહૃદય વાચકોને આકર્ષેલા. સુધાસ્રોતસ્વિની (બે દળદાર કાવ્યસંગ્રહો, તથા ધર્મ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આરોગ્ય અને તત્ત્વવિષયક બીજા ગ્રંથો કરતાં, બે ભાગમાં પ્રસરેલી અનેક આવૃત્તિઓને વરેલી—શ્રી મણિલાલકૃત 'ગુલાબસિંહ'ને બાદ કરતાં—ગુજરાતી સાહિત્યમાં અપૂર્વ કહી શકાય એવી, તત્ત્વ-યોગના વિચાર-પ્રયોગને ગૂંથી લેતી તેમની મૌલિક નવલકથા 'યોગિનીકુમારી'એ અદ્યાપિપર્યંત વાચકોનાં હૃદયનો કબજો મેળવી રાખ્યો છે; પરંતુ તે સિવાયનું તેમનું હજારો પાનાનું સાહિત્ય આગળ કહ્યું તેમ આજે અપ્રાપ્ય એવાં સામયિકોની ફાઈલોમાં જ દટાઈ રહેવા પામ્યું છે.

તેમનાં લખાણોનું વિષયવાર વર્ગીકરણ અને સંપાદન-સંકલન કરી 'વિશ્વવંદ્ય કિરણાવલિ' શીર્ષક નીચે લગભગ ૧૧-૧૨ દળદાર ગ્રંથોમાં જનતા સમક્ષ મૂકવાનું સાહસકાર્ય 'નૃસિંહ પ્રકાશન' વતી શ્રી જગન્નાથ ડૉકટરે ઉપાડયું છે તે આવકાર્ય છે. સાત જ વર્ષના ગાળામાં તેમણે ચાર 'કિરણ'માં વિવિધ વિષયો પરની લગભગ બારસો જેટલાં પૃષ્ટની સામગ્રી આપી છે. તે ઉપરાંત પણ લેખકના કેટલાક ઉપયોગી લેખોનાં નાનાં પુસ્તકો પણ પ્રસિદ્ધ કર્યાં છે. શ્રી. વિશ્વવંદ્યના લખાણની શૈલીમાં જ માત્ર નહીં પરંતુ તેમણે પ્રસ્તુત અને પ્રતિપાદિત કરેલ ચિંતન-વિચારોમાં પણ આજે બેત્રણ પેઢી પછી ય—એટલી જ અદ્યતનતા અને તેથી આસ્વાદ્ય કોટીની વાચનક્ષમતા લાગે છે. અલબત્ત, એક વાત લક્ષમાં રાખવાની જરૂર છે કે આ પ્રકારના પાછળની પેઢીએ સર્જેલા સાહિત્યનું મૂલ્ય આંકતી વખતે **કેવળ આત્યંતિક** આધુનિક કલાદૃષ્ટિ કે આકારસૌષ્ઠવના માનદંડને જ મહત્ત્વ ન આપતાં, તે સાથે ઐતિહાસિક ઉપયોગિતા અને તેમાં અનુસ્યૂત રહેલા સનાતન માનવીય પ્રશ્નોની પર્યેષણાનો પણ વિચાર કરવો જોઈએ. તે સિવાય લેખકને પૂરતો ન્યાય આપી શકાય નહીં.—જો કે શ્રીમાન્ વિશ્વવંદ્યનું સાહિત્ય તો વર્તમાન વિવેચનનાં ધોરણો સામે પણ મહદંશે ટકી શકે તે પ્રકારનું છે.

**તૃતીય કિરણ**માં ૨૩૫ પાનનો પ્રથમ લેખ, શ્રી. વિશ્વવંદ્યે સં. ૧૯૫૮ થી ૧૯૬૩ દરમ્યાન વર્ગના વિવિધ ઉત્સવો પ્રસંગે શ્રેયસ્સાધકનાં સાચાં લક્ષણોની સોદાહરણ ચર્ચા કરતાં ૭ પ્રવચનો આપ્યાં હતાં તેના સંકલન રૂપે છે. પૃ. ૩-૪ પર વક્તાએ શ્રેયસ્ અને શ્રેયસ્સાધકની જે વ્યાપક વ્યાખ્યા કરી છે તેથી આ લેખમાંના વિચારો, ઇતર લેખોની જેમ વ્યવહાર-પરમાર્થ ઉભય પ્રકારના સર્વોત્તમ સુખને સાધવાનો યથાવિધિ પ્રયત્ન કરનાર પૃથ્વી પરના કોઈ પણ શ્રેયસ્સાધકને ઉદ્દેશીને દર્શાવેલા છે.

ધ્યાનાદિ ક્રિયામાં આગળ વધેલા અધિકારી જનોની વિકાસશીલ શક્તિનો વિશાળ સમષ્ટિના વાતાવરણમાં વિદ્યુત્વેગી આંદોલનો પ્રેરવામાં વિહિત રીતે વિનિયોગ થઈ શકે તે માટે શ્રી વિશ્વવંદ્યે 'અધ્યાત્મબલપોષક મંડળ'ની સંસ્થા સ્થાપી હતી. તેમાં વિવિધ ધર્મોનાં સેંકડો સ્ત્રીપુરુષોએ, કોઈ પણ પ્રકારના લવાજમ કે બંધન વિના, પ્રવેશ મેળવ્યો હતો. તેના માર્ગદર્શન માટે લેખકે 'અધ્યાત્મબલપોષક સહકારી વિચારબલ' નામનો સવાસો પાનનો લઘુગ્રન્થ પ્રકટ કરેલો. તેમાં આરોગ્ય અને અર્થપ્રાપ્તિના સ્થૂળ હેતુઓથી માંડીને સંયમ અને એકાગ્રતા દ્વારા ચિતિશક્તિનું આત્મસ્વરૂપે અનન્ય ભાવે અખંડ ચિંતનાનુસંધાન કરવાની સંગીન પણ

સુગમ ક્રિયાને લેખકે વિસ્તારથી સમજાવેલી છે. પરમતત્ત્વ માટે 'ચિતિશક્તિ' શબ્દનો પ્રયોગ (અને વર્ગના સાહિત્યમાં તો અતિપ્રચલિત) 'અપૂર્વ' કહી શકાય. પૃ. ૨૬૦ પર જળભંડારના રૂપક દ્વારા તેઓ કહે છે કે: "ચિતિશકિત એ પાતાળી કૂવો છે...બાહ્ય જગત્ એ હોજ અથવા ટાંકી છે." તેમનું દૃષ્ટિ-ઔદાર્ય નીચેની કંડિકામાં ડોકાય છે:

"...અંધશ્રદ્ધાથી સ્વીકારવાનું નથી, અથવા 'બાબાવાક્યં પ્રમાણમ્' ગણી કંઈ સ્વીકારવાનું નથી...ખાતરી થાય તો જ તે સ્વીકારો. સ્વીકાર થતાં પ્રયત્ન તો પુરુષની સાથે જેમ છાયા આવે જ છે, તેમ આવશે જ. યથાર્થ સ્વીકારની, યથાર્થ શ્રદ્ધાની જ પ્રથમ આવશ્યકતા છે." (૨૬૧)

આ પુરુષાર્થપ્રેરક લેખના આરંભમાં જ મૂકેલી અનેક સૂક્તિઓ પૈકી એકનું અવતરણ લેખના કેન્દ્રીય વિચારને સ્પષ્ટ કરશે. "God is no beggar, and man is endowed with the power to draw out the exhaustless resources of Infinity for the gratification of his every want." (૨૪૦)

"શ્વસનક્રિયા"ના સો પાનના લેખમાં લેખકે પ્રાણશક્તિ અને જ્ઞાનતંતુવ્યૂહ[1] વિષે પાશ્ચાત્ય વિચારો સાથે તુલના કરીને પ્રાણાયામના શાસ્ત્રીય વિષયની સરળ અને વિશદ શૈલીમાં વિસ્તારથી સમજૂતી આપેલી છે, એટલું જ નહીં પણ છેવટનાં પૃષ્ટોમાં તો રોજિંદા જીવનમાં વ્યવહારોપયોગી થાય એ પ્રકારની પ્રક્રિયાઓનું માર્ગદર્શન આપ્યું છે. તેમાં વૈદક અને જ્યોતિષના જ્ઞાનનો પણ સમુચિત ઉપયોગ કર્યો છે.

'શ્રી નૃસિંહલીલામૃત'માં શ્રી. વિશ્વવંદ્યે પોતાના સદ્‌ગુરુનું યુવાવસ્થાપર્યંતનું અપૂર્ણ પણ શ્રદ્ધેય જીવનવૃત્તાન્ત આલેખવાનો સૌથી પ્રથમ પ્રયત્ન કરેલો છે.

છેલ્લો પણ અતિ મહત્ત્વનો 'સુખનાં સરલ સાધનો'નો લઘુલેખ મનનીય છે. આ રહ્યું તેનું છેલ્લું વાક્ય: "મનુષ્ય પરમેશ્વર પ્રતિ એક વહેંત ધસે છે, તો પરમેશ્વર તેના પ્રતિ એક હાથ ધસે છે." (૫૯૧)

**ચતુર્થ કિરણ**માં નાનામોટા ૫૧ લેખોનો સંગ્રહ કરેલો છે. તેમાં ઐહિક અને આધ્યાત્મિક વિષયોનું વૈવિધ્ય છે. દીર્ઘશ્વાસપ્રશ્વાસ, મિથ્યાજ્ઞાન, સમભાવ, કર્તવ્યવિચાર—પ્રવર્તનથી માંડી આત્મશ્રદ્ધા, સંયમ, સિદ્ધ, સિદ્ધેશ્વર, શિખરે સ્થિતિ સુધીના વિષયોની શાસ્ત્રીય છતાં રોચક શૈલીમાં કરેલી ચર્ચા માનવી માત્રને ડગલે ને પગલે ઉપયોગી થઈ પડે તેવી છે. વિષય ગમે તેવો નજીવો હોય પણ શ્રી વિશ્વવંદ્યના લખાણનો સંવાદી સૂર વિચારશક્તિ છે. આ કિરણમાં વિચારનું સ્વરૂપ-સામર્થ્ય તથા તેને બદલવાનો કે સંક્રાન્ત કરવાનો વિધિ...વગેરેની વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ છતાં સુગમ શૈલીમાં છણાવટ કરનારા ઘણા લેખો અને ફકરાઓ છે.

"મિથ્યા જ્ઞાનનો રોગ થવાથી જ મનુષ્યો આજે પોતાને હિંદુ, મુસલમાન, પારસી, કે અંગ્રેજ ન હોવા છતાં પણ તેવા માની બેઠા છે. અને જેમ ગાંડાની ઈસ્પીતાલમાં પૂરેલા ગાંડા

---

૧ Nervous System માટે લેખકે યોજેલો શબ્દ. આવા ઘણા પારિભાષિક શબ્દો લેખકે યોજ્યા છે.

પોતાને જે જાતનું ગાંડપણ હોય છે, તે પ્રમાણેની ઉન્મત્ત ચેષ્ટાઓ કરે છે, તેમ માયાએ રચેલી આ જગતરૂપી ઈસ્પીતાલમાં આપણે સર્વ આપણને થયેલા ભ્રમ પ્રમાણે અસંખ્ય ઉન્મત્ત ચેષ્ટાઓ કરીએ છીએ." (૪૭૦-૪૭૧)

"સ્વરૂપજ્ઞાન જે સત્યજ્ઞાન છે, તેમાં સ્થિત થવા તમારું ગાડરાપણું છૂટી જાય છે. તમારે કોઈ ઘરડા ગાડરની પાછળ આંખો મીચીને ચાલવાનું રહેતું નથી. ફલાણાએ આમ કહ્યું છે માટે તે ખરું છે; અને ઢીંકણાએ તેમ કહ્યું છે માટે તે ખોટું છે, એવી પારકી આંખોએ તમારે જોવાનું રહેતું નથી. તમારાં પોતાનાં નેત્રોથી જ તમે જુઓ છો. તમારે કોઈને અનુસરવાનું રહેતું નથી. તમે સ્વતંત્ર અને મહામુક્ત થાઓ છો." (૪૭૦)

'**સુખ, શાન્તિ ને સમૃદ્ધિનો સાચો માર્ગ**'માં સર્વોત્તમ સુખનું સ્વરૂપ તથા તેની સિદ્ધિ અર્થે આવશ્યક કર્તવ્યની દિશા દર્શાવનારાં લેખકનાં ચાર વ્યાખ્યાનોનો, અને દ્યોતનના સિદ્ધાંતની શાસ્ત્રીય પણ રસપ્રદ ચર્ચા કરનારા 'મહાકાલ'માંના ત્રણ લેખોનો સમાવેશ કરેલો છે. પ્રથમ વિષયના વ્યાપક વિચારોની વિશેષ સમજૂતી માટે લેખકે આપેલાં અનેક ઉદાહરણો પૈકી ખ્રિસ્તી ધર્મ વિષે લેખકે કરેલાં કેટલાંક વિધાનોમાં તે સમયે કેટલાકે છિદ્રદર્શનનો આક્ષેપ કરેલો પરંતુ લેખકે તો કેવળ નિષ્પક્ષપણે પ્રસ્તુત વિષયના સત્યને સ્પષ્ટ કરવા માટે પ્રત્યેક ધર્મની અને સંસ્થાઓની પ્રવૃત્તિ કે પરિસ્થિતિનો પૃથક્કરણાત્મક રીતે ચિતાર આપ્યો છે. પોકળ સુધારા-પ્રવૃત્તિઓ પાછળ આયુષ્ય અને દ્રવ્યનો મિથ્યા વ્યય ન કરતાં પોતે પોતાના મનનો જ સુધારો કરવા પર ભાર મૂકતાં લેખકે જણાવ્યું છે કે:

"આંધળો આંધળાઓને માર્ગ શી રીતે દર્શાવશે? આંધળાઓની સંખ્યામાં વધારો કરવાથી શું અંધને નેત્ર આવે છે? સો આંધળાના ટોળાને વધારીને લાખનું ટોળું કર્યું તોપણ તે આંધળાનું જ ટોળું છે. સ્વહિત જેમણે સાધ્યું નથી એવા મનુષ્યોએ લાખો મનુષ્યોને પોતાના ઝંડાતળે એકઠા કરવા, એ અંધોની સમુદાયની જ વૃદ્ધિ કરવા તુલ્ય છે." (૬૭)

સ્થળે સ્થળે આવતાં આ પ્રકારનાં વિધાનો લેખકની ઉદાત્ત દૃષ્ટિ ઉપરાંત તત્કાલીન અને વર્તમાન જનમાનસની પરિસ્થિતિમાં બહુ મોટો ફેર નથી એ હકીકતનું પણ સૂચન કરે છે. આ ગ્રન્થનો સર્વોત્કૃષ્ટ મનનીય અને અત્યુપયોગી વિભાગ દ્યોતન અને આત્મદ્યોતન(Auto-suggestion)ની શાસ્ત્રીય પદ્ધતિ તથા તેની વ્યાપક સત્તાને વિશદતાથી સમજાવનારા છેલ્લા ત્રણ લેખો છે. (૧) સ્વૈચ્છિક, (૨) અનૈચ્છિક અને (૩) સ્વૈચ્છિક-અનૈચ્છિક આત્મદ્યોતનના વ્યાપાર અને પ્રભાવ વિષે લેખકે અર્વાચીન માનસશાસ્ત્રે (૭૦ વર્ષ પહેલાં) પ્રચલિત કરેલા નવા નવા સિદ્ધાંતોને અનુલક્ષીને સંખ્યાબંધ ઉદાહરણોસહ પ્રકાશ નાખ્યો છે. બાહ્ય અને આંતર મન, વ્યાપ્તિગ્રાહક તથા વ્યાપ્તિપ્રયોજક અનુમાન વગેરેની ચર્ચા કરી લેખકે અનુકૂળ પ્રતિકૂળ આત્મ-દ્યોતનો દ્વારા વ્યાધિનિવારણ કેવી રીતે થાય છે અને માનસિક રોગોમાંથી પણ કેવી રીતે મુક્ત થઈ શકાય છે તેનાં ઘણાં ઉદાહરણો આપ્યાં છે. છેલ્લા પ્રકરણમાં લેખકે બાલ્યાવસ્થામાં જ ચારિત્ર્યબંધારણ પર આત્મદ્યોતનની અસર કેવી રીતે થાય છે અને તેનો કુટુંબમાં તથા કેળવણીના ક્રમમાં કેવી રીતે વિનિયોગ થઈ શકે તેની સ્પષ્ટ સમજણ આપી છે. લેખકે નાટકને અનુલક્ષીને પણ માનસિક દ્યોતનની અસરની ચર્ચા કરી છે. લેખક લખે છે:

"દ્યોતનનો અર્થ પ્રકાશનું જણાવવું, સમજાવવું, એવો થાય છે. ઇંગ્રેજી પારિભાષિક શબ્દનો[1] અર્થ જણાવવું થાય છે, એ ખરું છે, પણ તેમાં વિશેષતા એ છે કે જે જણાવવું તે એવી રીતે જણાવવું કે તે છેક અંતઃકરણના ઊંડા ભાગમાં ચોંટી જાય. ઇંગ્રેજી શબ્દમાં જે ધાતુ છે, તેનો અર્થ એવો છે કે 'અંદર લઈ જવું,' અને એ ઉપરથી મનમાં જે વ્યાપારો અથવા ક્રિયાઓ ચાલતાં હોય તેની તળેના ભાગમાં કોઈ બીજા વ્યાપારને અથવા ક્રિયાને લેઈ જવું એવો ખાસ પારિભાષિક અર્થ...પ્રમાણે જે બાબત આપણે જાણતા હોઈએ, તેની તળે કોઈ નવી બાબતને એવી રીતે સ્થાપી દેવી,—કોઈ નવા વિચારને મનમાં એવી રીતે સ્થાપવો કે પૂર્વે ચાલતા વિચારો, ઇચ્છાઓ અને લાગણીઓની તળે જઈને તે ઊંડો ચોંટે અને આ પ્રમાણે ઊંડો ચોંટીને તેઓના ઉપર પોતાનું બળ ચલાવીને તેમના બળને નરમ પાડી નાંખે." (૧૯૯).

શ્રી વિશ્વવંદ્યનો સમય ગોવર્ધનયુગનો સમય છે. શ્રે. સા. વર્ગના ઘણાખરા વિદ્વાનોનાં લખાણોને પંડિતયુગની ભાષાશૈલીનો પાસ લાગેલો છે, પરંતુ મહદંશે ગાંધીશૈલીની પુરોગામી બની રહેતી વર્ગના અગ્રણી શ્રી વિશ્વવંદ્યની શૈલી સાક્ષરયુગનાં સલ્લક્ષણોથી વિભૂષિત રહીને પણ તેનાં કેટલાંક લક્ષણોથી મુક્ત રહેવા પામી છે,—અને એ રીતે એનું આગવું પોત બંધાયેલું છે. આર્ય સંસ્કૃતિ, આર્ષ વિદ્યા અને ધર્મવિષયમાં પ્રવર્તતા વિકૃત ખ્યાલોનું તર્કયુક્તિપૂર્વક સરલ રોચક શલીમાં નિરસન કરનારા શ્રી વિશ્વવંદ્યના લેખોમાં નર્મદનો અત્યાવેશ કે મણિલાલના સુધારાવિરોધી પૂર્વગ્રહયુક્ત ખંડનાત્મક વલણનો અંશ સરખો પણ દેખાતો નથી. પાંડિત્યનો, સંસ્કૃતમયતાનો અને અવતરણોનો અતિરેક શોધ્યો જડે તેમ નથી. પૂર્વપશ્ચિમનો ઊંડો અભ્યાસ અને પ્રતિપાદ્ય વિષયના સંગીન અનુભવને આધારે આ વીતરાગી સાધકે, કેવળ લોકહિતાર્થે પક્ષપાતરહિતપણે સર્જેલા સાહિત્યમાં (તેમની કવિતામાં પણ) સત્ત્વશીલ વીર્યભાવને ઉદ્દીપ્ત કરવાનું અનુપમ સામર્થ્ય રહેલું છે. સચ્ચાઈ, સન્નિષ્ઠા, આર્જવ, અભ્યાસનાં ઊંડાણ અને વ્યાપકતાને લીધે તેમની પ્રવચનશૈલીની અભિવ્યક્તિમાં સામાન્ય વાચક (average man)થી માંડીને ઉચ્ચ કોટિના વિદ્વાનોને સ્પર્શતી નિર્વ્યાજ નિખાલસતા, સ્વસ્થતા, શિષ્ટતા, વ્યવસ્થિતતા વિશદતા અને નિર્ઝરિણી જેવી પ્રસન્નમધુર પ્રવાહિતા પદે પદે પ્રતીત થાય છે. તત્ત્વચર્ચા અને ગંભીર વિચારોનો વિમર્શ હોવા છતાં ભાષા ગંભીર ભારેખમ કે ક્લિષ્ટ બની જતી નથી. તેમની શૈલી સરળ પ્રાસાદિક છતાં ઓજસ્વી છે. તેમનાં તમામ લખાણોમાં પુરુષાર્થપ્રવણતા, ઉત્કર્ષ માટેનો ઉત્સાહ અને આશાવાદનો પડઘો ઊઠયા જ કરતો હોય છે.

અલબત્ત, લેખક વારંવાર પ્રિય વાચક બંધુઓને ઉદ્બોધન કરે છે તથા એકના એક વિચાર અને ભાવનું ભિન્ન ભિન્ન રીતે પુરશ્ચરણ કરતા હોય એમ લાગે છે. સાહિત્યિક દૃષ્ટિએ એ ભલે મર્યાદા ગણી શકાય; પરંતુ તે સમયની લેખનશૈલીની પ્રચલિત રીતિ, લેખનપ્રવૃત્તિ પાછળનું આત્મોદ્ધાર ઉપરાંત માનવીય મૂલ્યોનાં સ્પષ્ટીકરણ અને સંમાર્જનનું પરલક્ષી પ્રયોજન, લોકહૃદય સુધી સદ્વિચારોનું સંક્રમણ અને સુદૃઢીકરણ થાય તે માટે પુનરુક્તિ અને સેંકડો દૃષ્ટાંતોની ઉપયોગિતાનું દૃષ્ટિબિંદુ...વગેરેનો પણ ન્યાયદૃષ્ટિથી વિચાર કરવો આવશ્યક બની રહે છે. શિષ્ટ શૈલીના સમર્થ ગદ્યકાર તરીકે શ્રીમાન્ વિશ્વવંદ્યના સાહિત્યનો અભ્યાસ થવો જરૂરી છે.

---

૧ Suggestion.

જોડણીની ભૂલો સુધારવા પાત્ર છે. સારો કાગળ, સફાઈદાર અને સુઘડ છાપકામ છતાં આવા દળદાર ગ્રન્થોની કિંમત ઓછી રાખવા માટે, પ્રકાશક ખરેખર ધન્યવાદને પાત્ર છે.

અંતમાં 'કુમાર' સામયિકના જાન્યુઆરી ૧૯૬૪ના અંકમાં પ્રસિદ્ધ થયેલા શ્રી ચંદ્રકાન્ત શુકલના પરિચાયક લેખમાંથી એક પરિચ્છેદના અવતરણથી હું પૂર્ણ કરીશ.

"કોઈ પણ વિષય એમને માટે નજીવો નથી. એમની દૃષ્ટિ સર્વગ્રાહી છે. માનવજીવનની સંકુલતાથી એ પૂરેપૂરા વાકેફ છે એ તો એમણે છણેલા વિષયો પર અછડતી નજર કરતાં એ જણાઈ આવે છે. દરેક વિષયમાં તેઓ ઝીણું અન્વેષણ કરે છે; તર્કસિદ્ધ વિચારોને એ તત્ત્વનિષ્ઠાના નિકષ પર મૂકી તપાસી જુએ છે. કોઈ પણ વસ્તુ પરંપરાગત કે પ્રાચીન છે એટલા ખાતર જ એનો સ્વીકાર કરવાની એ હિમાયત કરતા નથી, પણ વસ્તુનું સત્ત્વ સ્થાપિત કરી, તેની યથાર્થતા સાબિત કરીને પછી તેનો સ્વીકાર કરવાનો અનુરોધ કરે છે. એમની ચર્ચામાં ઋજુતા છે; ક્યાંય ઝનૂન કે વિદ્વેશનું ચિહ્ન સરખું નથી, કે નથી કોઈ પ્રકારની સાંપ્રદાયિકતા. શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આદરણીય અગ્રણી હોવા છતાં એ વર્ગનો વિસ્તાર કરવા માટે એમણે લખ્યું નથી. એમણે તો સનાતન ધર્મનાં મૂળભૂત તત્ત્વોની જ વિચારણા કરી...કેવલ સાહિત્યિક દૃષ્ટિએ જોઈએ તોપણ શ્રી વિશ્વવંદ્ય એ યુગના એક સમર્થ ગદ્યકાર છે."

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**જિણદત્ત-ચરિત :** (આદિકાલિક હિન્દી કાવ્ય): રચયિતા: કવિવર રાજસિંહ; સમ્પાદક: ડૉ. માતાપ્રસાદ ગુપ્ત તથા ડૉ. કસ્તુરચંદ કાસલીવાલ; પ્રકાશક: મંત્રી, પ્રબન્ધ-કારિણી કમેટી, દિ. જૈન ક્ષેત્ર શ્રીમહાવીરજી, જયપુર. પ્રાપ્તિસ્થાન: (૧) સાહિત્યશોધ વિભાગ, મહાવીર ભવન, સવાઈ માનસિંહ હાઈવે, જયપુર (રાજસ્થાન); (૨) મૅનેજર, શ્રીમહાવીરજી, શ્રીમહાવીરજી (રાજસ્થાન); ૧૯૬૬. કદ ૮.૨" × ૬.૨"; પૃ. ૨ + ૫૦ + ૨૪૦ + ૧૪ + ૭ વિફલક ૧. મૂલ્ય : રૂ. ૫ = ૦૦.

પ્રસ્તુત કાવ્યની માત્ર એક જ હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે, જેને આધારે આ પ્રકાશન કરાયું છે. આ જિનદત્તની કથા વર્ણવતી કૃતિઓ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ તેમ જ અર્વાચીન ભારતીય ભાષાઓમાં રચાઈ છે. તેમાંની લાખૂ કવિ અર્થાત્ લક્ષ્મણે અપભ્રંશ ભાષામાં રચેલ 'જિણદત્તકહા'ના અવલમ્બન પર પ્રસ્તુત કૃતિ 'જિણદત્ત-ચરિત'ની રચના રલ્હ કવિ અર્થાત્ કવિ રાજસિંહે, અલાઉદ્દીન ખિલજી (ઈ. સ. ૧૨૯૬-૧૩૧૬)ના શાસનકાળ દરમિયાન, વિક્રમ સંવત્ ૧૩૫૪(ઈ. સ. ૧૨૯૮)માં કરી હતી.

આ એક સુન્દર મહત્ત્વપૂર્ણ કાવ્ય છે. તેમાં જેનું નિરૂપણ કરાયું છે તે જિણદત્ત શેઠની કથા સંક્ષેપમાં આ પ્રમાણે છે:

જિનદત્ત વસન્તપુરના શેઠ જીવદેવનો એકનો એક પુત્ર હતો. તેની સંસાર પ્રત્યેની અભિરુચિ બહુ અલ્પપ્રમાણ હોવાથી તેને તેનો રંગ લગાડવા માટે જુગારીઓ વગેરેનો સંગ વળગાડવામાં આવ્યો, પરંતુ તેથી તે સાંસારિક લાલસાઓ તરફ વળ્યો નહિ. અન્તે તે એક

પ્રતિમાને નિહાળતાં તેના પર મોહ્યો ખરો. તે પ્રતિમા ચમ્પાપુરીના નગરશેઠ વિમલની પુત્રી વિમલામતીની હતી. બન્નેનાં ધામધૂમપૂર્વક લગ્ન થયાં.

તે પછી એક દિવસ જુગારીઓનો ભેટો થઈ જતાં તરુણ જિનદત્ત તેમની સાથે ખેલ્યો, પરન્તુ તેમાં તે સરળ હૃદયનો યુવાન અગિયાર કરોડ દ્રવ્ય હાર્યો. હવે આ ધન ભરપાઈ કરવું કેવી રીતે ? તેના શ્રીમન્ત પિતાએ તો ધસીને ના પાડી દીધી. આથી પોતાની પત્ની વિમલામતીની બેનમૂન કાંચળીને નવ કરોડમાં વેચી નાખવી પડી. આ પ્રસંગે તેને ઘેરો આઘાત આપ્યો અને વિદેશગમન કરી ધન કમાવાનો સંકલ્પ કર્યો.

પ્રથમ તો તે દમ્પતી ચમ્પાપુરી ગયાં. ત્યાં ચાર-પાંચ દિવસ રોકાયા બાદ જિનદત્ત વિમલામતીને ચૈત્યાલયમાં એકલી છોડીને દશપુર તરફ ચાલ્યો ગયો. તેના પુનિત આગમનથી દશપુરનો બગીચો ખીલી ઊઠ્યો. આથી ત્યાંના નગરશેઠ સાગરદત્તે તેને ભાગ્યશાળી ગણી પોતાના ધર્મપુત્ર તરીકે સ્વીકાર્યો. વ્યાપાર અર્થે ફરવામાં પણ સાગરદત્ત તેને સાથે લઈ જતો.

વ્યાપારાર્થે વિદેશભ્રમણ કરતા કરતા તેઓ એક વખત સિંહલદ્વીપમાં આવી પહોંચ્યા. ત્યાંના રાજા ધનવાહનની કુમારી શ્રીમતીને એવો ભયંકર રોગ થયો હતો કે જે કોઈ રાત્રે તેનો પહેરો ભરવા જાય તે મરી જતો. આથી પહેરા માટે વારા કાઢવામાં આવ્યા હતા. એક દિવસ એક માણસના એકના એક પુત્રનો વારો આવ્યો. તેને બદલે જિનદત્ત પહેરો ભરવા ગયો. તેનું સુન્દર રૂપ જોઈ ખેદ પામેલી રાજકુમારીએ તેને મૃત્યુના મુખમાં ન પડતાં પાછા ચાલ્યા જવા સમજાવ્યો, પરન્તુ તેણે તે સલાહને ન ગણકારી, અને કુમારી ઊંઘી ગઈ.

રાજકુમારી સાથેના વાર્તાલાપ સમયે ચતુર જિનદત્તે તેના મુખમાં સર્પ જોઈ લીધો. આથી સમય ન ગુમાવતાં તેણે સ્મશાનમાંથી નરમુણ્ડ લઈ આવી તેના પલંગની નીચે ગોઠવી દીધું અને પોતે સાવધાન થઈ હાથમાં ખુલ્લી તલવાર ધરીને છુપાઈ ગયો. થોડી જ વારમાં તેણે જોયું કે ઊંઘતી કુમારીના મુખમાંથી એક ભયંકર કાળો સાપ નીકળ્યો ને પેલા નરમુણ્ડને દંશવા લાગ્યો. તુર્ત જ જિનદત્તે પૂંછડી બરાબર પકડીને તેને ખૂબ ઘુમાવ્યો, જેથી તે આકુળ-વ્યાકુળ થઈ ગયો. પછી તેને એક પોટલીમાં બાંધીને તે નિઃશંક બની નિદ્રાધીન થયો.

તેના આ પરાક્રમે તેને શ્રીમતી પરણાવી. ત્યાંથી ઘર તરફ તેઓ પાછા ફરતા હતા ત્યારે શ્રીમતી પર મોહી પડેલ લંપટ સાગરદત્તે જિનદત્તનું કાસળ કાઢવાની યુક્તિ કરી. તેણે એક પોટલું દરિયામાં અચાનક પાડી દઇને જિનદત્તને તે લઈ આવવા પ્રેર્યો. ભોળો જિનદત્ત પાણીમાં પડ્યો એટલે તેણે તેની સાથે બાંધેલું દોરડું કાપી નાખીને વહાણ હંકારી મૂક્યું. આથી શ્રીમતી અત્યન્ત ખિન્ન થઈ ગઈ. તેને મનાવવા સાગરદત્તના સર્વ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. તેની જાળમાં નહીં ફસાતાં તે અન્ય વ્યાપારીઓ સાથે ચમ્પાપુરી પહોંચી અને જે ચૈત્યમાં મૌન સેવતી વિમલા વસતી હતી ત્યાં જ તે પણ રહી.

બીજી બાજુ જિનદત્ત હાથ લાગેલા લાકડાના ટુકડાઓને સહારે તરતો તરતો વિદ્યાધર-નગરીમાં પહોંચ્યો. ત્યાં પણ વિદ્યાધરનગરી રથનૂપુરના રાજા અશોકે પોતાની કન્યા શૃંગારમતીને તેની સાથે પરણાવી અને દહેજમાં સોળ વિદ્યાઓ અર્પણ કરી. કેટલાક કાળ બાદ તેઓ વિમાનમાં બેસી પાછા ચમ્પાપુરી આવ્યાં અને બગીચામાં ઊતર્યાં. ત્યાં જિનદત્તે એક વામણાનું રૂપ ધારણ

કર્યું. શૃંગારમતી પતિવિયોગે ઝુરવા લાગી અને વિમલ શેઠે તેને વિમલા તથા શ્રીમતીવાળા ચૈત્યમાં નિવાસ આપ્યો.

હવે આ વામણાએ પોતાની વિદ્યાઓના ચમત્કારથી ત્યાંના રાજાને પણ ચકિત કરી દીધો અને ખુશ થયેલ રાજાએ તેને કંઈક પુરસ્કાર માગવા સૂચવ્યું; ત્યારે તેની રાજસભાના કોઈ સભ્યે એવું સૂચન કર્યું કે આ ચમત્કારી મહાશય જો વિમલશેઠની પેલી ત્રણે મૌનવ્રતધારી દુઃખી છોકરીઓને હસાવે તો જ તેને પુરસ્કાર આપવો. જિનદત્ત તો તે દરેકને પિછાનતો હતો. તેથી તેણે તે દરેકની કથની કહીને રાજાને અધિક પ્રભાવિત કર્યો, એટલું જ નહીં, પણ રાજાના ઉન્મત્ત હાથીને નાથીને તેની કન્યા તેમ જ અર્ધું રાજ્ય પણ જીત્યો. પછી પોતાનું વાસ્તવિક રૂપ ધારણ કરી તેણે પોતાની તે ત્રણે પત્નીઓને ખુશ કરી અને પાપથી પાંગળા બનેલા સાગરદત્ત પાસેથી પોતાનું ધન પાછું મેળવીને અતિવિશાળ લાવલશ્કર સાથે પોતાના વતન વસન્તપુર પ્રતિ પ્રયાણ કર્યું.

વસન્તપુર પાસે આવી પહોંચતાં, તેના આવા મહાસૈન્યથી સૌ કોઈ ગભરાયા. વસન્તપુરના નૃપતિ ચન્દ્રશેખરના દૂતે ઈષ્ટ દણ્ડ લઈને ચાલ્યા જવા વીનવતાં તેણે સામે કહેણ મોકલ્યું કે "મારે દણ્ડ કંઈ જ જોઈતો નથી, માત્ર નગરશેઠ જીવદેવ અને શેઠાણી જીવંજસા સોંપી દો." રાજા પવિત્ર શેઠશેઠાણીને કોઈ પણ સંજોગોમાં સોંપવા તૈયાર ન હતો; પરન્તુ પોતાને કારણે પ્રજા પર કેર વર્તે તે તે લોકહિતેચ્છુ દમ્પતી ઇચ્છતાં ન હતાં. તેથી તેઓ જાતે જ શત્રુદલમાં ગયાં.

જિનદત્ત ગદ્‌ગદિત બની માતપિતાને ચરણે પડ્યો. રાજા ચન્દ્રશેખરે તેને પોતાનો ભાગીદાર બનાવ્યો. માતાપિતાની સેવામાં અને ચારે પત્નીઓના સંગમાં આનન્દથી દિવસો નિર્ગમન કરતો તે ચંદ્રશેખરની પછી રાજા થયો, અને સર્વથા ઉત્તમ શાસન ચલાવતો તે ત્યાં આવી ચઢેલા એક નિર્ગ્રન્થ મુનિની પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી અન્તે અષ્ટમ સ્વર્ગે સંચર્યો.

આમ આ ધીરોદાત્ત નાયકવાળું રોમાંચક શૈલીનું ચરિતકાવ્ય હોઈ શાન્તરસપ્રધાન મહાકાવ્ય છે. કુલ ૫૫૩ કડીની આ 'જિણદત્ત-ચઉપઈ'માં ચૌપાઈ ઉપરાન્ત વસ્તુબન્ધ તથા ક્વચિત્ દોહાનો પણ પ્રયોગ થયો છે. સામાજિક રીતરિવાજોનું પણ તેમાં ઠીક ઠીક પ્રતિબિમ્બ પડેલું જણાય છે. કવિ સામાન્ય રીતે લાંબાં વર્ણનો ટાળે છે અને એ રીતે રસનું સાતત્ય સાચવી રાખે છે. તથાપિ જે ટૂંકાં ટૂંકાં આલેખનો જોવા મળે છે તેમાંથી પણ તેનો પ્રકૃતિપ્રેમ તેમ જ વર્ણનશક્તિનો પરિચય થયા વિના રહેતો નથી. વાર્તા કહેનારના જેવી સીધી શૈલી સહજ રીતે સચોટ બની શકી છે. આપણે આ વિશિષ્ટ શૈલીના બે નમૂના જોઈએ :

પ્રથમ જુઓ રાજકુમારીના મુખમાંથી નીકળેલા સર્પને જિનદત્તે પકડ્યો તે પ્રસંગનું તથા તે સમયના તેના મનોમન્થનનું ટૂંકું છતાં સચોટ, કલ્પનાયુક્ત વર્ણન :

"पुणि झुलाइ तहि तलि सिरु करइ, गरबु छाडि विसहरु धर पडइ ।
विकल भुयंग देखी मनु धरइ, जीउ मारि को नरयहं पडइ ॥
वोलि जणाइ तउ रहु रहु करइ, हाथु होइ तउ हाथहि धरइं ।
होहि पाइ तउ जाइ पलाइ, सो वपु डाहउ मारउ काइ ॥"

(કડી ૨૨૯-૨૩૦, પૃ. ૭૬)

અર્થાત્—(સર્પને) ફરી ઘુમાવીને તેનું માથું જમીન પર અફાળ્યું, (તેથી) ગર્વ છોડીને (તે) વિષધર ધરા ઉપર પડ્યો. ભુજંગને વ્યાકુળ જોઈને (તેના) મનમાં થયું: "જીવને મારીને કોણ નરકમાં પડે? જો (તે) બોલી જાણતો હોત તો 'રહો, રહો' (એમ) કરત; હાથ હોત તો હાથ પકડી લેત; પગ હોત તો પલાયન કરી જાત. તેથી (આ) શરીર (માત્ર)ને શું દામું, (શું) મારું?!"

વળી જુઓ જિનદત્તનું માતાપિતા સાથેનું વિશેષતઃ માતા સાથેનું—રોમાંચક મિલન:

"जिणदत्त गहिवरु आयौ हियउ, दीठउ माइ वापु विलखियउ ।
उठित पीड लोटणी कराइ, चारउ तिरिया लागहि पाइ ॥

जणणी चलणु णमिउ अठंगु, पाय पखालित परिसिउ अंगु ।
गहविर बोलइ साहस धीरु, अव महु सुद्धउ भयउ सरीर ॥

सेठिणि गहवरि आयउ हियउ, पुणु आपणउ उंछगह लियउ ।
जायो पूतु आज सुपियार, खीर पवाह वहे थणहार ॥"

(કડી ૪૯૮-૫૦૦, પૃ. ૧૫૨).

અર્થાત્—જિનદત્તનું હૃદય પુલકિત થયું; માબાપને જોઈ તે રડી પડ્યો. ઊઠીને (તે તેમના) ચરણમાં આળોટ્યો. (તેની) ચારે સ્ત્રીઓ (પણ) પગે લાગી. જનનીના ચરણમાં (તેણે) સાષ્ટાંગ પ્રણામ કર્યા, પગ પખાળીને સ્પર્શ કર્યો. (પછી તે) સાહસધીર જિનદત્ત બોલ્યો: "હવે મારું શરીર શુદ્ધ થયું." શેઠાણીનું હૈયું (પણ) ભરાઈ આવ્યું; પછી (તેણે પુત્રને) પોતાના ખોળામાં લીધો: પ્યારો પુત્ર આજે જ જન્મ્યો હોય તેમ તેના ભારે સ્તનમાંથી દૂધની ધારા વહેવા લાગી.

આ ગ્રન્થની ભાષાનું મહત્ત્વ પણ ઘણું છે. તે અપભ્રંશ અને અર્વાચીન ભારતીય આર્ય ભાષાઓની એક વચ્ચેની કડી રૂપ છે. આ કાવ્યની ભાષાનું પરિશીલન અપભ્રંશ ભાષાએ ધીરે ધીરે અર્વાચીન રૂપ કેવી રીતે લીધું તે વિકાસક્રમને સારી રીતે સમજવા માટે અત્યન્ત ઉપયોગી થઈ પડે તેમ છે. અન્તે આપેલ શબ્દકોષમાં આવા વિકાસક્રમની કોઈ પણ રીતે નોંધ લેવાઈ હોત તો બહુ ઉપકારક થાત; હવે તો આવાં પ્રકાશનોમાં આ વસ્તુ અનિવાર્ય લેખાવી જોઈએ.

આ કાવ્યમાં અપભ્રંશ શબ્દોનું પ્રાચુર્ય પ્રથમદર્શને જ જણાઈ આવે છે. સમ્પાદકે નામપૃષ્ઠ પર 'જિનદત્તચરિત'ને 'આદિકાલિક હિન્દી કાવ્ય' કહ્યું છે; પરન્તુ એની ભાષાનું સૌથી વધુ સામ્ય જેને અભ્યાસીઓ 'મારુ ગુર્જર' તરીકે ઓળખે છે તે જૂની રાજસ્થાની અને જૂની ગુજરાતી સાથે જ છે.

દરેક કડીની નીચે હિન્દી અનુવાદ તથા વિશિષ્ટ શબ્દોના અર્થ આપેલા છે તે આજે આ કાવ્ય સમજવા માટે સરળતા કરી આપે છે, જો કે કવચિત્ કવચિત્ પ્રયોગો અનુવાદકને સમજાયા નથી એવું લાગે છે. આવી કેટલીક ક્ષતિઓ ગ્રન્થને અન્તે આપેલ 'અર્થ-સંશોધન'નાં ૧૪ પૃષ્ઠોમાં કાળજીપૂર્વક સુધારી લીધી છે, અને આવી વૃત્તિ આવકારપાત્ર છે.

પ્રારમ્ભમાં 'જિણુદત્ત-ચરિત'ની પાણ્ડુલિપિના એક પૃષ્ઠનું ચિત્ર આપેલું છે અને તે પૂર્વે ભૂમિકામાં ગ્રન્થનાં વિવિધ પાર્શ્વોનું તેમ જ 'જૈન કથા સાહિત્યનાં સ્વરૂપ તથા વિકાસ'નું સંક્ષિપ્ત આલોચન કર્યું છે, તે ગ્રન્થની ઉપયોગિતામાં વધારો કરે છે.

જયન્ત ઠાકર

* * *

**श्रवणाख्यान:** હિન્દી અનુસંધાન ગ્રંથમાલા–૪ સંપાદક:. ડૉ. ચંદ્રપ્રકાશસિંહ તથા ડૉ. મદનગોપાલ ગુપ્ત; પ્રકાશક: ડૉ. એમ. જી. ગુપ્ત, અધ્યક્ષ, હિન્દી વિભાગ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા; ૧૯૭૦.: પૃ. ૬ + ૪૩ + ૧૨૮ કિંમત: રૂ. ૫ = ૫૦ પૈ.

અર્વાચીન યુગના પ્રસિદ્ધ કવિ શ્રી દલપતરામની એક હિન્દી કૃતિનું આ સંશોધન અને સંપાદન છે. મધ્યકાલીન કે પ્રાચીન કવિઓ કૃષ્ણ-ભક્તિના માધ્યમ દ્વારા 'વ્રજભાષા'નો અભ્યાસ કરતા હતા અને કાવ્યો પણ રચતા હતા એ જાણીતી વાત છે; પરંતુ અર્વાચીન યુગમાં દલપતરામ અને એમની પરંપરાના કવિઓએ પણ એ જ રીતિનું સાતત્ય જાળવ્યું છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી ગુપ્તાજીએ કવિના કાવ્યત્વની અને ગુણદોષની સારી એવી સમીક્ષા કરી છે. ફાર્બસ સાહેબના કહેવાથી પોતાની કાવ્ય-પ્રવીણતા બતાવવા માટે કવિ શ્રી દલપતરામે વાલ્મિકી રામાયણ, રઘુવંશ અને લોકોક્તિના આધારે 'શ્રવણાખ્યાન' કાવ્ય લખ્યું છે એમ તેઓ પોતે કૃતિના પ્રથમ પ્રભાવમાં જણાવે છે.

આખું કાવ્ય નવ પ્રભાવમાં વહેંચાયેલું છે. વ્રજ ભાષાના આચાર્ય શ્રી ગોકુલ કવિએ ૧૦૮ છંદમાં તે કાવ્યની ભૂમિકા લખી છે. 'શ્રવણાખ્યાન' લખવાની બાબતમાં કવિ જણાવે છે તેમ મહારાજ દિગ્વિજયસિંહે 'અર્જુન વિલાસ' નામનું પુસ્તક કવિને મોકલાવ્યું. તેમાં કવિએ બલરામપુરના નરેશની પિતૃભક્તિ જોઈ. તેથી પિતૃભક્તિને જ વિષય બતાવી ફાર્બસ સાહેબના સૂચનને ધ્યાનમાં રાખી વ્રજ ભાષામાં આ કાવ્ય લખી રાજાને અર્પણ કર્યું.

શ્રવણાખ્યાનની કથા લોકોમાં પ્રચલિત છે તે પ્રમાણે જ કવિએ આપી છે પરંતુ કેટલીક નવીન વાર્તાઓ પ્રસંગને અનુરૂપ આખ્યાન સાહિત્યપ્રકારમાં જોડવામાં આવે છે તે પ્રમાણે સસરા-જમાઈની વાત, પરમહંસની કથા, ગોલકુંડાનિવાસી બ્રાહ્મણની કથા, જૂનાગઢના પિતૃભક્ત વાણિયાની કથા વગેરે કવિએ પ્રસંગોચિત જોડી છે. શ્રવણની પિતૃભક્તિનું નિરૂપણ દૃઢ કરવા કવિએ પશુપક્ષીઓનાં કેટલાંક દૃષ્ટાન્ત પણ પ્રસંગોચિત સ્વકલ્પનાથી આપ્યાં છે.

આખી કૃતિને જોતાં કવિ દલપતરામ વ્રજ ભાષામાં સિદ્ધહસ્ત કવિ છે એ છાપ ઉપસી આવે છે. કેટલીક જગ્યાએ કવિની વિશિષ્ટતા પણ ઝળકી ઊઠે છે. જેમ કે સરયૂ નદીનું વર્ણન કરતાં કવિ લખે છે—

છંદ પ્રિય છંદ બોલૈ આનંદ કે કંદ જહાં,
ધ્વનિ સુની ગુની મન હો જોં હુલાસ હૈ......
(પ્રથમ પ્રભાવ છંદ–૨૨)

અહીં ઝડઝમક અને પ્રાસદ્વારા નદી વહેતી હોય તેવો ધ્વનિ ઉત્પન્ન થાય છે. શ્રવણનું મૃત્યુ થતાં કવિ પિતાના વિલાપને હરિગીત છંદમાં કરુણ શબ્દોમાં વર્ણવે છે, જ્યારે માતાના વિલાપને સોરઠા છંદમાં ખૂબ ટૂંકાણમાં અને ભાવવાહી શબ્દોમાં વર્ણવે છે. કવિની કલમ આ પ્રસંગે બૌદ્ધિક રુકાવટ વગર આગળ ધપે છે જેમાં માતાપિતાની કરુણ લાગણી છંદ અને ધ્વનિ સાથે વહે છે.

જો કે કેટલેક સ્થળે અહિન્દી ભાષી રચનાની છાંટ આવ્યા વગર રહેતી નથી. જેમ કે "કોઉ **કારખાનામાં** પ્રસિદ્ધ હોત યાદી પત્ર," "સાચા **વિષે** ફરિયાદ ન હોઈ". વળી કેટલાક શબ્દો પણ અહિન્દી એટલે કે ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષાના આવી ગયા છે. જેવા કે 'ખૂરસી,' 'દિલગિરિ,' 'ચશ્મે,' 'અપિલ,' 'મદથેં,' 'કોટિધા,' 'મૃગશિશુ,' 'યાદી પત્ર,' 'નોંધ,' 'સારું'ના અર્થમાં 'સારો,' 'બહુત'ના અર્થમાં 'બોત' વગેરે.

હિન્દી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન રૂપ ગણાય એવું મહત્ત્વ આ કૃતિનું નથી. મધ્યકાલીન સાહિત્યમાં વિકસેલ આખ્યાન પ્રકારની શૈલીમાં જ લખાયેલ આ એક સામાન્ય કૃતિ છે, છતાં દલપતરામ જેવા પ્રસિદ્ધ ગુજરાતી કવિની હિન્દી કૃતિનું આ સંપાદન છે એ રીતે તે નોંધપાત્ર છે. આ પ્રકાશનને માટે સંપાદકોને અભિનંદન ઘટે છે.

**નિરંજના શાહ**

* * *

## સાભાર સ્વીકાર

(૧) **સોનાની ઝાલ :** સંગ્રાહક : શ્રી. પુષ્કર ચંદરવાકર; પ્રકાશક : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ; પૃ. ૧૮૪; કિંમત રૂા. ૨ = ૫૦ પૈ.

(૨) **શ્રી. અંબુભાઈ પુરાણી :** (જીવનકથા અને સંસ્મરણો): લેખક : શ્રી. મૂળજીભાઈ તલાટી; પ્રકાશક : પથિક પ્રકાશન મંદિર, ઉમરેઠ; પૃ. ૪૧૦ + ૧૪; કિંમત રૂા. ૧૨ = ૦૦

(૩) **भारतीय साहित्य और संस्कृति :** લે. ડૉ. મદનગોપાલ ગુપ્ત; પ્રકાશક : કલા પ્રકાશન, સેકટર ૧-૨૨૬, રામકૃષ્ણપુરમ, નવી દિલ્હી–૨૨; પૃ. ૨૦૮; કિંમત રૂા. ૬ = ૦૦

(૪) **ધ્વન્યાલોક :** સંપાદક : શ્રી. ડોલરરાય માંકડ; પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯; પૃ. ૩૪૭; કિંમત રૂા. ૧૦ = ૦૦

(૫) **સિલોન :** લેખક : ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯; પૃ. ૧૧૬; કિંમત રૂા. ૩ = ૫૦ પૈ.

(૬) **ગાંધી ગૌરવ :** લેખક : યોગેશ્વર; પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪; પૃ. ૩૪૧; કિંમત રૂા. ૧૦ = ૦૦

# સ્વાધ્યાય

પુસ્તક ૭ : અંક ૪ ઑગસ્ટ, ૧૯૭૦

જન્માષ્ટમી વિ. સં. ૨૦૨૬

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ૩૨૩–૩૭૮

૨. ભાગવતમાં રાજવંશ-વૃત્તાંત—હરિપ્રસાદ શાસ્ત્રી ... ... ૩૭૯–૩૯૭

૩. 'જળકમળ' પ્રભાતિયાની પ્રાચીનતા અને તેનું કર્તૃત્વ—
હરિવલ્લભ ભાયાણી ... ... ... ... ૩૯૮–૪૧૨

૪. ઔશીનરીનો ક્રોધ—નીના સી. ભાવનગરી ... ... ... ૪૧૩–૪૧૮

૫. પાલાનો અતિ પ્રાચીન જૈન શિલાલેખ—હસમુખ ધી. સાંકળિયા ... ૪૧૯–૪૨૧

૬. અજબપુરાના પ્રાચીન અવશેષો—ર. ના. મહેતા, સૂર્યકાન્ત ચૌધરી ... ૪૨૨–૪૨૮

૭. પ્રાચીન હિંદમાં તાંબું—નરસિંહ મૂળજીભાઈ શાહ ... ... ૪૨૯–૪૩૬

૮. ગ્રન્થાવલોકન :

૧. વિશ્વવંદ્ય કિરણાવલી : ... ... ... ૪૩૭–૪૪૨

૨. જિણદત્ત-ચરિત : ... ... ... ૪૪૨–૪૪૬

૩. શ્રવણાખ્યાન : ... ... ... ૪૪૬–૪૪૭

(સ્વાધ્યાય-પૂર્તિ)

૯. પ્રાસાદતિલક—શ્રી પ્રભાશંકર ઓ. સોમપુરા ... ... ૧૭–૩૨

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિ: કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવ: ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં.: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ: એક અધ્યયન**—લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | „ „ „ ૨ | ૧=૭૫ |
| ૩. | „ „ „ ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ: મર્મનિકા સહિત) | ૧=૭૫ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | „ „ **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ: બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક: ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |


પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**




# શરદી? દુખાવો? દર્દ?




# રુબેક્સ

## નવીન શીઘ્ર આરામદાયક ઈલાજ



# રુબેક્સ એટલે જ રાહત

રુબેક્સ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.

રુબેક્સ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ કાર્યશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે.

રુબેક્સ સુગંધિત છે અને બાળકોની કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.


રુબેક્સ લગાડવાથી બળતરા થતી નથી, ડાઘ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.

બે સાઈઝમાં મળે છે —
૨૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.

**રુબેક્સ એટલે જ રાહત.**

ઉત્પાદક: હોમ્યો, એલેમ્બિક કેમિકલ વર્ક્સ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય



# રાષ્ટ્રીય એકતા

"ચાલો આપણે ભૂલી જઈએ કે, 'હું હિંદુ છું,' 'તું મુસ્લિમ,' અથવા 'હું ગુજરાતી છું,' 'તું મદ્રાસી'. ચાલો આપણે 'હું' અને 'મારૂં' ને સમગ્ર ભારતીય રાષ્ટ્રિયતામાં એક-રૂપ કરી દઇએ. સાથે ડૂબવાને કે સાથે તરવાને આપણો બહુજન સમાજ કૃતનિશ્ચય બનશે ત્યારેજ આપણે ખરેખરા સ્વતંત્ર થઇશું"


—ગાંધીજી



ગુજરાત રાજ્યના માહિતી નિયામક દ્વારા પ્રકાશિત

રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય

# start the saving habit




# save with Bank of Baroda

The Bank of Baroda has many attractive Savings Schemes—Savings Account, Minors' Savings Scheme, Recurring Deposits, Fixed and Term Deposits. Choose the one that you like best—and earn a handsome interest! See your money grow in the Bank of Baroda.

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda
M. G. Parikh, Custodian

# આપનાં દરજ્જો, રોજગાર અને આમદાની ગમે તે હોય... આપને સહાયરૂપ થાય તેવી સેવા **દેના બેંક** પાસે છે જ.

જીવનનાં સર્વ ક્ષેત્રોમાં કાર્ય કરતા દેશભરના માનવીઓને વધુ કમાવામાં અને વધુ સમૃદ્ધ જીવન જીવવામાં મદદરૂપ થવું, એ **દેના બેંક**ની સેવાઓનું મુખ્ય લક્ષ્ય છે. આપનામાં સાહસ અને પરિશ્રમની વૃત્તિ હોય તો વધુ સફળ જીવન વિતાવવામાં આપના સાથી તરીકે આપ **દેના બેંક** પર આધાર રાખી શકો છો.

સાહસિક નાના વ્યાપારીઓ, વ્યવસાયી વ્યક્તિઓ, કિસાનો, કારીગરોને રોજગાર વધારવામાં સહાયતા કરવા માટે

**લઘુ ઉદ્યોગ યોજના**
**પ્રજાકીય લોન યોજના**
**છૂટક વ્યાપાર માટે ધીરાણ યોજના**
**ખેતીવાડી ધીરાણ યોજના**
**વ્યક્તિગત લોન યોજના**

આયાત-નિકાસની સહાયતા માટે

**લેટર્સ ઑફ ક્રેડિટ અને**
**વિદેશી હૂંડિયામણ અંગે સેવા**

ગ્રાહકોને વિનામૂલ્ય સેવાઓ

**ફ્રી મેલ ટ્રાન્સફર**
**ટ્રેવલર્સ ચેક**
**ગિફ્ટ ચેક**

આપને તથા આપનાં બાળકોને બચત તથા ઉપાર્જનમાં મદદ કરવા માટે

**બચતખાતું**
**સગીર બચત યોજના**
**ફિક્સ્ડ ડિપોઝિટ**
**રિકરિંગ ડિપોઝિટ યોજના**

આપની કીમતી ચીજોના રક્ષણ માટે

**સેફ ડિપોઝિટ વોલ્ટ**

ઉપરાંત .... સામાન્ય બેંકિંગ સેવાઓ

**આપની રોજબરોજની બેંકિંગ જરૂરતો માટે**

**૧૪ રાજ્યોમાં ૨૫૦ થી વધુ શાખાઓ દ્વારા દેશની સેવા બજાવે છે.**

આપની નજીક આવેલી **દેના બેંકની શાખાની** મુલાકાત લઈ, **દેના બેંક** આપને કઈ રીતે સહાયરૂપ થઈ શકે છે, તેની માહિતી મેળવો.

**દેના બેંક**

હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧.

RATAN BATRA DB/G/171-C

श्रीगणेशाय नमः । श्रीविश्वकर्मणे नमः । श्रीसरस्वत्यैनमः ।

## सूत्रधारवीरपालविरचित–वेडाया

# प्रासादतिलकम् ।

## प्रथमोऽध्यायः

स्तुति (:)

**शार्दूलविक्रीडितम्—**

बन्दे श्रीगणनायकं पशुपतिं धातारमाद्यं विभुं
वन्दे शैलसुतां चतुर्मुखभवां सूर्यं च चन्द्रं तथा ।
वन्दे शिल्पविदां प्रवर्यमजरं श्रीविश्वकर्माभिधं
ग्रन्थं शिल्पनिबन्धसंज्ञकमथो कर्तुं व्यवसाम्यहम् ॥ १ ॥

ભગવાન ગણપતિ, આદિપુરુષ શંકર, અને સૃષ્ટિકાર્યના સમર્થ વિધાતાને નમસ્કાર કરું છું. નગેન્દ્રનન્દિની પાર્વતી, બ્રહ્મસુતા સરસ્વતી, સૂર્ય અને ચંદ્રને નમસ્કાર કરું છુ. શિલ્પશાસ્ત્રના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ વૃદ્ધત્વ અને મૃત્યુથી પર એવા ભગવાન વિશ્વકર્માને પણ નમસ્કાર કરુ છું. તે પછી શિલ્પશાસ્ત્રમાં નિબંધ સમાન એવા (પ્રાસાદતિલક નામના) ગ્રંથનું નિર્માણ કરવાનો નિશ્ચયપૂર્વક પ્રયત્ન કરું છું. (૧)

**शार्दूलविक्रीडितम्—**

[१]आदो(दौ) मासफलं तथा तिथिफलं धिष्ण्यञ्च वारादिकं
पश्चात् खातविधिस्तथा निगदितं कीलस्य संवेशनम् ।
क्षेत्रस्यैव तु साधनं ध्रुववशान् मूढं विकर्णं त्यजेत्
कूर्मस्थापनकं शिला च कथिता मकरं तथा मण्डूकम् ॥ २ ॥

ग्रासो मीनजले भुजङ्गरणिते शङ्खस्तु कुम्भो निधिः
पादपीठशिलाभिधश्च विविधा मण्डोवरादिक्रमात् ।
द्वारे वेधविधिं ह्युदुम्बरविधिं त्वर्द्धं हि चन्द्रं तथा
शाखायुग्मतरङ्गरूपविविधं दीर्घं तथा विस्तरम् ॥ ३ ॥

(પ્રારંભમાં) માસફળ, નક્ષત્ર, તિથિ, વાર આદિના શુભાશુભ ફળ, ખાતવિધિ અને કીલીકા(ખૂંટીયો)નું સ્થાપન કહું છું. ક્ષેત્રમાં ધ્રુવ મેળવીને દિગ્ સાધન કરવું. દિગ્મૂઢ અને વિકર્ણનો નિષેધ છે તે ત્યજી દેવા, ઉપરાંત કૂર્મસ્થાપનમાં શિલાસ્થાનમાં મકર, દેડકો, ગ્રાસ,

---

१ पाठान्तर—आदो मासफलं धिष्ण्य तिथिं वारं नक्षत्रम् ।

માછલી, જળસર્પ, શંખ અને કુંભનાં ચિહ્નો રાખવા. પાયા, પીઠ, ખટશિલા, ભિટ્ટ અને જુદા જુદા પ્રકારના મંડોવરાદિનું વર્ણન, દ્વારવેધવિધાન, ઉદમ્બરવિધિ, અર્ધચંદ્રની ( શંખોદ્ધાર ) બે શાખાઓ; તેની લંબાઈ, જાડાઈ સાથે ઉત્તરંગનું વર્ણન છે. ( २-३ )

**शार्दूलविक्रीडितम्—**

भित्तिर्मानमिदं च गर्भरचनाप्यूर्ध्वं त्वधोनिर्गमं
कुंभीस्तम्भशिरस्तथा भरणकं पट्टं तथा तान्त्रिकम् ।
देवो दृष्टिविधिः सुरस्य पुरतः पीठं पदे वाहनं
निर्गूढं निगमं बहिस्त्रिक्पदं नृत्यस्य च मण्डपम् ॥ ४ ॥

પ્રાસાદની ભીંત—દીવાલ અને તેનું પ્રમાણ, ગર્ભગૃહની રચના, તેની ઊભણી, નીચેના ભાગમાં નિર્ગમ, કુંભી, થાંભલો, ભરણું, સરૂ, પાટ અને તેના તાંતરુ, દેવની દૃષ્ટિસૂત્ર વિધિ, દેવોનું પીઠમાન ( સિંહાસન ), દેવના આગળ વાહનના પદવિભાગ, ગૂઢ મંડપ, બહાર ત્રિકમંડપનાં પદો અને નૃત્યમંડપ એનું ગ્રંથમાં વર્ણન આપેલ છે. ( ४ )

**उपजातिः—**

राजसेनवेदिकया विधेयं सुखासनं तोरणसंयुतं स्यात् ।
गण्डं च शुण्डं जगतीप्रबन्धः सोपानवैषम्यबलानकौ च ॥ ५ ॥

રાજસેનક, વેદિકા, આસનપટ્ટ પર સુખાસન ( કક્ષાસન = લિલાસન ) તોરણ સહિત કરવા; પગથિયાની બાજુમાં મોવાડે શુંડ = હાથણીઓ; જગતીની રચના, સોપાન-પગથિયાંની વિવિધતા, અને આગળ બલાણક કરવાનું પ્રમાણ આપેલ છે. ( ५ )

**उपजातिः—**

कर्मोपकर्म च (?) विधेयं कपिल्या(ल्य)का नाम सुखस्वरूपम् ।
रेखासनं रेखमथोरुश्रृङ्गं कूटस्तथैवास्य सुरूपध्यानम् ॥ ६ ॥

હવે શિખરનિર્માણનું વિવરણ કરે છે. શ્રૃઙ્ગકર્મ, ઉપકર્મની માંડણીનું નિર્માણ, સુંદર રચનાવાળી કપિલી ( કોળી ), રેખાનો પાયચો, તેના પર રેખાસૂત્રવિધાન, ઉરુશ્રૃંગ, કૂટ આદિ શિખરનું નિર્માણ એ રીતે થવું જોઈએ કે તેનું સુંદર રૂપ ચિત્તમાં વસી જાય. ( ६ )

**उपजातिः—**

विराजितो मौकुटभागं(ग) ऋद्धिभिः कुम्भः पताका ध्वजदण्डके च ।
प्रासाददेही धृतपूर्णकुम्भः शय्यासनं मर्कटिकास्वरूपम् ॥ ७ ॥

પ્રાસાદના મુકુટરૂપ આમલસારાનું પ્રમાણ, કળશ, ધ્વજાદંડ, પતાકા પ્રમાણથી સુશોભિત કરવી. પ્રાસાદના દેહ ( જીવ રૂપ પ્રાસાદ પુરુષ ), ઘી ભરેલ કુંભ પર પલંગ પર સુવરાવવાની વિધિ અને ધ્વજાદંડની પાટલીનું પ્રમાણ આપેલ છે. ( ७ )

**उपजातिः—**

अष्टाश्रकश्चैव विट्पाल[2]युक्तं वृत्तं तदूर्ध्वे च करोटकश्च ।
कुलाङ्गनानां चरितं च नाम नरैश्च कामं प्रदिशाम्यवश्यम् ॥ ८ ॥


મંડપના વિતાન–ઘુંમટની રચના કહે છે. અષ્ટાંશના પાટ પર સોળાંશ વર્તુલ ગોળ કરીને તે પર કરોટક–ઘુંમટના થરો કરવા. કરોટકમાં સ્વર્ગની અપ્સરાઓ—દેવાઙ્ગનાઓ, દેવચરિત્ર નરાદિ રૂપો સાથે કામદેવની મૂર્તિનું વર્ણન આગળ કરીશું. (૮)

वास्तुप्रतिष्ठाविषये निवेशः स्तम्भः स्वकीर्तैस्तलतोरणं च ।
सुरप्रतिष्ठा च गृहप्रवेशः वेधादिदोषान् कथयामि तेषाम् ॥ ९ ॥

इति श्रीसूत्रधारवीरपालविरचिते वास्तुशास्त्रे (बेडाया) प्रासादतिलके **सर्वसंग्रहे प्रथमोऽध्यायः** ॥ १ ॥

આ ગ્રંથના અંત ભાગમાં વાસ્તુપ્રતિષ્ઠા વિષયનું જ્ઞાન, કીર્તિસ્તંભ, તિલકતોરણ, દેવપ્રતિષ્ઠા, ગૃહપ્રવેશ અને વેધદોષાદિનું વિવરણ મેં આગળ કરેલું છે. (૯)

ઇતિ સૂત્રધાર વીરપાલે રચેલા વાસ્તુશાસ્ત્રના પ્રાસાદતિલક ગ્રન્થના સર્વસંગ્રહનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈએ કરેલ ગુજરાતી અનુવાદ સાથેનો **પ્રથમ અધ્યાય (૧) પૂર્ણ** થયો.



મકરમૂખ—પ્રનાલજલચંડ દ્વારા નિર્ગત

---

२ व्यालार्धे प्रयुक्तः

# द्वितीयोऽध्यायः

शार्दूलविक्रीडितम्—

मासफलम्—

चैत्रे वित्तविनाशनं बहुधनं स(श)स्तं तथा माधवे
ज्येष्ठे मृत्युकरं श(शु)चौ शुभहरं धान्यं सदा श्रावणे ।
भाद्रे मृत्युभयं तथाश्वयुजि वै क्लेशो मृतिः कार्तिके
धान्यं मार्गसहस्ययोर्दहनभीर्माघे रमा फाल्गुनै(ने) ॥ १ ॥

ચૈત્રમાં આરંભ કરવાથી લક્ષ્મીનો નાશ થાય. વૈશાખમાં ધનધાન્યની વૃદ્ધિ, જ્યેષ્ઠમાં મૃત્યુભય, આષાઢમાં કલ્યાણહાનિ, શ્રાવણમાં ધાન્યપ્રાપ્તિ, ભાદ્રપદમાં મૃત્યુનો ભય, આશ્વિનમાં કલેશ, કાર્તિકમાં મૃત્યુ, માર્ગશીર્ષમાં અને પોષમાં આરંભ કરવાથી ધાન્યની વૃદ્ધિ, માઘમાં અગ્નિનો ભય, ફાગણમાં આરંભ કરવાથી લક્ષ્મીપ્રાપ્તિ થાય. (૧)

शार्दूलविक्रीडितम्—

नक्षत्रफलानि—

चित्रास्वातिकरे च रोहिणिमृगे ज्येष्ठानुराधादिने
पुष्ये चोत्तरात्रये च शतभे पौष्ये[१] च कार्यं शुभम् ।
वास्तोःकर्मणि सर्वधिष्ण्यविषयो श्रेष्ठे तिथौ वासरे
गण्डान्त-व्यतिपात-वैधृतिदिनं भौमार्कवारं त्यजेत् ॥ २ ॥

આરંભમાં ચિત્રા, સ્વાતિ, હસ્ત, રોહિણી, મૃગશીર્ષ, જ્યેષ્ઠા, અનુરાધા, પુષ્ય, ત્રણે ઉત્તરા, શતભિષા અને રેવતી એ સર્વ નક્ષત્રો શુભ છે. વાસ્તુકર્મમાં પ્રશસ્ત નક્ષત્ર, શ્રેષ્ઠ તિથિ, શ્રેષ્ઠ દિવસે આરંભ કરવો. ગંડાંત, વૈધૃતિ, વ્યતિપાત યોગ, મંગળ અને રવિવાર એટલા તજવા. (૨)

उपजातिः —

नन्दादि तिथिसंज्ञा—

नन्दातिथिः षट्प्रतिपच्च रुद्रा द्विद्वादशी सप्तमी(मि)का च भद्रा ।
जया तृतीयाऽष्टमी(मि)का च विश्वा रिक्ता चतुर्थी नवमी च भूता ॥ ३ ॥

છઠ, પડવો અને અગિયારશ એ નંદા તિથિ જાણવી; બીજ, બારશ ને સાતમ ભદ્રા તિથિ; ત્રીજ, આઠમ ને તેરશ જયા તિથિ અને ચોથ, નવમી ને ચૌદશ રિક્તા તિથિ જાણવી. (૩)

---

१ रेवती.

शालिनी—

**तिथिफलम्**

पूर्णा प्रोक्ता पञ्चदिक्पूर्णमासी शुक्रे नन्दा राजपुत्रे च भद्रा[४] ।
पृथ्वीपुत्रे सिद्धिदा वै जया स्यात् मन्दे रिक्ता देवपूज्ये च पूर्णा ॥ ४ ॥

પાંચમ, દશમ ને પૂનમ એ પૂર્ણા તિથિ જાણવી. શુક્રવારે જો નંદા તિથિ હોય, બુધવારે ભદ્રા તિથિ હોય, મંગળવારે જયા તિથિ હોય, શનિવારે રિક્તા અને ગુરુવારે પૂર્ણા તિથિ હોય તો તે સિદ્ધિ દેનાર જાણવું. (૪)

उपजातिः —

सोम्यायने सूर्यबले च चन्द्रे दिने शुभे वाऽमृतसिद्धियोगे ।
केन्द्रं गते देवगुरौ च लमै(ग्ने) तुर्येऽथवा लाभगते गृहं स्यात् ॥ ५ ॥

ઉત્તરાયણ, સૂર્યબલ, ચન્દ્રબલ હોય, શુભવાર, અમૃતસિદ્ધિ યોગ, બૃહસ્પતિ કેન્દ્ર સ્થાનમાં હોય, અથવા લગ્નમાં, ચોથા સ્થાનમાં અથવા લાભસ્થાનમાં હોય એવી સ્થિતિમાં ગૃહારંભ શુભ જાણવો. (૫)

इन्द्रवज्रा—

भद्रासने भद्रपदे तडागे कूपे च कुण्डे वृषवेदिकायाम् ।
गेहे च दुर्गे मठमण्डपे च आराम-सङ्ग्रामसहे च खाते ॥ ६ ॥

સિંહાસન, શુભ માંગલિક સ્થાને, જળાશ્રયે, વાવ, કૂવા, તળાવ, કુંડે, યજ્ઞવેદી, ભવન, દુર્ગ, મઠ, મંડપ, આરામગૃહ અને સંગ્રામસ્થાન આદિ કાર્યોમાં ખાત ઉપરોક્ત દિવસે કરવું. (૬)

उपजातिः—

**नागचक्रम्**

सुरालये यावनजैनयोश्च भिन्ने तथान्येषु तथैव बौद्धे ।
हानिं प्रकुर्य(र्या )न्मुखमध्यपुच्छे कुक्षौ तु खातं सुतधान्यवृद्धिम् ॥ ७ ॥

મુસ્લિમ, જૈન, બૌદ્ધ કે કોઈ પણ સંપ્રદાયના દેવાલયના નિર્માણકાર્યમાં નાગચક્રનો મુખભાગ, મધ્યભાગ કે પુચ્છભાગમાં ખાત કરવાથી હાનિ થાય, પરંતુ કુક્ષી ભાગમાં ખાત કરવાથી પુત્ર અને ધાન્યવૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. (૭)

शार्दूलविक्रीडितम्—


**नागचक्रकोष्टकम्**

वक्त्रं प्राचि तु दक्षिणे रविवशात्तत्पश्चिमे चोत्तरे
खातं वायुशिवस्य वह्निखनने श्रेष्ठं तथा नैर्ऋते ।
क्षेत्रे चाष्टपदे विशोध्य मणिना वाराँल्लिखेत्कोष्टकान्
शन्यङ्गारकयोश्च तत्र फणिनः शारीरकं नो खनेत् ॥ ८ ॥

---

४ दिक्–दशमी, राजपुत्रे–बुध, पृथ्वीपुत्रे–मङ्गल, मन्दे–शनौ, देवपूज्ये-गुरु एवमर्थोज्ञेयः ।

સૂર્યસંક્રાંતિના અનુસાર નાગનું મુખ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર—એમ સૃષ્ટિમાર્ગે પરિભ્રમણ કરે છે. જો નાગનું મુખ પૂર્વમાં હોય તો વાયવ્ય ખૂણો ખાલી હોય ત્યાં ખાત કરવું. જો દક્ષિણ મુખ હોય તો ઈશાન કોણમાં. જો પશ્ચિમમાં મુખ હોય તો અગ્નેય કોણ અને નાગનું મુખ ઉત્તરમાં હોય તો નૈઋત્ય કોણે ખાત કરવું.




નાગચક્ર

ચોરસ ક્ષેત્રના ૮×૮ વિભાગ કરી તેમાં ક્રમથી રવિવારથી વારો લખવાનો પ્રારંભ તે કોઠામાં કરવો. તેમાં શનિ અને મંગળના વિકર્ણ પ્રકોષ્ટમાં નાગના શરીરની કલ્પના કરી તેમાં કહેલ. ખૂણે ખાત કરવાનું યોગ્ય ન જાણવું[૫] (૮)

---

૫ नागवास्तुविचार

नागवास्तुरथ ज्ञेयः पूर्वादिगतिक्रमात् ॥
कन्यादित्रितये सूर्ये भाद्रादौ च त्रिमासके ॥

નાગ વાસ્તુચક્ર પૂર્વાદિ ક્રમથી યોજતાં કન્યા, તુલા ને વૃશ્ચિક એ ત્રણે રાશિ, સૂર્ય સંક્રાંતિ તથા ભાદ્રપદ આસો ને કાર્તિક—એ ત્રણ માસમાં નાગવાસ્તુસર્પનું મુખ અનુક્રમે (એટલે ત્રણ ત્રણ સંક્રાંતિ ને ત્રણ ત્રણ માસમાં) પૂર્વાદિ, એટલે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એ ક્રમે ચારે દિશાઓમાં ગતિ કરે છે. એમ જાણી જે દિશામાં સર્પનુ મુખ હોય ત્યાં ખાત ખોદવાનું કાર્ય કરવું નહિ.

शीर्षे च पितरो(रौ) हन्ति पृष्ठे हानिभयं भवेत् ।
कुक्षौ खातो सुखं पुच्छे रोगपीडा न संशयः ॥

इन्द्रवज्रा:—

वृषभचक्रम्

[6]धिष्ण्यत्रयं भानुशिरश्च पादे वेदाब्जरामाश्चरणे च पृष्ठे ।
वामे च वेदाः किल दक्षिणे च पुच्छे त्रयं नासिकयोर्द्वयं च ॥ ९ ॥

शार्दूलविक्रीडितम्—

शोको विघ्नकरं शिरश्च चरणावैश्वर्यदौ पृष्ठतः[7]
कुक्षौ वित्तविनाशनं विमतिता वामे शुभं दक्षिणे ।
नासाग्रे निधनं पतिक्षयकरं पुच्छे च खाते फलं
धिष्ण्यानां विबुधा वदन्ति वृषभे श्रीविश्वकर्मामते[8] ॥ १० ॥

સૂર્ય જે નક્ષત્રોમાં હોય એ નક્ષત્રથી લઈ ગૃહારંભના દિવસના નક્ષત્ર સુધી ગણતાં પ્રથમનાં ત્રણ નક્ષત્રો વૃષભના માથે સ્થાપન કરવાં; ચાર નક્ષત્રો જમણા બે પગે, ચાર નક્ષત્રો ડાબા બે

---

पूर्वास्ये चानिल(ले) खातं दक्षिणैशानमाश्रितम् ।
जलाच्यां चाग्निकोणे तु सौम्ये च नैर्ऋत्ये खनेत् ॥

સર્પના માથા પર ખાત કરવામાં માતાપિતાનું મૃત્યુ થાય. પૃષ્ઠ-પીઠ પર હાનિ-ભય, કમરના પડખે સુખ, પૂંછડાના ભાગમાં ખાત કરવામાં રોગપીડા થાય. સર્પનું મુખ પૂર્વમાં હોય તો વાયવ્ય કોણે ખાત કરવું, દક્ષિણે મુખ હોય તો ઈશાન કોણમાં, પશ્ચિમે મુખ હોય તો અગ્નિકોણમાં અને ઉત્તર દિશામાં હોય તો નૈઋત્ય કોણમાં ખાત કરવું.


૬ આ શ્લોકના પ્રથમ ચરણ વ્યાકરણશાસ્ત્રના અનુસાર ઠીક નથી. ગ્રંથકર્તાના તાત્પર્યાનુસાર જો પદયોજના કરવામાં આવે તો સંપૂર્ણ શ્લોકનું પરિવર્તન કરવું પડે છે. આથી જ્યાં સુધી સંભવ રહી શકે ત્યાં સુધી પરિવર્તન નથી કરેલ.

७ पश्चिम पादौ पृष्ठं च.—पाठान्तर

८ सूर्यभान्मस्तके त्रि(त्री)णि चत्वारि चाग्रपादयोः ।
चत्वारि पश्चात्पदयोः पुच्छे त्रि(त्री)णि प्रदापयेत् ॥ ३७ ॥
वामकुक्षौ तु चत्वारि पुनश्चत्वारि दक्षिणे ।
पृष्ठे च त्रि(त्री)णि विं(वि)ष्ण्यानि नासिकायां द्वयं न्यसेत् ॥ ३८ ॥
मस्तके स्वामिनो मृत्युर्विध्वंसश्चाग्रपादयोः ।
स्थिरं स्यात्पश्चिमे पादे पुच्छे क्लेश(शो) निवेशने ॥ ३९ ॥
वास्तुमण्डन

પહેલાં ત્રણ નક્ષત્રો મસ્તકે સ્વામીમૃત્યુ, બીજાં ચાર નક્ષત્રો આગલા પગે નેષ્ટ ફળ, ત્રીજાં ચાર નક્ષત્રો પાછલા પગે સ્થિર ફળ, શ્રેષ્ઠ ચોથા ત્રણ નક્ષત્રો પૂંછડે કલેશ, પાંચમાં ચાર નક્ષત્રો ડાબે પડખે ધનક્ષય, છઠ્ઠો ચાર નક્ષત્રો જમણા પડખે ધનવૃદ્ધિ, સાતમાં ત્રણ નક્ષત્રો પીઠ ઉપર ધનવૃદ્ધિ, આઠમાં બે નક્ષત્રો નાસિકાએ પતિક્ષય આ રીતે વૃષભચક્રનાં નક્ષત્રોનાં ફળ જાણવાં.

પગે, ત્રણ નક્ષત્રો પીઠ પરના ભાગે, ચાર નક્ષત્રો ડાબા પડખે અને ચાર નક્ષત્રો જમણા પડખે સ્થાપન કરવાં. બે નક્ષત્રો નાસિકામાં, ત્રણ નક્ષત્રો પૂંછડાના ભાગે, એ રીતે સત્તાવીશ નક્ષત્રો વૃષભાકૃતિમાં સ્થાપન કરવાં. (૯)




વૃષભચક્ર

હવે તેનું ફળ કહે છે. માથાનાં ત્રણ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી શોક; આગળનાં ચરણનાં ચાર નક્ષત્રોનું ફળ વિઘ્ન; પીઠના ત્રણ નક્ષત્રોનું ફળ શ્રેષ્ઠ કહ્યું છે; ડાબા ચાર નક્ષત્રોનું ઐશ્વર્ય, ડાબી કૂખનું ફળ ધન અને બુદ્ધિનાશ, જમણી કૂખનું ફળ શુભ કહ્યું છે. નાકના નક્ષત્રોનું ફળ મૃત્યુ અને પૂંછડાના ત્રણ નક્ષત્રોનું ફળ પતિનાશ; એ રીતે વૃષભચક્રના નક્ષત્રોનું ફળ વિદ્વાનોએ કહ્યું છે, તેમ વિશ્વકર્માનો મત છે. (૧૦)

उपजातिः—

**कूर्मचक्रम्**—

आलेख्य कूर्मं सकलं गृहे च गेहाधिनाथस्य च जन्मऋक्षात् ।
भानां त्रयं मध्यगतं विधेयं त्रिकं त्रिकं पूर्वदिगादिसंस्थम् ॥ ११ ॥

मन्दाक्रान्ता—

क्रोडकान्ते शशिदिवसमे यत्र दिक्‌थे( स्थे )फलं स्यात्
तत्रस्थं तच्छुभं स्वा( वा )प्यशुभमथवा मध्यमादिक्रमेण ।
शोको विघ्नो मरणमव्य(थ)वा भीतिता राक्षसानाम्
सौख्यं शून्यं विपुलधनदं सिद्धिभाक् कूर्मचक्रे ॥ १२ ॥

જે સ્થાનમાં ગૃહારંભ કરવાનો હોય તે સ્થાનમાં સંપૂર્ણ કૂર્મનું આલેખન કરીને ગૃહ-પતિના જન્મ નક્ષત્રોથી ત્રણ નક્ષત્રો મધ્યમાં સ્થાપન કરવા. ચાર નક્ષત્રથી લઈને ત્રણ ત્રણ નક્ષત્ર પૂર્વાદિ દિશાઓમાં સ્થાપન કરવા. (૧૧)

ચન્દ્ર નક્ષત્રથી સૂર્ય નક્ષત્ર સુધી જેટલાં નક્ષત્રો હોય તે કૂર્મચક્રના મધ્ય અથવા જે તે દિશામાં પૂર્વોક્ત ક્રમથી સ્થાપના કરવી. તે કૂર્મચક્રના મધ્ય નક્ષત્રોથી લઈને શુભ અથવા અશુભ ફળ સમજવાં. ફળ આ પ્રમાણે પીડ–શોક, પૂર્વ–વિઘ્ન, આગ્નેય–મરણ, દક્ષિણ–રાક્ષસભય, નૈઋત્ય–સુખ, પશ્ચિમ–શૂન્ય, વાયવ્ય–વિપુલ ધનપ્રાપ્તિ અને ઈશાન્ય–સિદ્ધિ—એ રીતે દિશાક્રમે ફળ જાણવાં. (૧૨)

**तोटकम्—**

सदनकर्मेत्विदं विबुधैः सदात्विह हि कि(की)लकसूत्रनिवेशने ।
तदपि वे(व)क्ष्यामि(मी)दं गुणवत्तदा विमलमेव मुहूर्तमसंशयम् ॥ १३ ॥

ગૃહારંભકર્મમાં ખૂંટી સ્થાપન કરીને સૂત્રપાત કરવાનું મુહૂર્ત શુભગુણવાળું નિર્દોષ હોય તેવું જોઈને કાર્યારંભ કરવાનું વિદ્વાનોએ સમજવું. (આ કર્મને શિલ્પીઓ ભૂમિ ત્રેવડવાનું કહે છે.) (૧૩)

**शार्दूलविक्रीडितम्—**

[૯]सूर्ये चन्द्रकलानलैर्नखजिनैर्वेदाष्टकर्णे रविः
अग्नौ राक्षसवायुशङ्करदिशि स्थाप्यः क्रमात् कि(की)लकाः ।
अश्वत्थः खदिराश्वशीर्षककुभा वृक्षाः क्रमेणैव तु
विप्रादेः कुशमुञ्जकाशशणजं सूत्रं क्रमात्सूत्रणे ॥ १४ ॥

બ્રાહ્મણ વર્ણને ગૃહારંભમાં બત્રીશ આંગુલ પ્રમાણ કીલિકા ખૂટી સ્થાપન કરવી, ક્ષત્રિય વર્ણને છત્રીસ આંગુલ પ્રમાણ, વૈશ્યને ચોવીસ આંગુલ પ્રમાણ, અને શૂદ્રને વીશ આંગુલ પ્રમાણની કીલિકા-ખૂટી સ્થાપન કરવી. બ્રાહ્મણાદિ વર્ણને અનુક્રમે આગ્નેય, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન કોણમાં ખૂંટી સ્થાપવી તેમ જ બ્રાહ્મણાદિ વર્ણને અનુક્રમે અશ્વત્થ ખેર, શિરીષ અને અર્જુન વૃક્ષના કાષ્ટની ખૂટીઓ શ્રેષ્ઠ જાણવી. તેમ જ બ્રાહ્મણાદિ વર્ણને અનુક્રમે કુશ, મુંજ, કપાસ અને શણના સૂત્રની દોરી શ્રેષ્ઠ જાણવી. (૧૪)

**इन्द्रवज्रा—**

**ध्रुवसाधन**

आवर्त्तको मर्कटिकाप्रमाणं मच्छाग्रसूत्रं ध्रुवसयुतं (साधने) च ।
दीपं तदैकं त्ववलम्बनीयं स्पष्टे दिशौ चोत्तरदक्षिणे च ॥ १५ ॥

ઉત્તર દિશા સાધનમાં ધ્રુવની મર્કટી–માંકડીને પ્રમાણ મનાય છે, ધ્રુવની પ્રદક્ષિણા કરવાવાળા સપ્તર્ષિ મંડળના મચ્છ આગળનાં ભાગના બે નક્ષત્રો ધ્રુવ, દીપ અને અવલંબન (આળંભો) એક સૂત્રમાં હોય ત્યારે ઉત્તર દક્ષિણ દિશા સાધન થાય છે. (૧૫)

---

૯ આ શ્લોકના ઉત્તરાર્ધમાં બ્રાહ્મણાદિ વર્ણના ક્રમથી કાષ્ટ અને સૂત્રનું વિધાન કર્યું છે, જે અન્ય ગ્રન્થોથી તે પણ સહમત છે. પરંતુ શ્લોકના પ્રથમ ચરણના ક્રમનું ઉલ્લંઘન થઈ ગયું છે એવું ઇતર ગ્રન્થોના અવલોકનથી જ્ઞાત થાય છે. કંઈક છંદોભંગના ભયથી ક્રમનો ત્યાગ કર્યો હોય? અતઃ તેનો અનુવાદ ઉપર લખેલા પ્રકારે કરવો જોઈએ.

**शार्दूलविक्रीडितम्—**

प्राचि(ची)दक्षिण-पश्चिमोत्तरदिशां मौढ्यं विचिन्त्यं क्रमात्
मृत्युः क्लेशकरं च शोककरणं शून्यं गृहे सर्वदा ।
अग्नौ नैर्ऋतके च वायुशिवयोर्मौढं कनिष्ठं फलम्
[१] तस्माच्छिल्पविचारविद्भिरखिलाः साध्या दिशः सूत्रयो(योः) ॥ १६ ॥

શિલ્પશાસ્ત્રકારોએ ક્રમથી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાઓનો દિગ્મૂઢતાનો વિચાર કરવો. જો દિગ્મૂઢ હોય તો પૂર્વાદિ દિશાના ક્રમથી મૃત્યુ, કલેશ, શોક અને ગૃહશૂન્યતાનું ફળ જાણવું. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન—એ ચારે વિકોણની મૂઢતા હોય તો અનિષ્ટ ફળદાતા જાણવું. આથી સ્થપતિઓએ સૂત્રપાત દ્વારા સર્વ દિશાઓની સાધના કરવી. (૧૬)

**उपजाति—**

सूर्याङ्गुगुलैः शङ्कुरिह प्रयोज्यः सर्वत्रमानं प्रवदन्ति सन्तः ।
जिनाङ्गुलैः षट्त्रिभिरष्टवेदैः कार्यं क्रमान्मण्डलकं त्रयं च ॥ १७ ॥

હવે દિવસે દિશા સાધન કરવા માટે બાર અંગુલ પ્રમાણનો શંકુપ્રયોગ કરવો. વિદ્વાન પુરુષો સર્વત્ર શિલ્પશાસ્ત્રોમાં કહેલાં આ પ્રમાણો સ્વીકારે છે તથા ક્રમશઃ ૨૪ આંગુલ; ૧૮ આંગુલ અને ૧૨ આંગુલ પ્રમાણના એમ ત્રણ મંડળોની રચના કરવી. (૧૭)

---

૧૦ અપરાજિતપૃચ્છામાં વિશ્વકર્માએ કહ્યું છે કે પ્રત્યેક વાસ્તુની દિગ્શુદ્ધિ કરવી. દિગ્મૂઢ વાસ્તુ દોષિત જાણવી, પરન્તુ જીર્ણવાસ્તુ જીર્ણોદ્ધારમાં દિગ્મૂઢ કે આયાદિ વેધદોષ લાગતો નથી. વળી કયા કયા સ્થળે દિગ્મૂઢનો દોષ લાગતો નથી તે કહે છે.

सिद्धायतने तीर्थेषु नदीनां सङ्गमेषु च ।
स्वयम्भूबाणलिङ्गेषु तत्र दोषो न विद्यते ॥ १ ॥
जिनेन्द्राणां समवसरणे दिग्दोषो न विद्यते ।
जीर्णे तु स्थापिते वास्तुवेधदोषो न विद्यते ॥ २ ॥
—अपराजितपृच्छा

સિદ્ધમુનિઓના આશ્રમમાં, તીર્થમાં, નદીના સંગમ પર, સ્વયંભૂબાણલિઙ્ગના સ્થાને, જૈનોના સમવસરણમાં દિગ્મુખનો દોષ લાગતો નથી. જીર્ણવાસ્તુમાં દિગ્મૂઢ કે બીજા કંઈ દોષો હોય તો તે દોષ ન જાણવા. આગળ જતા તે કહે છે :

पूर्वोत्तरे च दिग्मूढं मूढपश्चिमदक्षिणे ।
तत्र मूढं अमूढं वा तत्तु तीर्थसमं हि तम् ॥ ३ ॥
—अपराजितपृच्छा

પૂર્વ-ઉત્તર એટલે ઈશાન કોણમાં દિગ્મૂઢ હોય અથવા પશ્ચિમ-દક્ષિણ એટલે નૈઋત્ય કોણમાં દિગ્મૂઢ હોય તો તે મૂઢ હોય છતાં અમૂઢ જાણવું. તે તીર્થસમાન દોષરહિત જાણવું.

**मालिनी—**

उदयमपि च चिह्नं चास्तयामं तथैव
सकलपरिधिरेषा शङ्कुरग्रे स एवम् ।
तदुपरि खलु सूत्रं मध्यगं विश्वकर्मा
रचयति यदि शङ्कुः सोमसूत्रं प्रशस्तम् ॥ १८ ॥

[૧૧]પૂર્વમાં ઊગતા સૂર્યે શંકુની છાયાના અગ્રભાગનું ચિહ્ન કરવું. તે રીતે આથમતા સૂર્યે પણ તેમ ચિહ્ન કરવું. એ ઉપર પૂર્ણ મંડળ રચવું. શ્રી વિશ્વકર્માએ કહેલા ચિહ્નના ઉપર પરિધિના મધ્યમાં સૂત્ર દોરવું. તે રીતે શંકુથી પૂર્વ-પશ્ચિમ દિશાની સાધના કરવી. શંકુ પ્રશસ્ત સોમસૂત્રની રચના કાટખૂણે કરવી.

[૧૨]શ્લોકનો વધુ સ્પષ્ટાર્થ—મધ્યમાં બાર અંગુલના શંકુની સ્થાપના કરી ૨૪"–૧૮"–૧૨" આંગુલ પ્રમાણ ત્રણ મંડપોમાં શંકુની છાયાનો તે મંડળ પરિધના સ્થાન પર ચિહ્ન કરવું. એ રીતે ત્રણે પરિધોમાં જેમ જેમ છાયા આવે તેમ તેમ ચિહ્નો કરતા જવું. એ ચિહ્ન શંકુના અગ્રભાગ અને પૃષ્ઠભાગ એમ બેઉ તરફ કરવા. આ ચિહ્નો પરથી પૂર્વ પશ્ચિમ દિશાનું સૂત્ર દોરી સાધન થાય. (૧૮)

(**નોટ**—ઉત્તરાયણ-દક્ષિણાયન સૂર્યગતિના કારણે ગમે તે દિવસે શુદ્ધ દિશા સાધન થતું નથી. પરંતુ તા. ૨૧મી માર્ચ અને તા. ૨૩મી સપ્ટે.ના દિવસે એમ વર્ષના ફક્ત બે દિવસોમાં જ શુદ્ધ પૂર્વમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય છે તે જ શુદ્ધ પૂર્વ જાણવું.)

**प्रायोऽनुष्टुप्—**

**શિલાનામાભિધાન**

नन्दा भद्रा जया पूर्णाऽपराजिता विजया मङ्गला च ।
शिलाभिधानान्यजिता तथा सा धरणीयं नवमी शिला च ॥ १९ ॥

નંદા, ભદ્રા, જયા, પૂર્ણા, અપરાજિતા, વિજયા, મંગલા અને અજિતા—એ આઠ શિલાઓનાં નામ જાણવાં અને દિશા-વિદિશાઓની શિલાઓનાં નામ જાણવાં મધ્યની ધરણી શિલા જાણવી. (૧૯)

---

૧૧ આ શ્લોકનો કેવળ શબ્દાર્થ કરવાથી ગ્રંથકારનું તાત્પર્ય સ્પષ્ટ નથી થતું. અતઃ ગ્રંથકારનું એ તાત્પર્ય સમજવું જોઈએ. આ શ્લોકમાં પૂર્વાર્ધ કાલનો બોધક છે અને અસ્તતામ (અસ્તયામ) શબ્દ અપરાત્યક એ રીતે તેનો અનુવાદ ઉપરોક્ત કરેલ છે. સોમસૂત્રમ્ શબ્દ ઉત્તર દક્ષિણ સૂત્રમ્ ।

૧૨ દિવસના ભાગમાં દિશાસાધન તો જે નક્ષત્રોમાં સૂર્ય શુદ્ધ પૂર્વ-પશ્ચિમમાં ઊગી આથમતો હોય ત્યારે જ દિવસનું દિશાસાધન સાચું થાય. ઉત્તરાયણ દક્ષિણાયનની સૂર્યની ગતિના કારણે તેમાં શુદ્ધ દિશાસાધન થાય નહિ; પરંતુ તા. ૨૧મી માર્ચ અને ૨૩મી સપ્ટેંબરે સૂર્યોદય શુદ્ધ પૂર્વમાં થાય છે ત્યારે દિશાસાધન કરવું જોઈએ.

**इन्द्रवज्रा—**

**शिलामानप्रमाण**

[13]प्रासादहस्ते युगाङ्गुलं सा युग्मे तथार्त्तुः खलु रामनागैः ।
सूर्याङ्गुला हस्तचतुष्टये च स्थूलं च दीर्घं तृतीयांशपिण्डम् ॥ २० ॥

[14]वृद्धैकहस्ते चतुराङ्गुलीका गजेस्तु हस्तयुगयुग्मसङ्ख्यया ।
तदूर्ध्वमानं न शतार्धहस्तं वृद्धयङ्गुलैका ऋतुराजपिण्डम् ॥ २१ ॥

[15]दीर्घे पृथुत्वे च पादोनुपिण्डं मानशिलायां मुनिभिः प्रदिष्टम् ।
प्रासाद एवामरभूपयोश्च हर्म्याणि लोके मुनिनोदितानि ॥ २२ ॥

એકથી ચાર હાથ સુધીના પ્રાસાદનું પ્રમાણ કહે છે. એક હાથના પ્રાસાદને ચાર આંગુલનું શિલામાન જાણવું, બે હાથને ૭ આંગુલ, ત્રણ હાથને નવ આંગુલ, ચાર હાથને બાર આંગુલનું શિલાપ્રમાણ જાણવું. આવેલ માનના ત્રીજા ભાગે શિલાની જાડાઈનું પ્રમાણ રાખવું. (અહીં શિલામાન દીપાર્ણવ પ્રમાણથી અપૂર્ણ છે). (૨૦)

બીજું માન કહે છે. એક હાથના પ્રાસાદને ચાર આંગુલનું શિલામાન, બે થી આઠ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે બબ્બે આંગુલની વૃદ્ધિ કરવી. નવથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે એકેક આંગુલની વૃદ્ધિ કરતા જવું. પચાસ હાથના પ્રાસાદની શિલાની જાડાઈનું પ્રમાણ બાર આંગુલ રાખવું. (૨૧)

શિલાની જાડાઈનું એક બીજું પ્રમાણ કહે છે. મધ્યની શિલાની લંબાઈ-પહોળાઈ સમચોરસ સમજવી. તેની લંબાઈના માપથી ચોથા ભાગની જાડાઈનું પ્રમાણ એ માન શિલ્પજ્ઞ વિદ્વાન મુનિઓએ કહેલું છે. આ પ્રમાણ દેવમંદિર-રાજપ્રાસાદ અને શ્રીમંતોના ભવનને સારુ શિલ્પજ્ઞ મુનિઓએ આપેલ છે. (૨૨)

---

૧૩ અહીં આપેલું શિલાનું પ્રમાણ સંપૂર્ણ છે. દીપાર્ણવ ગ્રંથમાં એક હાથને ચાર આંગુલ, ચાર ગજને બાર આંગુલ, પાંચથી બાર હાથને પ્રતિહસ્તે પોણો પોણો આંગુલ, બારથી ચોવીસ સુધીને પ્રતિહસ્તે અરધા અરધા આંગુલ, પચીશથી છત્રીશ હાથ સુધીના પ્રાસાદને પા પા આંગુલ. સાડત્રીસથી પચાસ હાથ સુધીને પ્રતિહસ્તે $\frac{1}{8}$ આંગુલ. એક દોરાની વૃદ્ધિ કરવી એ રીતે પચાસ હાથને ૨૮ાા આંગુલ શિલામાન આવે છે.

૧૪ શ્લોક ૨૧માં આપેલ પ્રમાણ ઉપરથી પણ વધુ વિસ્તૃત થાય છે. પચાસ હાથને ૬૦ આંગુલનું શિલામાન આવે છે. દીપાર્ણવનો મત વ્યવહારુ છે. તેમાં ૨૮ાામા આંગુલ માન આવે છે.

૧૫ અહીં મધ્યની શિલામાન કહ્યું છે. અષ્ટ શિલાઓની સ્પષ્ટતા કરી નથી. મધ્યની ધરણીશિલા સમચોરસ કરવી અને તેની જાડાઈ વિસ્તારથી તૃતીયાંશ કરવી તે ઠીક છે. અહીં શ્લોક ૨૧માં ધરણીશિલાની જાડાઈ ચતુર્થાંશ કહી છે, કારણ કે પચાસ હાથની શિલા જો ૬૦ આંગુલ આવે તો તે ૧૫ આંગુલ જાડી થાય પણ અહીં આપેલ શિલાનું પ્રમાણ ઘણું મોટું છે. ત્યાં શ્લોક ૨૧માં બાર આંગુલ કહ્યું છે. મધ્યની શિલામાન આપેલ છે, પરંતુ અષ્ટશિલાનું માન અસ્પષ્ટ છે. પૂજ્ય વૃદ્ધોની પરંપરાનુસાર મધ્યની ધરણીશિલામાન જેટલી અષ્ટશિલા લાંબી રાખવી હોય તેથી અર્ધ પહોળી રાખવી. ધરણીશિલા જેટલી જાડી રાખવી. અષ્ટશિલા વિષયમાં તેનાં માનમાપની સ્પષ્ટતા કોઇ ગ્રંથોમાં મળતી નથી.

**शार्दूलविक्रीडितम्—**

कूर्मं रत्नमयं च रुप्यशंकर ताम्रं च मध्यं तथा
ग्राहं ग्रासतनुश्च शङ्खधवले वंगात्मकः सागरः ।
सैवं दर्दुरिका त्रपुप्रणिहिता लौहो भुजङ्गस्तथा
कार्यैः शिल्पिभिरत्र सिद्धिशुभः [दः] कुम्भाभिधः स्वर्णगः ॥ २३ ॥

[16]કૂર્મનું રત્નથી, મત્સ્યનું ચાંદીથી, મકરને ગ્રાસનું ત્રાંબાથી, શંખ સફેદ વર્ણથી, સાગરલહેરનું વંગથી, દેડકનું સીસાથી, સર્પનું લોહથી અને સર્વ સિદ્ધિ તથા મંગળકારી કુંભનું સુવર્ણનું રૂપ બનાવી મૂકી પૂજન કરવું (આમ મધ્યની કૂર્મશિલાની વિધિ કહી છે.) (૨૩)

**शार्दूलविक्रीडितम्—**


[17]कूर्मे मानमिदं च गर्भरचना वह्नेः शिलायाः जलं
याम्ये मीनमुखं च नैर्ऋतदिशि स्थाप्यस्तथा दर्दुरः ।
वारुण्यां मकरश्च वायुदिशि वै ग्रासश्च सौम्ये ध्वनिः
नागः शंकरदिक्षु पूर्वविषये कुम्भः शिलामध्यतः ॥ २४ ॥

---

૧૬ અહીં ધરણીશિલાના નવખંડનાં નવ ચિહ્નોનું ધાતુથી પૂજન કરવું કે તે પર ધાતુનું તેનું સ્વરૂપ બનાવવું. શ્રી વિશ્વકર્માના કોઈ પ્રાચીન ગ્રંથમાં આ વિધાન જોવામાં આવતું નથી. અહીં આ વિધાન નવીન છે. ચાંદીના કૂર્મ ધરણી શિલા પર મુકાય છે તેનું પ્રમાણ ગજે અરધા આંગળનું કહ્યું છે. તેનું પૂજન તથા શિલારોપણ વિધિસમયે અંદર પધરાવવાની પ્રથા છે પણ બીજું કાંઈ કહ્યું નથી. અષ્ટશિલાનાં નામ પૃથક્ પૃથક્ ગ્રંથોમાં ભિન્ન ભિન્ન આપેલાં છે. અષ્ટશિલાનો અને પંચશિલાનો ઉલ્લેખ દીપાર્ણવ—વિશ્વકર્માપ્રકાશમાં આપેલ છે. પંચશિલામાં ચાર ખૂણે અને મધ્યની એમ પંચશિલા અષ્ટ-શિલાના નીચે નાગકાચબો અને કળશ પર શિલા દિશાના દિગ્પાળના વર્ણનું વસ્ત્ર લપેટીને પધરાવવામાં આવે છે. નીચે જે કળશ કુંભ મૂકવામાં આવે છે તેનાં પણ નામો આપેલાં છે. અષ્ટશિલામાં જે દિશાની શિલા હોય તેના દિગ્પાળનું પ્રમુખ આયુધ કોતરવામાં આવે છે. શિલા નીચેના કળશમાં સોનું, ચાંદી, તામ્ર, સર્વૌષધી, સાત ધાન્ય, શેવાળ, કોઠી, ચણોઠી, ગંગાજળ, પંચરત્ન આદિ મૂકી તે પર શિલાસ્થાપન થાય છે. આ પ્રકારની શિલ્પીની પરંપરા છે. મધ્યની ધરણીશિલા પર ચાંદીનો કૂર્મ મૂકી તે પર ભુગળ ઊભું કરવામાં આવે છે. તે પર દેવસ્થાપન થાય ત્યાં સુધી લંબાવાય છે. આને નાભિ કહેવામાં આવે છે.

૧૭ અહીં સૂત્રધાર વીરપાલે મધ્યની ધરણીશિલાના નવકોષ્ટમાં અગ્નિકોણના ક્રમથી કયાં કયાં ચિહ્નો કોતરવાં તે વાત દિશાવાર સ્પષ્ટ કહી છે. વિશ્વકર્મા કે કોઈ અન્ય ગ્રંથોમાં આ રીતે દિશાવાર ચિહ્નોનું કહ્યું નથી; પરંતુ નવ ચિહ્નોનું તો બધા ગ્રંથોમાં કહેલું છે. ક્ષીરાર્ણવમાં 'लहरं च मच्छमण्डकं' એમ નવ ચિન્હો કહ્યાં છે. આથી શિલ્પીઓ લહેર પૂર્વમાં કરે પરંતુ વીરપાલે લહેર અગ્નિકોણમાં ક્રમથી કહી. અન્ય કોઈ ગ્રંથમાં સૂ. વીરપાલના મતનું સમર્થન મળતું નથી. મારા પૂજ્ય દાદાજી માનતા કે કોઈ પણ મુખનો પ્રાસાદ હોય પરંતુ તેના દ્વાર તરફ સમુદ્રની લહર આવવી જોઈએ એથી યજમાનનું કલ્યાણ થાય છે.

વળી મધ્યની ધરણીશિલા ગર્ભગૃહમાં પાયામાં સામાન્ય રીતે મધ્યમાં પધરાવવાનું કહ્યુ છે, પરંતુ દીપાર્ણવ અને જ્ઞાનરત્નકોશમાં 'अर्धपादे त्रिभागे वा शिला चैव प्रतिष्ठयेत्' આવું પ્રમાણ સ્પષ્ટ આપેલું છે. દેવસ્થાપનના વિભાગ નીચે ધરણીશિલા પધરાવવી. શિવલિંગ હોય તો મધ્યમાં બ્રહ્મા, વિષ્ણુ અને જિન આદિ દેવોના સ્થાપનવિભાગ કહ્યો હોય ત્યાં નીચે ધરણીશિલા સ્થાપન કરવી. આ વિધાન બહુજ વિચાર-પૂર્વક ઉપરોક્ત બેઉ ગ્રંથોએ પ્રસ્તુત કરેલ છે.




કૂર્મશિલા અને અષ્ટશિલાઓ

મધ્યની ધરણીશિલાના નવકોષ્ટ ખાનામાં મધ્યમાં કૂર્મ, અગ્નિકોણે જળલહેર, દક્ષિણે માછલી, નૈઋત્યે દેડકો, પશ્ચિમે મકર, વાયવ્યમાં ગ્રાસ, ઉત્તરમાં શંખ, ઈશાનમાં સર્પ, પૂર્વમાં કુંભ એ રીતે મધ્યની શિલામાં નવ આકૃતિઓ કરવી. (૨૪)

**शार्दूलविक्रीडितम्—**

[१८]स्थाप्यं कूर्मशिलासुसंपुटमिदं पादादधस्ताद्वरं
तस्योर्ध्वं निलयं रचन्ति विबुधा कार्यं समं कर्णयोः ।
आयुर्धिष्ण्यगणांशकान् व्ययगुणं संशोध्य ताराबलं
आचार्यध्वनि शिल्पिनश्च विधिना संतोषयेच्छिल्पिनम् ॥ २५ ॥

---

૧૮ અષ્ટશિલાઓ દિશાવિદિશાઓમાં તેમાં તે તે દિશાના દિગ્પાલનાં એકેક આયુધ કોતરી અને તે દિશાના દિગ્પાલના વર્ણ પ્રમાણેનાં વસ્ત્રો લપેટી શિલ્પપૂજન થાય છે. મધ્યની કૂર્મશિલા પર નાભિનાળનો ભૂંગળો ઊભું કરવામાં આવે છે. આ પ્રથા દ્રવિડ શિલ્પમાં પણ છે. તેને યોગનાળ કહે છે. શિલારોપણ વિધિને તેઓ પ્રથમેષ્ટિકા કહે છે.

ગર્ભગૃહના નીચે પાયામાં કૂર્મશિલા સંપુટના રૂપમાં સ્થાપન કરવી. દિશાના ગર્ભે અને વિદિશાના કોણે (ભીંતોના) પાયા નીચે સંપુટરૂપે સ્થાપન કરવી. આય, નક્ષત્ર, ગણ, અંશક, વ્યય, ગુણ અને તારાબલ આદિ ગણિત મેળવીને પ્રાસાદની રચના કરવી. કૂર્મશિલાસ્થાપનના મુહૂર્ત પર આચાર્ય અને પ્રમુખ શિલ્પીને અન્ય શિલ્પીઓ આદિને સંતુષ્ટ કરવા. (૨૫)

**शार्दूलविक्रीडितम्—**

मेरी-त्ताल-मृदङ्ग-शङ्ख-रणिते गीते च वेदध्वनौ
स्थाप्या कूर्मशिला च पूजनविधिः पुष्पैः फलैश्चन्दनैः ।
पूज्यौ मत्स्यकमण्डुकौ च मकरः क्षेत्राधिनाथस्तथा
वास्तौ दिक्पत्र(त)यस्तथा लयविधौ शिल्पे शुभं पूजनम् ॥ २६ ॥

પ્રાસાદના ખનન અને ખાત એ બેઉ ક્રિયા પૃથક્ છે. પ્રથમ શુભ મુહૂર્તે ભૂમિ ખોદવાનો પ્રારંભ કરે તેને ખનનવિધિ કહે છે. ભૂમિ સંપૂર્ણ ખોદાયા બાદ વિધિથી ભૂમિપૂજન કરીને શિલાસ્થાપન વિધિ કરવામાં આવે તેને શિલારોપણ વિધિ કહેવામાં આવે છે.

| શિલાનું નામ | દિશા | ચિહ્ન | વસ્ત્રવર્ણન |
|---|---|---|---|
| નંદા | પૂર્વ | વજ્ર | પીત |
| ભદ્રા | અગ્નિ | સરવો | રક્ત |
| જયા | દક્ષિણ | દંડ | શ્યામ |
| પૂર્ણા | નૈઋત્ય | ખડ્ગ | જાંબળી |
| અપરાજિતા | પશ્ચિમ | પાશ | પાંડુ |
| વિજયા | વાયવ્ય | ધ્વજા | શ્વેત |
| મંગલા | ઉત્તર | અંકુશ | લીલો |
| અજિતા | ઈશાન | ત્રિશૂલ | શ્વેત |
| ધરણીશિલા | મધ્ય | નવચિહ્નો | રક્તવર્ણ |

ગર્ભગૃહ તેની ભીંતોને ઉપાંગોને આગળ કોલીરહિત સારા વિભાગનું (બ્લોકનું) ખોદકામ કરવામાં આવે છે. તેના બે હેતુ છેઃ એક તો ઉપરના શિખરાદિના વજન પૂરતો દઢ પાયો અને બીજું ભૂમિશુદ્ધિ શલ્ય શોધન કરવાની જરૂર કહી છે. શિલારોપણ વિધિસમયે પ્રથમ ભૂમિનું વિધિથી પૂજન કરતા પ્રાસાદસ્થાપન કરતાં તેની કાશ્યપી પૃથ્વીની આજ્ઞા પ્રાર્થના કરવી.

નીચે નાગ કાચબાને કુંભ-કળશ મૂકી તે પર શિલા દઢરીતે સ્થાપન કરવી અને તે શિલાને ફરતું ચણતર શિલાથી ઊંચું કરીને તે પર સંપુટરૂપે બીજી ઢંક શિલા સ્થાપન કરવી. શિલ્પ ગ્રંથોમાં હસ્ત-હાથ અને ગજ એ પ્રમાણો એક જ અર્થમાં સમજવા.

इति सूत्रधारश्रीवीरपालविरचिते वास्तुशास्त्रे (बेडाया) प्रासादतिलके खातकूर्मशिलास्थापन—विधिर्नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

કૂર્મશિલારોપણ વિધિસમયે ભેરી મૃદઙ્ગ શંખ આદિ વાજિંત્રોનો ધ્વનિ, સંગીત, વેદમન્ત્રોના ઉચ્ચારણ સાથે પુષ્પફળચંદનાદિથી પૂજનવિધિ કરીને મત્સ્ય, દેડક, મકર આદિ અને ક્ષેત્રપતિ–વાસ્તુ–દિક્‌પાલ આદિની પૂજાવિધિ અને શિલ્પીનું પણ પૂજન કરવું. તે પ્રાસાદ રાજભવનાદિ નિર્માણમાં શુભપ્રદ જાણવું. (૨૬)

ઇતિ સૂત્રધાર શ્રીવીરપાલે રચેલા વાસ્તુશાસ્ત્રના (બેડાયા) પ્રાસાદતિલક નામના ગ્રંથમાં ખાતકૂર્મશિલાસ્થાપન વિધિનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ કરેલ ગુજરાતી અનુવાદ સાથેનો બીજો અધ્યાય (૨) પૂર્ણ થયો.



## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. ઓ. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન :

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**



ઇલોરાની જૈન ગુફામાંથી–યક્ષી અંબિકા

( ઈ. સ. ૮૫૦ આશરે )

ફોટો કોપીરાઈટ: ડૉ. ઉમાકાન્ત શાહ